णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# પરિણતિ પાવનયાત્રા

## હાર્ટ - જિનશાસન

**(પ્રવચન ધારા)**

**= સંકલન =**

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

**શા બાબુલાલ સરેમલજી બેડાવાળા**

**સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,**

**સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫**

મોબાઈલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

**વૈશાખ, સંવત ૨૦૭૬**

# પ્રવચન - 1 - અમારી પ્રવર્તન

DATE 15 08 2020

પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર સંમોહી ભાવના નું વર્ણન કરે છે.

પંચવસ્તુક ના શબ્દોમાં,

જો પુણ મોહેઇ પરં સબ્ભાવેણં ચ કઇયવેણં વા ।

પૂર્વના કાળમાં વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ લબ્ધિઓ - હતી, આત્મા ભાવિત ના થયો હોય, પરિણત ના થયો હોય, અને શક્તિ કે લબ્ધિ મળી જાય, ત્યારે આત્મા એ શક્તિ નો દુરઉપયોગ, કરીને પોતાનું મહત્વ પ્રસ્થાપિત કરવા પ્રયાસ કરે । ક્યારેક આપણને આકાશગામિની - લબ્ધિ મળી, ભૂતકાળમાં જે જેનાથી આપણે લોકોને - વિસ્મય પમાડીને મોહિત કરીને આકર્ષિત કરીને, ભક્ત બનાવીને, માન - સન્માન - સત્કાર મેળવવાનો પ્રયાસ કર્યો ક્યારેક એવી લબ્ધિ મળી કે પાણી ઉપર ચાલી શકાય, કે જમીન માં ડુબકી લગાડી શકાય, લબ્ધિઓ સુલભ છે લબ્ધિઓ મળવા છતાં, લબ્ધિઓનું મુલ્ય ના હોવું, દુર્લભ છે !

એવી અનેકાનેક લબ્ધિઓ શરીર વિરાટ બને, શરીર વામન બને, શરીર અદૃશ્ય બને, અનેક - પ્રકારની વિકુર્વણા થઈ શકે, અહીંથી ઉભા ઉભા સુરજ, ચંદ્ર, તારાને સ્પર્શ કરી શકાય,

યત્રકામાવસાયિત્વમ્ ।

જે ઈચ્છા થાય, પોતે એવું કરી શકે,

વશીકારશ્ચ સર્વત્ર ।

બીજા પાસે પોતાની ઈચ્છા મુજબ કામ મેળવી શકાય. વસિકાર લબ્ધિ વાળી વ્યક્તિ કહી દે કે બધા ચાર - કુટ - અધ્ધર થઈ જાવ, અને બધા અધ્ધર થઈ જાય, બધા પછડાવ તો પછડાય, બધા CHINESE ભાષામાં બોલવા લાગો તો બધા ચાઈનીસ ભાષા માં બોલવા લાગે. અનાદિના આ સંસારમાં અનંતવાર આપણને આ લબ્ધિઓ

પણ મળી, પણ આપણે લબ્ધિઓમાં અટવાઈ ગયા ! શક્તિઓ, લબ્ધિઓ, આવડતો, તથાવિધ કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા પરિબળો છે. આત્માર્થી જીવ છે જેને મોક્ષ જોઈએ છે, એ એમાં અટવાતો નથી. એ સમજે છે કે આ બધું પણ દ્રવ્યથી છે, આ પણ પૌદ્ગલિક છે, આ પણ ભૌતિક છે, આમાં મારા આત્માનો કોઈ જ લાભ નથી અને જો હું આમાં અટવાયો તો મારા આત્માનું સો ટકા નુકશાન છે.

આજે આપણી પાસે આકાશગામિની લબ્ધિ નથી, કદાચ પૈસાની લબ્ધિ છે ને પૈસાના જોરે, બીજાને મોહિત કરવાનો, આકર્ષિત કરવાનો, નમાવવાનો, આપણું ઈચ્છિત કાર્ય કરાવવાનો, આપણે જો પ્રયાસ કર્યો, તો આ પણ એક પ્રકારનો લબ્ધિનો દુરુપયોગ જ છે !! બહુ સરસ મજાની વાત પાતાંજલ યોગ સુત્રની અંદર કરી ચાર ભાગની અંદર, આ ગ્રંથ વહેંચાયો છે ને એનો એક ભાગ એટલે વિભૂતિપાદ. વિભૂતિઓ એટલે લબ્ધિઓ, ચમત્કારિક શક્તિઓ, અનેકાનેક શક્તિઓની વાત કર્યા પછી, છેલ્લે પાતાંજલ યોગ સુત્રકાર કહે છે,

તે સમાધાવુપસર્ગાઃ।

ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ લબ્ધિ હોય, આખી દુનિયા મોઢામાં આંગળા નાખી જાય, એવી વસ્તુ હોય, એવી શક્તિ હોય, અને એ બધું પણ હકિકતમાં શું છે તો, સમાધિની- અંદર ઉપસર્ગ સિવાય બીજું કશું જ નથી. તમારે સાધના કરવી છે, તમારે મોક્ષ માર્ગમાં આગળ વધવું છે. તમારી પાસે કરોડો રૂપિયા આવી ગયા ને, જો તમને તમારી મીલકત ન લાગે, જો તમને તમારી નુકશાની લાગે, જો તમને તમારું વિઘ્ન લાગે, જો તમારો ઉપસર્ગ લાગે, ત્યારે સમજજો કે તમે પૈસાને ખરા અર્થમાં સમજ્યા છો.

તમારી પાસે બોલવાની શક્તિ છે ને તમે

એવું બોલી શકો જેનાથી લોકો આકર્ષાઈ જાય, જેનાથી લોકો
ના રોમ રોમ ઉભરે, જેનાથી તમે બોલો ને કોઈ ના ન
પાડી શકે, તમારી પાસે તર્ક શક્તિ એવી, વાણીની શક્તિ
એવી, EXAMPLE આપવાની શક્તિ એવી, ARGUMENT
કરવાની શક્તિ એવી, અને એના કારણે તમારો પ્રભાવ
પડતો હોય તો સમજી લો કે, એ શક્તિ ભલે પણ તમારું
વિઘ્ન છે.

તે સમાધાવુપસર્ગા:

પ્રશ્ન કર્યો કે, એને તો અમે સિદ્ધિ કહીએ છીએ, લબ્ધિ
કહીએ છીએ, ઈષ્ટ શક્તિ કહીએ છીએ, પણ તમે તો
એને ઉપસર્ગ કહો છો તો આવો ભેદ શા માટે ? તમને
તો આખું ઊંધુ જ દેખાય છે. એને પાતાંજલ યોગસૂત્ર
કહે છે,

વ્યુત્થાને સિદ્ધય:।

તમને એ અવળે માર્ગે છો, તો એ બધી સિદ્ધિઓ છે.
તમે સવળે માર્ગે છો, તો એ બધા વિઘ્નો છે !!
તમારે સંસાર માર્ગે આગળ વધવું છે તો, સમજી લો કે
આ બધું બરાબર છે, આનાથી તમારો સંસાર વધશે.
તમારે મોક્ષ માર્ગે આગળ વધવું છે તો સમજી લો,
આ બધા વિઘ્નો છે માર્ગના અવરોધો છે, સાધવી
ને આની ઉપેક્ષા કરીને, અવગણીને, જાણે કે આ
બધું છે જ નહિ, એમ સમજીને જે તમે આગળ વધી
ગયા તો તમે ફાવી ગયા. ઉપસર્ગ છે, તમે અટવાઈ
ગયા, તો તમે પાછા વળશો.

તે સમાધાવુપસર્ગા:, વ્યુત્થાને સિદ્ધય:।

એ આકાશગામિની લબ્ધિ લઈને ઉડવું એ પણ
સંમોહી ભાવના છે, દહેરાસરની બહાર નીકળ્યા તમે
કોઈ મળી ગયું ને તમે કેવા LOCK DOWN માં દાનો
આપ્યા, કેવો પરોપકાર કર્યો, કેટલા ગુપ્ત દાન કર્યા,
ઘણી વાર ગુપ્ત દાનો ની જાહેરાતો થતી હોય છે !!

આશય આપણો એટલો જ છે કે સામે વાળી વ્યક્તિ - પ્રભાવીત થઈ જાય. એ પણ સૂક્ષ્મ સ્તરે સંમોહી ભાવના છે. જ્યારે આપણા શબ્દકોષ માંથી જ દુનિયા ખસી જાય છે, ત્યારે આપણને મોક્ષ મળે છે. સંસાર રાખવો છે, સંસાર સાચવવો છે, સંસાર વધારવો છે, સંસાર જ અંદરથી ગમે છે ને વાત મોક્ષની કરવી, એવી રીતે તો કેવી રીતે મોક્ષ મળશે ?

બહુ ઉંડે ઉંડે આપણી જાતની લઈને, આપણી બોચી પકડીને, આપણને બે તમાચા મારીને, આપણે, આપણને પુછવાની જરૂર છે કે તમને મોક્ષ જોઈએ છે ? કે સંસાર જોઈએ છે ? મોક્ષ જોઈએ છે તો આજ રસ્તો છે. અનંતા આત્માઓ આ જ માર્ગે મોક્ષે ગયા છે, આ માર્ગ સિવાય મોક્ષ છે જ નહિ, આપણે આપણું ધાર્યું, ધાર્મિક કે સાંસારિક, કરતા - રહેવું છે, પણ અંદરથી સંસાર છોડવો નથી. સંમોહી ભાવના !

ઓ પુણ મોહેક પરં....

તમારે અચ્છાઈ હતી ને, અચ્છાઈની જાહેરાત કરી બીજાને પ્રભાવીત કરવા, આકર્ષિત કરવા, આ પણ સંમોહી ભાવના તમારે અચ્છાઈ ન હતી ને જાહેરાત કરી, આ પણ સંમોહી ભાવના ! તમારામાં ગુણ ન હતા ને તમે કહો કે હું બહુ ગુણવાન છું, આ પણ સંમોહની ભાવના. તમારામાં ખરેખર ગુણ હતા, અને તમે કહો આ પણ સંમોહની ભાવના ! બહુ સરસ મજાની વાત અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથની અંદર, મુનિસુંદરસૂરી મહારાજા કહે છે

સ્તુતૈ: શ્રુતૈર્વાપિ પરૈર્નિરીક્ષિતૈ- ર્ગુણૈસ્તવાત્મન્ સુકૃતૈર્ન કિઞ્ચન।

કોઈએ તારા ગુણ સાંભળ્યા, જોયા, એની અનુમોદના કરી, એનાથી હે આત્મન તને કોઈ જ ફાયદો નથી થાય ! એમને લાભ છે, એમના પક્ષે અનુમોદના છે, તારા પક્ષે નુકશાન છે. ! આપણે આત્માને પુછીએ

DATE 15 08 2020

કે મારાથી વધારે સુકૃત થાય એવી આપણી ભાવના છે,
કે મારી અનુમોદના વધારે થાય, એવી આપણી ભાવના છે.
અધ્યાત્મ કલ્પદ્રુમ કહે છે

फलन्ति नैव प्रकटीकृतैर्भुवो, द्रुमा हि मूलैर्निपतन्त्यपि त्वधः॥

જમીનથી પ્રગટ કરવામાં આવે એ વૃક્ષના મૂળોને, તો એ ફળતા નથી, ઉલ્ટુ એ નીચે પડી જાય છે. તમારું પુણ્ય, તમારી સાધના, તમારા ગુણો, એ તમારા મુળ છે. એ મુળને જમીનમાં રાખવામાં જ તમારી સલામતી છે, એને બહાર કાઢીને પ્રદર્શન કરવા જશો, તો તમારું અવશ્ય પતન થશે!

વ્યવહાર નય કહે છે, સાધનાને, સુકૃતને, સદ્ગુણોને, પ્રચાર કરશો તો ભવિષ્યમાં પતન થઈ જશે, નિશ્ચય નય કહે છે, સાધનાનું, સદ્ગુણોનું, પ્રગટીકરણ એ જ પતન છે.

પર્યુષણનો આજે પહેલો દિવસ, પાંચ કર્તવ્યોમાં પહેલું કર્તવ્ય, અમારી પ્રવર્તન! આપણી ઈચ્છા છે કે આપણે કોર્ટમાં FIGHT કરી લઈએ, આપણી ઈચ્છા છે કે કતલખાનાઓ બંધ રહે. આપણી ઈચ્છા છે જેટલું થાય એટલું જીવદયાનું પ્રવર્તન થાય, બહુ સારી વાત છે. ક્યારેક સારા મુદ્દે આપણે આપસમાં ઝઘડી પડતા હોઈએ છીએ. સારો મુદ્દો હોય છે!!

અમારી શું છે ને મારી શું છે, એની સૂક્ષ્મ ભૂમિકાઓ શું છે?

★ અભિપ્રાય એ પણ એક પ્રકારનો છરો હોય શકે છે.
★ આગ્રહ એ પણ એક પ્રકારની હત્યા હોય શકે છે.
★ દ્વેષ એ પણ એક પ્રકારની હિંસા છે.
★ રાગ, પસંદ, હું, અહમ, આ પણ એક પ્રકારની મારી છે.
★ મૈત્રી ભાવના એ વિચાર અમારી છે.
★ મીઠી વાણી એ ઉચ્ચાર અમારી છે.
★ મુનિચર્યા એ આચાર અમારી છે.

જ્યારે આ ભાગે અમારી નો સંગમ મહાત્માની અંદર થાય છે, ત્યારે નૈશ્ચયિક દ્રષ્ટિ એ એ આત્મા સ્વયં અમારી પ્રવર્તન બની જાય છે. "વ્યવહાર એ નિશ્ચય ની શુદ્ધિ છે, નિશ્ચય એ વ્યવહારની પુષ્ટિ છે !!"

બહુ સરસ મજાની વાત કલિકાલસર્વજ્ઞે યોગશાસ્ત્રની અંદર કહી છે,

સ્નિહ્યન્તિ જન્તવો નિત્યં વૈરિણોઽપિ પરસ્પરમ્

પરસ્પર દુશ્મની વાળા જીવો, વૈરી જીવો પણ એક બીજાને પ્રેમ કરે, ચાહે, એ પ્રભાવ છે, નૈશ્ચયિક અમારી પ્રવર્તન બની ગયેલા મહાત્માનો !

બળદેવ મુનિ દીક્ષા લે છે, અદ્ભુત રૂપને ગોચરી માટે ગામમાં ગયા છે, જંગલમાં સાધના કરવાની, પંદર દિવસના ઉપવાસ, મહિનાના ઉપવાસ વગેરે વગેરે તપસ્યા ને ગોચરી માટે નગરમાં જવાનું ને ગયા છે, ભલે દીક્ષા લીધી છે, ભલે સ્નાન નથી કરતા, પણ અદ્ભુત રૂપ ! ગામના પાદરે કૂવો છે, કુવે કોઈ બહેન પાણી ભરી રહ્યા છે, બળદેવ મુનિ આવી ગયા છે, એના ઉપર નજર પડી છે આંખો ચોંટી ગઈ છે, એકીટસે મહાત્માને જોયા કરે છે એ બહેન! બીજુ બાજુ પોતે જે કામ કરતા હતા, એ કરવાનું ચાલુ છે, ઘડામાં દોરડું બાંધવાનું હતું, એની બદલે બળદેવ મુનિને જોવા-જોવામાં ભાન ભૂલેલા એ બહેન પોતાના દીકરાના ગળામાં એ દોરડું બાંધી દે છે ! મહાત્માની નજર પડે છે, એને અટકાવે છે, એને વિચાર કરે છે હવે ગમે તે થાય, મારે કોઈ ગામ કે નગરમાં જવું નહિ, મારે જંગલમાં જ રહેવું !

જંગલમાં રહેતા એ મહાત્મા જંગલની અંદર, સાધના કરવા પોતે બેઠા છે ને એમની નજીક એમના પરિસરમાં, એમની આસપાસ જે પશુઓ આવે, વાઘ આવે, વરુ આવે, ચિત્તો આવે,

રીંછ આવે, સિંહ આવે, અજગર આવે, સાપ આવે, ખુંખારમાં ખુંખાર, પશુ હોય એમના રોમે રોમે ફરેલા શાંત રસને જુએ, એમની અડધી બીડાયેલી ધ્યાન મગ્ન આંખો, એમાંથી નીતરતું અમી જુએ, એમની મુખ મુદ્રા ઉપર છવાયેલા મૈત્રી ભાવને જુએ, બસ જોતો જ રહે, અને એ પશુ ઠરી જાય! ધીમે.. ધીમે.. ધીમે.. ધીમે જંગલ ના જુદા- જુદા પશુઓ, જેમ-જેમ એમના સંપર્કમાં આવતા ગયા, બળદેવ મુનિ નથી કોઈને બોલાવતા, નથી કોઈને પજવતા, નથી કોઈને ઉપદેશ પણ આપતા, વાચીક ઉપદેશ એ પણ હજુ નીચો ઉપદેશ છે, જ્યારે અસ્તિત્વ જ ઉપદેશ બની જાય છે, ત્યારે સર્વોત્કૃષ્ટ ઉપદેશ શક્ય બને છે.

આજે તમને અમારી પ્રવર્તનની વાત કરવી છે, મનથી શરૂઆત કરો, ઘરથી શરૂઆત કરો, વાણીથી શરૂઆત કરો, વિચાર થી શરૂઆત કરો. મુંબઈથી એક યુવાન મારી પાસે આવ્યા હતા, મને વાત કરી, મહારાષ્ટ્રનું એક ગામ, જ્યાં એક જૈન નથી રહેતા, ત્યાંની જમીન માંથી આપણા ભગવાન નીકળ્યા, દહેરાસર બનાવડાવ્યું, આખું ગામ જૈન બને એવા પ્રયાસો કર્યા, આખા ગામને ભગવાન નું ભક્ત બનાવ્યું, પ્રેમથી બધાને સમજાવ્યા, પ્રેમથી સંબોધ્યા, પ્રેમ થી સમ્મત કર્યા. ગામની અંદર એક કસાઈ રહેતો હતો, એ કસાઈ એનો ધંધો ગયો કારણકે આખા ગામમાં કોઈ માંસાહારી ના રહ્યું, એ કસાઈને પણ પ્રતિબોધ કર્યો, અને ત્યાં ગૌશાળા ની અંદર એ કસાઈને નોકરી અપાવી.

(ભગવાન નો માર્ગ એને બહુ ઊંડાણથી - સમજવાનો પ્રયાસ કરીએ ને, કાશ્મીર ની અંદર માછલાઓની ઘોર હિંસા થાય, એની સાંભળીને કુમારપાળ - મહારાજ વ્યથિત થઈ ગયા, નિયમ લીધો જ્યાં સુધી આ હિંસા બંધ ના થાય, ત્યારે આહારનો ત્યાગ! હવે શું

કરવાનું, સેનાને લઈને આક્રમણ કરવા જઈએ, ચારે આહાર નો ત્યાગ કર્યો, મંત્રી ભેટણું લઈને પહોંચ્યા, ભેટણું ધર્યું ને કાશ્મીર ના રાજાની આંખ ફાટી ગઈ ભેટણું જોઈને, શું કામ છે બોલો ? કામ બીજું કશું જ નથી આ મરણીમારી, અને અમારા મહારાજ આના કારણે એટલા વ્યથિત થઈ ગયા છે, ને એમણે ખાવાનું - પીવાનું છોડી દીધું છે. રાજાની આંખમાં જળજળીયા - આવ્યા, એક અહિંસા ની પરિણતી, એક જીવદયા ની પરિણતી, બહુ સરસ મજાની વાત યોગ શતકની અંદર, હરીભદ્રસૂરી મહારાજ એ કરી,

પ્રાયશો ભાવાદ્ ભાવપ્રસૂતેઃ।

એક કપાવવા જઈ રહેલ જીવને બચાવી લેવો, એ ધર્મ છે, એ જીવદયા છે, એ અમારી પ્રવૃત્તન છે, આ કદાચ આપણને સમજાયું છે. પણ વિચાર સ્તરે, બીજા માટે ખરાબ વિચાર્યું, આ પણ એક પ્રકારની મારી છે, હિંસા છે, હત્યા છે, આ વાત આપણને સમજાય છે ? વિશ્વના એક પણ જીવ માટે તમારા મનમાં દુર્ભાવ આવ્યો, કડવાશ આવી, એ તમારા સાસુ હોય, એ તમારા વહુ હોય, એ તમારા ધંધાના હરીફ હોય, એ તમારા સગા ભાઈ હોય, એ તમારા પડોશી હોય, એ સંઘના કોઈ સભ્ય હોય, જેમનું કોઈ વર્તન કે વાણી તમને ના ગમી ને તમે એના માટે ખરાબ વિચાર્યા કરો છો. આ પણ એક પ્રકારની હિંસા છે, આ વાત આપણા મનમાં સમજાય ખરી ? અંતરંગ કસાય, એ પણ એક પ્રકારનો કસાય છે. બહારના કસાય માટે આપણને હિંસક બુદ્ધિ થાય છે, એ વ્યક્તિ હિંસક છે, એ વ્યક્તિ ખોટો છે એ વ્યક્તિ ને રોકવાનો છે, એ વ્યક્તિ બહુ જ ખરાબ છે બહુ જ પાપી છે, એ અધમ છે, એ કેટલું પાપ કરે, એનું શું થશે, હું કહું છું એ બધી જ વાતો

સાચી છે, આજ વિચારી આપણને આપણા માટે કેમ ન આવે કે મોઢામાંથી ગાળ નીકળી શકે, બીજા માટે ખરાબ શબ્દો નીકળી શકે, બીજા માટે નિંદા નીકળી શકે તો સમજી લો, કે આપણું મોઢું પણ એક પ્રકારનું કતલખાનું જ છે.

વિભાવ વિમુખ વ્યક્તિત્વ, અને સ્વભાવ સન્મુખ વ્યક્તિત્વ, એ પોતે જ એક અમારી પ્રવર્તન છે. વ્યવહારીક અમારી પ્રવર્તન પણ કરવાનું જ છે, કર્તવ્ય જ છે, હું કહું છું કે કરતા હોને એની કરતા દસગણું કરજો. એના કરતા પણ સો ગણો પ્રયાસ, જે સો ટકા સફળ થાય એમ છે, જે તમારા જ હાથમાં છે, જેના માટે બીજા કોઈની પરાધીનતા નથી, એ છે નિશ્ચય અમારી પ્રવર્તન !

એક માંસાહારીની બાજુમાં તમે ફક્ત જઈને બેઠા છો, અને એના મનમાં સ્વતઃ એ વિચાર આવે કે, આજથી માંસાહાર બંધ, બહુ જ ખોટું કર્યું. તમે એક શબ્દએ બોલ્યા નથી ને, એને આવો સંકલ્પ થયા વગર રહેતો નથી, આનું નામ નિશ્ચય અમારી પ્રવર્તન. બહુ સરસ મજાની વાત વૈષ્ણવ સંપ્રદાયની અંદર કરી,

" તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે,
તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે,
ત્યાં સુધી તું કાચો !! "

આત્મ નિરીક્ષણ કરીએ, આપણા સંગે કોઈ જૈન બના કે આપણા સંગથી કોઈ જૈન બની જાય, આવું બને કે આપણે જૈન બના કે આપણે અહિંસક બના કે સંમોહી ભાવના, બીજા પર બળજબરી કરીને, આજ્ઞા કરીને, FORCE કરીને, દબાવી ને, શક્તિનો દુર ઉપયોગ કરીને, શાસ્ત્રો ત્યાં સુધી કહે છે, મલિન આશયથી કરેલો શક્તિનો ઉપયોગ, એજ દુરુપયોગ છે.

હરીભદ્રસૂરી મહારાજ, પાંચ સંકલીષ્ટ ભાવનાઓનો વર્ણન કરીને આગળ ૧૬૬૧મી ગાથામાં કહે છે,

એયાઓ ભાવણાઓ ભાવિત્તા દેવદુગ્ગઇં જંતિ ।

ગૃહસ્થની વાત જવા દો, શ્રાવકની વાત જવા દો, સાધુ - થયા, સંયમી થયા, તપસ્વી થયા, જ્ઞાની થયા, આ પાંચ સંકલિષ્ટ ભાવના માંથી એકાદ પણ ભાવનમાં વર્તતા છે એ મહાત્મા પોતાની આરાધનાના ફળને બાળીને, આ સંકલિષ્ટ ભાવનાના સંકલેશ દ્વારા, પોતાના આત્માનું અહિત કરી છે, બહુ ગંભીરતાથી વિચાર કરજો, મારા આત્માનું શું થશે ?, કેટલા જણ IMPRESS થયા, કેટલા જણ પ્રભાવીત થઈ ગયા, કેટલા જણ નમ્યા, કેટલા જણે પ્રસંશા કરી, એના આધારે આપણા આત્માનું હિત થવાનું નથી. આપણે કેટલા શુદ્ધ ભાવનામાં રહ્યા, આત્માર્થી રહ્યા, નમ્ર રહ્યા, આપણા દોષ જોનારા રહ્યા, બીજાના ગુણો જોનારા રહ્યા, એના આધારે આપણા આત્માનું હિત થવાનું છે.

પંચવસ્તુક ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ, અદ્‌ભુત વાત અંતિમઆરાધનાને લઈને કરે છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !!

—x—x—x—

CamScanner

# પ્રવચન - ૯ - સાધર્મિક ભક્તિ   16 08 2020

હરીભદ્રસૂરીમહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, પાંચ - સંક્લિષ્ટ ભાવનાઓ નું વર્ણન કરી રહ્યા છે.

જો સંજઓ વિ એઆસુ અપ્પસત્થાસુ વટ્ટઇ કહંચિ ।
જે સાધુ હોય, અને છતાં પણ એ આ સંક્લેશ માં વર્તે, એનું શું ફળ મળે ?

સો તવ્વિહેસુ ગચ્છઇ સુરેસુ ભઇઓ ચરણહીણો ।
આપણા ક્રિયાનો પ્રભાવ છે કે દેવ-લોક તો મળવાનો જ છે પણ દેવલોક ની અંદર હલકા માં હલકી જાતિ ના દેવ.
તિથ્થોગાલિ પયન્ના નામનું આગમ ને એની અંદર પ્રશ્ન કર્યો કે, સાધના કરવા છતાં, દેવલોક મળવા છતાં, કોને હલકો દેવલોક મળે ? તો ત્યાં જવાબ આપ્યો.

કિં મજ્ઝ ત્તિ ભિરુચ્છાહા ભવંતિ જે સવ્વસંઘકજ્જેસુ ।
સંઘના કાર્યોમાં જેને એમ થાય કે આમાં મારે શું ! અને સંઘના કાર્યોમાં જે નિરુત્સાહી થાય. જેને - ઉલ્લાસ ના રહે, અળગું લાગે, પારકું લાગે, આમાં મારે શું એવું લાગે,

તે દેવસમિઇબજ્ઝા દુપ્પિચ્છા હુંતિ સુરમિચ્છા ।
તેઓ દેવલોકમાં એ જાય, તો દેવો ના પ્રસંગોમાં એમને ENTRY ના મળે.

દુપ્પિચ્છા હુંતિ સુરમિચ્છા ।
એમનું કોઈ મોઢું સુદ્ધા ન જુએ તે મનુષ્યોની અંદર જે હલ્કી જાતિ કહેવાય, ચંડાળ જેવી, એવા તેઓ દેવોની અંદર ચંડાળ જેવા દેવ બને ! પર્યુષણનો આજે બીજો દિવસ વાર્ષિક અગિયાર કર્તવ્યો ની આજે વાત કરવાની હોય, અને એમાં બહુ જ મહત્વનું કર્તવ્ય, "સંઘપૂજા"

(વ્યવહારિક દ્રષ્ટિ એ સંઘપૂજા એ એક વાર્ષિક કર્તવ્ય છે, નિશ્ચય દ્રષ્ટિ એ સંઘપૂજા એ દૈનિક કર્તવ્ય છે. પ્રત્યેક કલાક નું, પ્રત્યેક મિનિટ નું, પ્રત્યેક ક્ષણ નું કર્તવ્ય છે. આત્મ નિરીક્ષણ કરો કે સંઘ માટે આપણો "આત્મીયભાવ" કેટલો ? એક પાત

સાથે સંબંધ બંધાય છે ને આખા સાસરા સાથે સંબંધ - બંધાય જાય છે. ભગવાન સાથે આપણો સંબંધ બંધાય છે ધર્મ સાથે આપણો સંબંધ બંધાય છે, એની સાથે આખા સંઘ સાથે આપણો સંબંધ બંધાય છે. નિશ્ચય દ્રષ્ટિએ પતિ એ જ સાસરું હોય છે, સાસરું એ જ પતિ હોય છે વ્યવહાર દ્રષ્ટિ એ પતિ એ પતિ છે, સાસરું એ સાસરું છે. નિશ્ચય દ્રષ્ટિ એ સાસરું એ જ પતિ છે.

વ્યવહાર દ્રષ્ટિ એ ભગવાન એ ભગવાન છે, સંઘ એ સંઘ છે. નિશ્ચય દ્રષ્ટિ એ ભગવાન એ જ સંઘ છે, સંઘ એ જ ભગવાન છે. હું તમને કહું છું કે, તમારી જાતને તમે પ્રશ્ન કરો કે તમારા સ્વજનો, તમારી સગી દિકરી, તમારો સગો દીકરો, એ માને નહિ, સામો થાય, અપમાન કરે, ઉતારી પાડે ખંખેરી નાખે, વૃધ્ધાવસ્થામાં પણ તમારી સેવા ન કરે, છતાં તમે એને તમારો બધો વારસો આપવાના, તમે એને મારો દીકરો માનવાના. તમે ઘરની બહાર નીકળ્યા તમને ચાર જણ મળ્યા, એનો સખત ત્રાસ હશે તો પણ તમે એની નિંદા કરવાના નથી. અહીંયા સંઘના એક પણ સભ્યની આપણે નિંદા કરી શકીએ એનું કારણ એ નથી કે એની કોઈ દોષ છે, એની કોઈ ભુલ છે, એનું કારણ એ નથી કે એણે આપણા પ્રત્યે કંઈક ખરાબ કર્યું, એનું કારણ માત્ર ને માત્ર એટલું છે કે, સંઘની સાથે આપણને જે આત્મીય ભાવ જોઈએ, એ આત્મીય ભાવ નથી.

ઉપર છલ્લી દ્રષ્ટિ એ આપણે અહીંયા આવીએ છીએ, ભગવાનને માથું ઝુકાવીએ છીએ, ચૈત્યવંદન કરીએ છીએ, વર્ષે દાડે આપણે સંઘની પ્રભાવના સુધ્ધા કરી દઈએ. ક્યારેક જીવનમાં શક્ય બને તો સ્વામી વાત્સલ્ય નો લાભ પણ આપણે લઈ લઈએ, હું કહું છું કે એ ભાવ નથી તો કંઈ

સંઘપુરુષ બાકી છે. જે સંઘને નમે છે, ભગવાનને નમે છે, એને આપણે ન નમીએ, સંઘ - આમ - સંઘ - તેમ સંઘમાં આવું બધું છે. હું તમને કહું છું કે સંઘમાં બધું આવું બધું છે એ મુખ્ય પ્રશ્ન નથી, મુખ્ય પ્રશ્ન એ જ છે કે જે દીકરા સાથે આત્મીયતા છે, ઘરસાથે, સંસાર સાથે, સ્વજન સાથે, ધંધા સાથે, આત્મીયતા છે, એટલી ભગવાનના સંઘ સાથે આત્મીયતા નો ભાવ નથી.

સંઘમાં આ દોષ છે, વ્યક્તિમાં આ દોષ છે, સંઘની આ ભુલ છે, સંઘનું આવું છે, હું તમને કહું કે આ બધા પાછળ એક જ આશય હોવો જોઈએ આપણો, જો આપણે સાચા છીએ તો કોઈનામાં કોઈ દોષ જ નથી. આની સામે બે સત્ય આપણે ભુલી જઈએ છે કે મારામાં પણ અઢળક દોષો છે, NUMBER 1, અને NUMBER 2 - ભગવાને જ્યારે સંઘ સ્થાપ્યોતે ત્યારે, સંઘની અંદર એક પણ કેવળજ્ઞાની ન હતા, સંઘની એક પણ વ્યક્તિ એવી ન હતી જેનામાં એક પણ દોષ ના હોય, એવા સંઘ ભગવાને સ્થાપ્યો છે અને એ જ સંઘને "નમો તિત્થસ્સ" કરીને ભગવાન નમસ્કાર કરે છે, આપણે ભગવાન કરતાં પણ ઉંચા કે દોષ છે માટે હું નમું નહી!

ચાર જગ મળ્યા નથી ને હું નિંદા કરીશ, હું સામે પડીશ, હું લડીશ, હું બતાડી દઈશ, કદાચ ત્યાં સુધી નો ભાવ આવે, હું તમને કહું છું કે આપણે કશું સમજ્યા જ નથી! ધર્મ ધ્રુવ એ છે કે જેને ડગલે ને પગલે પોતાના દોષો સતાવે, પોતાના દોષો નજરમાં આવે, ને પોતાના દોષો નો બચાવ કરવા માટે જે હરગીઝ તૈયાર ના હોય. ધર્મ ધ્રુવ એને કહેવાય કે બીજા ધર્મી ધ્રુવના દેખાતા પણ દોષો ને એ ઢાંકે, એ દોષો ને એ છાવરે એના ગુણો ને જુએ એની આરાધના ને જુએ. એની સેવાને જુએ, એની તપસ્યાને જુએ.

એના જ્ઞાનને જુઓ, બહુ સરસ મજાની વાત આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ એ કહી,

दंसण णाण चरणं तव विणायं जत्थ जत्तियं पासे।

તમે શું અપેક્ષા રાખો છો, કે બધા વિતરાગ હોય, બધા કેવળજ્ઞાની હોય। આરીતે તો મોક્ષ માર્ગનો જ વિચ્છેદ થઈ જશે, કારણકે આગળના પગથિયા છે ને આગળ ના પગથિયા ચડતો માણસ એને તમે કહો, તુ આટલો નીચે, તું તો આટલો નીચે, દાદા નો દરબાર તો ક્યાંય ઉપર છે, હજુ તો સાડા ત્રણ હજાર પગથિયા છે, તું તો ત્રીસ પગથિયા ચડ્યો, તારા તો ઠેકાણા જ નથી, તું જ તું અહિંયા આવવાને જ લાયક નથી, "આપણે દાદાના ભક્ત કે આપણે દાદાના વિરોધી ?"

દાદાનો સાચો ભક્ત એ છે, હજુ તો પેલો તળેટી એ પહોંચ્યો હોય, એના પગમાં પડી જાય, ભાઈ ધન્ય છે તમને, તમે અહીંયા જાત્રા કરવા આવ્યા! તમારી જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. આટલા અબજો લોકો ને એમાંથી તમે આવ્યા. હું - તમને કહું છું, દહેરાસરના દરવાજા ઉપર હાથ અડતી વ્યક્તિ ને તમે હાથ પકડી ને દાદા સુધી લઈ જાવ, આ દાદાની ખરી ભક્તિ છે.

પૂજામાં કોઈની ગરબડ થઈ ને આપણે તૂટી પડયા, ગભારાની અંદર આપણે ઝઘડી પડયા, સંઘની પેઢીની અંદર કોઈક આવ્યું, હું કહું છું જેના પગલા થયા, એ પુણ્યશાળી છે, ભાગ્યશાળી છે, ભગવાનની પેઢીમાં એ આવ્યા ! એ દોષ ક્રોધ કાઢો! એક વાત આજે મનમાં FIT કરી દો, સંઘ એટલે ભગવાન ! સંઘની એક- એક વ્યક્તિ ભગવાન, ભીના .. ભીના થઈ જઈએ એમના દર્શન થાય !

હું તમને કહું, તમે એ હાથ જોડ્યા વગર કોઈ જૈન સાથે વાત કરી શકો ને તો તમારા સમ્યક્ દર્શન ની ખામી છે
જૈન એટલે શું ?

★ જૈન એટલે કદાચ આવતી કાલના પારણામાં ઝુલતા ભગવાન મહાવીર !
★ જૈન એટલે કદાચ આવતી કાલે ચૌદ સ્વપ્ન જોતા ત્રિશલામાતા !
★ જૈન એટલે આવતી કાલે પાટ ઉપર બેસીને કલ્પસુત્ર ને બારસાસુત્ર પ્રકાશતા ગુરુ ભગવંત !
★ જૈન એટલે કદાચ આવતી કાલના ગણધર ભગવંત !
★ જૈન એટલે કદાચ આવતી કાલના આચાર્ય ભગવંત !
★ જૈન એટલે આવતી કાલના પંચ પરમેષ્ઠી ભગવંત !
★ જૈન એટલે જિનશાસનનો આધાર !

બહુ સરસ મજાની વાત, આગમમાં કરી કે શ્રુતધર્મ, ચારિત્ર ધર્મ, એ સ્વરૂપ જિનશાસન, એ શું છે ?, ને જવાબ આપ્યો કે સંઘ એ જ જિનશાસન છે. પુછ્યું કે સંઘ જુદો છે, ભગવાનની આજ્ઞા અને ધર્મ જુદા છે, તો તમે કેમ કહો છો કે સંઘ એ જ જિનશાસન ! અને ત્યાં જવાબ આપ્યો કારણકે એ ધર્મનો આધાર સંઘ જ છે.

ગુણ ક્યારે પણ ગુણીમાં જ રહે છે. તમે કહો કે મીઠાશ આપો તો તમને સાકર આપશે, શેરડી આપશે, કોઈ પીપર- ચોકલેટ આપશે, તમે કહો મને એ બધું નહી મને મીઠાસ જોઈએ. એનો જવાબ આપવામાં આવે કે ભાઈ મીઠાસ આમાં જ મળશે ! બહુ ગંભીરતાથી વિચારો, આરાધના ઓછી થશે હજુ ચાલશે, તારક તત્વની આશાતનામાં ક્યાંક આપણે જાણે, અજાણે નિમિત્ત બની ગયા, તો આપણું નખ્ખોદ નીકળવાનું નક્કી છે. સાધર્મિક ભક્તિ અને સંઘપૂજા, આના સંદર્ભ માં કહું, આપણે બધું પૈસાથી સમજ્યા

હોય. આજે સાધર્મિક ભક્તિ છે કીટ આપવામાં આવશે આવી કોઈ જાહેરાત આપણે દહેરાસરમાં વાંચીએ, એટલે આપણે સમજી લઈએ કે આવું કોઈક FUND થયું હશે.

→ જીવદયા એટલે પૈસા
→ સાધર્મિક ભક્તિ એટલે પૈસા
→ સંઘપૂજા એટલે પૈસા

ચૈત્યપરીપાટી રાખી છે એટલે પહેલી વાત આપણી, નકરાની, આદેશની, પૈસા- અઠ્ઠમ, અત્તર વાયણા, પારણા - પૈસા, હું કહું છું વાંધો નથી એક માધ્યમ છે, સંઘ સાથેની આત્મીયતા નો. પૈસા ન જ હોવા જોઈએ એવી વાત નથી, હું કહું છું કે વાપરો છો એના કરતા સો ગણા વાપરો, પણ કઈ રીતે વાપરો છો! તમારા જીવનમાં જીવદયા કેટલી આવી, તમારા જીવનમાં સાધર્મિક ભક્તિ કેટલી આવી ? દહેરાસરની બહાર - નીકળ્યા ને કોક ભાગ્યશાળી અંદર પગ મુકી રહ્યા છે તમે જોયું કે કોઈક સાધર્મિક છે, ભલે અબજોપતિ છે, કરોડપતિ છે, લખપતિ છે, હજારપતિ છે, પંદરસોના પગારદાર છે, XYZ, કોઈ પણ હોય, જો એ જૈન છે ને તમારા હાથ જોડાઈ જાય, ચહેરા ઉપર અહોભાવ છલકાઈ જાય, આંખમાં આનંદના આંસુ આવે, મારા ભગવાનના સંઘના એક સભ્ય !

તમે ધર્મમાં આગળ વધ્યા, તમે મોક્ષ - માર્ગમાં આગળ વધી રહ્યા છો, આનું માપદંડ શું ? તમે જો મને પુછો તો હું તમને કહું, જેમ- જેમ તમે વધારે ને વધારે ભીના થતા જાવ, કુણા થતા જાવ, રાગ-દ્વેષ ઓછા થતા જાય, અને તારક તત્વો પ્રત્યેનો અહોભાવ વધતો જાય, વધતો જાય, વધતો જાય, તો સમજો કે તમે આગળ વધી રહ્યા છો ! આમારા મહાત્મા હોય ગમે તેટલા ભણેલા, ગણેલા, તપસ્વી,

ચુસ્ત સંયમી હોય, એમની પરિણતિ કેટલી! તમને છે ને ફક્ત બાહ્ય દેખાય! માસક્ષમણ કર્યું! સાધુ હોય કે શ્રાવક હોય, XYZ! હોય એવા સાધુ ઉપવાસ ના પારણે એકાસણું કરે, અઠ્ઠમના પારણે એકાસણું કરે, માસક્ષમણ ના પારણે એકાસણું કરે, એવા પણ હોય! બાપુક ની વ્યક્તિઓ, એમની પરિણતિ, એના આધારે ના સમજો, પરિણતિ નો આટલો જ આધાર, મહાત્માઓ પ્રત્યે, ગુરુ પ્રત્યે, એમના હૃદયની કુમાશ કેટલી! ગુરુનું વચન ઝીલે છે, કે CRICKET ની જેમ સામો SHOT મારે છે, ગુરુના વચન પ્રત્યે એને શ્રદ્ધા કેટલી છે, મહાત્માઓ પ્રત્યે એમને વાત્સલ્ય ભાવ કેટલો છે.

હું તમને કહું છું કે તમારા હૃદયમાં સંઘના પ્રત્યેક સભ્ય માટે, જે વાત્સલ્ય ભાવ, હેપ અને ગુરુ પ્રત્યે નો જે શ્રદ્ધા અને સમર્પણ નો ભાવ, એ તમારી મોક્ષયાત્રા નું માપદંડ છે. વ્યવહાર ભાષ્ટ ટીકાની અંદર, પૂજ્ય મલયગિરિ સૂરી મહારાજ સ્પષ્ટ કહે છે,

अधिगत श्रुतस्य शास्त्रे गुरौ सङ्घे च .....

તમને જ્ઞાન મળ્યું આનો મતલબ એ નહી કે તમે આગમના કેટલા શ્લોકો વાંચ્યા, કેટલા આંકડા ના શાસ્ત્રો વાંચ્યા, કેટલા આંકડાનું શું વાંચ્યું, તમે જ્ઞાન મેળવ્યું એનું માત્ર ને માત્ર માપદંડ એ છે, કે તમારામાં ભગવાન પ્રત્યે, ગુરુ પ્રત્યે, શાસ્ત્ર પ્રત્યે, સંઘ પ્રત્યે, કેટલો વધુ બહુમાન ઉછળ્યો.

અકબરે - બીરબલને એક દિવસ પુછ્યું કે આ કુતરું એટલે બહુ સારું પ્રાણી છે, એની વફાદારી, એની સ્વામિભક્તિ, એની શુરવીરતા, સામે વાળો શસ્ત્રધારી ચોર હોયને ધસી જાય કુતરો, એવો ભસે, એવો દોડે, આટલું નાનું પ્રાણી! ફીકર નથી મને મારી નાખશે તો, મને કાપી નાખશે તો હું મરી જઈશ તો! શુરવીરતા! એને એક રોટલી આપો તો એ શાંતિથી

બેઠો રહે, પાંચ રોટલી આપી તો એ વાંધો નથી, આઠ આપી તોએ વાંધો નથી, અડધી રોટલી મળી, ભલે કંઈ ઓછું આવ્યું જ નથી, આવો એનો સંતોષ! ને છતાંએ એ કુતરો જ્યાં જાય ત્યાં હડધૂત થાય. આવું શા માટે? ને બીરબલે જવાબ આપ્યો, અકબરને કે બાદશાહ, બધા જ ગુણો કુતરામાં છે, કુતરાનો એક જ દોષ છે, કે એ જાતભાઈનો દ્વેષી છે. ઝગડો છે ને એ બધાને ભગાવી ને પોતાને જે કંઈ ખાવાનું મળ્યું હશે એ ખાશે, કુતરો છે ને, હું જ ઝડપી લઉં, મને જ જોઈએ ને જાતભાઈનો દ્વેષ, એક ગલીના કુતરાનું બીજી ગલીના કુતરા સાથે બને નહિ. ઓલો એ કુતરો આ એ કુતરો, ભાઈચારાનું કોઈ નામ નહીં, મૈત્રીનું કોઈ નામ નહીં, ભસે એટલે એવા ભસે, ધસી જાય ને પેલાને ચુંથતો ફાડી ખાઉં, આવો એનો ભાવ હોય ને, આ જાતભાઈનો દ્વેષ છે. માટે કુતરા બધે જ હડધૂત થાય, અહીંયા જાય તો અહીંયા ને ત્યાં જાય તો ત્યાં હડધૂત થાય!

આપણને દોષ સાથે નિસ્બત નથી, ભુલ સાથે નિસ્બત નથી, કોણે જિનાજ્ઞાની આરાધના-વિરાધના કરી એની સાથે નિસ્બત નથી, કોઈ આગળ વધે ને આપણને પેટમાં દુખે, એના પગ પકડીને પછાડીએ નહીં ત્યાં સુધી આપણને ચેન પડે નહિ, જરી તકલીફ આપણી કદાચ આ છે, અથવા એણે મારી સાથે સારો વ્યવહાર ના કર્યો, હવે એની બધી આરાધના, એની સેવા, એની તપસ્યા, એ બધું જ ખોટું! આપણી દલીલ એ હોય છે કે મને વ્યક્તિ દ્વેષ નથી, વ્યક્તિ સાથે એવું કંઈ છે જ નહિ મને, મને ફક્ત આ દોષ માટે વાંધો છે, વ્યક્તિ માટે બસ પુરી મૈત્રીભાવ,

પણ આ જુદુ કરવું શક્ય જ નથી. દોષનો એક બહાનું છે, ભુલનો એક બહાનું છે, તેનાથી અનાદિની મત્સર રસ, અનાદિનો યુદ્ધ રસ, આપણે પોસથો હોય છે. અનાદિનો નિંદા રસ પોસથો હોય છે.

નિન્દ્યં વિગ્રહસીતો

શાસ્ત્રમાં એવા જીવોનું ઉદાહરણ આપ્યું કે જે સતત લડવાના સ્વભાવ વાળા છે. એક પંકપ્રિય નામનો કુંભાર હતો, બધે દોષો દેખાય, માથું પછાડે, આ દોષ, આ દોષ, અહીંયા આ દોષ છે, ત્યાં આ દોષ છે, અને ખરેખર એવી સ્થિતિ થઈ ગઈ, છોકરાઓએ એવું કે આવી રીતે તો બાપા મરી જશે. એમને સમજાવી પટાવી ને જંગલમાં મુકી આવ્યા, જંગલમાં એક છોકરી રમવા માટે આવતી, અને ત્યાં ફુલો વીણતી. રાજા શિકાર કરવા આવ્યો, છોકરી ગમી ગઈ તો, પરણીને લઈ ગયો. ફરી રાજા ત્યાં એક વાર ફરવા આવ્યો, થોડો સમય વચ્ચે વીતી ગયો છે, રાણી અને રાજા બંને ફરવા આવ્યા રાજા- રાણીને પુછે છે આ કયા ફુલ છે, રાણી કહે છે મને ખબર નથી. ત્યાં એક પત્થર પડ્યો હતો ને બેસો પંકપ્રિય કુંભાર, જોરથી એના ઉપર માથું પછાડે છે કે આ રાણીએ એનું બાળપણ જ્યાં વિતાવ્યું, એ રાણી થઈ ને ભુલી ગઈ! ખોપરી ત્યાં ફાટી જાય છે, ને કુંભાર મરી જાય છે. કુંભાર માટે આપણને એવું લાગે પણ હું તમને કહું છું, હરીભદ્રસૂરી મહારાજ- ધર્મબિંદુ ગ્રંથમાં કહે છે,

સર્વત્ર નિન્દાસન્ત્યાગઃ।

તમે કોઈની પણ નિંદા નહી કરતા, પાપીમાં પાપી હોય, અધમમાં અધમ હોય, જિનશાસનની બહાર હોય, સંઘના સભ્ય ના હોય, દારૂડિયો હોય, ખુની હોય, જુગારી હોય, અધમમાં અધમ જીવ હોય, એની પણ તમે નિંદા નહી કરતા, આવું હરીભદ્રસૂરી મહારાજ કહે છે. અને જે

સંઘના સભ્ય છે, ચતુર્વિધ સંઘમાં આવ્યા, હું તમને કહું છું કે આખા વિશ્વના અનંતાનંત પુણ્યોમાં, એક - ભગવાન અને ગુરુપણો ત્રીજ ક્રમે જે આવે છે, એમની આપણા મનમાં લેશ પણ નિંદા આવી છે, પેલાએ તો આખું પછાડી ને એક મૃત્યુ થયું છે, આપણા અનંત - મૃત્યુ કદાચ નિશ્ચિત બની જશે.

અયોધ્યાવાસીઓ કૈકયી ઉપર આક્રોશ ઠાલવતા હતા ત્યારે રામે એમને સમજાવ્યા હતા, કે તમને ભરત કેવો લાગે છે. અયોધ્યાવાસીઓએ કહ્યું નિઃસ્પૃહ નદન, સૌજન્ય, એમનો સ્વભાવ એમની ભક્તિ ! આખી અયોધ્યામાંથી જો કોઈ સૌથી વધારે રડ્યું હોય તો એ ભરતજી રડ્યા છે. અને રામ જવાબ આપે છે, કે જેનું ફળ આટલું સારું છે, એ વેલ ખરાબ કઈ રીતે હોય શકે ?

હું તમને કહું છું, આજે એક પ્રશ્ન અહીંથી લઈને જાવ, જે મહાવીર ને નમે એ ખરાબ કઈ રીતે હોય શકે ! જેના દ્વારે ગુરુ ભગવંતના પગલા થાય છે, અને અહોભાવથી જે ગોચરી વહોરાવે છે, એ ખરાબ કઈ રીતે હોય શકે ! જેના અંતરમાં નવકાર છે, એ ખરાબ કઈ રીતે હોય શકે !

દીકરાની લાખ ભુલ હોય છતાં એની સાથે આપણું RELATION મજબુત રહે છે, કોઈ જૈનની એક ભુલ ઉપર આપણે તૂટી પડીએ છીએ, એનું - કારણ એ નથી કે પેલો દોષિત છે, ને દીકરો નિર્દોષ છે. કારણ એટલું જ છે, જેટલું દીકરા સાથે - RELATION છે એટલું નવકાર સાથે RELATION નથી ! જે નવકાર ગણે છે, એના પ્રત્યેનો દ્વેષ એ નવકાર પ્રત્યે નો પણ દ્વેષ છે. એ પંચ પરમેષ્ઠી પ્રત્યે નો પણ દ્વેષ છે. દુનિયામાં શ્રીમંતો ની બોલબાલા હોય, એ માણસ દારૂ પીતો હોય એ ગૌણ બની જાય,


classmate

એમની પાસે બે હજાર કરોડ રૂપિયા છે, આ વાત મુખ્ય બની જાય. હું તમને પુછું કે બે હજાર કરોડ રૂપિયા ઉંચા કે નવકાર ઉંચો? શ્રીમંત ને નમવા આપણે તૈયાર હોઈએ. આખી દુનિયામાં પૈસાની બોલબાલા, આખી દુનિયા એટલું જોવે, કેટલું છે એની પાસે.

હું તમને કહું છું કે સમ્યક્દર્શનની સ્પર્શના થઈ હોય ને, કોઈ હજાર દોષી હશે, એ હજાર દોષો ને બાજુ પર મુકીને આપણે એટલું જ જોઈશું, એની પાસે નવકાર તો છે ને! LOCKDOWN ની અંદર સાધર્મિકો ની જે સ્થિતિ થઈ છે. નોકરી છુટી છે, પગારો તુટ્યા છે, ખર્ચા વધ્યા છે, મા-બાપની દવા કરવાની છે, દીકરાના પચાસ-પંચાવન હજારના બિલ ભરવાના છે, એની TUTION FEE ભરવાની છે, એની SCHOOL FEE ભરવાની છે, ઘરના ભાડા ભરવાના બાકી છે, આવક ના સાધન બિલકુલ જતા રહ્યા, હું તમને કહું કે એમની દયા કે અનુકંપા જે આપણને આવે ને તો એ આપણે હજુ નીચા છીએ.

સગા દીકરા કરતા સાધર્મિક જેને વધુ વહાલા લાગે, સાધર્મિક દીકરો લાગે, એનું નામ સાધર્મિક વાત્સલ્ય! આપણી પાસે બહુ માં બહુ દયા છે, ભક્તિ નથી, વાત્સલ્ય નથી, માટે સ્થિતિ આવી છે. હું તમને કહું છું તમે નીચા માં નીચા કામની કલ્પના કરો, પૈસા કમાવવા માટે ના નીચા માં નીચા કામ, ઝાડુ પોતા કરવાના હોય, વાસણ ધોવાના હોય, કપડા ધોવાના હોય, રીક્ષા ચલાવવાની હોય, એવું કોઈ કામ નથી, જે આપણા જૈન ભાઈ બહેનો કરતા નથી. એવા જૈન બહેનો છે જે ઘરે કહીને નીકળે છે, TUTION કરાવવા જઉં છું, ને એ વાસણ ધોવે છે, એ ઘરે કહે છે, કે અમારા - સમાજમાં કે અમારા ઘરોમાં આ વાત નથી કરતા કે, અમે તમારે ત્યાં આ કામ કરીએ છીએ. અમદાવાદમાં

થી
અંદર કાલુપુર ની ડી-કેબીન, એક બહેન રીક્ષા ચલાવે
પગ આખો ઉપરથી કપાઈ ગયો છે, SHARING રીક્ષા,
આગળ ભરવાનું, પાછળ એ ભરવાનું, આમે કોઈ પુરુષ,
સામે કોઈ પુરુષ, વચ્ચે આપણા બહેન, પચ્ચીસ વર્ષની
ઉંમર! હું કહું છું આપણા મોટા મોજશોખો, આપણા
નખરાઓ, આપણી WORLD TOURS, આપણા ખર્ચાઓ,
આપણી FANTASY, આપણી રીતે આપણે માણી લેશું.
જિંદગી કદાચ આમ જ પુરી થઈ જશે. એ બહેનમાં -
જ્યારે આપણને આપણી સગી દીકરી દેખાશે, આપઘાત
ના પ્રયાસો કરતા જૈન પરિવારોમાં જ્યારે આપણા દીકરા
દેખાશે, બાવન વર્ષનો મંદ બુદ્ધિ દીકરો છે અને એનું
ભરણપોષણ કરવા પંચોતેર વર્ષની મા, ત્રણ ઘરે રોજ
રસોઈ કરે છે, એમાં જ્યારે આપણી મા દેખાશે, ત્યારે
આપણી સાધર્મિક ભક્તિ, ત્યારે આપણી સંઘપૂજા,
એની કંઈક શરૂઆત થશે. હાથ જોડીને તમને કહું,
એક વરસ બધું જ તમે બાજુ ઉપર રાખો.

આ વર્ષે નહીં ફરવા જતા, આ વર્ષે
હોટલો બંધ, આ વર્ષે ઘરેણાની ખરીદી બંધ, આ
વર્ષે બધા જ નખરા બંધ, હું ત્યાં સુધી કહું છું,
આ વર્ષે તમારી ધર્મભાવના હોય, ધર્મ બુદ્ધિથી પણ જે
વ્યય કરતા હો, એમાં MAJOR PART, સાધર્મિક-
ભક્તિનો રાખવા જેવો છે. તકલીફ નથી એમના બધા
દિવસો એ જ રીતે જાય છે, તકલીફ છે, એમનો
એક-એક દિવસ, એક-એક વરસ જેવો, દસ-દસ
વરસ જેવો જાય છે. એના માટે નહીં, આપણી
સમ્યક્ દર્શનની શુદ્ધિ માટે, એમનું હશે તો મળશે
એમને, નહીં હોય તો દુઃખી એ થશે. આપઘાત
કરનારા, આપઘાત કરી લેશે. છતી શક્તિએ આપણને
આવું કશું જ સુઝયું નહિ, તો આપણા આત્માનું
અહિત સો ટકા છે. સમજજો આ વર્ષ ખાસ,

16 08 2020

તમે શરૂઆત અહિંયા થી કરો, જૈન છે એટલે હાથ જોડાઈ જ જાય, જૈન છે એટલે માથુ ઝુકી જ જાય, અબજો-પતિ થી માંડી ને, પંદરસો નો પગારદાર ભલે કેમ ના હોય મારા માટે ભગવાન, મારા માટે વંદનીય, માર માટે પુજનીય આ ભાવના આપણી પ્રગટે, ખરેખર આપણી આરાધના આમાંથી સાચી બનશે, એ ભાવના રાખજો.

---

# પ્રવચન - ૩ - સંઘપૂજા 17082020

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ પંચવસ્તુક ગ્રંથની અંદર પાંચ સંકલિષ્ટ ભાવનાઓનું વર્ણન કરે છે.

એયાઓ ભાવણાઓ ભાવિત્તા દેવદુગ્ગઇં જંતિ ।
તત્તો વિ ચુઆ સંતા પરિંતિ ભવસાગરમણંતં ॥

હરીભદ્રસૂરી મહારાજ કહેવા માંગે છે કે તમારી આરાધના ગમે તેટલી હોય, જ્યાં સુધી તમારું મન સંકલિષ્ટ છે ત્યાં સુધી બધી જ આરાધના ફોક છે. આવશ્યક-નિર્યુક્તિ ગ્રંથની અંદર, ઓઘ નિર્યુક્તિ આગમની અંદર, શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

પરમરહસ્સમિસિણં સમત્તગણિપિડગઝરિયસારાણં । પરિણામિયં પમાણં...

જેઓ તત્વને પામી ગયા, શ્રુતસમુદ્ર ને પચાવી ગયા, એવા પરમજ્ઞાનીઓ, મોક્ષમાર્ગનું પરમ રહસ્ય કહે છે, એ રહસ્ય છે, તમારા "અંત:કરણનું પરિણામ". નિશ્ચય ધર્મ એ પરિણામની શુદ્ધિ છે, અને બધો જ વ્યવહાર ધર્મ, એનું લક્ષ્ય એ નિશ્ચય ધર્મ છે. તમે પૂજા કરી રહ્યા છો, મનમાં ધંધો ચાલી રહ્યો છે, નિશ્ચય નય ને પુછો એ કહેશે તમે ધંધો કરી રહ્યા છો, તમે પૂજા નથી કરી રહ્યા। વ્યવહાર નય કહે છે તમે પૂજા કરી રહ્યા છો પણ આટલી ભુલ છે. નિશ્ચય કહે છે, જે તમે મનથી કરો છો, એ તમે કરો છો.

યોગબિંદુની અંદર હરીભદ્રસૂરી મહારાજ એક દ્રષ્ટાંત આપે છે.

નાર્યા યથાઽન્યસક્તાયા - સ્તત્ર ભાવે સદા સ્થિતે ।

કોઈ પુરુષમાં આસક્ત એવી સ્ત્રી છે, જેને પરપુરુષમાં આસક્તિ થઈ ગઈ. એ કુળવધુ, છે બે બાળકોની મા, છે એ કોઈની પત્ની, કોઈની વહુ, કોઈની મમ્મી, એ ઘરમાં જ છે, રસોઈ કરે છે, આડાઅવળા પડેલા કપડા વ્યવસ્થિત કરે છે, ઝાડુ-પોતા કરે છે, એ પતિને પીરસે છે, પતિને જમાડે છે, પતિના પગ પણ દબાવે છે,

तद्योगः पापबन्धश्च तथा धर्मोऽस्य दृश्यताम् ॥

પણ એના મનમાં તો પરપુરુષ જ રમી રહ્યો છે, તો એને સતી ના કહેવાય, એને પતિવર્તા ના કહેવાય, એને તો બેવફા કહેવાય. બરાબર એજ રીતે સમકિતિ જીવ, કદાચ એ OFFICE માં બેઠો છે, દુકાનમાં બેઠો છે, ઘરમાં બેઠો છે, એના ખોળામાં એનો દીકરો છે, પણ એના મનમાં ભગવાનની આજ્ઞા રમી રહી છે, એની આંખ વારંવાર ભીંજાય રહી છે, એને સતત એમ થાય છે કે હું ખોટી જગ્યાએ ફસાઈ ગયો છું, ને ક્યારે લાગ મળે, ને ક્યારે આમાંથી ભાગી છૂટું.

કુલટા સ્ત્રી પતિની સેવા કરતા-કરતા પણ પાપનો બંધ કરે, દંભી જીવ - ધર્મ કરતા-કરતા પણ પાપનો બંધ કરે, સમકિતી જીવ સંસારમાં બેઠો હોવા છતાં બહુ સરસ મજાની વાત વંદિત્તુ સૂત્રની અંદર કરી,

अप्पो सि होइ बंधो ।

એનું પરિણામ મજાનું છે, એનું પરિણામ શુદ્ધ છે, પરિણામ MEANS, NOT RESULT. RESULT અર્થમાં પરિણામનો જુદો અર્થ છે. અહીં અધ્યવસાય અર્થમાં, વિચાર અર્થમાં, વલણ અર્થમાં, ભાવ અર્થમાં. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, પાંચ સંકલિષ્ટ ભાવના, આને તમે જુઓ, એનો સાર જુઓ, એનું સ્વરૂપ જુઓ, એ ક્યાં છે એ જુઓ, એનો સાર તમને દેખાશે. એક પછી એક ભાવનાને તમે જોતા જવ, સંમોહી ભાવના! આસુરી ભાવના! પ્રત્યેક પ્રત્યેક ભાવનાનું સ્વરૂપ તમે જુઓ, જ્યાં શાસન બાજુ પર મુકાયું, અને જ્યાં પોતાને જ પોતાનું શાસન જોઈએ છે, ત્યાં સંકલિષ્ટ ભાવનાઓનો પગપેસારો થાય છે.

સંઘપૂજા અને એનું હાર્દ સમજવાનો પ્રયાસ કરીએ, સંઘપૂજા નું મર્મ સમજવાનો પ્રયાસ કરીએ, પૂજાનો અર્થ શું છે?, આપણે સંઘપૂજન કરીએ છીએ. હું તમને પૂછું છું, સંઘપૂજન એટલે શું?, સંઘપૂજન માટે શું જોઈએ?

તમે કહો એક રૂપિયાના સિક્કા, બે રૂપિયાના સિક્કા, પાંચ
રૂપિયાના, દસ રૂપિયાના સિક્કા, દસ રૂપિયાની નોટ હોય,
વીસની નોટ હોય, સો ની નોટ હોય, કોઈ વસ્તુ તમે
લઈ આવ્યા, સંઘપૂજન થઈ જાય ! સંઘપૂજન માટે શું
જોઈએ ? નિશ્ચય નય કહે છે કે, નૈશ્ચયિક સંઘપૂજન
એ સંઘ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિ સ્વરૂપ હોય છે. પહેરામણી
સાથે સ્વામીવાત્સલ્ય કરવાથી પણ સંઘપૂજા થઈ શકે છે.
જેની એવી શક્તિ નથી એ સારી પહેરામણી કરે એનાથી
પણ સંઘપૂજા થઈ શકે છે. જેની એવી શક્તિ નથી એ
સામાન્ય પહેરામણી દ્વારા સંઘપૂજા કરી શકે છે. જેની
એવી શક્તિ નથી એ પતાસા દ્વારા સંઘપૂજા કરી શકે છે.
જેની એવી પણ શક્તિ નથી, માત્ર પાંચ વ્યક્તિ સંઘની
એને પતાસુ આપી દે, એનાથી સંઘપૂજા થઈ શકે છે.
જેની એવી શક્તિ નથી, એને માત્ર ને માત્ર સંઘ
પ્રત્યે પૂજ્ય બુદ્ધિ હોય, પૂજ્ય હિત ને ધારણ કરે,
એ પણ એની સંઘપૂજા જ છે, કારણકે નૈશ્ચયિક
સંઘપૂજન તો પૂજ્ય બુદ્ધિ સ્વરૂપ જ હોય છે અને
એ નૈશ્ચયિક સંઘપૂજન છે તો યથાશક્તિ વ્યવહાર
આવશે... આવશે ને આવશે. એ પહેરામણી -
સાથે ના સ્વામી વાત્સલ્ય થી માંડી ને, પાંચ વ્યક્તિ
ને પતાસુ આપીને પણ એ વ્યક્તિ સંઘપૂજા કરશે,
કરશે ને કરશે !

બધું જ પૈસા થી થાય, આ આપણી
માન્યતા ! બધું જ અંત:કરણના પરિણામ થી થાય છે,
એવી જ્ઞાની ઓની માન્યતા ! આપણે કદાચ -
સ્વામી વાત્સલ્ય કરી દઈએ છીએ, પણ પૂજ્ય બુદ્ધિ
નથી, સંઘ પ્રત્યે અહોભાવ નથી, બહુમાન નથી,
આદર કે લાગણી નથી, સંઘના એક પણ સભ્ય પ્રત્યે
આપણા અંતરના કોઈક ખુણામાં, જરાક એટલે પણ
કડવાશ પડી છે, તો સમજી લેજો કે આપણો મોક્ષ નહિ

થાય ! એની ક્યાં ભુલ હતી, એ વાત ભુલી જશે, એનો
ક્યો દોષ છે, એ નહિ જોતા, એણે તમારા પ્રત્યે કેવું
વર્તન કર્યું. હું તમને કહું છું કે તમે આ માપદંડો -
રાખશો તો મરી જશો. તમે એટલું જુઓ કે એ -
સંઘનો સભ્ય છે. એ નવકાર ગણે છે, એ દેવગુરૂને
દેવગુરૂ માને છે, એ જૈનનો દીકરો છે, એની ઓળખ
જૈન છે, તમને ખબર ના હોય, આગમમાં તો ત્યાં
સુધી કહ્યું છે,

લિંગાવસેસમિત્તાળં

જેની પાસે કપડાથી વધુ બીજુ કશું જ નથી, સાધુનો
વેષ છે, વેષ વધારે એક પણ વસ્તુ જેની પાસે નથી.
નથી ઉત્તરગુણો, નથી મુલગુણો, નથી મહાવ્રતો,
નથી પંચાચાર, નથી અષ્ટપ્રવચન માતા, પ્રતિક્રમણ
સુધ્ધા જે કરતા નથી, આગમમાં કહ્યું

અણાચિત્તગહણત્થં કરેતિ લિંગાવસેસે વિ।

એ વ્યક્તિ એકલી હોય, એના કોઈ ગુરૂ ના હોય, એના
કોઈ શિષ્ય ના હોય, કોઈ ગુરૂભાઈ ના હોય, કોઈ
જોનાર ના હોય, અને એ વ્યક્તિ માંદી પડી છે, એ
વ્યક્તિ સીદાઈ રહી છે. એ વ્યક્તિનું કોઈ જોનાર,
કરનાર, કશું જ નથી. પ્રશ્ન કર્યો કે આગમમાં તો
આપે વૈયાવચ્ચની, ગ્લાન સેવાની બહુ બધી વાત કરી,
આવી વ્યક્તિ હોય ત્યાં શું કરવાનું ? અને ત્યાં
જવાબ આપ્યો કે એની પણ બધી જ સેવા કરવાની !
ગમે તે હોય, એમણે વેષ ધારણ કર્યો છે, લોકોમાં એ
જૈન સાધુ તરીકે પ્રસિદ્ધ છે, જૈન સાધુનું કોઈજ નહતું,
કશું કરનાર ન હતું, જૈન સાધુ સિદાયા, આ એક
મતની શાસનની અપભ્રાજના થાય, એમની બધી જ
સેવા કરવાની, એમને સાજા કરવાના, અને પછી એમને
સમજાવી ને માર્ગે લાવવાના, આવું આગમમાં કહ્યું !
જ્યાં ZERO ગુણ છે ત્યાં પણ જૈનત્વનું સાધુત્વનું

LABLE લાગવા માત્રથી આગળ આટલું બધું કરેલું -
હોય, એમના મળ-મૂત્ર એનું શુદ્ધિકરણ કરવું પડે,
એમને પડખા ફેરવવા પડે, એમના માટે દિવસમાં -
તમારે દસ વાર ગોચરી જવું પડે, અને એમને
યોગ્ય દ્રવ્ય લાવીને એમને વપરાવવા પડે, એમનું
જે પણ કરવું પડે એ બધું તમે કરશો, કારણકે
એમનું LABLE જૈનત્વ નું છે !!

આપણા વર્તનો, આપણી ફરિયાદો, -
આપણી અંદર- અંદર ની ટાંટિયાખેંચો, આપણી -
પરસ્પર ની નિંદાઓ, આપણા પરસ્પરના અસદ્ભાવો,
આપણી પરસ્પર ની દોષ દ્રષ્ટિઓ, આનો સાર આટલો
જ છે, કે આપણે કશું સમજ્યા જ નથી.

★ સંઘ એ મહાવીર ભગવાન નો પરંપરા દેહ છે. ★

સંઘનો એક સભ્ય આપણને આરાધના કરતો દેખાય,
ચૈત્યવંદન કરતો દેખાય, આયંબિલ, ઉપવાસ, અઠ્ઠાઈ
કરતો દેખાય, મહાત્મા ને વિનંતી કરીને પોતાના ઘરે
લઈ જતો દેખાય અને આંખમાં આનંદના આંસુ
આવી જાય ને, એ મહાવીર ભગવાનનો અભિષેક છે.
સંઘના એક પણ સભ્યને થોડી પણ તકલીફ હોય ને
આપણને અંદરથી અસહ્ય થઈ જાય, એ મહાવીર
ભગવાન પ્રત્યે મારાપણા ની લાગણી છે. સંઘના એક
પણ સભ્યની અંતરથી અનુમોદના કર્યા વગર, આપણે
રહી ના શકીએ, એ મહાવીર ભગવાન ની સ્તુતિ છે.
સંઘનો એક પણ સભ્ય ક્યાંય પણ દેખાયો નથી,
અને આપણે હાથ જોડી ને ઝૂકી પડ્યા નથી, આ
નિશ્ચય દ્રષ્ટિ એ મહાવીર ભગવાનનું ચૈત્યવંદન છે.
સંઘનો એક પણ સભ્ય આર્થિક રીતે પણ ઊંચો -
આવ્યો, અને આપણને આનંદ- આનંદ થઈ ગયો,
આ એક અપેક્ષા એ મહાવીર ભગવાનની પૂજા છે.
સંઘ માટે અડધી રાતે, ગમે ત્યારે ઊભા રહેવા આપણે

તૈયાર હોઈએ આ મહાવીર પ્રભુની આંગી છે. એક સપનું પ્રગટે કે મારું જીવન, અનંતા જીવન મળ્યા, પત્ની પાછળ, પુત્ર પાછળ, પૈસા પાછળ કુરબાન કરી દીધા. મારું આ જીવન સંઘ પાછળ કુરબાન કરી દેવું છે. મારું આ જીવન, બસ ફક્ત સંઘ માટે, આવી એક ભાવના પ્રગટે ને ભાવના સાકાર થાય, એ મહાવીરની શાશ્વતી મહાપૂજા છે.

મહાવીર ને સમજ્યા હોઈએ તો સંઘને સો ટકા સમજશું. સંઘ ને સમજ્યા નથી તો મહાવીરને બિલકુલ સમજ્યા નથી. આપણી બધી વાત આવી હોય છે. સાહેબજી વાત તમારી બધી સાચી, વ્યાખ્યાનમાં બધું સારું લાગે પણ આપને અંદરની બધી ખબર નથી. સાહેબ ઓલા આમ કરે છે, પેલા આમ કરે છે, ઓલા એ આમ કર્યું, પેલાએ મારી સાથે આવું વર્તન કર્યું. એણે મને આવું કહ્યું. પેલા એ આવી-આવી આટલી ભુલો કરી છે, સાહેબ આપને ખબર ના હોય ને અહીંયા છે ને, અહીંયા બધી માથાકુટ છે સાહેબ, બધી સમજણ જુદ છે સાહેબ, એવું હોય તો અમે આરાધના અમારી રીતે કરી લઈશું, સાહેબ જ્યાં કોઈ પણ માથાકુટ હોય એ ત્યાં અમારે આવવું નથી. હું કહું છું કે ચાલો તમે આ BASE ઉપર આવો, જ્યાં માથાકુટ હોય ત્યાં ના રહેવું. તો પહેલા નંબરમાં તમારે ઘરમાંથી નીકળી જવું પડશે. બીજા નંબરમાં ધંધા માંથી નીકળી જવું પડશે. ત્રીજા નંબરમાં શરીર માંથી નીકળી જવું પડશે. ત્રણમાંથી એકે વસ્તુ એવી નથી જ્યાં માથાકુટ ના હોય, ખરો સવાલ માથાકુટ છે કે નહિ એનો છે જ નહિ, ખરો સવાલ એ છે કે આપણને આત્મીય ભાવ છે કે નથી ! ઘરની હજાર તકલીફ હશે પણ આત્મીય ભાવ છે, તો જ ગીણ થાય. ના આ તો મારું ઘર છે. ના..ના શું વાત કરો છો. એવું બધું તો બને ! શું થઈ ગયું ! કંઈ એમાં ઘર થોડું છોડી દેવાય ! ધંધો છે અટપટો છે

નોટબંધી આવી, GST આવ્યો, MARKET તૂટી ગઈ, કોરોના, LOCKDOWN, બધા ધંધા તૂટી ગયા, બધું આવું, ના હવે આપણો ધંધો, આટલી મહેનત કરી ને સામે આટલો બધો ખરાબ પ્રતિભાવ. હવે ધંધો કરવો નથી એવી એક વ્યક્તિ લાવીને બતાડો! શરીરનું તમે દરવર્ષે ANNUAL CHECK UP કરો, FAMILY DOCTOR રાખીને, આટલી બધી સાવધાની રાખી, આટલી તમે ચરી પાળી, આટલું આટલું તમે કર્યું, અને છતાં શરીર વારંવાર દગો દીધા જ કરે.. દીધા જ કરે! સુમિતભાઈ હોસ્પિટલની અંદર ADMIT થયા છે, મિત્ર ખબર કાઢવા આવ્યો છે, ખબર પુછે છે, ખબરમાં શું પુછવા જેવું છે નહિં, પગ FRACTURE થયા છે, શરીરમાં તાવ છે વેદના છે, પીડા છે, અસહ્ય લાય-લાય થાય એટલી હાલત ખરાબ છે, તો મિત્રએ મશ્કરીનો હતો ને સુમિતભાઈને કર્યું, આવું છે તો એમ કરો છોડી દો આ શરીર!

શરીર તમને હેરાન કરે છે, શરીરના કારણે તમે રિબાવ છો, શરીર ના કારણે પીડાવ છો, શરીર તમને દુઃખી દુઃખી કરી રહ્યું છે, તો છોડી દો આ શરીર! સુમિતભાઈ શું વિચારશે? મિત્રની વાત સાચી છે, શરીરના કારણેજ બધી તકલીફ છે, છતાં પણ શરીરને છોડવાની વાત દૂર છે આવો વિચાર સુદ્ધા કરી ન શકાય. કારણકે શરીર ને છોડવાનો અર્થ જ મૃત્યુ છે.

☆ શરીર ત્યાગનો અર્થ છે મૃત્યુ !!

☆ સંઘ ત્યાગનો અર્થ છે અનંત મૃત્યુ !!

ગમે તેટલી તકલીફ હોય તો એમ શરીર ના જ છોડી શકાય, હું તમને પુછું છું સંઘ કઈ રીતે છોડી શકાય? ભૂળ મુદ્દો તો આ જ છે

કે તકલીફ નો તો કોઈ સવાલ જ નથી. એ જ ઘટના, એ જ વ્યવહાર, આપણા સ્વજન દ્વારા થાય છે એના કરતા ખરાબ વ્યવહાર સ્વજન દ્વારા થાય છે. બધું સહી લેવા આપણે તૈયાર છીએ. દોષ, ભુલ, વ્યવહાર, તકલીફ આ માત્ર એક બહાનું છે. ખરું કારણતો એ જ છે કે ખરેખર આપણને જે સંઘપૂજ હોવી જોઈએ, જે આત્મિયતા હોવી જોઈએ, પ્રેમ હોવો જોઈએ, એના નામે આપણી પાસે કશું જ નથી.

WHEN LOVE IS THICK, FAULTS ARE THIN
જ્યારે પ્રેમ તગડો હોય છે, ત્યારે ભુલો પતલી હોય છે.
WHEN LOVE IS THIN, FAULTS ARE THICK.
જ્યારે પ્રેમ પતલો હોય છે, ત્યારે ભુલો તગડી હોય છે.

એક મિત્ર પીઠ ઉપર જોરથી ધબ્બો મારી દે ને આમ સખત વાગે, આપણે હસી પડીએ છીએ ને પ્રેમથી એની સાથે વાત કરીએ છીએ. એક વ્યક્તિ જેની સાથે આપણને લાગણી નથી, એક ભુલથી એમનો હાથ BY CHANCE અડી ગયો, અને આપણે ભડકીએ છીએ, કે મને હાથ કેમ લગાડ્યો. હું કહું છું વૈરાગ્ય ની વાતો દુર છે, વિતરાગતાની વાત હજુ દુર છે. ધર્મની શરૂઆત રાગથી થાય છે. શાસ્ત્ર માં સંવેગ ની વ્યાખ્યા કરી,

સંવેગોઽસૌ નિશ્ચલો યોઽનુરાગઃ।

સંવેગનો મુખ્યાર્થ વૈરાગ્યના અર્થમાં પ્રસિદ્ધ છે, અને શાસ્ત્રમાં સંવેગની એક વ્યાખ્યા કરી કે, દેવ, ગુરૂ-ધર્મ પ્રત્યે હૃદયમાં જે એક નિશ્ચલ અનુરાગ હોય, આનું નામ સંવેગ! એક સપનું જોઈએ, દેરાસરની એક એક વાટકી સાથે આપણો પ્રેમનો સંબંધ છે. ક્યાંક ભંડાર ની કિનારી પાસે એક વાટકી આડીઅવળી પડી હતી, પ્રેમથી આપણે એને ઉઠાવી, આપણે એને ભેટી પડ્યા, આપણે એને પ્રેમભરી નજરે જોઈ રહ્યા, આપણે

બહુ જ વહાલ સાથે, આપણે એને ધોવાની જગ્યાએ લઈ ગયા, ધોઈને એને જ્યાં થવા સ્થાને મુકવાની હતી, ત્યાં આપણે મુકી દીધી.

એક સપનું જોઈએ, દહેરાસરના એક થાંભલા પાસે એક પોતુ લઈને, આપણે બહુ જ વહાલ સાથે એ થાંભલાની કોતરણીની અંદર સફાઈ કરી રહ્યા છીએ, અડધો કલાક જતો રહ્યો ને કોઈકે કહ્યું કે ભાઈ તમે ક્યારના શું કરી રહ્યા છો ?, આપણે તન્મય છીએ શબ્દ સંભળાય છે, બીજો કોઈ ખ્યાલ નથી, કોણે પુછ્યું, કેમ પુંછ્યું ?, અને આપણે સહજ બોલી જઈએ છીએ હું પ્રેમ કરું છું !

એક એવું સપનું જોઈએ દહેરાસરના પગથિયા ને, આપણે લળી.. લળીને વંદન કરી રહ્યા છીએ.

એક એવું સપનું જોઈએ ઉપાશ્રયમાં - આપણે ENTER થયા, આપણે જોયું કે સંઘના - STAFF ના MEMBER, પોતે બાલદીમાં પાણી લઈને પરાત ની અંદર નાખી રહ્યા છે, આપણે ભીના ભીના થઈ ગયા, આપણે એમની પાસે ગયા ને એમને થયું કે શું કામ પડ્યું હશે, આપણે એમના પગે પડી ગયા, એમની આંખો માં પ્રશ્નાર્થ ચિહ્ન છે ?, આશ્ચર્ય છે, આ તો અમારા શેઠ કહેવાય ! આમ તો અમને કદાચ ધમકાવી દે, વઢી દે, શું થયું ?, કંઈક ગેરસમજ થઈ ગઈ હશે ભુલથી આવું કરી દીધું. અને આપણે ઉભા થઈ ને કીધું, ભુલથી નથી કર્યું, અત્યાર સુધી ભુલ થઈ ગઈ હતી. તમે અમારા ચતુર્વિધ સંઘને પાણીની ભક્તિ રોજ કરી રહ્યા છો, તમે પણ અમારા માટે વંદનીય છો.

ત્રીસ વરસથી જે માળી પાસેથી ફુલ ખરીદી ને આપણે ભગવાનની ફુલ પુજા કરીએ છીએ,

17 08 2020

એક સપનું જોઈએ, આંખમાં આંસુ લાવે, કૃતજ્ઞતાના ભાવ લાવે, બે હાથ જોડીને એ જાળીનો આપણે ઉપકાર માનીએ !

ઉપાશ્રયના દાદરા આપણે ચડી રહ્યા છીએ ને બાજુમાં RAILING છે, ને એનો ટેકો લઈને ચડતા ચડતા આપણે અટકી જઈએ છીએ, અને એ રેલીંગને ઝુકી જઈએ, કે તારો પણ ઉપકાર છે. કે તું મને ગુરુવંદનનો લાભ આપે છે.

એક સપનું જોઈએ, દહેરાસરની બહાર ગાડીઓ PARK કરેલી છે, આપણે પોતું લઈને આવ્યા છીએ, ગાડીઓને સાફ કરી રહ્યા છીએ, કોઈ મિત્ર આવે છે ને કહે છે તારું ચસકી તો નથી ગયું જે આ શું કરી રહ્યો છે ? તું તો કરોડપતિ છે ને કે તું કોઈ એવો SIGNAL ઉપર, ઝુપડપટ્ટીનો છોકરો હોય કે ફુટપાથ પર રહેતો છોકરો હોય, તો કહે કે શેઠ ગાડી સાફ કરી દઉં, શું થઈ ગયું તને ? અને આપણે જવાબ આપીએ કે, આજે મને ઠીક થઈ ગયું છે ! ગઈ કાલ સુધી ચસકી ગયું હતું, ચર્ચા કરતો હતો, નિંદા કરતો હતો, આમ પાર્ક કરી દે છે, આમ કરી દે છે, ખબર નથી પડતી, કોઈને કંઈ - SENSE જ નથી, અહીંયા બધું આવું જ છે. ગઈ કાલ સુધી ચસકી ગયું હતુ, આજે મને ઠીક થઈ ગયું છે. મારા ભગવાનના ભક્તોના આ વાહનો, આ પણ એક બહારની સેવા નથી, ભક્તોની સેવા નથી, નિશ્ચય દ્રષ્ટિએ આ ભગવાનની જ સેવા છે.

ભગવતી સુત્રમાં એક ઘટના બતાડી ચમરેન્દ્ર નવો ઉત્પન્ન થયો છે, અવધિજ્ઞાનથી જુએ છે, બરાબર પોતાની અસંખ્ય યોજન ઉપર,
વિમાન છે, અને એ વિમાનની અંદર, સુધર્મા સભા છે. એમાં બરાબર પોતાના માથાની ઉપર,

સૌધર્મેન્દ્ર નું સિંહાસન છે, ને બરાબર પોતાની ઉપર એ બેઠો છે. સમજે છે શું એના મનમાં (?) આવી મારી અવગણના ! બતાડી દઉં એને ! મંત્રી ઓ વારે છે કે એ બહુ મોટા છે, વધારે-શક્તિશાળી છે, એમને કોઈ અવગણના નો ભાવ નથી. શાશ્વતી આ વ્યવસ્થા છે, આજ રીતે દેવલોક હોય, આજ રીતે સભાઓ, આજ રીતે સિંહાસનો ને આપ એ ગયા તો, આપનું જોખમ છે એનું કંઈ જ બગડવાનું નથી. ચમરેન્દ્ર ગુસ્સામાં છે, સમજે છે શું એના મનમાં (?) બધાને બાજુ પર કરીને, ઉપર મધ્યલોક માં આવે છે. જાઉં ઉપરને બતાડી દઉં એને, ફરી મંત્રીઓની વાત યાદ આવે છે, BY CHANCE એમની વાત સાચી હોય ને હું મુશ્કેલીમાં મુકાઈ જાઉં, મને બચાવનાર કોણ (?) ને વિચાર કરે છે, મને કોનું શરણ થઈ શકે, ને એ સમયે છદ્મસ્થ અવસ્થામાં, સાધના કાળમાં મહાવીર સ્વામી ભગવાન, ધ્યાન મગ્ન એક જગ્યાએ કાઉસગ્ગમાં-ઉભા છે. ચમરેન્દ્ર ની આમતો કમાન છટકી છે પણ થોડી સમજદારી દાખવે છે, BY CHANCE હું પાછો પડ્યો, મને બચાવનાર કોઈ હોય શકે તો આ તીર્થંકર ભગવાન હોય શકે, ભગવાન પાસે જાય છે ત્રણ પ્રદક્ષિણા આપે છે, વંદન કરીને કહે છે, કે હું સૌધર્મેન્દ્ર ને સીધો કરવા જાઉં છું, ને આમાં કંઈ-પણ નવાજુની થાય, ને મારું બળ ઓછું પડે તો ભગવાન મને આપનું શરણ હોજો.

એક લાખ યોજનનું વિકરાળ રૂપ એ ચમરેન્દ્ર ધારણ કરે છે ને ઉપર પ્રસ્થાન કરે છે ને અંગાર જરતી એની કાયા ને, એક લાખ યોજનનું ભયાનક માં ભયાનક રૂપને આપણે દેખાય જાય તો HEART FAIL થઈ જાય, આખું જ્યોતિષ ચક્ર એને બાજુ કરી ને જગ્યા કરી આપે છે, તારાઓ, ગ્રહો,

classmate

ભાગતો, બધા જ SIDE ઉપર ખસી જાય છે. ભયંકર અટ્ટહાસ્ય કરતો કરતો એ ચમરેન્દ્ર, ઠેઠ ઉપર અસંખ્ય યોજનની યાત્રા કરીને, સુધર્મા સભા સુધી પહોંચી જાય છે ને શક્રેન્દ્ર ની સામે હાજર થાય છે. એક પગ એની સભામાં ને બીજો પગ એની પાદપીઠ ઉપર રાખીને - એને ધમકાવે છે. સમજે છે શું તારા મનમાં !

સૌધર્મેન્દ્ર હસે છે, આ કોને મરવાની ઈચ્છા થઈ છે ? સૌધર્મેન્દ્રની શક્તિ ચમરેન્દ્ર કરતા, અનેક ગણી છે અને જ્યારે આવું વર્તન ચમરેન્દ્ર એ કર્યું એટલે સૌધર્મેન્દ્ર પણ સહન કરતા નથી. એ પોતાની શક્તિનો પ્રયોગ કરે છે ને વજ્ર ને યાદ કરે છે ને વજ્ર જોતાની સાથે ચમરેન્દ્ર ના ઓતિયા મરી જાય છે. ભાગે છે ત્યાંથી ને HEIGHT એની નાની નાની થતી જાય છે. ૫૦ હજાર યોજન .. ૨૫ હજાર યોજન .. ૨૦ હજાર યોજન .. ૧૦ હજાર યોજન .. પાંચ હજાર યોજન .. એક હજાર યોજન .. પાંચસો યોજન .. વીસ યોજન .. અડધો યોજન .. પા યોજન .. ને HEIGHT હવે નાની નાની નાની નાની થતા છેક ચમરેન્દ્ર મચ્છર જેવો નાનો બની જાય છે ને ભાગે છે. મધ્યલોક સુધી આવે છે ને વજ્ર નજીક .. નજીક .. હવે નજીક આવી રહ્યું છે. ને આ બાજુ સૌધર્મેન્દ્ર વિચારે છે. કે તાકાત નથી ચમરેન્દ્ર ની અહીંયા સુધી પહોંચી શકે. એક શાસ્ત્રની સ્થિતિ છે કે આમ તો એની અહીંયા સુધી આવવાની તાકાત નથી. પણ જો એ અરિહંત પરમાત્મા નું શરણ લઈ લે, જિન પ્રતિમા નું શરણ લઈ લે, અને જો ભાવિત આત્મા સાધુ ભગવંત નું શરણ લઈ લે, તો એનામાં એવી શક્તિ પ્રગટ થાય, કે અહીંયા સુધી પહોંચી શકે !!

णण्णत्थ अरिहंत भगवंते वा
अरिहंत चेइयाणि वा
अणगारे वा भावियप्पा ।

ભગવતી સુત્રને એમાં આ ઘટનાનું વર્ણન કર્યું છે ને
સૌધર્મેન્દ્ર ~~પોતાના~~ પોતાના જ્ઞાનથી જુએ છે કે
કોનું શરણ લઈને આવ્યો છે ! અરે.. અરે.. અરે
આ તો શ્રમણ ભગવાન મહાવીર નું શરણ, એણે મારી
સાથે ગમે તે કર્યું એ મારા ભગવાનની શરણાગત,
એ મારા ભગવાનનો ભક્ત, ને એ મારા ભગવાનની
ધરપતે અહીંયા આવ્યો ને મેં એની સાથે આવું
કર્યું. મરી ગયો.. મરી ગયો.. ઓહો... મારાથી
ભગવાનની આશાતના... દોડે છે સૌધર્મેન્દ્ર પોતે
બત્રીસ લાખ વિમાનનો સ્વામી, અસંખ્ય દેવોનો
સ્વામી, અસંખ્ય દેવીઓનો સ્વામી, જે જરાક એક
શબ્દ બોલે ને અસંખ્ય દેવો દોડતા આવે. સૌધર્મેન્દ્ર
પોતે હાંફળા.. ફાંફળા બનીને દોડ્યા છે, કે એને
કંઈક થઈ ગયું તો એ તો જવાનો.. હું એ જવાનો
કારણકે મારા ભગવાનની મારાથી આશાતના થઈ
ગઈ !

હું તમને કહું છું કે સંઘના એક પણ
સભ્ય માટે, ખરાબ વિચારવામાં પણ ભગવાન
મહાવીર સ્વામી ની ઘોર આશાતના છે, કારણકે એ
ભગવાન મહાવીર સ્વામીની એક અનુયાયી છે !
તમને ના ફાવે તો તમે ચૂપ રહેજો, તમને ના
ફાવે, તમે પ્રેમના STAGE સુધી ના જ પહોંચી
શકો, તમે જો NEUTRAL થઈ જશો ને તો
પણ એટલા નુકશાન માં રહેશો. નુકશાન તો છે જ !

માધ્યસ્થ્યમપિ દોષાય ।

જિનશાસન પ્રત્યે, જિનેશ્વર ભગવંત પ્રત્યે, સંઘ પ્રત્યે,
જેને NEUTRAL ભાવ છે, હું નડું પણ નહિ, ને
હું નમું પણ નહિ, એ પણ મોટા નુકશાનમાં છે.

किं पुनर्द्वेषविप्लवः ? ।

જો NEUTRALNESS પણ દોષ માટે છે, તો પછી

તમને દ્વેષ હોય, અસદ્ભાવ હોય, અપ્રીતી નો ભાવ હોય, લડવાનો ભાવ હોય, તો તમારું શું થશે ? દસ જણા જ્યાં પ્રતિક્રમણ કરે છે, આરાધના કરવા કોઈ ના ઘરમાં ભેગા થયા, તમારા વ્યક્તિગત સંબંધ માત્ર એને આધાર બનાવી ને, 100 DIAL કરીને બે વાક્ય તમે બોલી ગયા, હું કહું છું તમારી આ ભવની, ગયા ભવની થોડી ઘણી પણ સાધના હશે, થોડું ઘણું પણ પુણ્ય હશે, થોડી શુદ્ધિ પણ તમારા આત્માને BY CHANCE મળી ગઈ હશે, એ બે મીનીટની અંદર એ બધું જ બાળી ને તમે ખાખ કરી દીધું, અને તમારો અનંત સંસાર તમે વધારી દીધો.

જિનશાસન ની કોઈ પણ પ્રવૃત્તિ, સંઘની કોઈ પણ પ્રવૃત્તિ, તમારા સંબંધના કારણે, તમારી અવળી સમજ ના કારણે, તમારા અંતર્ગત દ્વેષ ભાવના કારણે, એમાં તમે આડા આવવા ગયા, એટલે સમજી લો કે તમે તમારી બધી જ આરાધનાને બાળીને આવનારો અનંતો કાળ, એ તમે દુઃખમય બનાવી દીધો. ઈદ સરસ ઉજવાય ગઈ છે, કારણકે ઈદવાળામાં ઈદ વીરોધી કોઈ હોતા નથી અહીંયા ઘણીબધી તકલીફ છે, કારણકે આપણા જ ફૂટેલા હોય છે. હું કહું કે શરમ ના આવે આપણને ? હું કહું છું કે તમારા કરતા જે વ્યક્તિ આ રીત નું વર્તન કરે એના કરતા તો, જે ક્યાંય આમાં આવતા જ નથી, સંવત્સરી નું પ્રતિક્રમણ સુદ્ધા કરતા નથી, એને શું હોય એટલી એ ખબર નથી, એ ઓછા નુકશાન માં છે. એક અપેક્ષાએ એ PLUS માં છે. એક વસ્તુ મનમાં FIT કરી દેજો, સંઘ એટલે ભગવાન, સંઘનો એક - એક સભ્ય ભગવાન, મારી સામેનું વર્તન ગમે તેવું હોય, મેં એની પ્રત્યે કડવાશ રાખી, એની નાના થી માંડીને મોટી સુધી કોઈ પણ ધર્મ આરાધનામાં, મેં વચ્ચે પગ નાખ્યો, તો હું મરી જવાનો !

સૌધર્મેન્દ્ર હાંફળા- ફાંફળા થઈને દોડયા છે, પેલો શરણ.. શરણ .. શરણ .. શરણ .. ભગવાન બચાવો, ભગવાન શરણ, ભગવાનતો કાઉસગ્ગમાં છે, મૌન છે ધ્યાનમાં છે ! અને ભગવાનના બે પગની વચ્ચે ત્રિશષ્ઠિ ચરિત્રમાં આ ઘટનાનું વર્ણન છે,

કુન્થુવચ્ચમરોઽવિશત્ ।

જેમ કોઈ કંથવો પગની નીચે પોલાણમાં ઘુસી જાય, એમ ચમરેન્દ્ર ભગવાનના પગના પોલાણમાં, અંદર જતો રહે છે, વજ્ર ધસમસતું પાછળ આવ્યું છે, માત્ર ચાર આંગળ વજ્ર દૂર છે, ને સૌધર્મેન્દ્ર ફટ દઈને વજ્રને પકડી લે છે ચમરેન્દ્ર પગની અંદરથી આમ જોઈ રહ્યો છે.. ડરી રહ્યો છે, હવે મારું શું થશે --- હવે મારું શું થશે, ને સૌધર્મેન્દ્ર અનરાધાર પશ્ચાતાપના ભાવ સાથે, ભગવાનની પ્રદક્ષિણા આપે છે, ભગવાનને વળી વળીને ખમાસમણા આપે છે, ધ્રુસકે ને ધ્રુસકે ત્યાં સૌધર્મેન્દ્ર રડી પડે છે, ભગવાન, મારા આ અપરાધને માફ કરજો ભગવાન મને ખબર ન હતી કે આપનો ભક્ત છે. ભગવાન ખબર નહી મને આપનું શરણ લીધું હતું. ભગવાન આપની શરણાગતને એને મારવા મેં વજ્ર છોડ્યું, ભુલ થઈ ગઈ ભગવાન મારી. બહું ખોટું થયું ભગવાન,

નાઽઽ ભુજ્જો ઽવં કરણાયાઽ

ભગવાન બીજુ વાર મારાથી આવી ભુલ નહીં થાય ભગવાન! ચમરેન્દ્રને સૌધર્મેન્દ્ર કહે છે,

મુક્તોઽસિ ચમરા

હું તમને માફ કરું છું, તમારો અપરાધ હતો, ન હતો એ મારે નહતું જોવાનું, મારે એટલું જ જોવાનું હતું કે આપ કોના ભક્ત હો ! દેવતાઓને વિબુધ કહ્યા, વિબુધ એટલે વિદ્વાન, વિબુધ એટલે પંડિત,

વિબુધ એટલે જ્ઞાની, વિબુધ એટલે વિવેકી ને એમનો આ વિવેક છે, ભગવાનના ભક્તની આશાતનામાં - ભગવાનની જ આશાતના !

આપણને આવો વિવેક ક્યારે પ્રગટશે ? એક સંઘપૂજા આપણામાં આવી જાય ને હું તમને કહું છું, આજે જ ચોથો આરો ચાલુ થઈ જાય. આપણી અંદર સંઘપૂજા આવી નથી એ જ બધા જિનશાસનના પ્રશ્નો એનું મુળ છે. નિંદા અને ચર્ચા આપણે કરી શકીએ છીએ, કોઈની સાથે ખરાબ વર્તન આપણે કરી શકીએ છીએ, આપણે આત્મ નિરીક્ષણ નથી કરી શકતા, કે મારામાં જ ક્યાંય ભુલ તો નથી ને !

ણેયાણિં તે મમાહિન્તો ભયં અત્થિ

હે ચમરેન્દ્ર, હવે તમને મારાથી કોઈ જ ભય નથી. આ ઘટનાનું વર્ણન કર્યા પછી, ભગવતી સુત્રમાં, એક પંક્તિ આવે છે, સૌધર્મેન્દ્ર ફરી-ફરી ભગવાન ને ખમાવે છે, વંદન કરે છે, પછી સૌધર્મેન્દ્ર શું કરે છે ? અમુક દિશામાં થોડા પગલા જાય છે, અને પોતાના જે પગની પાની એનાથી ત્રણ વાર જોરથી, જમીન પર પગ પછાડે છે. બીજું બધું જ સમજાય, પણ આ એમણે શું કર્યું ? ભગવતીસુત્ર બસ આટલું કહીને મૌન થઈ જાય છે. ટીકાકાર અભય-દેવસૂરીશ્વરજી મહારાજ, પોતે આનો સંસ્કૃત અનુવાદ કરીને મૌન થઈ જાય છે. આનું રહસ્ય શું ? આનું કારણ શું ? આ શા માટે ? એ વિષે નથી સુત્ર કોઈ બોલતા, નથી વ્યાખ્યા કોઈ બોલતી, ને આપણે વિચારીએ આવું શા માટે ? સૌધર્મેન્દ્ર પારાવાર પશ્ચાતાપ ! ને આપણાથી જ કંઈ ભુલ થઈ જાય ને, બસ અસહ્ય થઈ ગયું ને રહેવાતું જ નથી ને માણસ જે પણ વસ્તુ હશે એના ઉપર જોરથી હાથ પછાડશે, પગ પછાડશે, બહુ ખોટું થઈ ગયું ! દેવધર્મ પરીક્ષા નામની ગ્રંથ, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજની અદ્ભુત કૃતિ, એની અંદર મહોપાધ્યાયજી, આગમિક એક પ્રશ્નનું

વિશ્લેષણ કરે છે કે દેવો ધર્મી છે કે પાપી છે ?
નથી એમને સામાયિક, નથી નવકારશી સુધ્ધાનું -
પચ્ચખાણ, નથી એમને દીક્ષા, નથી એમને પ્રતિક્રમણ,
નથી નાનું પણ પચ્ચખ્ખાણ, દેવો ધર્મી કે પાપી ?
અને આ વાતનું વિશ્લેષણ કરતા કરતા મહોપાધ્યાયજી,
એક પદાર્થ ભગવતી સૂત્રનો ઉદ્ધૃત કરે છે.

सक्के देविंदे देवराया...

ગૌતમ સ્વામી, મહાવીર સ્વામી ભગવાનને પૂછે છે કે,
ભગવાન ! આ શક્ર, દેવેન્દ્ર, દેવરાજ, એ દેવા છે એ
ભવ્ય છે કે અભવ્ય છે ? એ ચરમ છે કે અચરમ
છે ? એ સમકિતિ છે કે મિથ્યાત્વી છે ? એ
દીર્ઘ સંસારી છે કે અલ્પસંસારી છે ? એ મોક્ષગામી
નીકટ ના કાળમાં છે કે નથી ? અને ભગવતી સૂત્ર
માં મહાવીર સ્વામી ભગવાન, ગૌતમસ્વામીને જવાબ
આપે છે, એ સંવાદ મુકેલો છે, અને આ બધાના
POSITIVE જવાબ આપેલા છે. હે ગૌતમ ! દેવેન્દ્ર
અભવ્ય નથી, ભવ્ય છે. સૌધર્મેન્દ્ર અચરમ
નથી, ચરમ છે એટલે કે એકાવતારી છે. સમકિતી
છે. અલ્પસંસારી છે. નીકટ મોક્ષગામી છે, અને
ગૌતમસ્વામી તાજુબ થઈ જાય છે. બત્રીસ લાખ -
વિમાન નો સ્વામી ! આઠ પટરાણી ને દરેક એક
એક હજાર રૂપ કરીને આઠ હજાર રૂપકરી ને -
સૌધર્મેન્દ્ર એમની સાથે ભોગ ભોગવે. એક નાનું
પણ પચ્ચખાણ જેને આખી જિંદગી માં નથી, બે
બે સાગરોપમનું વિરાટ આયુષ્ય, એમાં જેને નવકારશી
સુધ્ધાનું પચ્ચખાણ નથી, સામાયિક સુધ્ધા નથી,
મહાપરિગ્રહી, આટલા બધા ભોગ સુખો, છતાં એ
સૌધર્મેન્દ્ર, બસ એકાવતારી ! એક જ ભવ લેવાનો
અને એમનો મોક્ષ થઈ જશે.

से केणट्ठेणं भंते एवं वुच्चइ?

ભગવાન, કયા હિસાબે આ વાત કરો છો ? અને બહુ સરસ મજાનો જવાબ, મહાવીર સ્વામી ભગવાન આપે છે,

એવં ખલુ ગોયમા

હે ગૌતમ ! તું આ જવાબ સાંભળ !

સક્કે દેવિંદે દેવરાયા

આ દેવરાજ,

બહૂણં સમણાણં બહૂણં સમણીણં
બહૂણં સાવયાણં બહૂણં સાવિયાણં
હિયકામે સુહકામે.....

આ સૌધર્મેન્દ્ર છે, એ આટલા જે ભરતક્ષેત્ર વગેરે ની અંદર, જે કેટલા બધા સાધુ ભગવંતો, સાધ્વીજી ભગવંતો, શ્રાવકો, શ્રાવિકાઓ, આ ચતુર્વિધ સંઘ, એમના મનમાં સતત એક ભાવના વહી રહી છે, કે એમનું સુખ થાઓ ! એમનું હિત થાઓ ! એમનું કલ્યાણ થાઓ ! એમનું મંગલ થાઓ, એમનું યોગ થાઓ, એમનું ક્ષેમ થાઓ, એમનું કુશળ થાઓ, આવી ભાવના એમના મનમાં સતત એ વહ્યા કરે છે, તે માટે એ એકાવતારી છે ! વર્તમાન શક્રેન્દ્ર એટલે કાર્તિક શેઠ નો જીવ, ચામડી નીકળી ગઈ, એ રીતનું અપમાન થયું, અપમાન થી કરોડો ની સંપત્તિ ને છોડી ને દીક્ષા લીધી, દીક્ષા લઈને પણ ઘોર ઉપસર્ગો સહન કર્યા, અને એ સાધનાથી - સૌધર્મેન્દ્ર બન્યા, અને ગૌતમ સ્વામી પુછે છે સૌધર્મેન્દ્ર કેમ એકાવતારી, ત્યારે ભગવાન એવું નથી કહેતા, કે ભાઈ એમણે તો ગયા ભવમાં આવી આવી સાધના કરી ને માટે એ એકાવતારી ! ભગવતી સૂત્ર માત્ર ને માત્ર આટલું જ કહે છે, ભગવાનનો કહેવાનો આશય આ છે, કે તમારી વ્યક્તિગત ઉંચામાં ઉંચી આરાધના કરતા પણ તમે માસક્ષમણ કરો, પીસ્તાલીસ કરો, અડસઠ કરો, એકસો

આઠ કરો કે એકસો એંસી ઉપવાસ કરો. એના કરતા પણ, ચતુર્વિધ સંઘ પ્રત્યે તમારા હૃદયમાં જે પૂજ્ય બુદ્ધિ હોય, જે હિત કામના હોય, જે આ વંદનીય છે એવો ભાવ હોય, હું ક્યાં એમનું સારું કરી શકું ને એમનું સારું થાય તો સારું આવો ભાવ હોય, એ એના કરતા પણ ઊંચી આરાધના છે અને અર્થાપત્તિ-થી, ભગવતી સૂત્રના પાઠથી એવું કહેવા માંગે છે, બીજુ ગમે તેટલી આરાધના હોય, એ તમારા હૃદયમાં સંઘ પ્રત્યે આ ભાવ નથી, તો તમે આરાધક નથી. પોતાની જાતે, પોતાની જાતને, આરાધકનું LABLE આપી દેવાથી, આરાધક બની શકાતું નથી. ભગવાનની આજ્ઞા પ્રત્યે, દેવ ગુરુ પ્રત્યે, ચતુર્વિધ સંઘ પ્રત્યે, અનહદ બહુમાન અંતરમાં ઉછળતું હોય, એ બધી જ આરાધનાનો પાયો છે!

આ કોઈ નવો પદાર્થ નથી, જેને ચોથું ગુણસ્થાનક કહીએ, જેને સમ્યક્ત્વ કહીએ, જેને સમ્યક્ દર્શન કહીએ, એ આજ વસ્તુ છે.

એક સપનું જોઈએ, ઘરેથી બુટ-પાલીશનું BRUSH અને PASTE લઈને આપણે દહેરાસર ગયા છીએ, વ્યાખ્યાનમાં ગયા છીએ, બહાર જે પગરખા પડ્યા છે, એક એકને આપણે પાલીશ કરી દઈએ છીએ, કોઈ પુછે છે આ શું માંડ્યું છે તો અને સહજ રીતે આપણાથી બોલાય જાય, મારા આત્માને હું ઉજળો કરી રહ્યો છું! જ્યાં સુધી ભગવાન અને સંઘમાં ભેદ લાગે છે, ભગવાન જુદા ને સંઘ જુદા, ભગવાનનું બધું જ કરું સંઘસાથે મને કંઈ લેવા-દેવા નહિ, જ્યાં સુધી આ ભૂમિકા છે, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી.

એક સપનું જોઈએ, બાર મહિનામાં બાર દિવસ પણ એવા હોય, સંઘની પાઠશાળામાં આપણે

ગયા છીએ, બહાર બેઠા છીએ, બાળકો આવતા જાય છે ને આપણે પ્રેમથી માથે હાથ ફેરવીને કહીએ છીએ, બેટા તું પાઠશાળા આવ્યો, બહુ સારું !

એક સપનું જોઈએ, સંઘની અંદર કોઈક પ્રસંગ છે ને આપણે એવું કંઈક થઈ ગયું કે આવી જ ના શક્યા, એક કલાક પણ આપણે શરીરથી ઘસાઈ ના શક્યા, કલાક નો પણ સમય ના આપી શક્યા, એ દિવસ પૂરો થઈ ગયો, રાત પડી સુવાનો સમય થયો, પથારીમાં આપણે લાંબા પડયા, અને એક વાત અંદરથી કોરી ખાય.. કોરી ખાય .. કોરી ખાય .. આજે સંઘનો પ્રસંગ હતો, ને હું સંઘના કશા કામ ન આવી શક્યો.

એક સપનું જોઈએ, આપણ ઘરે કોઈપણ પ્રસંગ હોય, આપણો પહેલો ભાવ એવો જાગે, આમા - સંઘ કઈ રીતે સહભાગી થઈ શકે, આમા સંઘના સભ્યો એમને હું કઈ રીતે બોલાવી શકું ! આમાં સંઘના સીદાતા આર્થિક રીતે ભાઈઓ, એમને કઈ રીતે, હું શું કરું ? શાસ્ત્રમાં એક પદાર્થ બતાડયો "સમકિત મોદક" એમને શરમમાં ના પાડે આ પાસ આપીએ છીએ આવી જમે, આખા સંઘને મોદકની પ્રભાવના થાય, બે થેલા રાખ્યા છે, આરામથી મોદક આપતા જાય .. આપતા જાય .. આપતા જાય, અને ખ્યાલ આવે આ ભાઈ આવ્યા, એવો જ મોદક દેખાય, એને છે ને ઓલા થેલામાંથી આપે. પેલા ઘરે જાય, ત્રણ દિકરા આવે, પપ્પા .. પપ્પા મને લાડવો, મને લાડવો, હા બેટા તમારો છે, જાવ તમે તમારે મજેથી. ત્રણ દીકરા મોદક ના ત્રણ ભાગ પાડે, અને અંદરથી સોનામહોર નીકળી !

મહારાષ્ટ્ર ના એક શ્રાવક, દીકરાના - લગ્નનો પ્રસંગ છે, લગ્નની પત્રિકા બહાર પાડી. હું કહું છું, જીવનમાં આવું કંઈક કરો ! એ લગ્નની પત્રિકાનું TITLE હતું, ચી. કુલદીપના લગ્ન નિમિત્તે જિનેન્દ્ર

પંચાન્હિકા મહોત્સવ. લગ્નની પત્રિકા છે! પહેલા દિવસે કુલાનું પૂજન, બીજા દિવસે સાધર્મિક ભક્તિ, ત્રીજા દિવસે ગુરૂદેવનું પ્રવચન, ચોથા દિવસે અમારે - ગુરૂ - દેવની નિશ્રામાં બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર, પાંચમા - દિવસે દીક્ષાર્થીઓનું બહુમાન, અને છેલ્લે થોડી બે - ચાર લાઈન લખી કે ભાઈ આ દિવસે આ જ્યારે લગ્ન લેવાના છે. સંઘપૂજા!

અનંતા - અનંત પુણ્યના ઉદયથી, — તીર્થંકરોને પણ વંદનીય, એ ચતુર્વિધ સંઘ મળ્યો છે. એમાં જીવતા મહાવીરને જોઈએ!
એમાં સાક્ષાત સિમંધર સ્વામીને જોઈએ!
એમાં વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્વ જોઈએ!
એનાથી અંતરને વાંબ - વાંબ ઉછળતા અહોભાવથી ભરી દઈએ!

હું તમને કહું છું, કદાચ તમારી શક્તિ ઓછી હશે, કદાચ તમારી આસક્તિ ઓછી નહીં થતી હોય સંસાર પ્રત્યેની, કદાચ તમે આરાધના ઓછીવત્તી કરો, કદાચ જીવનમાં તમે કેટલાક ગંભીર પાપો પણ કરી ચુકયા હશો, ભવઆલોચના દ્વારા એ પાપો ને પણ ધોઈને, એક માત્ર સંઘ પ્રત્યેના ઉછળતા બહુમાન દ્વારા, ભીકર કાળમાં આપણા આત્માને મોક્ષે પહોંચાડી શકીશું! અને એની સામે એક આ વસ્તુ નહીં હોય તો બીજું ઘણું બધું હશે, આપણને ભવભ્રમણથી આપણી એક પણ આરાધના બચાવી શકવાની નથી. બહુ જ ગંભીરતાથી વિચાર કરજો બહુ જ મનોમંથન કરજો, બધું જ હારી જવું છે, કે બધું જ જીતી જવું છે. જીતવું પણ આપણા હાથમાં છે, હારવું પણ આપણા હાથમાં છે. કસાય દ્રષ્ટિએ જોવું છે, તો હારવાનું નક્કી છે, સંઘ દ્રષ્ટિએ જોવું છે, શાસ્ત્રને આગમ દ્રષ્ટિએ જોવું છે,

તો ચુનવાનું નિશ્ચિત છે. આજે શું કરવું એના માટે આપણે સ્વતંત્ર છીએ. કાલે જ્યારે એનું પરિણામ આવશે, ત્યારે આપણે પરતંત્ર હોઈશું. સંઘપૂજ માટે હજુ ઘણી બધી વસ્તુ, આપણે ચોંકી જઈએ એટલી બધી હદે, સમજવા જેવી છે. અવસરે આપણે જોઈશું.

---

# પ્રવચન - ૪ - સંઘપૂજ્ઞ    18 08 2020

ચોદસો ચુમ્માલીસ ગ્રંથકર્તા પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, આગળ વધે છે,
ગાથા નંબર - ૧૬૬૩

આહ ણ ચરણવિરુદ્ધા ણ્આઓ ણત્થ ચેવ જં ભણિયં।
જો સંજઓ વિ ભઇઓ ચરણવિહીણો અ ઇચ્ચાઈ॥

ગ્રંથની અંદર પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષ હોય છે, પૂર્વ પક્ષ એટલે પ્રશ્ન. ઉત્તર પક્ષ એટલે ઉત્તર! જે પદાર્થ ચાલી રહ્યો હોય એના સંદર્ભમાં એક તર્ક કરવામાં - આવે, એક દલીલ કરવામાં આવે, એક પ્રશ્ન - ઉઠાવવામાં આવે એને પૂર્વ પક્ષ કહેવાય! એનો શાસ્ત્રીય રીતે જે જવાબ આપવામાં આવે એને ઉત્તર પક્ષ કહેવાય! પૂર્વ પક્ષ કહે છે કે તમે પાંચ સંક્લિષ્ટ ભાવનાઓનુ વર્ણન કર્યું, જેણે દીક્ષા પણ લીધી હોય ને એમાં કંઈક કરતા હોય, એ બહું ખોટું કહેવાય, આવું તમે કહ્યું, પણ અમે કહીએ છીએ કે આ પાંચ સંક્લિષ્ટ ભાવના-ઓ એ સંયમ વિરુદ્ધ નથી. અને એનું PROFF અમારી પાસે તમારું જ વચન છે.

જો સંજઓ વિ વટ્ટઇ।

વગેરે તમે જે કહ્યું, કે જે સંયમી પણ આ ભાવનાઓમાં વર્તે તે દેવ દુર્ગતિમાં જાય, અનંત સંસાર ભમે, અમે તમને કહીએ છીએ, કે તમે એટલું તો બોલી ગયા ને કે સંયમી પણ, એટલે આ બધું કરનાર સંયમી જ હોય, એટલે આ સંક્લિષ્ટ ભાવનાઓ, આ ચિત્ત સંક્લેશો, આ સંક્લિષ્ટ પ્રવૃત્તિઓ એ સંયમ વિરુદ્ધ નથી, એટલું નક્કી થઈ ગયું.

હરીભદ્રસૂરી મહારાજ, ઉત્તર પક્ષ રૂપે આનો જવાબ આપે છે કે, તમારી વાત સાચી છે અમે જ કહ્યું કે જે સંયમી પણ આવું કરે, એ સંયમી છે પણ વ્યવહાર નયથી. વ્યવહાર નય, લોક વ્યવહાર, લોક પ્રસિદ્ધિ, લોક રૂઢિ, એને મહત્વ આપતો હોય છે.

તમે અહીંથી નીકળ્યા, રસ્તા પરથી જઈ રહ્યા છો, કોઈ વ્યક્તિ જેણે કોઈ વિધિ સુદ્ધા પણ કરી નથી અને ફક્ત સાધુનો વેષ પહેરી લીધો છે, એ સામેથી વ્યક્તિ આવીને તમે કહેશો, મહાત્મા આવ્યા! તો વ્યહવાર-નય, તો આચાર ઓછા-વત્તા હોય, ભુલ છે તો એ સાધુ માનશે, આચાર નથી તો એ સાધુ માનશે, એ દ્રષ્ટિએ તમારી વાત સાચી છે કે સંયમીમાં આવું હોય શકે! નિશ્ચય નયના આધારે કહીએ

ववहारणया चरणं हुआसुं जं असंकिलिट्ठो वि ।
कोई कंदप्पाई सेवइ ण उ णिच्छयणएणं ॥

પણ નિશ્ચયનયથી તો એ વ્યક્તિ સાધુ કહેવાય જ નહિ. જૈન કુળમાં જન્મ મળ્યો ને એના કારણે આપણે જૈન કહેવાઈએ, સમ્યક્ત્વી કહેવાઈએ, વ્યહવાર નયથી! નિશ્ચય નય તમારું ગુણસ્થાનક તપાસે છે કે તમે ACTUALLY ક્યાં છો? તમારું સમ્યક્દર્શન કેવું છે? દેવ, ગુરુ, સંઘ પ્રત્યે, તમારા હૃદયમાં કેવું સ્થાન છે એના આધારે નિશ્ચયનય કહેશે કે તમે જૈન છો કે નહિ!!

છગનની પત્ની અને એની સાસુનો ઝઘડો ચાલ્યા કરે.. ચાલ્યા કરે.. ચાલ્યા કરે, ને એક વાર એની પત્ની બેફામ બોલી, સાસુનું મન ઘવાયું ને સાસુએ કહ્યું કે તું એક ખાનદાન, સંસ્કારી, ઉચ્ચ પરિવારની વહુ છે. એ ભુલીશ નહિ. ને વહુએ સામે ફટકાર્યું કે વહુ નહી દીકરી કહો દીકરી! છગનની પત્નીની દલીલ છે કે મારા પતિ તો મારી માટે દેવ જ છે, આવા પતિ મારા માટે પરમેશ્વર છે, એની મા વિચિત્ર છે એના પિતાનું ઠેકાણું નથી, એનો ભાઈ લબાડ છે, એની બેન બહુ ચબાવલી છે, એનું ઘર આખું વિચિત્ર છે તો છગનની પત્નીને ખબર નથી, કે આ દરેક ગાળ એ એના પતિ પરમેશ્વરને જ આપી રહી છે. પતિ પરમેશ્વર તો પતિના બધા જ કુટુંબીઓ પરમેશ્વર આ BASE કુલાંગના ને -

કુલાંગના બનાવે છે. આ BASE થી કુલવધુ એ કુલવધુ બને છે. વાસુપૂજ્ય દાદા પરમેશ્વર તો વાસુપૂજ્ય દાદાના બધા જ પરમેશ્વર ! આ BASE જૈન ને જૈન બનાવે છે. બહુ ઊંડાણમાં આપણે જવાનો પ્રયાસ કર્યો છે, ઉપરના મહેલો આપણા ચણાના થય છે નીચે નો પાયો આપણો ખોટો છે, પોલો છે, સડેલો છે, તો સમજી લો આ ચણેલો મહેલ, આપણ કોઈજ કામમાં આવવાનો નથી, વહેલો મોડો કડડડ ભુસ થઈને તૂટી પડવાનો છે ને, તાત્વિક દ્રષ્ટિ એ તો એ ચણાયો જ નથી.

ઘરમાં કંઈક બગડે છે તો આપણે એનું સમારકામ કરીએ છીએ, ઘર છોડી દેતા નથી, પરિવારમાં કંઈક નવા-જુની થઈ આપણે સમાધાન કરાવવા લાખ પ્રયાસ કરીએ છીએ, છોડી દેતા નથી. સંઘની અંદર કંઈક અણબનાવ બન્યો ને આપણે દૂર થઈને છોડી દઈએ છીએ, જાણે આપણે અણબનાવની રાહ જ જોઈ રહ્યા હતા ! જે છેડો ફાટી જાય છે, જે છેડો ફાડી નાખવામાં આવે છે, એ તાત્વિક દ્રષ્ટિ એ સંધાયો જ નથી હોતો ! સવાલ ભુલ છે, દોષ છે એનો છે જ નહિ, પ્રેમ નથી, આત્મીય ભાવ નથી, ત્યાં વગર બોલે પણ છુટાછેડા જ હોય છે.

આપણું કહેવું આ છે કે સાહેબજી આ બધી વાત સાચી, આપને તો ઉપાશ્રયમાં બેસવું છે, લોકોના વંદન લેવા છે, બે જણ આવીને સારી વાત કરી જાય, અમે શું વેઠીએ છીએ એ અમને જ ખબર છે. અને સાહેબ હવે હું કંટાળ્યો છું, મારી FRIEND મને એક દિવસ ત્યાં લઈ ગયો હતો, ત્યાં જોયું, બધું જ SYSTEMATIC બધું જ અનુશાસનમાં, કોઈજ ખીટપીટ નહિ, એકદમ POLITE, PRESENTATION પણ સારું, ને

હવે મારું મન ત્યાં જ છે. હવે મારે આ બધી મથા-મણ અહીંયા કરવી નથી, મારે ત્યાં જવું છે. એક વડલો છે, વરસો જુનો, દાયકાઓ જુનો, સદીઓ જુનો, અને એ વડલો એક મજબુત પાયા સાથે, ક્યાંય ધરતીમાં ગયેલા મુળિયાઓ સાથે ઉપર વિસ્તરતી શાખા, પ્રશાખા, બસ એ વધતો.. વધતો.. વધતો.. વધતો..! વિશાળ એનું ક્ષેત્રફળ છે, શીતળ એની છાયા છે, સરસ મજાના એમાં ફળો આવે છે, મોટી-મોટી એની વડવાઈઓ છે, સેંકડો-હજારો પંખીઓનો એ આશરો છે, અગણિત મુસાફરો એની છાયામાં વિશ્રામ કરે, એમને તાપથી રાહત મળે, સંતાપથી રાહત મળે, છાયા મળે, હુંફ મળે, એમને વિશ્રામ મળે, એમને આરામ મળે, હજારોનો આધાર એ વડલો છે, એમાં કોઈ જ શંકા નથી. પણ ક્યાંય એમાં એવી રીતે બન્યું છે કે કોઈએ એની વડવાઈ તોડી નાખી, એ ભાગ જરા ODD લાગે છે! એ વડલાની અમુક ડાળીઓમાં વાંદરાઓએ તોફાન-મચાવ્યું છે, એ વડલો ક્યાંક પંખીઓની ચરખથી ખર-ડાયો છે. કોઈ કૃતઘ્ની મુસાફરે એ વડલાની છાયામાં ક્યાંક ગંદકી કરી છે. અને આ બધું જોઈને અમુક બુદ્ધિશાળી મુસાફરો, એમની બુદ્ધિને કામે લગાડે છે. એ વિચાર કરે છે કે આ બધું શું છે? આવું ના ચાલે! વડલો બરાબર, મોટો બરાબર, જુનો બરાબર, આ બધું શું વળી! આવું ના જોઈએ. જો સામે છેને એક બિલાડીની ટોપ ઉગ્યો છે, અને એની પાસે જે સૌંદર્ય છે, એની પાસે જે ચળકાટ છે, એની પાસે જે FAST GROWTH છે, એ આ વડલા પાસે નથી. તો આપણે બધા ત્યાં જઈએ, હવે આ વડલા ના જમાના ગયા, વડલો જુનો થઈ ગયો. વડલા સાથે કેટલી બધી ઉપાધિ છે. એ લોકો ત્યાં જવા માટે તૈયાર થાય છે ને એ સમયે, કેટલાક પીઢ મુસાફરો એ જ વડલાની નીચે વિશ્રામ કરતા હોય છે, એમની વાતો

સાંભળતા હોય છે આ લોકો જવાની તૈયારી કરે છે ને પીઠ
મુસાફરી કરે છે. ભલા માણસ કંઈક સમજે તો ખરા !
વડલો ત્રણસો વરસ જુનો છે. અને આ બિલાડીનો ટોપ
ત્રણ દિવસ જુનો છે ને ત્રીસ દિવસ પણ ટકશે કે
નહિ, એની ખબર નથી. જે પોતાની પણ સુરક્ષા કરી
શકે એમ નથી, એ તમારી સુરક્ષા કઈ રીતે કરશે ?
માની લઈએ વડલામાં નવા-જુની છે. બિલાડીના ટોપમાં
નવા-જુની નથી, નથી ત્યાં વાંદરાઓનું તોફાન, નથી
ત્યાં કોઈ ગંદકી, નથી ત્યાં કોઈ તોડફોડ, વસ્તુ
જેટલી જુની હોય, એટલી એમાં નવાજુની વધારે હોય !

વડલાનું આયુષ્ય મોટું છે, વડલાનો
ફેલાવો મોટો છે, ને વડલાની પાસે આવનારી –
વ્યક્તિઓ વધારે છે. માટે વડલામાં નવા-જુની વધારે
રહેવાની. બિલાડીનો ટોપ ત્રણ દિવસનો છે. એનું
આયુષ્ય નાનું છે. એનો ફેલાવો કરી શકાય એવું
વિશેષ એની પાસે કંઈ છે નહિ, એની પાસે
આવનારી વ્યક્તિઓ ઓછી માટે ત્યાં નવાજુની ઓછી
હોય ! ખરો સવાલ નવા-જુની વધારે છે કે ઓછી
છે એનો નથી. ખરો સવાલ નવા-જુની ઓછી છે
એનો પણ નથી, નવા-જુની વધારે છે એનો પણ
નથી. ખરો સવાલ સૌંદર્ય અને ચળકાટ ક્યાં છે
એનો પણ નથી, ને ક્યાં નથી એ પણ નથી.
ખરો સવાલ તમારી સુરક્ષા નો છે !

જો તમારી સુરક્ષા જ નથી તો ZERO
નવા જુની હોય, અને TOP CLASS નું સૌંદર્ય અને
ચળકાટ હોય, તો પણ ત્યાં જવું એ મુર્ખામી સિવાય
બીજું કશું જ નથી. જિનશાસન એ વડલો છે,
સંઘ એ વડલો છે, નવા બધા જ પંથો એ
બિલાડી ના ટોપ છે. આજ-કાલમાં ચાલુ થયા છે,
આજ-કાલમાં પુરા થવાના છે. વડલામાં કંઈક ગંદકી

છે, તો આપણે એને સાફ કરવી, કે છણકો કરીને રવાના થવું ? કે વડલામાં ક્યાંક નુકશાન થયું છે તો, વડલાના પક્ષે આપણે ઉભા રહેવું, કે વડલાને નુકશાન-નિવારણ નું બિરુદ આપીને, એને હલકો ચીતરવો. વડલામાં-ક્યાંક કંઈક તુટી ગયું છે, તો આપણે એને સમું કરવું, કે એને નીચી નજરથી જોવું. વડલો એકવીસ હજાર વર્ષ સુધી ટકવાનો છે, ભગવાને જ કહ્યું છે કે વડલામાં નવા-જુની થશે. અને છતાં ભગવાને સાથે એ પણ કહ્યું છે,

જે ભણઇ નત્થિ સંઘો ન સામાઇયં ન ચેવ વયાઇં ।

જે બોલે આ સંઘ જ નથી, જે બોલે આરાધનાનું આલંબન જ નથી, આ ભવસાગરમાં જહાજ જ નથી, અહીંયા કશું બચ્યું જ નથી.

સો સમણસંઘબજ્ઝો કાયવ્વો સમણસંઘેણં ॥

એને શ્રમણ સંઘે, શ્રમણ સંઘની બહાર મુકી દેવો !!
ઘરની અંદર કંઈક તકલીફ થાય, ઘરમાં પાણી ટપકે, ઘરની અંદર FURNITURE સડી ગયું હોય, ઘરની અંદર કંઈક બબાલ થતી હોય તો, બિસ્તરા-પોટલા-લઈને આપણે પડોશી ને ત્યાં રહેવા નથી જવાના. પાણી ટપકે છે તો મરામત કરાવશું, જે જરૂર પડે એ કરશું. બબાલ થઈ છે, થાય ભાઈ, પરિવાર છે.

રોગ હોય એવા છે જે આપણને સંઘથી છુટા પાડે છે, મોક્ષ માર્ગથી છુટા પાડે છે, ને એમાં પહેલો હોય છે, કર્તૃત્વ અભિમાન !

હું કરું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે !

ગાડું ચાલી રહ્યું છે, બે બળદ છે ઉપર ખેડુત છે, ગાડું આગળ ચાલી રહ્યું છે, ચાલી રહ્યું છે, ને કોઈ કુતરું કોઈ રીતે બરાબર ગાડાની નીચે આવી ગયું છે, ને કુતરું એ ચાલે છે ને એ મનમાં વિચારે છે કે

આ ગાડાને હું ઉપાડીને ચાલું છું.

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે !!

એ કુતરું કમ સે કમ આપણા કરતા તો સારું છે. કુતરું ગાડાની નીચે ચાલતું હતું ને વિચારે છે કે ગાડાને હું ઉંચકી ને ચાલું છું. આપણે ગાડા ની અંદર બેઠેલા છીએ, ને વિચારીએ છીએ કે ગાડા ને હું ઉંચકીને ચાલું છું. કર્તૃત્વ અભિમાન ! જિનશાસનની શરૂઆત નમોથી થાય છે ને આપણી શરૂઆત મેં કર્યું ત્યાંથી થાય છે. જિનશાસનને આપણને ઉત્તર-દક્ષિણ છેટો છે. છેલ્લા સાતસો-આઠસો વર્ષના ઈતિહાસમાં જિનશાસનના TOP CLASS ના એક શ્રાવક કહી શકાય, મહામંત્રી વસ્તુપાલને જેમણે શાસનના અજબ-ગજબના કાર્યો કર્યા.

મુસ્લિમ બાદશાહ પાસેથી જે ભગવાનની પ્રતિમા બનાવવવા, મહામુલા એમના ખાણની શિલાઓ, એ પત્થરો એ મેળવી શકે. મહાત્માને તમાચો માર-નાર, રાજાનો મામા હોય તો એ શું, એમના હાથના આંગળાઓ જે કપાવી શકે. જિનશાસનની ધજાને આખા વિશ્વની અંદર ફરકાવી દેવા ને માટે, આખી જિંદગી જે અજબગજબ ના કાર્યો કરી શકે, એ મહામંત્રી વસ્તુપાલ, એમના જીવનનો છેલ્લો દિવસ આવ્યો છે, ને છેલ્લા દિવસે, આચાર્ય ભગવંતો ઉભા છે, મહાત્માઓ ઉભા છે, ચતુર્વિધ સંઘ ઉભો છે, પરિવાર ઉભો છે, નિર્યામણા એમને કરાવી રહ્યા છે ને નિર્યામણા - કરાવતા કરાવતા વચ્ચે જરા આચાર્ય ભગવંત અટકે છે ને વસ્તુપાલની આંખમાં આંસુ છે... હું તમને કહું છું કે આપણા કાર્યો કેટલા ને આપણું કર્તૃત્વ અભિમાન કેટલું છે. તેરસો ને તેર સંખ્યામાં જેમણે જિનાલયો અજબ-ગજબના બંધાવ્યા, તેત્રીસો જિનાલયો નો જેમણે જિર્ણોદ્ધાર કર્યો છે, સો, તાડપત્રો,

classmate

ભોજપત્રો પર લખાયેલા એવા જ્ઞાનભંડારોનું નિર્માણ જેમણે કર્યું છે. સાતસો દાનશાળા નું નિર્માણ કર્યું, જેમાંથી હજારો - હજારો ને દાન અપાયા જ કરે. રોજ જેમના - દ્વારેથી હજારો મહાત્માઓની ગોચરી નો લાભ મળતો. નવસો ચોર્યાસી જેટલા ઉપાશ્રયો નું જેમણે નિર્માણ કર્યું. શાસનરક્ષા માટે મનની બાજુ લગાવી દેતા, પળનો જે વાર ન લગાડતા. એક સંઘ કાઢ્યો, શત્રુંજય ને ગિરનાર બધે જઈને આવ્યા ને મિત્રોને શ્રેષ્ઠીવર્યોને, મંત્રીઓ બધાને પુછ્યું તમારો વ્યય કેટલો, તમારો વ્યય કેટલો, તમારો વ્યય કેટલો, તમે કેટલો સદ્વ્યય કર્યો, ને કોઈએ બે કરોડ, કોઈએ એક કરોડ, કોઈ એ પચાસ લાખ, કોઈએ દોઢ લાખ, કોઈએ પચ્ચીસ લાખ, પાલીતાણામાં આટલું વાપર્યું, ગિરનારમાં આટલું વાપર્યું, અહીંયા આટલું વાપર્યું, અહીંયા આટલું વાપર્યું ને એક શ્રેષ્ઠીએ કહ્યું, કે મેં આ જગ્યાએ એક લાખ સોનામહોર વાપરી. એમણે પુછ્યું અહીંયા કેમ - આટલો વ્યય થયો, ને એમણે જવાબ આપ્યો કે મારા જે બ્રાહ્મણ ગુરુ છે, એમણે મને પ્રાયશ્ચિત આપ્યું કે તમે પાલીતાણા, ને ગિરનારમાં જે વ્યય કર્યો ને, એ માટે તમારું એક લાખ સોનામહોરનું પ્રાયશ્ચિત, એ તમે બ્રાહ્મણો ને આપો એટલે તમારું પાપ ધોવાઈ જાય. અને વસ્તુપાલની જે આંખ લાલ-લાલ થઈ છે, ખખડાવી નાખ્યો એ શ્રેષ્ઠીને, શરમ નથી આવતી તમને, તારા બાપે કરોડો સોનામહોરો, આ જ તીર્થની ભક્તિમાં વાપરી છે. પૂર્વજો એ આજ તીર્થની અનુપમ ભક્તિ કરી છે. મુર્ખા છો તમે બધા, આવા તીર્થોમાં સદ્વ્યય કરતા શરમ નથી આવતી આવા ગુરુ રાખતા ને આવું પ્રાયશ્ચિત કરતા! બોલાવ્યા પેલા બ્રાહ્મણ ગુરુ ને ખખડાવી નાખ્યા. બધા જ બ્રાહ્મણો ને ભેગા કર્યા,

कर्तव्योऽयमपाङ्क्तेयः।

આજથી અને તમારે જાત બહાર કરવાનો છે. જે જાહેર આજથી એવું પ્રાયશ્ચિત આપે, આખા ગુજરાતની અંદર આખા ભારતની અંદર, તમારી જ્ઞાતીના BASE ઉપર અત્યારે ને અત્યારે ઠરાવ કરો, એ તમારી જાતની બહાર, આ ભાને અમારી જાતનો એ પણ જાતની બહાર!

આજે આપણી પાસે કરોડોની સંપત્તિ છે, અબજોના સદ્વ્યયો દર વર્ષે, જે સંઘ દ્વારા થાય છે, જ્યાં બુદ્ધિ છે, કૌવત છે, ભગવાન પ્રત્યેની ભક્તિ છે, ને અલગ-અલગ પ્રકારની આરાધનાઓ પણ છે. એક LOCK DOWN ની અંદર, એક માત્ર જૈનો કરોડો ગરીબોને જમાડી શકે છે. હું તમને કહું છું, જિનશાસનનો - શ્રાવક કેવો હોય, એ ચરિત્ર તમે વાંચો એક વસ્તુપાળ, ચરિત્ર, અને બીજું સુકૃત સાગર, પેથડશા નું! બધા આપણા ગુમાન ઉતરી જાય, અંદરના ઘમંડ ઉતરી જાય, કર્તૃત્વ નું અભિમાન ઉતરી જાય, અમે કર્યું છે શું? વસ્તુપાલના સુકૃતો ના કેટલામા ભાગે આપણા સુકૃતો ને વસ્તુપાલ કરતા કેટલા ગણું આપણું કર્તૃત્વ અભિમાન, એ પ્રશ્ન આપણે આપણને પુછવાનો છે.

વસ્તુપાલને એક દિવસ તાવ આવ્યો છે, પરિવારજનો ને બોલાવે છે, અને કહે છે મારા ગુરુદેવ નરચંદ્રસૂરી મહારાજ, દસ-બાર વર્ષે જ્યારે - એમનો સ્વર્ગવાસ થયો એ દિવસે, એમણે મને કહ્યું હતું કે તમારો કાળધર્મ બારસો અઠ્ઠાણું ની સાલમાં થશે. મારે તમને સંઘ પ્રત્યેની લાગણી ની વાત કરવી છે. ગુરુદેવ નું વચન અન્યથા થવાનું નથી ને મારી ઈચ્છા છે, આ દેહ મારે સિદ્ધગિરિ પાલીતાણામાં છોડવો છે, મારા આત્માનું કલ્યાણ કરવું છે. બાર-બાર સંઘ કાઢ્યા છે આપણે કહીએ, કે તેરમો અડધો કાઢ્યો, આ તેરમો છે ને, આ તેરમો સંઘ વસ્તુપાળે સંઘ કાઢવા માટે

કાઢ્યો નથી, એમને તો પોતાના આત્મશ્રેયાર્થે પાલી-
તાણા જવું હતું, પણ મહામંત્રી વસ્તુપાલ પાલીતાણા જાય
છે, આ મુદ્દે આખો સંઘ ભેગો થઈ ગયો, અને સંઘ
પણ પ્રયાણ કરવા સજ્જ થયો. રાજા પોતે મળવા આવે
છે, વિસલદેવ, વસ્તુપાલને કહે છે, યાત્રા કરવા જાવ છો
પણ જલ્દી પાછા આવજો, આપનું ઘણું કામ છે. ત્રણ
લાખ સોનામહોર, રાજા આપે છે લો આનો સદ્વ્યય-
કરજો. રાજા જેને પોતે સામે ચાલીને મળવા આવ્યા,
એ વસ્તુપાલ મહામંત્રી, નાગર શ્રેષ્ઠીને ત્યાં પોતે સામે
ચાલીને જાય છે, લોકોને કૌતુક છે, મહામંત્રી પોતે-
એમના ઘરે! જેના ઘરે રાજા આવે પોતે, પાછળ-
હજારો ચાલી રહ્યા છે, ઘર નાગર શ્રેષ્ઠીનું આવી જાય
છે, નાગર શ્રેષ્ઠી ગાંડા ઘેલા થઈને સામે દોડતા જાય છે,
પધારો મંત્રીશ્વર, બધો જ પરિજન બહાર છે. અંદર બે
વ્યક્તિઓ છે. મારે તમને કહેવું છે જિનશાસનના શ્રાવક-
ની પરિણતિ શું હોય, અબજોની સંપત્તિ છે, ઉંચામાં
ઉંચું પદ છે, જેને રાજાએ પુછીને પાણી પીવે, એવું
પોતાનું સન્માન છે, યાત્રા કરવા જવું એ તો બહારની
વાત છે, વસ્તુપાલના મનમાં અંદર નક્કી છે, હું પાછો
આવવાનો નથી.

વસ્તુપાલ નાગર શ્રેષ્ઠીને કહે છે કે
યાત્રા કરવા જાઉં છું ને હું એટલી જ વાત કરવા આવ્યો
છું, આપણા જે સાધુ ભગવંતો છે, એની તમે રક્ષા
કરજો. મારા ઘરનું ધ્યાન રાખજો અંદર ગલ્લો છે,
ધંધાનું થોડું આ ધ્યાન રાખજો, ઓલો છે ને ષડયંત્ર
કરે છે, એ પદભ્રષ્ટ કરવાના કાવતરા વર્ષોથી કરતો આવ્યો
છે, જરાક આડો થાય ને, સીધો એને કરજો, પૈસા-
જોઈએ મારા મુનીમ પાસે લઈ લેજો, મારા દીકરાનું જરા
ખાસ ધ્યાન રાખી લેજો, એક શબ્દ વસ્તુપાલ બોલતા તો
નથી, વિચારતા પણ નથી. નાગર શ્રેષ્ઠીને કહે છે,

મારા ગુરૂ ભગવંતો નું વ્યાખ્યાન શબ્દો,
દુષ્ટલોકાદ્ રક્ષા કર્તવ્યા
કેટલાક દુષ્ટ લોકો છે, ઈર્ષ્યાળુ લોકો છે, એમનાથી
આપણા મહાત્માઓની તમે રક્ષા કરજો. હજુ પાલીતાણા
સુધી પહોંચ્યા નથી, કાપાલી ગામ સુધી પહોંચી શકયા,
મરણ પથારી એ વસ્તુપાલ પડ્યા છે, સંઘ નિર્યામણા
કરાવી રહ્યો છે, આંખમાં આંસુ દેખાયું છે ને આચાર્ય
ભગવંત ઈશારો કરે છે, બધા જ મૌન થઈ જાય છે ને
આચાર્ય ભગવંત કહે છે શું થયું ?
અંદર- અંદર ડોકિયું કરીને આજે
આપણે જોવાનો પ્રયાસ કરવો છે કે આપણને -
કર્તૃત્વ અભિમાન કેટલું ? આપણી વાત હોય છે કે
મારે સંઘની સેવા તો કરવી છે પણ અમને આગળ
નથી આવવા દેતા. એનો અર્થ એ છે કે અમને
આગળ આવવા દે તો અમે સેવા કરશું. એનો અર્થ
એ છે એ અમને આગળ ન આવવા દે તો અમે
હરગીઝ સેવા કરવાના નથી. એનો અર્થ એ છે
અમારા માટે સેવાનું મુળ ઉદ્દેશ્ય આગળ આવવું
એ જ છે. એનો અર્થ એ છે કે જે સાચી સેવા છે
એ કરવામાં અમને બિલકુલ રસ નથી. એનો અર્થ
એ છે કે અમે સેવામાં માનતા જ નથી, અમે તો
આગળ આવવામાં જ માનીએ છીએ. હજુ ઉંડા -
ઉતરીએ એનો અર્થ એ છે, સંઘ, જિનશાસન,
મોક્ષમાર્ગ, પુણ્ય, પાપ, આત્મા, પરલોક, આમાંથી
એકે શબ્દ અમારા શબ્દકોષમાં નથી. અમારા
શબ્દકોષમાં એક જ શબ્દ છે, જેનું નામ છે અહમ
અને એ અહમ ખાતર અમે આ બધું જ ફુકરાવવા
તૈયાર છીએ.
હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે !


classmate

ગાડું આપણે ઉપાડ્યું નથી, કુતરાની જેમ ગાડાની નીચે ચાલતા એ નથી, આપણે તો એ જ ગાડામાં બેઠા છીએ. જે સંઘમાં આપણે જનમ્યા, જે સંઘમાં આપણે ઉછર્યા, જે સંઘની અંદર આપણે પા-પા- પગલી ભરી, મોક્ષમાર્ગની જે સંઘે આપણને આરાધનાના અગણિત આલંબનો આપ્યા, જે સંઘે જિનાલય આપ્યું, જે સંઘે ઉપાશ્રય આપ્યો, જે સંઘે ગુરુભગવંતો આપ્યા, જે સંઘે - જિનવાણી આપી, જે સંઘે પાઠશાળા આપી, જે સંઘે શિબિરો આપી, જે સંઘે આપણને સ્વામીવાત્સલ્યો- કરીને જમાડ્યા, જે સંઘે આપણને આયંબિલખાતુ આપ્યું, જે સંઘે આપણને સાધ્વીજી ભગવંતો આપ્યા, જે સંઘે આપણને પ્રતિક્રમણ, પૌષધ વગેરેની વ્યવસ્થાઓ આપી, જે સંઘે આપણને એક માહોલ આપ્યો, જે સંઘે - આપણને બધી રીતે સાચવી લીધા, અને એ જ સંઘ- માં મોટા થઈને, વાંધા-વચકા કાઢીને, અહીંયા વાંદરાએ તોફાન કર્યું, અહીંયા ખરડાઈ ગયું, અહીંયા ગંદકી છે, અહીંયા વડવાઈ તૂટી ગઈ છે, છોડો હવે સંઘને, હવે આ સંઘમાં હું ન આવું, હવે આ સંઘ ખરાબ, હું તમને કહું છું આપણે સંઘને ગાળ નથી આપતા, આપણે આપણી માને ગાળ આપીએ છીએ. મા.. મા લોભી કે ઠગારી નથી હોતી, મા ગોરી કે કાળી નથી હોતી મા સુંદર કે કદરૂપી નથી હોતી, મા તો મા હોય છે! મા માં દોષ ના જ હોય એવું નથી, મા માં દોષ હોય પણ શકે, પણ હલકામાં હલકો કુઆ એ ગયા વગર, મા નો દોષ બોલવો શક્ય જ નથી. તમે કેટલા સાચા છો, આ બધા જ મુદ્દા ભુલી જાવ, તમે શું કરી રહ્યા છો, આ પ્રશ્ન તમે તમને પુછો!

ધોળકાની અંદર સંઘ પધારી રહ્યો છે, વસ્તુપાલ મંત્રી સામે ગયા છે, અબજોપતિ માણસ, રાજાઓને ખરીદી શકે એવો માણસ, ત્રેસઠ યુદ્ધોની અંદર આંબેકા-

દેવી, કપડદીયક્ષ, વગેરે ની સહાયથી વિજય મેળવનાર માણસ. પગ પડે ને ધરતી ધ્રુજે એવો માણસ ! આખો સંઘ જેના ચરણોમાં અહોભાવના અશ્રુઓનો અભિષેક કરે એવો માણસ, સંઘને સામે લેવા આવ્યો છે. હું કહું છું, સંઘને સમજો !

તમે કેટલા શાસ્ત્રો સમજ્યા, તમે કેટલા તપો કર્યા, તમે કેટલી ગાથા સમજ્યા, હું કહું છું અભણ છીએ આપણે, એ આ બધું સમજ્યા પછી આપણે સંઘને સમજ્યા નથી. પવન આમ આવી રહ્યો છે, સંઘના લોકો આમ આવી રહ્યા છે, અને વસ્તુપાલ મંત્રી, પધારો.. પધારો.. અહો સંઘ.. અહો સંઘ.. પધારો.. પધારો, કરતા જઈ રહ્યા છે, અને સાથી જે હતા એ કહે છે મંત્રીશ્વર,

ઇત ઇતઃ પાદાવવધાર્યતામ્

આ બાજુમાં આવી જાવ, પવન આમ છે. તમે આમ ચાલી રહ્યા છો, હજારો લોકો આમ ચાલી રહ્યા છે, બધી ધુળ આવી રહી છે, એમના પગથી ઉડેલી ધુળ, આપ ધુળથી ખરડાઈ રહ્યા છો, મહામંત્રીશ્વર આપ આ બાજુ આવી જાવ ! ને વસ્તુપાલ મંત્રી કહે છે, ધુળ આવી રહી છે એવું નથી, ધુળ મારા આત્માની ખરી રહી છે. મારા ભગવાનનો સંઘ ! તીર્થંકરને વંદીને જાત્રા માટે નીકળેલો સંઘ, અને હું કેટલાના ચરણ સ્પર્શ કરું, હું કરવા જાઉં તો કેટલે પહોંચું, આ મારા ધન્યભાગ છે. આ બધા જ સંઘના સભ્યો, એમના ચરણની ધુળ મારા સુધી મોકલી આપે છે, તને લાખ લાખ ધન્ય છે. જિનશાસનને પામેલા શ્રાવકો એવા હતા, ઘરના આંગણામાં સંઘ ભેગો થયો છે, પ્રસંગ પુરો થયો છે, જાજમ ખંખેરી છે, સુપડીની અંદર જાજમની બધી જ ધુળ ભેગી કરી છે, ને પેલો નોકર ક્યાંક નાખવા જાય ને શેઠ કહે કે અલ્યા મુર્ખા,

અહીંયા આવ ! આ કચરો નથી, આ ધુળ નથી, આ શું છે ખબર છે ? ઓલો આમ એયા કરે કશું સમજતું નથી, શેઠ શું કહે છે, ને એ સુપડી લઈને શેઠ પોતાના માથે અભિષેક કરે, આ જિનશાસનનો શ્રાવક ! હું તમને પુછું તમે દહેરાસરમાં જતા ઉંબરા પાસે, હાથ મુકીને માથે મુકો છો, આ શું છે ? નિસીહી.. નિસીહી કુડ છે, આપણે બધું TWO IN ONE કરી નાખ્યું છે. દહેરાસરના ઉંબરા ઉપર હાથ મુકીને જ્યારે આપણે હાથ માથે લગાડીએ છીએ ને, ત્યારે પંચપરમેષ્ઠિની રજને આપણે માથે લગાડીએ છીએ. નીકટના કાળમાં પંચ-પરમેષ્ઠિ પદે આરૂઢ થનારા, આવનારા અરિહંત ભગવંતો સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ ભગવંતો, અત્યારે ક્યાં હોય ? કોઈ GULF COUNTRY માં હોય, કોઈ મુસ્લિમ COUNTRY માં હોય, કોઈ POULTARY FARM માં હોય, આ કોઈ ઘેટા-બકરા કાપનારા ના હોય, આ સંઘના સભ્યો જ આવતી કાલના પંચપરમેષ્ઠિઓ છે. હું તમને કહું છું, સંઘના એક પણ સભ્ય પ્રત્યે, અંતરમાં કડવાશ આવી છે તો સમજ લો, કે કાલે એ મહાવીર બનશે ને તમે ગોશાળા બનશો.

કયો જીવ ક્યારે, કઈ રીતે આગળ આવે એ કહેવાય નહિ, જે બીજા અનંતાનંત જીવોમાં આટલો આગળ આવેલો છે, એ જ ત્યાંથી આગળ જવાનો છે. અત્યારે સંઘના એક પણ સભ્ય પ્રત્યે તમારા હૃદયમાં, રહેલી કડવાશ, કાલે તમને ગોશાળા બનાવીને મહાવીર પ્રત્યે તેજોલેશ્યા, છોડાવવા સુધી લઈ જશે, આ નક્કી સમજ ને રાખજો.

સંઘને પોતાના ઘરે વસ્તુપાલ આમંત્રિત કરે છે. હજારો.. હજારો.. હજારો લોકો છે. ઉંમર થઈ છે, વસ્તુપાલની, શરીર હવે પહેલા જેવું જોમવાળું નથી. ઘડપણ આવ્યું છે, સામે આરતું લેવા ગયા છે, સંઘને

લઈને આવ્યા છે, સંઘ માટે સરસ મજાના ગાદી-તકીયા ટેબલ, એકાસણાં ની અદ્ભુત વ્યવસ્થા, જેમના - ઘર આંગણે થઈ છે. ઘરના દરવાજા પાસે વસ્તુપાલ ગોઠવાઈ ગયા છે, અને એક એક યાત્રીના દુધ અને પાણીથી પગ ધોઈ રહ્યા છે. નવકારશી નો સમય વીતી ગયો છે, પોરસિ જતી રહી છે, સાઢપોરસી જતી રહી છે, પરિમુઠ્ઠ જતું રહ્યું છે, દોઢ વાગી ગયો છે, ઘરના બધા સભ્યો કહે છે હવે જેવો થોડો BREAK લઈ લો, એક ટેકો લઈ લો, થોડું આ વાપરી લો, વસ્તુપાલ સાંભળવા સુદ્ધા તૈયાર નથી, પરિવાર જાય છે SUPREME COURT માં, આચાર્ય ભગવંત પાસે, આપ કહો ! આચાર્ય ભગવંત બે લાઈન લખી આપે છે, શરીર છે, ધર્મનો આધાર છે, સંઘના ઘણા કાર્યો - આપે કરવાના છે, ચીઠ્ઠી વસ્તુપાલના હાથમાં મુકવામાં આવે છે ને દડ-દડ આંસુઓ ચીઠ્ઠી ઉપર પડતા જાય છે, ગુરૂદેવ આપનું વાત્સલ્ય મારા ઉપર સોટકા, અનંતા ભવોમાં આ જીવે ખા-ખા કર્યું છે, અનંતભવો માં આ સંઘ મળ્યો !

સંઘના આપણે દાસાનુદાસ હોઈએ, આવી FEELINGS પ્રગટે તો સમજી લો કે આપણે સાચા જૈન છીએ ! જુતા ખાઈને સંઘની બધી જ સેવા આપણે હોંશે હોંશે કરવા તૈયાર હોઈએ તો સમજી લો આપણે જૈન છીએ ! ખુરશીની વાત આવે ને ખુરશી આપણને સળગતી ચીતા જેવી લાગે સમજી લો આપણે જૈન છીએ. હાર-તોરાની વાત આવે ને જુત્તા ના હાર જેવું લાગે, પ્રશંસા થાય ને ગાળો જેવું લાગે, હું પારકો છું. દીકરાને પચ્ચીસ કરોડ આપ્યા, એના ઘરે કંઈ તકતી લગાડી નથી, અહીંયા પાંચ-પચ્ચીસ હજારમાં મારું નામ આવે, મારું બહુમાન થાય, ન થાય તો તમારે ધ્યાન રાખવું

classmate

પડે, તમારે બરાબર મારું નામ આવી ગયું કે નહીં એ જોવું પડે. મારું બહુમાન થઈ જવું જોઈએ, તો હું સંઘનો સભ્ય નહીં ને, સંઘ મારું ઘર નહીં ને, હું છું પારકો, એટલે મને સાચવવો પડે એમ જ ને! આપણી પાસે FEELINGS ક્યાં છે!

એક દર્પણ આપી દીધો દહેરાસરમાં ને એમાં નામ કોતરાવવાનું આપણે ભુલીએ નહિ! ભગવાન એ પારકા છે, ગુરૂ એ પારકા છે, સંઘ એ પારકો છે. કારણકે હૃદયનો અંદર સંસાર જ છે.

નિર્યામણા ચાલી રહી છે, વસ્તુપાલની આંખમાં આંસુ આવે છે, આચાર્ય ભગવંત પુછે છે શું થયું છે? કોઈ વ્યથા છે? કોઈ વેદના છે? કોઈ ઈચ્છા અધુરી છે? શું છે કહો! ચરિત્રની અંદર શબ્દો લખ્યા છે, વસ્તુપાલના, હોઠ ફફડે છે ને કહે છે,

ન કૃતં સુકૃતં કિઞ્ચિત્ સતાં સંસ્મરણોચિતમ્।

હજારો જિનાલયો ના નિર્માણ અને જીર્ણોદ્ધાર કરાવનારા સેંકડો ઉપાશ્રયો બંધાવનારા, જિનશાસનની અજબ-ગજબ ની પ્રભાવના કરનારા, એક જીવન ની અંદર સો જીવનમાં થાય એટલી જિનશાસનની સેવા કરનારા, વસ્તુપાલ અંતિમ સમયે કહે છે, મેં એવું એક સુકૃત કર્યું જ નહિ, જે સજ્જનો ને યાદ કરવા યોગ્ય હોય. કરીને ઢોંઢારો કરે ને, એના કરતા ન કરી ને મૌન રહે, એ વધારે સારા લાગે. જેઓ કર્યા પછી પણ એમ કહે કે મેં કંઈ કર્યું જ નથી, એ વંદનીય બને. હું તમને કહું કે સંઘ વાત્સલ્ય એટલે શું છે, વત્સનો ભાવ વાત્સલ્ય, જે ભાવ દીકરા પ્રત્યે, વત્સ પ્રત્યે, ગાયને વાછરડા પ્રત્યે, મા ને દીકરા પ્રત્યે, જે ભાવ હોય એનું નામ વાત્સલ્ય. મા- દીકરા પાછળ બધું જ કરે પણ મા કોઈને કશું કહેતી નથી, કે મેં દીકરા માટે કર્યું શું છે, નવ-નવ મહિના એનો ભાર ઉંચક્યો ને, અતઅતની શરીરની તકલીફો સહન કરી, નરકની પીડા સહન કરી ને મેં એને જન્મ આપ્યો,

હજારો વાર એની ગોદડી મેં મારા હાથે સાફ કરી, સેંકડો વાર એણે મારા કપડા બગાડયા છે. આખો દિવસ ઘરનું કામ કરું ને રાત્રે ઉંવા.. ઉંવા કરીને એણે મને જે ઉજાગરા કરાવ્યા ને, એને છાનો રાખવા માટે મેં રાતો ની રાતો વીતાવી છે, એના મોજ-શોખો પુરા કરવા માટે મેં મહેનત અને મજુરી કરી છે. ફાટેલા કપડા પહેરીને મેં એના સુખો પુરા કર્યા છે. જિંદગી એની પાછળ મેં નીચોવી નાખી છે. મા કોઈને એક શબ્દ પણ કહેતી નથી.

મા એટલે નિ:સ્વાર્થ સેવા.
મા એટલે નિર્લોભ સેવા.
મા એટલે નિર્ગણિત સેવા.
મા એટલે નિસકર્તૃત્વ સેવા.
મા એટલે સેવા માટેની સેવા.
મા એટલે મણે પોતાનો જ સેવા.
મા એટલે મણે કશું કર્યું જ નથી એવી સેવા.
મા એટલે સમર્પણમાં ઓળઘોળ સેવા.
મા એટલે વિશુદ્ધ સેવા.
મા એટલે ઓગળી ગયેલી સેવા.
મા એટલે એક શુન્ય બનીને કરેલી સેવા.
મા એટલે એક નિર્ભાર સેવા.
મા એટલે જ સેવા.

દીકરા માટે મા ની HEIGHT સુધી પહોંચ્યા પછી, પણ મોક્ષ મળતો નથી. ઉલ્ટું પુત્રમોહ ને કારણે, સંસાર વધે છે. સંઘ માટે જ્યારે મા ની HEIGHT ઉપર પહોંચી જઈએ, ત્યારે આપણો મોક્ષ નક્કી થઈ જાય છે. સેવા કરીને આપણને બદલામાં કંઈ જોઈએ છે ત્યારે સેવા નથી એ સોદો છે. ધંધો છે. સેવાના બદલામાં આપણને પ્રશંસા જોઈએ છે, એટલે આપણની SALARY જોઈએ છે.

★ સેવાના બદલામાં આપણને શાબાશી જોઈએ છે, હારતોરા જોઈએ છે, એટલે આપણને BONUS જોઈએ છે.
★ સેવાના બદલામાં આપણને પદ જોઈએ છે, એટલે આપણને GOLDEN PARACHUTE જોઈએ છે.

મોટી - મોટી કંપનીઓ હોય ને એ RETIREMENT વખતે કરોડો આપી દે. એને GOLDEN PARACHUTE કહેવાય !

★ સેવાના બદલામાં આપણને સત્તા જોઈએ છે, એટલે આપણને ભાગીદારી જોઈએ છે.
★ સેવાના બદલામાં જ્યારે આપણને એકહથ્થુ સત્તા જોઈએ છે, ત્યારે આપણને સંઘની માલિકી જોઈએ છે.

આપણે વાત સેવાની કરીએ છીએ, વાત કોઈની ભુલોની દોષોની કરીએ છીએ. આપણી સ્થિતિ હુંએ પેટ અને કુટે માથુ ની છે. આપણું પેટ જ સાફ નથી, અને આપણે ગામની વાત કરીએ, એ કેટલું ઉચિત છે, મેં આ કર્યું છે આજ સુધી, અહીંયાથી આપણી વાત શરૂ થતી હતી, મહામંત્રી વસ્તુપાલ પાસેથી આટલું શીખીએ, મેં કશું જ કર્યું નથી.

પહેલું અભિમાન, કર્તૃત્વ અભિમાન ! સંઘથી આપણને છુટો પાડતો બીજા નંબરનો દોષ, સ્વામીત્વ અભિમાન મારી પાસે આટલું, મારે આટલું મેળવવું છે, અહીંયા ... અહીંયા ... અહીંયા હું પ્રમુખ છું, અહીંયા .. અહીંયા ટ્રસ્ટી છું, અહીંયા .. અહીંયા મારું પદ છે, દસ કરોડ .. પચાસ કરોડ .. સો કરોડ .. બસો કરોડ .. પાંચસો કરોડ નો હું આસામી છું. સ્વામીત્વ અભિમાન ! હું તમને પુછું છું સેવાના બદલામાં આપણને જોઈએ છે શું છે સેવાના - બદલામાં જે જોઈએ છે એનો અર્થ એ છે કે, સેવા કરતા એ વસ્તુ ઊંચી છે. એનો અર્થ એ છે કે સેવા તુચ્છ છે ને વસ્તુ મહાન છે. એનો અર્થ એ છે કે જ્યાં સુધી સેવા આપણને તુચ્છ લાગે છે, ત્યાં સુધી આપણે સાચી

સેવા જ કરી શકવાના નથી એનો અર્થ એ છે કે જે આપણે કર્યું જ નથી, એનો બદલો આપણને - જોઈએ છે.

વસ્તુપાલ મહામંત્રી ની આંખમાં આંસુ છે ને બધાની આંખમાં આંસુ આવ્યા છે, અને આચાર્ય ભગવંત વાતને વાળે છે કે તમે તો જિનશાસન ની - અજબ-ગજબની સેવા કરી છે. વસ્તુપાલ જ્યારે છેલ્લા શ્વાસ છોડી દે છે ને એમનો દીકરો ધ્રુસકે ને ધ્રુસકે રડે છે, પરિવારજનો રડે છે, તેજપાલજી હીબકા ભરી ભરીને રડે છે, આખો સંઘ તો રડે છે, આચાર્ય ભગવંતો અને મુનિ ભગવંતો બધા ધ્રુસકે ને ધ્રુસકે રડે છે. હું તમને કહું કે તમે કલ્પના કરો કઈ HEIGHT ની એ વ્યક્તિ હશે. આપણા મૃત્યુ ઉપર આપણા સ્વજનો રડશે કે નહિ, આંસુ સાચા હશે કે નહિ, એય લાખ રૂપિયાનો સવાલ છે ને છતાંય આટલું ગુમાન લઈને આપણે નીકળ્યા છીએ.

★ કર્તૃત્વાભિમાન નો અર્થ છે, આ ની સેવા કરીને, આ ને બિલ આપવું.

★ કર્તૃત્વાભિમાન નો અર્થ છે, પિતા ની સેવા કરીને પહોંચ માંગવી

★ કર્તૃત્વાભિમાન નો અર્થ છે ભગવાનને ફળ-નૈવેદ્ય ધરીને ભગવાન ના કાનમાં કહી જવું કે, આટલાનું ફળ હતું ને આટલાનું નૈવેદ્ય હતું.

★ કર્તૃત્વાભિમાન નો અર્થ છે, સાધર્મિક ને ઘરે બોલાવવા, પ્રેમથી જમાડવા, પછી શાંતિથી જોયું ને કઈ આઈટમ એને જમાડવામાં કેટલો ખર્ચ થયો, એનું વિગત વારી વર્ણન કરવું.

★ કર્તૃત્વાભિમાન નો અર્થ છે, સ્વદ્રવ્ય ના STAGE ઉપર, સ્વ ગુંફિત માળા, સ્વહસ્તે પહેરીને, સ્વહસ્તે તાળીઓ વગાડવી.

કર્તૃત્વાભિમાન ગયો જ સ્વામીત્વાભિમાન આવે છે. અને એ સ્વામિત્વાભિમાન ની અંદર, મારું હોવું જોઈએ, મારું છે, હું સ્વામી આ સંવેદના આવે! શું જોઈએ છે સેવાના બદલા ની અંદર, આચાર્ય ભગવંત કહે છે, વસ્તુપાલ, તમે જે સેવા કરી એ બેનમુન છે, બેજોડ છે, કશું નથી કર્યું એ આપણી નમ્રતા છે, શું નથી કર્યું એ વાસ્તવિકતા છે. બિલકુલ તમે જેદના કરો, તમે અદ્ભુત સેવા કરી છે, અને એક આચાર્ય ભગવંત જ્યારે પોતાના માટે આવું બોલે, આખી જિંદગી જેણે પોતાના સુકૃતો બોલ્યા નથી, પણ એમના ગયા પછી, ભલભલા મહાત્માઓએ પણ એમના જીવન આધારિત ગ્રંથો બનાવ્યા છે.

વસ્તુપાલ ચરિત્ર એક ગ્રંથ, જિનહર્ષ ગણિ મહારાજની આ કૃતિ, બસો સીત્તેર પાનાનો આ ગ્રંથ - અને જેની અંદર પાને પાને એમની કિર્તીની પતાકાઓ - લહેરાય છે. આચાર્ય ભગવંત જ્યારે પોતાના માટે આ શબ્દો બોલે છે, અંદર ગલગલિયા નથી થતા, મલક - મલક નથી થતા, હસી નથી પડતા, વસ્તુપાલ બે આંસુ સાથે એટલું જ બોલે છે,

યન્મયોપાર્જિતં પુણ્યં જિનશાસનસેવયા ।

જિનશાસન ની સેવા દ્વારા મેં જે પુણ્ય ઉપાર્જિત કર્યું હોય,

જિનશાસનસેવૈવ તેન મેઽસ્તુ ભવે ભવે ॥

એનાથી મને શું મળો? હું રાજા બની જાઉં, ચક્રવર્તી બની જાઉં, દેવ બની જાઉં, દેવેન્દ્ર બની જાઉં, આ ભવમાં તો યુદ્ધો કર્યા, આવતા ભવમાં બધા સામેથી આવીને પગમાં પડે, અરે મારી પાસે આમ લખલુટ દોલત હોય, ફક્ત ગુજ - રાતમાં નહિ, દેશ - વિદેશની અંદર મારું સામ્રાજ્ય હોય, આવું કશું એ વસ્તુપાલ માંગતા નથી, જિનશાસનની સેવા થી જે પુણ્ય મળ્યું, એનાથી ભવોભવ મને જિનશાસનની સેવા મળો. આજ ભાવ વસ્તુપાલ પોતે જીવન સમયે ધારે છે કર્તૃત્વાભિમાનની પણ ઘણી વાત છે, સ્વામીત્વાભિમાનની

પણ ઘણી વાત છે, આ પર્યુષણનો અંદર અઠ્ઠાઈ થઈ કે ના થઈ, પ્રતિક્રમણ સામુહિક થયા કે જુદા થયા, આ બધી વાતને આપણે બહુ ધ્યાનમાં ન પણ લઈએ તો એટલું આત્માને નુકશાન નથી, આ પર્યુષણમાં એક એટલો પ્રયાસ કરીએ, જેને ભગવતી સુત્રમાં,

અટ્ઠિમિંજપિમ્માણુરાગરત્તા

જેમને અસ્થિ, મજ્જા સુધી, સંઘનો, જિનશાસનનો રાગ સમાયેલો છે, એવા જિનશાસનના શ્રાવક હોય, જેને ભગવાન શ્રાવક કહે, જેને ભાવ શ્રાવક, કહેવાય, જેને સાચા શ્રાવક કહેવાય, જે સંઘ સાથે ઘર કરતા વધારે જોડાયેલા હોય, ઘર જેમને પારકું લાગે, સંઘ જેને મારો લાગે, એવા શ્રાવકની કક્ષામાં આપણું સ્થાન આવી જાય, એટલો પ્રયાસ લક્ષ સાથે આ પર્યુષણમાં આપણે કરવો છે.

# પ્રવચન - ૫ સંઘપૂજા

19 08 2020

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, બહુ જ માર્મિક વાત કહેવા જઈ રહ્યા છે, ગાથા નંબર સોળસો પાંસઠ, →

अक्खंडं गुणठाणं हंदं एआस्स णियमओ चेव ।

ગુણસ્થાનક માં ગરબડ નથી, ગુણસ્થાનકના જે વિરૂધ્ધ ગુણધર્મો હોતા નથી. સાધુ કે શ્રાવક જો સંકલેષમાં છે તો એમનું ગુણસ્થાનક નથી. જો વિશુધ્ધિમાં છે તો એમનું ગુણસ્થાનક છે. આપણે માનીએ છીએ કે આપણામાં, કોઈ ભુલ જ નથી, તો એ આપણે ખોટા છીએ આપણે માનીએ છીએ કે આપણું અનુષ્ઠાન તો છે પણ અશુધ્ધ છે, થોડી ગરબડ છે ધર્મમાં ગોટાળો છે, નિશ્ચય નય કહે છે તો એ તમે ખોટા છો, નિશ્ચય નય એ કહેવા માંગે છે કે, તમે જે કરો એ એક જ હોય, એવી કોઈ ક્રિયા જ નથી જે પાપ અને ધર્મ બંને સ્વરૂપ હોય, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજની એક કૃતિ છે,

कूपदृष्टान्तविशदीकरणम्

આગમની એક પંકિત,

दव्वथए कूवदिट्ठंतो ।

આ પંકિત ઉપર આખા ગ્રંથની રચના કરી, આગમની એ પંકિત, ભગવાનની પૂજા, એ કેમ ઉપાદેય છે, એ કેમ શ્રાવકનું કર્તવ્ય છે, એના માટે કુવાનું દ્રષ્ટાંત આપે છે. કે કુવો ખોદવામાં આવે ત્યારે પરિશ્રમ થાય, પરસેવો પડે, તરસ વધે, શરીર વધારે મેલું થાય, માટી નીકળે, પછી ભીની માટી નીકળે, પછી કાદવ નીકળે છે, પછી અત્યંત તરસ કાદવ નીકળે છે ને પછી પાણી નીકળે છે. તો જે કુવો ખોદવા જતા પહેલા, બધું જ ઉંધુ થાય છે પણ સરવાળે, પછી એ માણસ સ્નાન કરી શકશે પાણીથી, બધો મેલ નીકળી ગયો, પછી એ પાણીને પી શકશે, એની તરસ મટી ગઈ, પછી એ પાણીથી બધી જ એની ઈચ્છાની પૂર્તિ થશે. બરાબર એ જ રીતે શ્રાવક ભગવાનની પૂજા કરે,

ફુલનેચુંટવામાં આવે, ધુપ પેટાવવામાં આવે, દીવો-પ્રગટાવવામાં આવે, સ્નાન કરીને આવવું પડે, એ ચંદન એને ઘસવાનું થાય, અને આ બધાની અંદર જે વિરાધના છે, એ ભગવાનની પૂજાથી પ્રગટેલો શુભ-ભાવ, એનાથી એ વિરાધનાનું પાપ ધોવાઈ જાય, અને ઉપરથી એને પુણ્ય બંધાય.

જેઓ આગમની આ પંકિતનો જેઓ અર્થ કરે છે ને, એની સામે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ વાંધો લે છે. હજુ તમે સમજ્યા નથી! હજુ ભુલ થાય છે! શ્રાવક સ્નાન કરીને પુજા માટે ભગવાનની પુજા.. ભગવાનની પૂજા.. મારે પુજા કરવા માટે જવું છે, શુધ્ધ થઈ જવું છે, માટે સ્નાન કરવું છે, સ્નાનમાં પુણ્યનો જ બંધ છે. શ્રાવક ભગવાન માટે ફુલો ચુંટીને જાય, એમાં પણ પુણ્યનો જ બંધ છે. શ્રાવક કદાચ મહાપુજા કરે, પુણ્યનો બંધ છે. ભગવાનની ભકિતના ભાવ આવ્યા એનાથી એ પાપ ધોવાય છે, આવું જો તમે માનતા હો, તો સમજુ લો શ્રાવકના સ્નાનમાં, ફુલો ચુંટવામાં, ધુપ-દીપ પેટાવવામાં, એના ભગવાનના ભકિતના જ ભાવ હોય છે, હિંસાના ભાવ હોતા જ નથી.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આ પ્રકરણ ની અંદર કહે છે કે એવી કોઈ જ ક્રિયા નથી, એવો કોઈ જ ભાવ નથી, મન-વચન-કાયા ની એવી એક પણ પ્રવૃત્તિ નથી, જેનાથી મિશ્ર કર્મ બંધ થતો હોય, મિશ્ર કર્મબંધ એટલે શુભ કર્મબંધ + અશુભ કર્મબંધ! શાતા એ બંધાય, અશાતા એ બંધાય, સૌભાગ્ય પણ બંધાય, દૌર્ભાગ્ય પણ બંધાય, આવું કોઈ કર્મ જ નથી, જે મિશ્ર હોય, આવા કોઈ મન-વચન-કાયાના યોગ પણ નથી, જે મિશ્ર કર્મ બંધના કારણ

હોય, યા તમે બધી પ્રવૃત્તિ પાપ ખાતે નાખી દો, યા ધર્મ ખાતે નાખી દો. હરીભદ્રસૂરી મહારાજ, અહીં કહે છે,

अक्खंडं गुणठाणं

ગુણસ્થાનક અખંડ હોય છે. મારામાં સંયમ રમે છે તો હું સાધુ છું ને મારામાં સંસાર રમે છે તો હું સંસારી છું. સંસારી સાધુ આવું કોઈ CHARACTER હોતું જ નથી. તમે કહો કે કપડા છે, એ તો વ્યવહાર નય છે, અહીં નિશ્ચય ની વાત ચાલે છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, કુવાના દ્રષ્ટાંત ની સ્થાપના કરે છે, એનો એટલો જ અર્થ લેવાનો છે, જેમ કુવો ખોદવો એ પોતાના અને બીજાના, લૌકિક - દ્રષ્ટિએ ભલા માટે થાય છે, કલ્યાણ માટે થાય છે. - ઉપલબ્ધિ માટે થાય છે. બરાબર એ જ રીતે શ્રાવક પૂજા કરે, એ પોતાના અને બીજાના આત્માના કલ્યાણ માટે જ થાય છે, આટલો જ કુવાના દ્રષ્ટાંત નો અર્થ લેવાનો છે.

આ એક શબ્દની પરિણતિ મળી જાય ને, અખંડ ગુણસ્થાનક! હું કહું છું આવો સંઘ મળ્યો, આવું શાસન મળ્યું, આવી ક્રિયાઓ મળી, આવી ઉપાસના મળી, આવા સાધર્મિકો મળ્યા, આવા દેવ ગુરુ મળ્યા, સુગમ - શરીર મળ્યું, હવે લુંટી લેવાનું છે. ત્યાં આપણે બીજી ત્રીજી ઉપાધિ લઈને બેસીએ છીએ. એક જીવ એવો છે જેને આ બધા સાથે કંઈ લેવા - દેવા નથી, સંસારમાં રચ્યો-પચ્યો છે, એને ભોગ સુખમાં રસ છે, એને પરિવારની પળોજણમાં રસ છે. અહીંયા પગ મુકવો નથી, પર્યુષણમાં આવે, દર્શન કરીને રવાના થઈ જાય. બીજો જીવ છે જે બધું સમજ્યો, - આરાધનાનો ખપ છે, મોક્ષનો ખપ છે, મોક્ષના નામે કેટલું બધું છોડે છે, દાવો નીકળી જાય છે, કર્તૃત્વાભિમાન અને સ્વામીત્વાભિમાન નું જે પુંછડું છે, એ અટકી જાય છે. એક લૌકિક સુત્ર છે.

सर्वे गुणाः काञ्चनमाश्रयन्त:

જેની પાસે પૈસો છે, એની પાસે બધું જ છે, એના - બધા વખાણ કરશે, બધા નમશે, એના દોષને પણ ગુણમાં ખતવશે. એનું બધું જ PLUS (+) શરત એટલી જ કે તમારી પાસે પૈસા હોવા જોઈએ.

જિનશાસનનું સુત્ર છે,

સર્વે ગુણા: સઙ્ઘબહુમાનમાશ્રયન્ત:।

તમારા માં સંઘ પ્રત્યે બહુમાન છે તો તમારામાં બધું જ છે.

વસુ વિના નર પશુ

તમારી પાસે જો પૈસા નથી તો તમે જનાવર બરાબર છો, આ લૌકિક સુત્ર.

મુઆ દરિદ્દા ય સમં વિભત્તા ॥ ગૌતમ કુલક ॥

એક મડદું છે અને એક દરિદ્ર છે, આ બંને એક અપેક્ષા એ સરખા છે. આ લૌકિક સુત્ર! એની સામે લોકોત્તર સુત્ર, તમારામાં સંઘ બહુમાન છે તો તમારામાં બધું જ છે. તમારામાં સંઘ બહુમાન નથી, તો તમારામાં કશું જ નથી.

કર્તૃત્વાભિમાન એક પ્રકારની ગંદકી છે, જેનાથી આતમ ગંધાય છે. કર્તૃત્વાભિમાન રાખીને, બતાવીને, દાખવીને, છેવટે કંઈક આપણને જોવે છે, હું તમને કહું છું, સંઘની સેવા કર્યાના બદલામાં આપણને કંઈ પણ જોઈએ છે, તો આપણને ચંદન બાળીને રાખ જોઈએ છે! બહુ ગંભીરતાથી વિચારી મેં કર્યું આનું નામ જ મિથ્યાત્વ છે, દેવ-ગુરુ પસાયે થયું આનું નામ સમ્યક્ત્વ છે. કોઈને IMPRESS કરીને, કોઈને આવર્જિત કરીને, કોઈને દબાવીને, કોઈને પ્રભાવિત કરીને, કર્તૃત્વાભિમાન રાખીને આપણા આત્માનું કયું કલ્યાણ થવાનું છે!! અને આ જ કર્તૃત્વાભિમાન, જીવને પછી સ્વામીત્વાભિમાન માં લઈ જાય છે.

વસ્તુપાળે, પોતાના જીવનની અંદર, રાજાના મંત્રી છે, પદાધિકારી છે, જવાબદારી છે, એક DUTY ના ભાગ રૂપે એમને યુદ્ધો પણ કરવા પડ્યા છે. કુલ ત્રેસઠ યુદ્ધો વસ્તુપાલ-તેજપાલે કર્યા છે. એક યુદ્ધ બહુ જ વિકટ હતું, બહુ જ માથાભારે રાજા, વસ્તુપાલ પાસે બાહુબળ પણ હતું બુદ્ધિબળ પણ હતું, કુનેહ પણ હતી, વ્યુહરચના પણ હતી, અને એની સાથે દૈવી સહાય પણ હતી. કપરદીયક્ષ અને અંબિકા માતા એ વારંવાર વસ્તુપાલ નું સાનિધ્ય કર્યું હતું, એટલું જ નહિ, વસ્તુપાલ સંઘ કાઢે પાલીતાણાનો અને સંઘ પ્રયાણ કરે, આપણું LIST હોય છે, સંઘમાંથી વરઘોડો નીકળે ને, પહેલા ઈન્દ્રધજ હશે, એની પાછળ બગી હશે, એની પાછળ હાથી હશે, એની પાછળ આ હશે, વસ્તુપાલ સંઘ પ્રયાણમાં સૌથી પહેલી ITEM, સૌથી પહેલું શું હતું ?, સિંહ ઉપર બેઠેલા-અંબિકા માતા પોતે ! દૈવી સહાયથી પણ યુદ્ધની અંદર એમને વિજય મળે અને સાથે પોતાનું પરાક્રમ, શૌર્ય, બુદ્ધિ પણ એવી અજબ-ગજબની હોય, એક માથાભારે રાજાને જીત્યો છે, પાછા પોતે આવ્યા છે, રાજાને બધા જ સમાચાર મળી ગયા છે કે મારા મહામંત્રી વસ્તુપાળે આવું પરાક્રમ કર્યું છે અને એમને આપવા માટેનું ભેટણું તૈયાર રાખ્યું છે. એક યુદ્ધ જીતવાના બદલામાં રાજાએ વસ્તુપાલને પાંચ કરોડ સોનામહોર, અને દસ હજાર ઘોડા આપ્યા છે. તમે કલ્પના કરો કે વસ્તુપાલનો પગાર કેટલો હશે, વસ્તુપાલની મુડી કેટલી હશે, વસ્તુપાલનો દબદબો કેવો હશે, કેટકેટલા રાજાઓ એમનાથી થરથરતા હતા, છતાં એ સ્વામીત્વાભિમાન નું કોઈ નામોનિશાન નહિ !

આજના શ્રીમંતો પણ શ્રીમંતો હોતા નથી, મજુર હોય છે. પંદર-પંદર કલાક કામ કરવું પડે છે, રાતે ઉંઘ આવતી નથી, TENSION નો પાર નથી, એમના ઉપર કેટલું તો દેવું છે, કહેવાય નંબર 1 શ્રીમંત !!

લાખ-કરોડ રૂપિયાનું દેવું હોય એમના ઉપર. શાલિ-
ભદ્ર જેવું પુણ્ય આજે કોઈનું છે નહિ, શ્રીમંતો પણ
શ્રીમંતો નથી. MIDDLE-CLASS ની વાત કરવા
જેવી નથી, છતાં પણ આપણું સ્વામીત્વાભિમાન જીવતું
છે. સંઘ આખો નિર્ણય કરે છે કે વસ્તુપાલ ને
સંઘપતિ પદ આપવું. જિનશાસનના એક શ્રાવક,
બાર-બાર શત્રુંજયના સંઘ કાઢનાર, જિનશાસન ની
અજબ-ગજબની શાસન પ્રભાવના કરનાર, જે આચાર્ય
ભગવંતો જેની અનુમોદના કરતા થાકે નહિ, એવું
વ્યક્તિત્વ. એમને પદ આપવું છે ને સંઘ આખો
ભેગો થાય છે. વસ્તુ-પાલને બોલાવવામાં આવે છે.
આચાર્ય ભગવંતો છે, સાધુ ભગવંતો, સાધ્વીજી ભગવંતો,
શ્રાવકો, શ્રાવિકાઓ અને સંઘપતિ પદ એમને -
આપવું છે, અને જ્યાં PROPOSAL મુકાય છે સંઘપતિ
પદનું, અને વસ્તુપાલની આંખમાંથી આંસુ આવે છે.
મારે તમને સ્વામીત્વાભિમાન ની વાત કરવી છે, મગજ
ની બધી રાઈ આપણી નીકળી જાય, હું કંઈક છું ને
મારું કંઈક છે, મારું સંસારમાં કંઈક છે, મારું અહિંયા
કંઈક છે, મારું ચાલવું જોઈએ, હું કહું એમ થવું
જોઈએ, હું કહું એમ નહિ થાય તો હું નહિ કરું,
શું છે આ બધું ?

હું કામ કરીશ તો મારી રીતે કરીશ,
આ સંઘ સેવા નથી. આ અહમ સેવા છે. શરમ
આવવી જોઈએ આપણે ભગવાન જેવા સંઘ પાસે
આપણી શરતો મુકી શકીએ, સંઘની આગળ આપણે
અક્કડ ઉભા રહી શકીએ, સંઘની પાસે આપણને
એમ લાગે કે હું મોટો ને આ લોકો નાના, હું કહું
છું મરી જવાના ! ત્રણ પ્રકારની વહુ
હોય છે, સાસુની સેવા પહેલા નંબરની વહુ કરતી
જ નથી. બીજા નંબરની વહુ છે સાસુની સેવા ની

19 08 2020

કરે પણ શેઠાણી બની ને કરે. મારું બધું માનવું પડશે તો સેવા થશે, નહીંતો સેવા બંધ! ત્રીજા નંબરની વહુ જે દાસી બનીને સેવા કરે!

ત્રણ-ચાર વર્ષ પહેલાની ઘટના પરિમલ સંઘની અંદર અમે હતા. ગુરુદેવની નિશ્રામાં અમે બધા મહાત્મા હતા ને નેમિસૂરીસમુદાયના પૂજ્ય પ્રદ્યુમ્નસૂરીજી-પણ ત્યાં હતા. અમે નીચે ને એ ઉપર હતા, વારં-વાર જવાનું થતું. એમની સેવા નો કંઈક લાભ મળે. અમારા મહાત્માઓ પણ કંઈક-કંઈક સેવાનો લાભ લેતા. અને હું જ્યારે-જ્યારે જતો એ સમયે એક મહાત્મા-એમની સેવામાં હતા, નામ હતું દિવ્યયશ વિજયજી મહારાજ સાહેબ, આચાર્ય ભગવંત પથારીવશ છે, આચાર્ય ભગવંત ગંભીર બીમારી માં છે. આચાર્ય ભગવંત બોલી પણ શકતા નથી ને બોલે તો શું બોલ્યા, એ વધુમાં વધુ એમના શિષ્ય ને સમજાઈ શકે, બીજું કોઈ સમજી ના શકે, આવી સ્થિતિ! કેટલા દિવસની અમારી ત્યાં લાંબી સ્થિરતા થઈ ને મેં MARK કર્યું એ મહાત્મા બધું ગુરુ ને પુછીને કરે. આમ એક બાજુ લાગે કે પથારીવશ છે બોલી શકતા-નથી, સંપૂર્ણ પરાધીન, તમને આધીન, તમે જ સેવામાં ખડે પગે તમે સેવા કરી રહ્યા છો, પછી તો શિષ્ય થોડું મને કરી લે ને! સાહેબ સાહિત્યના બહુ પ્રેમી, અને અમુક સાહિત્ય ત્યાં આવેલું હતું મને મહાત્મા એ બતાડ્યું એક ચોપડી મને થયું કે હું નીચે લઈ જઈને વાંચુ, ઉપાશ્રય થી ઉપાશ્રયમાં ચોપડી છે મહાત્માને મેં પુછ્યું છે કે નીચે લઈ જઈ ને વાંચું? મને કહે એક મિનિટ ચોપડી સાહેબ ને બતાડીને પુછ્યું કે મહાત્માને લઈ જવાની ભાવના છે, લઈ જાય! હું તાજુબ! મહાત્મા ઇચ્છે તો શેઠ બનીને સેવા કરી શકે. મહાત્મા ઇચ્છે તો જે કહેવું હોય તે કહી શકે, આમ નથી કરવાનું, આમ કરવાનું છે, બધું જ થઈ શકે. યુવા વયના મહાત્મા!

ગુરુ ઘડપણમાં પ્રવેશી ચુકયા, ગંભીર બીમારી છે, COMPLETE BED REST ને સંપૂર્ણ સમર્પિત. મેં જિંદગીમાં, આ સ્થિતિમાં આવું સમર્પણ જોયું નથી. સેવા કરવાની છે એટલે મજબુરીનો લાભ ઉઠાવવાનો છે. સેવા કરવાની છે એટલે આપણા અહમને પોષવાનું એક બહાનું ગોતવાનું છે. સેવા કરવાની છે એટલે માથે ચડવાનું છે. સેવા કરવાની એટલે બીજાને દબાવવાના, શેઠાઈ કરવાની.

સ્વામીત્વાભિમાન અંદરનું કાઢો

મારો સંઘ આ બે રીતે બોલી શકાય છે. સ્વામીત્વની ભાવના થી ને આત્મીયતાની ભાવનાથી. સ્વામીત્વ ની ભાવના થી મારો સંઘ એટલે હું શેઠ, મારું બધું ચાલવું જોઈએ, હું કહું એવું થવું જોઈએ. એમાં આવું પણ નહિ ચાલે. અને આત્મીયતાની ભાવનાથી મારો સંઘ, એટલે હું સંઘનો દાસ! મારી ગરજ છે એની સેવા કરવાની, તમે કહો એમ હું સેવા કરીશ. પણ મને સેવાનો લાભ મળવો જોઈએ. મને નાની પણ સેવા મળી જાય, મારું અહોભાગ્ય!

વસ્તુપાલ સંઘને કહે છે, ગુરુભગવંત ને કહે છે, હું આ શબ્દ સાંભળી શકતો નથી. હું સંઘનો પતિ! એટલે કે હું સંઘનો સ્વામી! જે તીર્થંકરોને પણ વંદનીય છે, એ સંઘનો હું કઈ રીતે સ્વામી હોઈ શકું. જો હું દેવનો સ્વામી નથી, જો હું ગુરુનો સ્વામી નથી, તો દેવ-ગુરુને પણ વંદનીય, આદરણીય એવા સંઘનો સ્વામી હું કઈ રીતે હોય શકું!

અંતરને તપાસીએ, અંતરનું POSTMORTEM કરીએ, સ્વામીત્વાભિમાનની કોઈ ગાંઠ જડી આવશે. શાસનમાં આવ્યા પછી પણ,

અંદર સંસાર લઈને આવ્યા, અને શાસનના નામે પણ
સ્વની પૂજા, સ્વની સેવા, અહમ્ ની સેવા, અહમ્ની
આંગી, અહમ્નું નવાંગી પૂજન, અહમ્ની અષ્ટપ્રકારી
પૂજા, અહમ્ની મહાપૂજા, અહમ્ને ચામર વીંઝ્યા છે,
અહમ્ને દર્પણ ધરવો છે. અહમ્ નું ચૈત્યવંદન કરવું છે.
આપણા ઈષ્ટ દેવતા અહમ્ સિવાય બીજા કોઈ છે જ નહિ.
એક વ્યક્તિ MOBILE ને ચોંટી રહે છે
ને MOBILE થી પોતાની સાંસારિક વાસનાને પોષે છે.
બીજુ વ્યક્તિ છે એ અહીંયા આવી, અહીંયા અંદર પ્રવેશ
મળ્યો, સંઘ, શાસન, દહેરાસર, ઉપાશ્રય, મહાવીર આ-
બધું મળ્યું, અને એનો ઉપયોગ સાંસારીક વાસના ને
પોષવા માટે કરે છે. એક વ્યક્તિ MOBILE થી-
સાંસારીક વાસના પોષે છે, એક વ્યક્તિ મહાવીરથી સાંસા-
રીક વાસના પોષે છે. બંને માટે MOBILE કે મહાવીર
છે તો પોતાની વાસના પોષવાનું સાધન જ ! એકને
સ્ત્રીની બહુ આસક્તિ છે એનાથી સંસાર વધારે છે,
અને બીજો અહીંયા આવી ને પોતાના અહમ્ની સેવા કરીને
સંસાર વધારે છે. બંને કરે છે તો સંસાર વૃદ્ધિ જ !
મહાવીર એ માધ્યમ નથી મહાવીર એ સાધ્યમ છે.
જેનાથી ક્યાંક પહોંચી જવાનું છે એ મહાવીર નથી,
જ્યાં પહોંચવાનું છે એ મહાવીર છે. જેના ખભે ચડીને
ક્યાંક ઉપર પહોંચી જવાનું છે, એ મહાવીર નથી. જેના-
થી ઉપર કાંઈ છે જ નહિ, એ મહાવીર છે. મહાવીર એ
ઉપયોગ માટે નથી, મહાવીર ઉપાસના માટે છે. ભારેકર્મી
જીવ, જૈન કુળમાં જન્મ, સંઘ, શાસન, આરાધના, દહેરાસર,
ઉપાશ્રય, મહાવીર, આ બધું પામી ને પણ, કર્તૃત્વાભિમાન
અને સ્વામીત્વાભિમાનના નશા ની અંદર, આ બધું જ
હારી જાય છે ને, સંસાર પોતાનો વધારે છે. હળુકર્મી જીવ
આ બધું જ પામી ને, એની સમ્યક્ ઉપાસના કરીને,
અહમ્ને માંચડે ચડાવીને, અહમ્ને રફેદફે કરીને,

પોતાના આત્માનું કલ્યાણ કરી લે છે. વસ્તુપાલ ઉપાશ્રયમાં આવ્યા છે, ગુરૂદેવના વ્યાખ્યાનમાં પોતે બેઠા છે, હાથ જોડીને, વિનયપૂર્વક, અહોભાવ સાથે, ગુરૂદેવનું વ્યાખ્યાન સાંભળી રહ્યા છે. વ્યાખ્યાન પુરું થયું છે, ગુરૂદેવને વિશેષથી શાતા પુછીને, કોઈ કાર્ય-સેવા હોય, સંઘનો-શાસનનો કોઈ પ્રશ્ન હોય, એ પુછીને વસ્તુપાલ ગુરૂદેવ પાસેથી ઉભા થાય છે. ઉભા થઈને પોતે બહાર જવા જઈ રહ્યા છે આગળ ચિક્કાર શ્રાવકો છે, ક્રમશઃ બધા નીકળી રહ્યા છે, સંઘના એક ભાઈ, એક નાના શ્રાવક, તમારી ભાષામાં નાનો માણસ, એ પતાસાની પ્રભાવના કરી રહ્યો છે.

હું તમને પુછું તમારી ભાષામાં - નાનો માણસની વ્યાખ્યા ? નાનો માણસ ?

સભાનો ઉત્તર :- ઓછા પુણ્યવાળા !

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- અહીંયા છો ને આમ તમે ગોઠવીને સાચવીને બોલો છો, બહાર શું બોલો છો એ પ્રશ્ન છે ! જેની પાસે પૈસા ઓછા, એ નાનો માણસ, બરાબર છે ! હું તમને પુછું, કે પૈસા મોટા કે પરમેશ્વર મોટા, જેની પાસે પરમેશ્વર છે, પૈસા ઓછા છે, એ નાનો માણસ છે, એનો અર્થ એ છે, કે પૈસા કરતા પરમેશ્વર નાના છે જેની પાસે પરમેશ્વર નથી, પૈસા છે એ મોટો માણસ, એનો અર્થ એ છે કે, પરમેશ્વર કરતા પૈસા મોટા છે બહુ મનોમંથન આપણે કરવું પડશે, કે જેની પાસે દેવ ગુરૂ છે, જેની પાસે શાસન છે જેની પાસે નવકાર છે, એ નાનો માણસ કઈ રીતે હોય શકે ? પતાસાની પ્રભાવના થઈ રહી છે.. થઈ રહી છે.. થઈ

રહી છે. લોકો પતાસુ લઈ લઈને નીકળી રહ્યા છે. મારે તમને સ્વામીત્વાભિમાનની વાત કરવી છે. સંઘની એક પણ વ્યક્તિ આપણને નાનો માણસ લાગે, તો આપણામાં સમ્યક્ત્વ નથી. તમે અબજોપતિ હો, એ પાંચ હજારનો - પગારદાર હોય. બે હજાર નો પગારદાર હોય, તમને લાગે કે આ નાનો માણસ, એને હાથ જોડવાની જરૂર તમને ન લાગે, એની સાથે તોછડી ભાષામાં તમે વાત કરી શકો, તો સમજી લેવાનું કે સમ્યક્ત્વ તો નથી, સમ્યક્ત્વની શક્યતા પણ નથી. અહીંયા આવનાર વ્યક્તિ સાથે, - તમારું વર્તન કેવું હોવું જોઈએ ? અહીંયા પગ મુકનાર વ્યક્તિ, ને એની સાથે તમે ROUGH BEHAVE કર્યું, તો સમજી લો કે તમારી બધી આરાધના તમે બાળી નાખી. શ્રાવક એને કહેવાય કે જે પાપી માં પાપી હોય, એની સાથે પણ તોછડી ભાષામાં વાત ન કરી શકે. શ્રાવક એને કહેવાય કે જે મિથ્યાત્વી સાથે પણ સૌજન્યસભર વર્તાવ કરે. શ્રાવક એને કહેવાય કે જે કોઈનું અપમાન કરી જ ના શકે. શ્રાવક એને કહેવાય કે જે જિવ માત્ર પ્રત્યે એના હૃદયમાં મૈત્રી ભાવનું ઝરણું વહેતું હોય. શ્રાવક એને કહેવાય કે કોઈ પણ વ્યક્તિનું મન દુભવવું, એ એના માટે પ્રાણોતે પણ શક્ય ના હોય, તો સપનામાં પણ એ એવું કરી જ ના શકે, એ અહીંયા આવેલા, સંઘમાં આવેલા વ્યક્તિ સાથે જેમ-તેમ કરે ?

ભગવતી સુત્રની અંદર એક ઘટના છે. મહાવીરસ્વામી ભગવાન, ગૌતમસ્વામીજી ને બોલાવે છે, બોલાવી ને કહે છે,

दच्छिहिसि गोयमा ! पुव्वसंगइयं !

હે ગૌતમ ! આજે તારા પૂર્વ પરિચિત, પૂર્વ સંબંધી, એવી એક વ્યક્તિને, આજે તું જોઈશ. બહુ અદ્ભુત ઘટના, ભગવતી સુત્રની અંદર, ભગવાનના ત્રિકાળજ્ઞાનના પ્રમાણપત્રો આગમોની અંદર, ડગલે ને પગલે મુકેલા છે.

DATE 19 08 2020

અને ગૌતમસ્વામીજી પુછે છે કોને હું જોઈશ ?
અને મહાવીર સ્વામી ભગવાન કહે છે, ખંધક નામના
પરિવ્રાજક, એ આવશે અને એમને તમે જોશો.
ગૌતમસ્વામીજી, ભગવાનને પુછે છે, શું એ પરિવ્રાજક
મોક્ષ માર્ગે આગળ વધશે ?

પહૂ ણં ભંતે ખંદએ પરિવ્વાયએ દેવાણુપ્પિયાણં
અંતિએ મુંડે ભવિત્તા અગારાઓ અણગારિયં ....

શું એ ખંધક પરિવ્રાજક ધર્મમાં આગળ વધશે ?
શું એ આપની પાસે શ્રમણધર્મનો અંગીકાર કરી શકશે ?
અને ભગવાન જવાબ આપે છે,

હંતા પભૂ!

હા, ગૌતમ ! એ ખંધક પરિવ્રાજક આવું કરવા માટે
સક્ષમ છે. ખંધક પરિવ્રાજક દુર.. દુર થી દેખાય છે,
આવી રહ્યા છે, અને ગૌતમસ્વામીજી, ભગવાનની રજા
લઈને સમવસરણમાંથી નીચે ઉતરે છે, ખંધક પરિવ્રાજક
ની સામે લેવા જાય છે, એક ઘટના, એક એનું ચિત્ર,
એક જેવું ચલચિત્ર જોવાનો પ્રયાસ કરીએ. જે કોઈ
ગૌતમસ્વામીજીના રત્નાધિક- SENIOR મહાત્મા નથી,
જે મહાત્મા સુધ્ધા નથી, જે ઉત્કૃષ્ટ શ્રાવક નથી,
જે વ્રતધારી શ્રાવક પણ નથી, જે જૈન સુધ્ધા નથી,
અરે જે મિથ્યાત્વી છે ને એટલું જ નહિ, જેણે
બીજા ધર્મની દીક્ષા સુધ્ધા લઈ લીધી છે. એવા -
ખંધક પરિવ્રાજક અને એમનું સ્વાગત કરવા માટે
એમને સામે લેવા માટે ગૌતમસ્વામીજી પોતે જાય છે

મારે તમને સ્વામીત્વાભિમાનની
વાત કરવી છે. ગૌતમસ્વામીજી બહાર થી એ
ભરેલા, અંદર થી એ ભરેલા, સર્વ લબ્ધિઓના
નિધાન છે, પ્રથમ ગણધર છે, દ્વાદશાંગી ના
રચયિતા છે, ચૌદ પૂર્વધર છે, NEXT TO મહાવીર
સ્વામી ભગવાન, ભગવાન પછી શાસનમાં જેમની

નંબર છે એવા ગૌતમસ્વામીજી, બહારથી પણ ભરેલા, અંદર થી પણ ભરેલા, અને બિલકુલ DOWN TO - EARTH. આનંદ શ્રાવક કહે કે મને આટલું અવધિજ્ઞાન થયું છે ને ગૌતમસ્વામીજી કહે, શ્રાવકને થાય ખરું પણ આટલું ના થાય, તમારે મિચ્છામિ દુક્કડં માંગવું પડશે, પ્રાયશ્ચિત લેવું પડશે ને આનંદ શ્રાવક કહે આ જે કહો તે કરવા તૈયાર, પણ સાચું બોલાયું હોય એનું પ્રાયશ્ચિત લેવું પડે, કે ખોટું બોલાયું હોય એનું પ્રાયશ્ચિત લેવું પડે. ગૌતમસ્વામીજી સમજે છે ને કહે છે ખોટું બોલાયું હોય - એનું અને આનંદ શ્રાવક કહે છે, તો તો ભગવંત આપને જ પ્રાયશ્ચિત આવે ! ગૌતમસ્વામીજી મનમાં વિચાર કરે છે કે બની શકે કે મારી ભુલ થતી હોય, મારી ભુલ છે કે નહિ, આ મારા ગુરુ નક્કી કરશે. તમારા સ્વામીત્વાભિમાનનું મુળ એટલું છે કે તમારા કોઈ ગુરુ નથી. પુછવા જઈએ ને સામે ની FAVOR માં ચુકાદો મળે, એના કરતા પુછવા જ ન જવું, આપણે જ આપણા ગુરુ ! જિનશાસનની - શરૂઆત ; બધો જ ધર્મ ગુરુ આજ્ઞાએ, આવું આગમો કહે છે, આપણે પૌષધમાં હોઈએ, ગુરુ મહારાજ દહેરાસર જાઉં, ગુરુ મહારાજ વાપરવા જાઉં, ગુરુ મહારાજ પચ્ચખાણ પારીએ, હું તમને પુછું પૌષધની વિધિ ખરી, બાકીનો કોઈ વિધિ કે નહિ !

છગન INTERVIEW આપવા ગયો ને સામે જે MANAGER હતો, છગનના બધા જ NEGA- TIVES, S.S.C. FAIL, અનુભવ કંઈ નહી, અક્કલનો ઓથમીર ને MANAGER ને દયા આવી કે મને તો બીજા દસ મળી જશે, પણ આને કોઈ રાખશે નહિ. છગનને કહ્યું કે મને દયા આવી છે, તારા ઉપર કૃપા કરવી છે, તને હું રાખી લઉં, તને કશું જ નથી આવડતું, એ પણ વાસ્તવિકતા ને હું તને બધું જ શીખવાડવા તૈયાર છું, આ પણ એક વાસ્તવિકતા ! મેનેજરે છેક સુધીનો તપાસ

કરી હતી, કંઈક તો આવડતું હશે, કશું નથી આવડતું,
મેનેજરે કહી દીધું તને બધું જ શીખવીશ, બીજુ
તમે કોઈ તકલીફ તો નથી ને, છગને છેલ્લી વાત
કરી, મારે કંઈ શીખવું નથી. છગન જેવી આપણી
ભૂમિકા છે, મને કંઈ આવડતું નથી, તમે આગમોની
વાત કરો, આચારાંગ, સુત્રકૃતાંગ, ઠાણાંગ, ભગવતી,
નામ પણ આવડતા નથી, તમે અમારા આગમોની
વાત કરો, શ્રાવકોના આગમોની શ્રાદ્ધવિધિ,
શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ, પંચાસક ગ્રંથ, અમને એ
પણ આવડતા નથી, મને કંઈ આવડતું નથી, મારે
કંઈ શીખવું નથી, મને કોઈ ગુરુ જોઈતા નથી,
મારે કંઈ પુછવા જવું નથી, મને સુજ પડે એમ હું
કરીશ, મને ગમશે ને લાગશે એ હું કરીશ, મને
કહેવાનો કોઈને અધિકાર નથી, જે મને સમજાવવા
આવે, એ મારો દુશ્મન, સમજાવશો તો હું માનવાનો
નથી, મારું પકડેલું હું છોડવાનો નથી. તમને મને
કંઈ કહેવાનો અધિકાર નથી, તમે તમારા રસ્તે હું
મારા રસ્તે, ભાઈ તારો રસ્તો તને મુબારક પણ
સમજુ લે, કે એ દુર્ગતિનો રસ્તો છે, સ્વપર-
અહિત નો રસ્તો છે, તારે એ CASE જીતવો છે
તો વકિલનું બધું માનવા તૈયાર છે તને કોરોના
થઈ ગયો, ડોક્ટરના પગે પડી ને કહો એ કરવા
તૈયાર, આખો દિવસ ઊંધા માથે રહેવાનું કહો,
એય તૈયાર, બસ મને સાજો કરી દો. તારે
આત્મહીત કરવું છે અને દેવ-ગુરુને અર્પણ
નથી કરવું, આ તારી કઈ રીતની મુર્ખામી છે.
DOCTOR ના DOCTOR થવા આપણે જતા નથી.
વકીલ ના વકીલ થવા આપણે જતા નથી.
પણ ગુરુ ના ગુરુ થવા આપણને સારી રીતે આવડે
છે, ને મારે આપણી આજ સુધી મોક્ષ થયો નથી.


classmate

ગૌતમસ્વામીજી ત્યાંથી સીધા પાછા આવે છે. સમવસરણ ભરાયેલું છે, પર્ષદાઓ બીરાજમાન છે, હજારો, લાખો, કરોડોની સંખ્યા છે. ભગવાન બધું જાણે છે, પ્રદક્ષિણા-દઈને, વંદન કરીને, ગૌતમસ્વામીજી પુછે કે ભગવાન - આવું આવું થયું છે, એ આમ કહે છે, હું આમ કહું છું, અમારા બેમાંથી સાચું કોણ ?, અને ભગવાન કહે છે ગૌતમ તું ખોટો, આનંદ શ્રાવક સાચા ! પુછવાનો અર્થ એ છે કે હું સમર્પિત છું, પુછવાનો અર્થ છે કે તમારો જે જવાબ હોય એ મને મંજુર છે, પુછવાનો અર્થ એ છે કે હું જિજ્ઞાસુ છું, પુછવાનો અર્થ એ છે કે હું સત્યપ્રેમી છું, પુછવાનો અર્થ એ છે કે મારે સાચું જ કરવું છે, પુછવાનો અર્થ એ છે કે હું ભગવાન નથી, પુછવાનો-અર્થ એ છે કે મારી પણ ભુલ થઈ શકે છે, પુછવાનો અર્થ એ છે કે મને કોઈ જ પક્કડ નથી, પુછવાનો - અર્થ એ છે કે મને કોઈ કદાગ્રહ નથી. પુછવાનો-અર્થ એ છે કે મારી અહમ સેવા કરવી નથી, મારે શાસન સેવા કરવી છે. અને ન પુછવાનો અર્થ એ છે હું ભગવાન છું, મારી ભુલ થાય નહિ, સાચાની મને કોઈ પડી નથી, મને અહમની પડી છે, મારું પકડેલું હું છોડવાનો નથી. ન પુછવાનો અર્થ એ છે, કે હું કંઈ સાચુ જાણવા, સમજવા માંગતો જ નથી, ન પુછવાનો અર્થ એ છે, હું તો મારો જ કક્કો ઘુંટવાનો છું, ન પુછવાનો અર્થ એ છે, કે મને મન ફાવે એમ હું કરીશ, ન પુછવાનો અર્થ એ છે, મારા કોઈ ગુરૂ જ નથી. ન પુછવાનો અર્થ એ છે, મારા બધા નિર્ણયો હું જ લેવાનો છું. ન પુછવાનો અર્થ એ છે, કે હું જે જમવા બેઠો છું, એમાં ઝેર છે કે નથી, એની મને કંઈ પડી જ નથી. એક ગુરૂ માથે રાખો, જ્યોતિષશાસ્ત્ર કહે છે, ગુરૂની દ્રષ્ટિ પડે અને બધા જ દોષો શમી જાય. બીજા શાસ્ત્ર કહે છે, માથે એક ગુરૂ રાખો, ગુરૂની દ્રષ્ટિ,

ગુરુનું દર્શન, ગુરુનું માર્ગદર્શન, એમાં તમે રહો, તમારા બધા જ દોષો શમી જશે. ભગવાને કહી દીધું તું ખોટો, આનંદ શ્રાવક સાચો ને ગૌતમસ્વામીજી દલીલ નથી કરતા, આનંદ શ્રાવક, શ્રાવક માત્ર છે, હું આપનો પહેલો ગણધર, હું પહેલો શિષ્ય, હું આટલી લબ્ધિનો નિધાન, ત્રણે લોકની અંદર મારી કીર્તિઓ ગવાય, દેવતાઓ પણ વળી-વળીને મને નમસ્કાર કરે, અને આ પર્ષદા ભરાઈ છે ને આ બધા વચ્ચે ભગવાન કોઈક તો SETTLEMENT કરો. કોઈક અપેક્ષા, કોઈક નય, કંઈક બધું છે. ભગવાન આપ મારી FAVOR ન કરી શકો! ગૌતમસ્વામીજીના પેટમાં કંઈક પણ પાપ હોત તો અંદરમાં પુછત નહિ, બરાબર પોતાની જગ્યાએ બેસી જાત, ભગવાન પાસે દેવછંદામાં જાત ત્યારે સેવામાં રહેલ સાધુઓને બહાર જવાનો ઈશારો કરી દેત, ધીમે રહીને પુછત ને પાછા ભગવાન કહે કે તું ખોટો એટલે ભગવાન હવે મિચ્છામિ દુક્કડં, આપને કહી દઉં છું, હવે બહું લાંબુ ના કરતા!

પુછવાનો અર્થ જ એ છે કે પેટ સાફ છે. બધાની વચ્ચે બેધડક ગૌતમસ્વામીજી પુછી શકે, ભગવાનનો જે જવાબ હોય તે મંજુર છે, જ્યાં પુછીને પણ પોતાની જ SIDE ની ખેંચતાણ કરવી છે, ત્યાં પુછવું એ પણ નાટક છે, શિષ્યત્વ પણ નાટક છે, તમે મારા ગુરુ આ શબ્દો પણ નાટક છે! ગુરુના બે હોઠ એ મોક્ષના બે દ્વાર છે. ગુરુ - આપણા માટે મૌન છે તો સમજુ લોકો મોક્ષ આપણા માટે બંધ છે. ગુરુ બેધડક કહી શકે, ગમે તેટલાની વચ્ચે કહી શકે, આપણા અભિપ્રાયથી તદ્દન - વિરુદ્ધ કહી શકે, આપણા ગમા-અણગમાની પરવા કર્યા વગર ગુરુ આપણને સાચુ કહી શકે, સમજુ લો

કે મોક્ષના દ્વાર આપણા માટે ખુલ્લા છે. ગૌતમસ્વામીજી ભગવાનના કહેવાની સાથે, ભગવાનની રજા લઈને નીકળી જાય છે, આનંદ શ્રાવકની પૌષધશાળામાં પહોંચે છે, એના દાદરા ચડી જાય છે. કદાચ બે-પાંચ દાદરા હશે. મારે તમને સ્વામીત્વાભિમાનની વાત કરવી છે. એક ભિખારી હોય, અને અબજોપતિ જેવો ફાંકો રાખીને, આમ અક્કડ થઈને ફરતો હોય ને, એના જેવી આપણી દશા છે. "ખીસ્સા ખાલી, અને ભપકા ભારી"

કઈ આરાધના આપણી પાસે, કયું જ્ઞાન આપણી પાસે, કઈ શુદ્ધ ક્રિયા આપણી પાસે, કયા શુદ્ધ ગુણો આપણી પાસે, ખીસ્સા ખાલી છે અને અહમ ઉછળ.. ઉછળ.. ઉછળ.. ઉછળ થાય છે.
રત્નાકર પંચવીશીનામાં બહુ સરસ મજાની વાત કરી,

તથાપ્યહઙ્કારકદર્થિતોઽહમ્ ।

ભગવાન હું અહંકાર કરું એનું એકે કારણ મારી પાસે નથી ને, છતાં ય મારો અહમ ફાટ-ફાટ થયા વગર રહેતો નથી. "ખીસ્સા ખાલી, ભપકા ભારી" આપણને લબ્ધિનું આકર્ષણ છે, ગૌતમસ્વામીજી ની લબ્ધિ હોજો, અહો લબ્ધિ, અષ્ટાપદ પર્વત ઉપર ચડી ગયા, હું કહું છું, અષ્ટાપદ પર્વત ઉપર ચડવું સહેલું છે, આનંદ શ્રાવકની પૌષધશાળાના બે-પાંચ પગથિયા ચડવા અઘરા છે.

ગૌતમસ્વામીજી અષ્ટાપદ પર્વત ઉપર ચડ્યા એટલા માટે ગૌતમસ્વામીજી નથી બન્યા, એટલા માટે મોક્ષ નથી થયો, અષ્ટાપદ ઉપર દેવો એ જઈ શકે, તો એ એ ભવમાં મોક્ષ નથી થયો. ગૌતમસ્વામીજી નમ્ર બની શક્યા, ઝુકી શક્યા, સ્વામીત્વ ના બધા જ અભિમાન ને ફગાવી શક્યા.

ખંધક પરિવ્રાજક આવી રહ્યા છે ને ગૌતમસ્વામીજી સામે લેવા જાય છે. અદ્ભુત શબ્દો ભગવતી સુત્રની અંદર મુકયા છે.

classmate

સાગયં ખંદયા !

અણુરાગયં ખંદયા ! સુસાગયં ખંદયા !

હે ખંધક તમે આવ્યા, હે ખંધક તમારું સ્વાગત છે
હે ખંધક તમારું સુસ્વાગત છે, હે ખંધક તમે સુખે
સુખે આવ્યા ને, હે ખંધક તમે સુખે સુખેને સારી રીતે
આવ્યા ને, હું તમને કહું છું કે ગૌતમસ્વામીજી ના
નાગ અક્ષર હોય.

સાગયં

એમાં પાઠણનું આખું RESULT મળી જાય છે. એજ
ખંધક મુનિ આગળ ચાલીને મિથ્યાત્વને છોડે
છે. એજ ખંધક પરિવ્રાજક આગળ વધીને સમ્યક્ત્વ
સ્વીકારે છે, એજ ખંધક પરિવ્રાજક પોતે જિનશાસનના
અણગાર બને છે, અગિયાર અંગ ભણે છે, ગીતાર્થ
બને છે, શ્રુતસાગરના પારગામી બને છે, આગળ
વધીને ગુણરત્નસંવત્સર તપ કરે છે. આજનો ગુણરત્નસંવત્સર
તપ છે ને એ જુદો છે, એ થોડો સહેલો છે.
શાસ્ત્રીય ગુણરત્નસંવત્સર તપ, મુળ વિધિનો ગુણરત્નસંવત્સર
તપ, એટલે કે તપ આનો આ જ છે, એની સાથે
દિવસે ઉત્કટુક આસનમાં બેસીને, સુરજ સામે
આખો દિવસ બેસીને આતાપના લેવાની, અને રાતે
કડકડતી ઠંડી હોય, કપડા વગર, વીરાસનમાં
બેસવાનું. વીરાસનનો અર્થ છે કે વીર જ કરી શકે
એવું આસન, અને એ આસન ની અંદર, શું
કરવાનું હોય, આ ભાઈ જે ખુરશી પર બેઠા છે ને
બારે આમ જ બેઠા રહેવાનું, ફક્ત ખુરશી કાઢી
નાખવાની! આખી રાત આ વીરાસનમાં બેસવાનું,
અને પરિષહ સહન કરવાનો, દિવસે ઉત્કટુક
આસનમાં બેસીને સુરજ ની આતાપના લેવાની
અને આ રીતે સોળ મહિના સુધીનો તપ કરવાનો.
આનું નામ ગુણરત્ન સંવત્સર તપ !!

કાળ કરીને બારમા દેવલોકમાં એ ખંધક મુનિ જાય છે. ગૌતમસ્વામીજી પુછે છે, ખંધક મુનિ આવા વિશિષ્ટ આરાધક એ કાળ કરી ગયા, ક્યાં ગયા ભગવાન ને ભગવાન કહે બારમા દેવલોકમાં, ને પછી ગૌતમસ્વામી કહે ત્યાંથી ચ્યવી ને ક્યાં જશે ? એને ભગવાન જવાબ આપે છે,

महाविदेहे सिज्झिहिति

મહાવિદેહ ની અંદર જન્મ લેશે, દીક્ષા લેશે, અને મોક્ષે જશે ! હું તમને કહું છું, આ બધાના મુળમાં ગૌતમ-સ્વામીજી ના ગુણ અપાર છે.

સાગયં

તમારું સ્વાગત છે. હું તમને કહું છું અહીંયા જે આવે એને પ્રેમથી નવડાવી દો. અહીંયા જે આવે એને વાત્સલ્ય આપો, હૂંફ આપો, પીઠબળ આપો, હું તમને પુછું કે તમારી દુકાનમાં ઘરાક આવે એની સાથે તમારો વર્તાવ કેવો હોય છે ! તમારા ઘરે જમાઈ આવે એની સાથે તમારો વર્તાવ કેવો હોય ! ને અહીંયા કોઈ વ્યક્તિ નવો-સવો આવી છે ને, બહુ ખબર નથી, એની ક્યાંક ભુલ થઈ ગઈ, એની સાથે તમારો વર્તાવ કેવો ? ઘરાક સાચવવા છે, ઘરાક વિચિત્ર હોય, - ઘરાક મહાવિચિત્ર હોય, કશી ગતાગમ ના હોય, બેહુદો એનો વર્તાવ હોય, એ ઘરાક ને ભગવાન બનાવવા આપણે તૈયાર છીએ, જમાઈ, આપણને ખબર છે દીકરી સુખી નથી, દીકરીને ત્રાસ પડે છે, દીકરી રોજ રડે છે, દીકરી ડૂસકા ભરીને રડે છે, દીકરીને જમાઈ બરાબર સાચ-વતો નથી એ ખબર હોવા છતાં, ઘરે આવેલા જમાઈને ભગવાન સમજીને એમની સરભરા આપણે કરીએ છીએ, આર્થિક સંબંધો આપણે સાચવવા છે, પારિવારિક સંબંધો આપણે સાચવવા છે, શાસન સાથેનો સંબંધ સાચવવો નથી, માટે અહીંયા પગ મુકે એને ધુત્કારી શકીએ, એને તોડી પાડી શકીએ, ગમે તેવા શબ્દોમાં આપણે

બોલી શકીએ, એનું અપમાન કરી શકીએ, એને ખંખેરી શકીએ, ચાર જણ વચ્ચે એનું હડહડતું અપમાન કરી શકીએ, હું તમે કહું છું સમજી લો શાસન સાથે હકીકતમાં આપણને કોઈ લાગણી જ નથી, સ્નાન-સૂતક જ નથી. શરમ ન આવે આપણને, આપણને ચિંતા ન થાય, કે માંડ અહીંયા આવેલો વ્યક્તિ, અનંત પુણ્યના ઉદયથી અહીં આવેલી વ્યક્તિ, અનંત કાળે અહીં સંઘના પરિસરમાં પગ મુકનાર વ્યક્તિ, જો આપણા વર્તાવના કારણે બીજી વાર અહીં આવતા એનો પગ ભારે થઈ જાય, બીજી વાર એ આવવાનું નામ ન લે. એ બીજા પાંચ-પચ્ચીસ ને કહીને એ બધાને પણ અટકાવે, આ દોષ કોના માથે!

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે અહીંયા આવેલ વ્યક્તિ, એમની અનંત-અનંત કર્મવર્ગણાઓમાં ગાબડું પડી ગયું, કેટલાય કર્મોના ભુક્કા બોલાય ગયા, ત્યારે અહીંયા આવવાનો વિચાર સુધ્ધા આવ્યો. ભગવાન જો હોઠ ફરકાવે ને હોઠ ખોલે તો આપણને કહી દે કે ભલા માણસ, આખી જિંદગી જે ઇમારત ચણવાનો મેં પ્રયાસ કર્યો હતો, એ ઇમારત ને તું તોડી રહ્યો છે. જેને તારવા માટે હું આખી જિંદગી પ્રયાસ કરતો રહ્યો એને તું ડુબાડી રહ્યો છે. તને લાગતું હોય કે તું વ્યવસ્થા કરી રહ્યો છે, તો તું અંધારામાં છે, તું તોડફોડ કરી રહ્યો છે. તું વ્યવસ્થા નથી કરી રહ્યો, તું તોફાન કરી રહ્યો છે. એક PM કે CMની OFFICE માં જતા પહેલા નો જે ROAD આવે ને, ત્યારથી માણસ ALERT થઈ ગયો હોય, અહીં દેવાધિદેવ ત્રણ લોકના નાથના દરબારની અંદર, ક્યાંય આપણી ધમાચકડી મચાવી શકીએ, કારણકે, ભગવાન -

આપણને ભગવાન લાગતા જ નથી ! અમારા ભદ્રંકર-વિજયજી મહારાજ, આખી જિંદગી મૈત્રીભાવની વાત કરતા રહ્યા, મૈત્રી ભાવને ઘુંટતા રહ્યા, એમના છેલ્લા વર્ષો સખત બિમારી, શરીરની અંદર અઢળક તકલીફો, શરીર એકદમ સુકાઈ ગયેલું, ભક્તો અને દર્શનાર્થીઓ ને વંદનાર્થીઓ આવતા રહ્યા ને બધાને એ ગુરુ મહારાજ મળતા રહે, તો ગુરુમહારાજને કેટલો શ્રમ પહોંચે, શિષ્યો એવી રીતે ઈશારો કરે છે, કોઈ આવતા હોય એને, ઈશારો કરે છે કે ભાઈ રહેવા દો, નહીં મળાય ! પંન્યાસજી-મહારાજને ક્યારે ખબર પડી જાય, તો શિષ્યોને બરાબર કહે છે કે આવું કરવાનું ! ભગવાને એને મારા સુધી મોકલ્યો ને તમારે એને પાછો વાળવાનો, આવી પ્રભુ મૈત્રી તમારી.

એક વાત સમજી લો અહીંયા આવનાર વ્યક્તિ, અનંતાનંત પુણ્યના ઉદયને પામેલી વ્યક્તિ, અહીંયા આવેલી વ્યક્તિ એટલે વિશ્વના અનંતાનંત જીવોમાં, સર્વોત્કૃષ્ટ ભાગ્યશાળી વ્યક્તિ ! અહીંયા આવેલી વ્યક્તિ, એટલે દેશ્યમાન વિશ્વના અબજો માણસોમાં, સૌથી પુણ્યશાળી વ્યક્તિ ! અહીંયા આવનાર વ્યક્તિ, એટલે પ્રભુની અપરંપાર કૃપા પામેલી વ્યક્તિ !

સિદ્ધર્ષિગણિ મહારાજ, ઉપમિતિ ગ્રંથની અંદર કહે છે, જ્યારે ભગવાનની કૃપા થાય છે, ત્યારે જિનશાસનના મંદિરમાં પ્રવેશ મળે છે. દેરાસર,-ઉપાશ્રય, સંઘ પરિસર, આયંબિલ ખાતું, પાઠશાળા, આમાં આવેલી દરેક વ્યક્તિ, તમને ભગવાન ન લાગતી હોય, તમને આદરણીય અને પૂજનીય ન લાગતી હોય, તો સમજી લો કે તમે કશું સમજ્યા જ નથી ! પોતાને વિદ્વાન અને સ્વામી માનનારા કેટલાક હોદ્દેદારો, પોતાની ખરી કે ખોટી સત્તા દ્વારા, ભગવાનના શાસનને શિરમોર બનાવવાનો પ્રયાસ કરતા હોય છે. શાસનને

classmate

જેટલો વિધર્મીઓથી ભય નથી, સંઘને જેટલો સરકારનો ભય નથી, બીજા ધર્મના લોકોથી ભય નથી, એનાથી વધારે ભય આવી વ્યક્તિઓથી છે.

ભગવાનની અંતિમ દેશના છે, - ખળ-ખળ વહી રહી છે, દેશના પૂરી થાય છે, પુણ્યપાલ રાજા ઊભા થાય છે ને ભગવાનને કહે છે કે ભગવાન, એક સપનું મેં જોયું, જંગલ છે, જંગલની અંદર સિંહ છે, ખુંખાર સિંહ, પરાક્રમી સિંહ જોરાવર સિંહ, પણ એ સિંહ સાવ મરવા પડ્યો છે, સિંહને કોણ મારી શકે ! વાઘ હોય, વરૂ હોય કે મદોન્મત હાથી હોય, બધાને સિંહ પહોંચી વળે સિંહ પરાક્રમી છે, સિંહ શુરવીર છે, સિંહ પાસે બધું જ છે તો સિંહ મરવા કેમ પડ્યો છે, અને ભગવાન જવાબ આપે છે, પુણ્યપાલ રાજાને, જંગલના એક પણ પશુની તાકાત નથી કે સિંહને મારી શકે મારવાની વાત દૂર છે, આંખ ઊંચી કરીને એની સામે જોઈ શકે એટલી પણ મજાલ નથી. આ સિંહની અંદર કીડા પડ્યા છે, એ કીડાઓ અંદરથી સિંહને ફોલી ખાઈ રહ્યા છે, અને માટે આ સિંહ મરવા પડ્યો છે. બહાર તો આ સિંહ બધાને પહોંચી શકે એમ છે, અંદરના કીડા સામે આ સિંહ લાચાર છે.

હું તમને કહું છું તમારાથી બની શકે તો શાસનની શોભા વધારજો તમારાથી બની શકે તો આવનારી વ્યક્તિને પ્રેમથી નવડાવજો, એને કંઈ ખબર ના પડે ને એણે પૂજામાં કોઈ અવિધિ કરી હોય, પહેલા તો એને ધન્યવાદ થી નવડાવજો, ધન્ય છે તને ! તમને ભાવ થયો પૂજાનો ! તમે દેવાધિદેવની આજે પૂજા કરી તમે ન્યાલ થઈ ગયા ! તમારું

ભવોભવનું દળ-દર ફીટી ગયું, તમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા! એને આ પુણ્ય છે ને એની અમુક વિધિ પણ હોય છે. આ રીતે કરીએ તો એનું હજુ અનેકગણું ફળ મળે, હું તમને બધું જ શીખવાડીશ, તમે ચિંતા ના કરતા!

આજે એક વ્યક્તિનો આપણો હાથ પકડ્યો હશે ને, આવનારા ભવોમાં કોઈ આપણો હાથ પકડીને આપણને સીમંધર સ્વામી ભગવાન પાસે લઈ જશે. અહીંયા આવનાર વ્યક્તિ સાથે ઉંચે અવાજે વાત કરવી, એનો અર્થ છે મહાવીર સાથે ઝઘડો કરવો. અહીંયા આવનાર વ્યક્તિ, એની સાથે તોછડાઈ થી વાત કરવી, એનો અર્થ છે, મહાવીરને ધુત્કારી કાઢવા. અહીંયા આવનાર વ્યક્તિનો ભાવ તોડી પાડવો, એનો અર્થ છે સમવસરણમાં પગ મુકવા જતી વ્યક્તિ ને કાઢી મુકવી. અહીંયા આવનાર વ્યક્તિને અહીં બીજુ વાર આવવાનું કદી મન ન થાય, એવો વ્યવહાર એની સાથે કરવો, એટલે શાસનના દુશ્મન બનવું!

પતાસાની પ્રભાવના થઈ રહી છે, વસ્તુપાલ-મંત્રી હજુ જરા દૂર છે, શું નાનો માણસ, શું નાનો શ્રાવક, શું ગૌતમસ્વામીના સ્વામીત્વાભિમાનનું વિસર્જન, શું અહીંયા આવનાર વ્યક્તિ સાથેની આપણી ભૂમિકા, શું સંઘ પ્રત્યેનું ઔચિત્ય! ઘણી બધી વાત છે, આજે આટલું રાખીએ!

—x—x—x—x—

પ્રવચન - ૬ - સંઘપૂજા 20082020

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર ખુબ જ અદ્ભૂત વાત કરી રહ્યા છે. ગાથા નંબર સોળસો પાંસઠ (૧૬૬૫)

અવ્વંકં ગુણઠાણં કહૂં એઅસ્સ ણિયમઓ ચેવ,
સઇ ઉચિયપવિત્તીએ સુત્તે વિ જઓ ઇમં ભણિયં ॥

જે આવું અવળું વર્તન કરે, એનું સાધુ તરીકેનું કે શ્રાવક તરીકે નું ગુણસ્થાનક રહે કે ના રહે? હરીભદ્રસૂરી મહારાજ કરે છે, બહુ જ સ્પષ્ટ વાત, જે ગુણસ્થાનક ને ઉચિત જે પ્રવૃત્તિ છે, એ પ્રવૃત્તિ તમે કરો, તો તમારું ગુણસ્થાનક ટકે. પ્રવૃત્તિ અને પરિણતિ લગભગ સમાંતર જતી હોય છે. તીવ્ર ભારે કર્મી હોય છે, એ ધર્મ પ્રવૃત્તિ પણ કરે, પણ એની પરિણતિ એવી હોતી નથી, એ અપવાદ છે. તીવ્ર હળુ કર્મી જીવ હોય, એ સાંસારિક પ્રવૃત્તિ પણ કરે, પણ એની પરિણતિ એવી સાંસારિક હોતી નથી, એ પણ અપવાદ છે. મોટા ભાગના જીવો મધ્યમ હોય છે.

ઉક્કિટ્ઠપુણ્ણપાવા અણુસંગેણ ણ ઘિપ્પંતિ।

ઉત્કૃષ્ટ પુણ્યશાળી ને ઉત્કૃષ્ટ પાપી, આ જીવો ઉપર વાતાવરણની, સંસર્ગની, પ્રવૃત્તિ ની અસર થતી નથી. મોટા ભાગના જીવો મધ્યમ હોય છે ને જેવું વર્તન તમે કરશો એવી અસર તમારી પરિણતિ ઉપર પડશે. હરીભદ્રસૂરી મહારાજ, આગળ વધે છે, ગાથા નંબર સોળસો છાંસઠ (૧૬૬૬)

જો જહવાયં ણ કુણઇ મિચ્છદ્દિટ્ઠી તઓ હુ કો અણ્ણો?

જેવું કહ્યું એવું જે કરતા નથી, એનાથી મોટા મિથ્યાત્વી કોણ? મેં કહ્યું કોઈ પણ સાવદ્ય નહિં કરું. કરેમિ ભંતે, સામાઇયં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, પછી હું સાવદ્ય કરું છું તો નિશ્ચય નય મને મિથ્યાત્વી કહે છે. કારણકે હું

જે બોલ્યો, એ કરતો નથી.

વડ્ઢેઇ અ મિચ્છત્તં પરસ્સ સંકં જણેમાણો।

અને બીજાને પણ હું શંકા ઉપજાવીશ, શું આ ભગવાને કહ્યું છે, તો હું આ કરું છું! દુનિયાના કોઈ પણ પાપીના માથે જેટલી જવાબદારી નથી, એટલી જવાબદારી શ્રાવકના માથે છે. અને શ્રાવકના માથે જેટલી જવાબદારી નથી, એટલી જવાબદારી સાધુના માથે છે.

રસ્તે ચાલતો માણસ ગમે તે રીતે ગમે ત્યાં શૌચ કરી નાખે, એને લઘુશંકા થઈ ને એણે રસ્તાના કોઈ ખૂણે ઊભા રહીને શંકાનું નિવારણ કરી લીધું એનાથી શાસનને કોઈ ફરક પડતો નથી. સંઘના પ્રતિષ્ઠિત શ્રાવક, સંઘના સભ્ય, જે જૈન તરીકે પ્રસિદ્ધ છે, એ વ્યક્તિ એવું વર્તન કરે, શાસનનું માલિન્ય થાય, અને હજુ આગળ વધીને સાધુ એવું કોઈ વર્તન કરે, એનાથી શાસનનું અનેક ગણું માલિન્ય થાય.

વડ્ઢેઇ અ મિચ્છત્તં પરસ્સ સંકં જણેમાણો।

બીજાને શંકા થાય, કે શું એમના ભગવાને આવું કહ્યું હશે? મારું એક ગેરવર્તન ભગવાનને લજ્જિત કરે, મારું એક ગેરવર્તન શાસનને લજ્જિત કરે મારું એક ગેરવર્તન સંઘને લજ્જિત કરે, મારું એક ગેરવર્તન આગમને લજ્જિત કરે, તો મરી ગયો હું! સંસારી જીવ સંસારમાં રચ્યો-પચ્યો રહીને જે પાપ બાંધવાનો નથી, તમારી દ્રષ્ટિએ કે મારી દ્રષ્ટિએ કદાચ એવું મોટું પાપ ના હોય, પણ એનાથી હું ક્યાંક શાસનની નિંદામાં નિમિત્ત બની ગયો, તો હું મરી ગયો! એ પાપી કરતા પણ એક અપેક્ષાએ મારું પાપ વધી જશે!

પરસ્સ સંકં જણેમાણો।

ફલાણા શ્રાવકે આવું કર્યું તો શું એમના ધર્મમાં આવુ

કહ્યું હશે કે જ્યાં સુધી ભીતરમાં અભિમાન છે, કર્તૃત્વાભિમાન છે, સ્વામીત્વાભિમાન છે, ભલે ધર્મમાં આપણે આગળ વધ્યા, શ્રાવક પદ સુધી પહોંચ્યા, સાધુ પદ સુધી પહોંચ્યા, વારંવાર અનુચિત વર્તન, હરીભદ્રસૂરી મહારાજ ના શું શબ્દો છે,

सइ उचियपवित्तिओ ।

શ્રાવક એને કહેવાય, સાધુ એને કહેવાય, જેનાથી કદી પણ અનુચિત પ્રવૃત્તિ થાય જ નહિ. વાતવાતમાં આપણે કહીએ મેં આટલું કર્યું, મેં આટલું કર્યું, મેં આટલું કર્યું. સ્વ પ્રશંસા એ ગંદકી છે જેનાથી આપણું મોઢું ગંધાઈ ઉઠે છે. સાચું બોલો તમને કોણ ગમે, જે પોતાના વખાણ કર્યા કરે એ તમને ગમે કે, કે જે પોતાના દોષ બોલે જેને પસ્તાવો થાય, જે સાફ હૃદય વાળો હોય, નિર્મળ હૃદયવાળો હોય, સરળ હોય, નમ્ર અને લઘુ હોય એ તમને ગમે કે, તમને કોણ ગમે કે,

હવે કરીને આપણે આપણો મનને રૂડા ચીતરવાનો પ્રયાસ કરીએ છીએ. સુકૃત-અનુમોદના જુદી વસ્તુ છે અને કર્તૃત્વાભિમાન એ જુદી વસ્તુ છે. આપણે જેટલા સુકૃત કર્યા એની જાહેરમાં કદી પણ આપણાથી અનુમોદના થઈ ના શકે, આપણા સુકૃતોની અનુમોદના મનમાં કરાય, બીજાના સુકૃતોની અનુમોદના જાહેરમાં કરાય ! પંચ પરમેષ્ઠી ના સુકૃતો, શ્રાવક-શ્રાવિકાઓના સુકૃતો, બીજા પણ જે ભદ્રક માર્ગાનુસારી જીવો હોય એમના સુકૃતો, આ બધાની અનુમોદના છે, બીજાને કહી શકાય. આપણી અનુમોદના છે મનમાં કરીએ, સુકૃત અનુમોદના એ કર્તવ્ય છે પણ જ્યારે આપણે જાહેરમાં કરવા માંડીએ છીએ, ત્યારે એ સુકૃત અનુમોદના મટીને કર્તૃત્વાભિમાન

બની જાય છે. આપણે ઉપાશ્રયમાં ગયા, ગુરૂ ભગવંતને વંદન કર્યા, નીચે આપણાથી બેસાતું નથી, બાજુમાં કોઈ મહાત્મા હતા, એમને આપણે કહ્યું મને ખુરશી આપજો. ધારોકે ! અને સાથે બીજા પણ લોકો છે, વંદન કરવા મળવા આવ્યા છે, આપણો આ DIALOUGE સાંભળ્યો છે. તેઓ શું કહેશે ? કહેશે કે તૂટી પડશે ! તમને કોઈ ભાન-બાન છે કે નહિ, કોઈ વિવેક છે કે નહિ, ઔચિત્ય છે કે નહિ, મહાત્મા પાસે આપણે ખુરશી-મંગાતી હશે !

જ્યારે સંઘના માધ્યમે, આરાધનાના માધ્યમે, વ્યવસ્થાના માધ્યમે, ભગવાનના માધ્યમે, જ્યારે આપણે આપણો અહમ પોષવો હોય છે ને, ત્યારે હકીકતમાં મહાવીર પાસે આપણે ખુરશી મંગાવતા હોઈએ છીએ ! એક MEDIA બન્યા ભગવાન, એક સાધન બન્યા, ખરા મહાવીર નો આપણો અહમ હતો, ને અહમ પોષવા માટે આપણે મહાવીર નો ઉપયોગ કર્યો, એનો અર્થ એ જ છે કે આપણે મહાવીર પાસે ખુરશી મંગાવી. આ જ કર્તૃત્વાભિમાન, આ જ સ્વામીત્વાભિમાન, સાધકો ની આશાતના કરાવે, આ જ સ્વામીત્વાભિમાન ઊંચાઈએ-આવેલી વ્યક્તિને સાવ જ ઉતારી પાડે. હું તમને કહું છું કે આપણે ભગવાનના ભક્ત ખરા ? અને જો આપણે ભગવાનના ભક્ત છીએ તો આપણો ભાવ, એવો હોય કે અહીંયા આવનાર ઓછા હોય, કે આપણો ભાવ એવો હોય કે મારા ભગવાનના ભક્તો ના ગુણાકાર થાય !!

જે પ્રભુના ભક્તો ના ભાગાકાર કરવામાં, બાદબાકી કરવામાં, મન ખાટા કરવામાં, પાછા પાડવામાં, એમના મનમાં કડવાશ ભરવામાં, સંઘનું અને એમનું અંતર વધારવામાં નિમિત્ત બને, એને પ્રભુનો ભક્ત કઈ રીતે કહી શકાય ? નીતી શાસ્ત્રોની અંદર એક ગજબની વાત કરી છે, વિચિત્ર સ્વભાવ નો સેવક

એના સ્વામીને એકલો કરી નાખે છે. એક છોકરાને
મેં દીક્ષા આપી, તપસ્વી છે. જ્ઞાની છે. વિદ્વાન છે.
સંયમી છે બધું જ છે પણ, સ્વભાવ સારો નથી.
હવે એક શિષ્ય મને એવા થઈ ગયા હશે ને, એટલે
પછી મને દસ શિષ્યો થતા-થતા રહી જશે, વાત
સમજાય છે ! કારણકે એનો સ્વભાવ એવો છે.
એ બીજાને સહન નથી કરી શકતા, બીજા આવે તો
એમને ભાગ પડ્યો હોય એવું લાગે છે, બીજા આવે
તો એને પોતાનું ઝૂંટવાઈ, લુંટાઈ ગયું હોય એવું લાગે
છે. બીજા આવે એ પહેલાંથી એને દુશ્મન લાગે છે.
એનો વાણી, એનું વર્તન એનું વલણ, એનો વ્યવહાર
એવો છે કે જે આવ્યા એ હાથ જોડીને પાછા જશે.
તો એ ગમે તેટલી મારી સેવા કરતા હોય, મારી -
બધી જ ગોચરી લાવે, પાણી લાવે, કાપ કાઢે, પડિલેહણ
કરે, ઓઘો બાંધે, મારું બધું જ કરવા છતાં હકીકતમાં
એ મારા શિષ્ય કે એ મારા વિરોધી !

ભગવાન, મારા ભગવાન છે, ભગવાન
પાછળ હું બધું જ કરું, ભગવાન પાછળ હું પાગલ
બની જઉં, ભગવાન પાછળ હું બધું લુંટાવી દઉં,
પણ અહીંયા કોઈ આવે, ના મારી જગ્યા છે. અહીંયા
કોઈ પગ નો મુકે, ના, આવું તો નહીં જ ચાલે,
એને હું ધધડાવી દઉં, હું કહું છું કે આપણે
ભગવાનના ભક્ત નથી ભગવાનના વિરોધી છીએ.

ભગવાન કહે છે કે ભાઈ તમારા
કારણે તો આ દેરાસર, ઉપાશ્રય, આયંબિલ ખાતું,
પેઢી, પાઠશાળા, વ્યાખ્યાન, આ બધાનો કોઈ અર્થ
જ નહીં રહે, કદાચ આ બધું ના પણ હોત ને
પણ તમે જે રીતે ધધડાવી ને પાછા કાઢો છો,
આવું તો ના બનત, પેલો જિનશાસનનો દ્વેષી તો
ના થાત. સંઘ પ્રત્યે કડવાશ તો ના ભરત !

આ તો ઉલ્ટાનું આ બધું છે, ને તમારું આવું વર્તન છે,
એના કારણે પેલો ખુબ વધારે નુકશાનમાં ઉતર્યો,
અને તમારો તો અનંત કાળ બગડ્યો.

અહીં આવેલી એક અજૈન વ્યક્તિને પગ પાછો કાઢવો, એની સાથે બરછટ વ્યવહાર કરવો, એનો અર્થ છે ઇંદ્રભૂતિ ને ગૌતમસ્વામી બનતા રોકવા. ઇન્દ્રભૂતિ - ગૌતમસ્વામી બન્યા છે, પહેલા ગણધર - બન્યા છે, ચૌદપૂર્વી બન્યા છે, દ્વાદશાંગી ના રચયિતા બન્યા છે, સર્વલબ્ધિ નિધાન બન્યા છે ને જેને દીક્ષા આપે એને કેવળજ્ઞાન થયા વગર રહે નહિ. એટલી HEIGHT સુધી, એટલી શક્તિ સુધી, પહોંચ્યા છે એ બધા ના મૂળમાં, ભગવાનનું એક વાક્ય છે,

" હે ઇન્દ્રભૂતિ ગૌતમ, તમે સુખે આવ્યા "

હું તમને પુછું છું કયો સદ્ભાવ એમના અંતરમાં હતો સમવસરણમાં આવતી વખતે ! માયાવી છે, ઇન્દ્ર-જાળી છે, ધુતારો છે, લોકો ને ભોળવે છે, મને - ભોળવી બતાડે તો માનું, સમજે છે શું એના મનમાં, બતાવી દઉં એને, એ સર્વજ્ઞ નથી, હું સર્વજ્ઞ છું, આ ભાવના સાથે, સમવસરણમાં પગ મુકનાર વ્યક્તિ સાથે, ભગવાનનો જે વ્યવહાર, ભગવાન ની જે વાણી, ભગવાનની જે મીઠાસ, ઇન્દ્રભૂતિ ને પલળી નાખ્યા, અને એમને પલાળીને, એમને ગૌતમસ્વામી સુધી પહોંચાડ્યા !

દેવાધિદેવ આવું વર્તન કરી શકે, દેવાધિદેવ વ્યક્તિ ના દોષો સામે આંખ આડા કાન કરી શકે, દેવાધિદેવ છે ને બીજાને વાત્સલ્ય થી નવડાવી શકે, દેવાધિદેવ ખુદ બીજાને સન્માન આપી શકે જેનામાં હજુ સુધી કોઈ ગુણ નથી ને, દોષો નો ઢગ જે અહંકાર કહેવાય, જેની અંદર ફાટ- ફાટ- ફાટ- ફાટ થાય છે, એને ભગવાન આટલા સદ્ભાવથી આવકારો

શકે, હું તમને પુછુ છું આપણામાં કયા દેવાધિદેવ ડક્ષા ના ગુણો છે, અને અહીંયા આવનાર વ્યકિત, એનામાં એવા કયા દોષો છે ? હું તમને હાથ જોડીને કહું છું અહીંયા આવે એને પ્રેમથી નવડાવો હો, આમ આપણી વાણીમાં મધ ઝરતું હોય, એને એટલી બધી હુંફ મળે, વાત્સલ્ય મળે, એ એક વાર આવતો હોય તો ત્રણ વાર દોડતો આવતો થઈ જાય, સંસારમાં બધે માર ખાય છે, ગાળ ખાય છે, ઘરનાની પણ એને કિંમત નથી, બધે તડ ને ફડમાં એની સાથે બધે જ વાત થતી હોય, એને અહીંયા વાત્સલ્ય મળશે, એ દોડતો આવશે, ધર્મમાં આગળ વધશે, તમારા બે શબ્દો, કોઈ જીવની સંસાર યાત્રાને મોક્ષ યાત્રા પણ બનાવી શકે છે તમારા બે શબ્દો, કોઈની મોક્ષયાત્રાને સંસાર યાત્રા પણ બનાવી શકે છે, હું કહું છું એનું તો જે ભવિતવ્યતા હશે એ થશે, પણ તમે જે - ગેરવર્તન કર્યું છે, તો તમે મરી જવાના !

ફાવે તો પ્રેમથી નવડાવી હો, ન જ ફાવે તો મૌન રહો, એ પણ ન ફાવે તો ઘરે જ બેસો, પણ અહીંયા આવનાર ના હૃદયને ઠેસ પહોંચાડવી, એની લાગણી દુભવવી, આવું સપનામાં પણ કરશો નહિ. તમે કેટલા સાચા છો, તમે કેટલા ખોટા છો, આ બધા જ મુદ્દા ભુલી જાવ, ગમે તેટલી ખોટી વ્યકિતને ઠેસ પહોંચાડવામાં તમે નિમિત્ત બન્યા, એટલે સમજી લો, કે તમે ભગવાનનો દ્રોહ કર્યો, તમે શાસનનો દ્રોહ કર્યો, તમે સંઘનો દ્રોહ કર્યો.

બે વરસ પહેલા એક સંઘની અંદર અમારી સ્થિરતા હતી, ત્રીજા માળે હું બેસતો ને કોઈ કારણસર પહેલા માળે આવ્યો હતો, બે શ્રાવક

કહી

મારી પાસે આવ્યા, કાંઈક મને કહી રહ્યા હતા, એમની સાથે વાત કરવા મેં ઊંચું જોયું ને મને ખ્યાલ આવ્યો, અડધા દાદરે કોઈ બહેન ઊભા છે. મેં શ્રાવકને કહ્યું કે, એમને જરા કહેજો ને કે નહિ અવાય, બહેનો ના આવી શકે એ એક મર્યાદા છે, એમને કહેજો નહિ અવાય. એ ભાઈ ત્યાં ગયા, પહેલા દાદરા સુધી પહોંચ્યા, અને બહુ જ ROUGH શબ્દોમાં કહ્યું, નહીં અવાય અહીંયા, મહારાજ સાહેબે કહ્યું છે, જતાં રહો! એ ભાઈએ મારા શબ્દોનું TRANSLATION એમની ભાષામાં કર્યું હતું. મને બહુ જ આઘાત લાગ્યો. ન આવવા દેવું એ મર્યાદા પાળીએ એ બરાબર છે. પણ આવી રીતે પળાવીએ એ તો કેવી રીતે ઉચિત કહેવાય! જે પણ હશે એ સંઘના એક સભ્ય હશે, પ્રયોજન હશે, બે બીજા આગળ હતા, પણ એ અડધે આવી ગયા હશે, અને એટલું કહી દઈએ તો જતા રહેવાના છે. મને એટલું દુ:ખ થયું, મેં જે બીજા શ્રાવક હતા એમને કહ્યું કે, તમારી સાથે આવ્યા છે? તો હા એ મારા શ્રાવિકા છે. મેં કહ્યું કે એમને મારા તરફથી મિચ્છામિ દુક્કડં કહેજો, અને કહેજો કે દુ:ખ લાગ્યું હોય તો માફ કરે.

એક COMPANY હોય છે ને એ COMPANY ના REPRESENTATIVE હોય છે. — BUSINESS EXECUTIVE, MARKETING EXECUTIVE વગેરે વગેરે, તમે વધારે ખબર હશે. એની TRAINNING હોય છે. એ ઘરમાં તડફડ કરતા હોય, ગમે તે રીતે વર્તતા હોય, બધાને ત્યાં સીધા કરવામાં આવે. એની TRAINNING આપવામાં આવે કે સામી વ્યક્તિનું કઈ રીતે દીલ જીતવું, કઈ રીતે ભાષા બોલવી, કઈ રીતે CUSTOMER ના EGO ને PROMOTE કરવો, કઈ રીતે CUSTOMER ને આકર્ષિત કરવા, કઈ રીતે એને પલાળવો, કઈ રીતે એનો ભાવ કંપની તરફ વધે

એવો પ્રયાસ કરવો કઈ રીતે અને ઘરાક બનાવવો,
CLIENT બનાવવો, અને કઈ રીતે એ કંપની સાથે
કાયમી રીતે જોડાઈ જાય, એ આખી TRAINNING
આપવામાં આવે.

એક વ્યક્તિ છે જે માને છે આ
COMPANY બહુ જ સારી, એક વ્યક્તિ છે જે માને
છે કે મારે આ COMPANY નો પ્રચાર કરવો છે,
એક વ્યક્તિ છે જે માને છે કે મારે ઘણા લોકો સુધી
આ કંપની પહોંચાડવી છે, અને એની રીતે એ કામે
લાગે, પણ COMPANY એ એને APPOINT ના
કર્યો હોય તો બની શકે કે એ COMPANY ને
વધારે નુકશાન કરે! અને હું માનું છું કે આવા
પ્રકાર નો પ્રચાર કોઈ નિ:સ્વાર્થ ભાવે કરતું હોય તો
COMPANY એના ઉપર CASE કરી શકે, COMPANY
એના ઉપર CLAIM કરી શકે, COMPANY એની
પાસે પોતાની નુકશાની માંગી શકે, કારણકે જે
COMPANY ને તમે સમજ્યા નથી, જે COMPANY નું
પ્રતિનિધિત્વ કરવાની તમે તાલીમ લીધી નથી, જે
કંપની નું પ્રતિનિધિત્વ કરવાની તમારામાં
યોગ્યતા નથી, અને એ કંપનીના પ્રચાર નિમિત્તે
પણ તમે એ COMPANY નું પ્રતિનિધિત્વ કરવા જાવ,
એમાં કંપનીને નુકશાન થયા વગર રહેવાનું નથી.
આપણે ત્યાં બહુ મોટી તકલીફ એવી છે કે તાલીમ
ના નામે જે વ્યક્તિ ને ZERO MARKS આવ્યા
હોય, તે વ્યક્તિ પોતાને સો MARKS આવ્યા છે એમ
સમજીને, ભગવાનના, ગુરુના, સંઘના, પ્રતિનિધિ
બનીને, જેને જેમ સુજ પડે એમ પોતે એના
REPRESENTATIVE થઈ જાય! થાય છે?
પરિણામ શું આવે? ઉપદેશમાળામાં ધર્મદાસ
ગણિ મહારાજ, એક ગાથાની અંદર અદ્ભુત પદાર્થ

કહે છે કે, ગુરુ શિષ્યને કઈ રીતે TREAT કરે !
ગુરુ, જેને ભગવાનનો દરજ્જો આપ્યો, ગુરુ જેને એક
અપેક્ષા એ, ભગવાન કરતા ઉંચો દરજ્જો શાસ્ત્રો એ
આપ્યો ! ભગવાને કહ્યું કે આ વસ્તુ ભક્ષ્ય છે, સાધુ
ને વહોરવી કલ્પે, ગુરુ એ શિષ્યને કહ્યું કે તમારે
આ વસ્તુ ના વહોરવી. શિષ્યએ કોનું માનવાનું ?
શાસ્ત્રમાં કહ્યું કે, એક અપેક્ષા એ ભગવાન
કરતા ગુરુનું સ્થાન મોટું કારણકે, ગુરુ FAMILY
DOCTOR છે. ગુરુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુએ,
ગુરુ એ શિષ્ય ની પ્રકૃતિ જુએ, જેવી રીતે એમની
આરાધના સચવાય એ રીતનું માર્ગદર્શન આપે, -
ભગવાને GENERAL માર્ગદર્શન આપ્યું હોય, ગુરુએ
GENERAL માર્ગદર્શનને નજર સામે રાખીને SPECIAL
માર્ગદર્શન આપે. મોટા- મોટા DOCTORS કહે કે
તમારે આ કરવાનું ને તમારા FAMILY DOCTOR
કહે કે, તમારી પ્રકૃતિ - તાસીર આ છે તમારે આ
કરવાનું, તમે કોનું માનશો ?

ગુરુનો આટલો દરજ્જો હોવા છતાં,
ઉપદેશ માલામાં કહ્યું,

ધમ્મમઇહિં અઇસુંદરેહિં કારણગુણોવણીએહિં ।

ગુરુ પાસે સત્તા છે, શિષ્યે સમર્પિત રહેવાનું છે,
ગુરુને ભગવાન કે ભગવાનથી અધિક સમજવાના છે,
શિષ્યએ ગુરુના વચનમાં વિચાર સુદ્ધા કરવાનો નથી,
ગુરુ કહે કુદી પડો દસમા માળેથી તો કુદી પડવાનું છે,
અને છતાં પણ ગુરુએ શિષ્ય સાથે બરછટ ભાષામાં,
તોછડી ભાષામાં, તડફડ ની ભાષામાં વાત કરવાની
નથી, એટલા એટલા પ્રેમ સાથે ગુરુ શિષ્ય ને કહે,
એટલું હિત સાથે કહે, જાણે એના મનને આનંદિત
આનંદિત આનંદિત કરતા હોય, ને શિષ્યના રૂંવાડા
આમ ઊભા થઈ જાય, અંદર આનંદ.. આનંદ.. આનંદ

થઈ ગયા, એ રીતે ગુરુ શિષ્યનું અનુશાસન કરે !
જે ગુરુ માટે આવું કહ્યું હોય તો હું તમને કહું છું,
એવી આપણી પાસે કોઈ સત્તા નથી, એવો કોઈ
અધિકાર નથી, નથી આપણું એવું કોઈ પદ, એવું
કોઈ પદ હોય તો પણ શાસ્ત્રો આપણને એવો કોઈ
અધિકાર આપી દેતું નથી, અને છતાં આપણો સ્વચ્છંદ
વ્યવહાર હોય, ગુરુ માટે કહ્યું કે ભારતમાં જો ના
સમજે ~~ના~~ તો થોડી આ ભાષામાં, એનાથી ના સમજે
થોડી આ ભાષામાં, એનાથી ના સમજે તો થોડી આ
ભાષામાં, એમ કરતા કરતા છેવટે મારવું પડે તો મારવાની
છુટ શાસ્ત્રોએ આપી પણ એ STEP BY STEP
જવાની વાત કરી, આપણી સીધી તમાચો મારવાની
વાત હોય, હું તમને પુછું એ પણ કોઈ અધિકાર
વગર, આ જિનશાસનની COMPANY ના આવા
ભલી, નકલી, બિનશિક્ષિત, અણઆવડત વાળા,
REPRESENTATIVE થવા આપણે જઈએ, આમ
પૂજા નથી કરવાની, આમ વિધિ નથી કરવાની,
અહીંયા આવું ના કરાય, થોડુંક કાંઈક વાંચી લીધું,
થોડુંક કંઈક સાંભળી લીધું, આપણને લાગી ગયું
કે આપણને બધું જ સમજાઈ ગયું છે, અધ્યાત્મ-
સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

अधीत्य किञ्चिच्च निशम्य किञ्चित् ।

કંઈક સાંભળી લીધું, કંઈક વાંચી લીધું, કંઈક ભણી
લીધું, એક કદાગ્રહ બંધાય ગયો, આમ જ છે.
અને પોતાને જે પંડિત માની લે છે, હકીકતમાં
તેઓ કશું જ સમજ્યા નથી । ~~એક~~ એક સાવ
જ, પહેલી વાર અહીંયા આવેલી વ્યક્તિ, જેનામાં
નમ્રતા છે, અહોભાવ છે મને કોઈ ખબર પડતી
નથી, આવી સંવેદના છે, એ નિશ્ચય દ્રષ્ટિએ
પેલા પંડિત કરતા આગળ હોય છે. - શ્રાદ્ધ દિન કૃત્ય ગ્રંથ


classmate

અને એની અંદર, બહુ સ્પષ્ટ શબ્દોમાં આપણને - બધાને ઉદ્દેશીને કહી દીધું,

विवायं कलहं चेव सव्वहा परिवज्जए।

કોઈ પણ પ્રકારે, કોઈ પણ રીતે, તમારા વર્તનથી, વાણીથી, વચન કે વ્યવહારથી, મૌખિક કે લેખિત રૂપે, ફોનથી કે મેસેજથી, પરસ્પરની કોઈ એવી વાતોથી, કોઈ પણ રીતે,

~~साहम्मिएहिं सद्धिं तु जओ एअं विआहिअं।~~

સાધર્મિક સાથે, તમે કોઈ પણ રીતે વિવાદ, કલહ, ઝઘડો, કજીયો, ભુલે ચુકે કરતા નહીં. શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ કહે છે → સવ્વહા પરિવજ્જએ

~~जो किर पहणइ साहम्मिअम्मि कोवेण दंसणमयम्मि।~~

એ ઝઘડા, કજીયાના જેટલા પ્રકાર હોય, એ બધા પ્રકારથી, શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ એમ નથી કહેતું, વર્જજો - ત્યાગ કરજો, શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ કહે છે → પરિવજ્જએ

~~आसायणं तु सो कुणइ निक्किवो लोगबंधुणं॥~~

બધી જ રીતે તમે એનો ત્યાગ કરજો, બધા જ ભાવથી ત્યાગ કરજો, એ તમારા આત્મા માટે હળાહળ ઝેર છે, એમ સમજીને એનો ત્યાગ કરજો. પ્રશ્ન કર્યો કે આમ કેમ ત્યાગ, આવું કેમ, આવું તો હરગીઝ ન ચાલે, અને શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ પ્રેમથી કહે છે,

जओ एअं विआहिअं

એમ ના પાડીએ છીએ કોઈ રીતે કજીયો નહીં કરતા, કારણકે ભગવાને આવું કહ્યું છે, પ્રશ્ન કર્યો શું કહ્યું છે?

जो किर पहणइ साहम्मिअम्मि कोवेण दंसणमयम्मि।

જે સાધર્મિકને કોઈ પણ રીતે HURT કરી લે છે,

आसायणं तु सो कुणइ निक्किवो लोगबंधुणं॥

તે હકીકતમાં દેવાધિદેવ, પરમાત્માની આશાતના કરે છે. તમારા દીકરાનું અપમાન એ તમારું અપમાન છે.

વિદેશની અંદર ભારતના એલચી ગયા હોય, અને એમનું અપમાન કરવામાં આવે એ દેશનું અપમાન છે. તમારા OFFICE ના STAFF ને તમે કોઈ પેઢીની અંદર મોકલ્યો, કોઈ સોદો કરવા, કોઈ વાત કરવાને એની સાથે ગેરવર્તન થયું, એ હકીકતમાં તમારી સાથેનું ગેરવર્તન છે. તમારી FACTORY હોય, એનો એક નાનો મજુર પણ હોય, એની સાથે બીજુ FACTORY નો માલીક, મેનેજર, કે કોઈ વ્યકિત ગેરવર્તન કરે, એ તમારી FACTORY નું અપમાન છે, તમારું અપમાન છે. બરાબર એજ રીતે, સાધર્મિક નું અપમાન એ ભગવાનનું અપમાન છે. સાધર્મિક ને HURT કર્યું એ ભગવાનને HURT કરવા બરાબર છે. સાધર્મિક ને ગાળ આપવી એ ભગવાનને ગાળ આપવા બરાબર છે સાધર્મિકની આશાતના કરવી એ ભગવાન ની - આશાતના કરવા બરાબર છે.

શ્રાવક એને કહેવાય એના - નોકરના, નોકરનો, નોકર હોય, એની સાથે પણ બરછટ વ્યવહાર ના કરે. જે સંઘનો સભ્ય છે. એની સાથે બરછટ વ્યવહાર થઈ શકે, એટલે હદની પણ હદ વટી જાય! સાધર્મિક સાથેનો બરછટ વ્યવહાર એ શાસનની અપભ્રાજના છે. સાધર્મિક સાથેનો ઉચિત વ્યવહાર, શાલીન વ્યવહાર, એ શાસનની પ્રભાવના છે. તમે પાંચ કરોડ રૂપિયા વાપરીને સ્વામી વાત્સલ્ય કદાચ અમદાવાદ લેવલનું કરી લીધું, એનાથી કદાચ જે શાસનની પ્રભાવનાના થાય એના કરતા વધારે શાસનની પ્રભાવના, આનાથી થઈ શકે. કે તમે અબજોપતિ હો, સંઘનો નાનામાં નાનો માણસ હોય, પણ એ જૈન છે, આટલા BASE ઉપર, તમે એને વંદી શકો,

તમે એનું સન્માન કરી શકો, અને આ ઘરના જે HIGH-LIGHT થાય, તો એવા વિરાટ સ્વામીવાત્સલ્ય કરતા વધારે શાસન પ્રભાવના થાય !

પટેલ FOR પટેલ છે, મુસલિમ FOR મુસલિમ છે, જૈન FOR જૈન નથી, જૈન-જૈનનું કાપે આનાથી મોટી શાસન અપભ્રાજના બીજુ કઈ હોય શકે. સમકિત ના સડસઠ બોલની સજ્ઝાય ની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, શાસન પ્રભાવનાની સીધીને સટ વ્યાખ્યા કરે છે.

જિનશાસનગુણવર્ણના જેહથી બહુ જન હુંત

મહોપાધ્યાયજી એમ નથી કહેતા કે તમે પચ્ચીસ કરોડ વાપરો તો શાસન પ્રભાવના થાય, મહોપાધ્યાય-જી એમ નથી કહેતા, જમણવારમાં સો ITEM હોય તો જ શાસન પ્રભાવના થાય, થાય એની ના નથી, સંઘની જેટલી ભક્તિ કરો એટલી ઓછી છે. પણ એમાં પણ શાસન પ્રભાવના-ના હોય, મોડ ભેગા થયા, સ્વામીવાત્સલ્યમાં આવ્યા ને ત્યાં ઝઘડી ને છુટા પડ્યા. આપણે એટલા માટે ઝઘડતા નથી. કારણકે આપણે ભેગા મળતા નથી. જો આટલું જ કારણ છે તો શાસનની અપભ્રાજના છે. તમે દસ લાખનો જમણવાર કરો કે, દસ કરોડ નો જમણવાર કરો, પરસ્પરનો જ્યાં સદ્ભાવ નથી, શાસનની અનુમોદના નથી, ધન્ય છે આ જિનશાસનને, જેની અંદર પરસ્પર નો આદર છે, જેની અંદર ઉચિત અને શાલીન વર્તન છે. જેની અંદર સહિષ્ણુતા છે, બીજાના કોઈ દોષો પ્રત્યે, બીજાના કોઈ પાપો કે ભુલો પ્રત્યે, એક કુંકુ નો ભાવ છે. બીજાને વાત્સલ્ય થી નવડાવવાની વૃત્તિ છે. આવી અનુમોદના થાય, જિનશાસન-ની પ્રશંસા થાય તો એ પણ ઉત્કૃષ્ટ શાસન પ્રભાવના છે.

જિનશાસનગુણવર્ણના જેહથી બહુ જન હુંત
કીજે તેહ પ્રભાવના પાંચમું ભૂષણ ખંત

જે પાંચ ભૂષણ બતાવ્યા, સમ્યક્ત્વના ને એમાંથી પાંચમું ભૂષણ, આ પ્રભાવના બતાવ્યું. અને એ પ્રભાવના રૂપ જે ભૂષણ છે એનું લક્ષણ બતાવ્યું. જેનાથી શાસનની પ્રશંસા થાય એ પ્રભાવના. અને અર્થાપત્તિ થી અર્થ નીકળે, જેનાથી શાસનની નિંદા થાય, એ અપભ્રાજના !

સંઘને જોવાની આપણી દ્રષ્ટિ કઈ છે ? આપણી દ્રષ્ટિમાં સંઘ શું છે ? એમના પ્રત્યે જે વાત્સલ્ય છે, સૌમ્ય વ્યવહાર છે, તો આપણે શાસનની પ્રભાવનામાં નિમિત્ત બની ને, સદ્ગતિ ની પરંપરા સાથે મોક્ષ ને RESERVE કરી દઈશું. બહુ સરસ મજાની વાત. શ્રાદ્ધદિનકૃત્ય ગ્રંથ કરે છે.

સાહમ્મિઆણ વચ્છલ્લં કાયવ્વં ભત્તિનિબ્ભરં ।

સાધર્મિક નું વાત્સલ્ય એ કર્યું છે.

દેસિયં સવ્વદંસીહિં સાસણસ્સ પભાવણં ॥

સર્વ દર્શી એવા તીર્થંકર ભગવંતો એ કહ્યું છે, સાધર્મિક ને તમે વાત્સલ્ય થી નવડાવી દો, એ શાસનની પ્રભાવના છે. શ્રાદ્ધદિનકૃત્ય આગળ વધીને કહે છે, આપણી દલીલો વિસરાય જાય, આપણા વિભાવો ને દુર્ભાવો વિસરાય જાય, એનો આ ભૂલ છે, એનો આ દોષ છે, એની આ વિરાધના છે, એણે આમ કર્યું છે, એણે તેમ કર્યું છે. શ્રાદ્ધદિનકૃત્ય કહે છે બધી જ વાત તમારી ફગાવી દો, આગમાં નાખી દો, બાળી નાખો ને અમારી વાત સાંભળો !

તમ્હા સવ્વપયત્તેણ જો નમુક્કારધારઓ

જેનામાં કોઈ આરાધના નથી, નવકારશી નું પચ્ચખાણ નથી, ચોવિહાર નથી, અભક્ષ્ય ત્યાગ નથી, કદાચ જેના જીવનની અંદર, અનેક વ્યસનો છે. કદાચ જેના જીવનની અંદર અનેક પાપો છે. છતાં જેનો સાથ

ખોટી છે, કામ જેના સાવ જ ખોટા છે. એવો પણ શ્રાવક
હોય, જેને કદાચ તમે શ્રાવક કહેવા તૈયાર ના થાવ,
જેની પાસે બીજું કશું જ નથી, ફક્ત નવકાર છે.

ઓ ણમુક્કાર ધારઓ

જે માત્ર નવકારનો પણ ધારક છે.

સાવઓ સો વિ દટ્ઠવ્વો જહા પરમ બંધવો ॥

તેવા શ્રાવકને પણ એવી રીતે જોવા, જાણે એ તમારા
પરમ સ્વજન છે. તમારા મિત્રની વાત નથી, દૂરના સગાની
વાત નથી, નજીકના સગાની વાત નથી, ઘરના સભ્યો
પુરતી પણ વાત નથી, પણ ઘરના સભ્યોમાં પણ જે
સૌથી વધારે વહાલી છે, ત્રણ વરસની દીકરી હોય છે,
એ એટલી લાડકી હોય છે ને, આમ પપ્પા બહાર તો
બધાને ધ્રુજાવતા હોય, એ દીકરી કહે કે પપ્પા ઉભા
થાવ એટલે પપ્પા ઉભા થાય, દીકરી કહે કે બેસી જાવ
તો બેસી જાય! પપ્પા જમવા બેસવાની તૈયારી કરી
રહ્યા છે, બેસી ગયા છે, દીકરી કહે પપ્પા બજારમાંથી
આ વસ્તુ જોવે છે, અને પપ્પા ઉભા થઈને વસ્તુ લઈ
આવે, ને પછી જમવા બેસે. હું તમને પુછું છું હોય છે
તમારા સંસારમાં એવું?

સાવઓ સો વિ દટ્ઠવ્વો જહા પરમ બંધવો ।

પરમ સ્વજનનો અર્થ એ છે, કે જેનું તમે બધું જ સહન
કરવા તૈયાર છો. પરમ સ્વજન એટલે જેની પાછળ તમે
અડધા-અડધા થઈ જાવ. પરમ સ્વજન એટલે જેની પાછળ
બધું જ કુરબાન કરી દો. પરમ સ્વજન એટલે જેના માટે
બધું જ ન્યોછાવર કરી દો. પરમ સ્વજન એટલે જેના ખાતર
અહમને માળીએ ચડાવી દો. પરમ સ્વજન એટલે જેમને
તમે હેત અને વાત્સલ્યથી નવડાવી દો. તમારા માટે સંઘનો
દરેક સભ્ય એવો પરમ સ્વજન થઈ જાય, તો સમજવાનું કે
આજે આપણે ખરા અર્થમાં જૈન બની ગયા। — શ્રાવકનો
અર્થ શું? જૈનનો અર્થ શું? બહુ સીધી-સાદી

ચોખ્ખા તમને જૈનની કહું જેના માટે જૈન એ
દીકરો થઈ જાય, અને દીકરો એ જૈન થઈ જાય,
એનું નામ જૈન! જૈન એ દીકરો થઈ જાય એટલે
જૈન માત્ર એ પરમ સ્વજન થઈ જાય. જ્યાં કોઈ
વિવાદ, કલહ, ઝઘડો, ડખો, ઉતારી પાડવો, તિરસ્કાર
કરવો, એની સામે પડવું, એની સામે લડવું, એને
કોઈ પણ રીતે HURT કરવાનો પ્રયાસ કરવો, આવી
કોઈ શક્યતા જ ના રહે! જૈન દીકરો થઈ જાય.
અને NUMBER TWO, દીકરો જૈન થઈ જાય.
બહુ સરસ મજાની વાત પંચસુત્રની અંદર કરી,
શ્રાવક પોતાના પરિવારનું પાલન પોષણ ન કરે એવું
નથી, ભરણ પોષણ ના કરે એવું નથી, એ છોકરાની
FEES પણ ભરશે, પત્નીને કોઈ વસ્ત્રાલંકાર જોવે
એ પણ અપાવશે, એ ઘરનું BUDGET પણ પુરું
કરશે, બધું કરશે પણ કઈ રીતે કરશે? શ્રાવક
સાચો એ છે કે દીકરામાં દીકરાને ન જુએ, દીકરામાં
જૈનને જુએ. પછી પત્ની- પત્ની નથી રહેતી ને
સાધર્મિક બની જાય છે, દીકરો- દીકરો નથી રહેતો
સાધર્મિક બની જાય છે, સ્વજનો- સ્વજનો નથી
રહેતા સાધર્મિક બની જાય છે. પરિવારને ધર્મ
પમાડવો, પરિવારમાં ધર્મનું સિંચન કરવું, પોષણ
કરવું. પરિવારમાં ધર્મ વૃદ્ધિ પામે એવા બધા જ
પ્રયાસ કરવા. અને પરિવારના સભ્યોને સાધર્મિક
તરીકે જોઈને, એમનું ભરણપોષણ કરવું. એ શ્રાવકની
સાંસારિક પ્રવૃત્તિ પણ ધાર્મિક પ્રવૃત્તિ બની જાય!
અને પંચસુત્રમાં આગળ સ્પષ્ટ શબ્દો કહ્યા,

एवं खु तप्पालणे वि धम्मो जह अण्णपालणे त्ति।

જ્યારે શ્રાવક આ ભૂમિકામાં આવી જાય છે, જૈન એ
દીકરો બની જાય છે, દીકરો જૈન બની જાય છે, પરિવાર
સાધર્મિક બની જાય છે. ત્યારે તમે જેમ કોઈ બીજ

જીવોનું પાલન કરો, એ ધર્મ બને, એમ પરિવારનું પાલન એ પણ ધર્મ બનશે. જિનશાસનના શ્રાવકની પરિણતિ કેવી હોય. કેવું જૈનત્વ એની અંદર જળાહળા થતું હોય. સંઘ પ્રત્યેની એની લાગણી કેવી હોય, હું તમને કહું છું, ગમે તેવો દુખિત કે પાપી વ્યક્તિ હોય, અંગત રીતે આપણો વિરોધી વ્યક્તિ પણ હોય, એમાં પણ આપણને આપણા વિરોધી ના દેખાય, ભગવાનના પરિવારના સભ્ય દેખાય, આપણા પરમ સ્વજન દેખાય, તો આપણે સાચા જૈન! સાચો જૈન એ છે જેને વિશ્વના TOP TEN શ્રીમંતો કરતા પણ, સંઘના BOTTOM TEN શ્રાવકો, એ MORE VIP લાગે. સાચો જૈન એ છે દુનિયાના બધા જ દેશો ના PM હોય, એનો કરતા પણ સંઘનો ચીંથરેહાલ શ્રાવક એ MORE VIP લાગે. સાચો જૈન એ છે, જેને દેખાતા ની સાથે, વિશ્વની TOP CLASS ની વ્યક્તિ હોય, આગળ વધીને દેવ કે દેવેન્દ્ર હોય, એના કરતા પણ મહાન વ્યક્તિ લાગે, એ સાચો જૈન!

વસ્તુપાલ મંત્રી, મહામંત્રી હતા. રામઓના રામ જેવા હતા. અનેક યુદ્ધો એમણે જીત્યા. કરોડો સોનામહોરો ના આસામી હતા, એટલા માટે એમના ચરિત્રો લખાયા નથી, એમના ચરિત્રો એટલા માટે જ લખાયા, માટે જ આચાર્ય ભગવંતો એ એમના ચાર મોં એ વખાણ કર્યા, કારણકે એ સાચા જૈન હતા! કારણકે એમણે સ્વાભિમાન્યાભિમાન ને વિખેરી નાખ્યું હતું.

સંઘ ભેગો મળ્યો છે," સંઘપતિ પદ " એમને આપવાનું છે. અંતરમાં વલોપાત ચાલી રહ્યો છે. આંખ માંથી અશ્રુની ધારા વહી રહી છે. હું સંઘનો પતિ કઈ રીતે બની શકું. બધાની આંખમાં આંસુ આવી ગયા છે. એક બાજુ બધાને લાગે છે, કે એ જ લાયક છે આ પદ માટે ને બીજુ બાજુ બધા જોઈ રહ્યા છે, કે એમનું અંતર કકળી રહ્યું છે. હરગીઝ એ રાજી નથી આ પદને

સ્વીકારવા માટે ! ખુરશીની ખેંચતાણ હોય તો આપણે કશું સમજ્યા જ નથી, હું મોટો એમ લાગતું હોય તો આપણે હું ખોટો નું જ પ્રમાણપત્ર આપી રહ્યા છીએ. બીજાની સાથે ગમે તેવો વ્યવહાર કરી શકીએ, એનો અર્થ આપણે કોઠના પણ કોઠ છીએ, ઢના પણ ઢ છીએ, આપણે કશું સમજ્યા જ નથી. અહમને કાઢો. જ્યાં સુધી અહમ છે ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી.

✯ અહમ એ આત્મા પરનો અણુબોમ્બ છે.
✯ અહમ એ પરલોક પરનો પરમાણુ બોમ્બ છે.
✯ અહમ એ આરાધના પર AK47 ના પ્રહારો છે.
✯ અહમ એ સદ્ગતિનું સત્યાનાશ છે.
✯ અહમ એ મોક્ષનું મૃત્યુ છે.

અષ્ટાવક્ર ગીતા કહે છે,

યદા નાહં તદા મોક્ષો યદાઽહં બન્ધનં તદા ।

જ્યારે અહમ નથી ત્યારે મોક્ષ છે, જ્યારે અહમ છે ત્યારે બંધન છે. આપણને લાગે છે કે અહમ કઈ રીતે છોડી દઈએ, અહમને પોષવા જ આવીએ છીએ, લોકોને લાગો પૂજા કરવા, લોકોને લાગો ભક્તિ કરવા, લોકોને લાગો વધાવી લેવા, લોકોને લાગો કે એ અહીંયા અધિકારી છે, લોકોને લાગો - ઓહોહો આટલું દાન, અમે બધું જ અહમ માટે કરીએ, તમે એ જ કાઢવાની વાત કરો છો તો પછી આ બધું કરવાનો અર્થ શું છે? અમે પેટ છૂટી વાત કરીએ, અમે નિખાલસ વાત કરીએ, અમે આ જે છે એ કહી દીધું અમારી બધી જ પ્રવૃત્તિ અહમના પોષણ માટે, એક વાક્યમાં ધર્મ બની જાય એ વાત જુદી છે. કોઈએ બહુ મજાની વાત કરી છે કે ઉદારતા ને અભિમાન બંને જુદી વસ્તુ છે છતાં આ બંને ગરીબીના પેટ ભરે છે. આપણને

લાગે છે કે અહમ નું વિસર્જન, એ આપણું વિસર્જન છે, પણ એવું નથી. અહમ આપણો નથી, અહમ આપણો મિત્ર નથી, અહમ આપણો દુશ્મન છે. અહમ પુષ્ટ-થાય છે ત્યારે આપણે કૃષ થઈએ છીએ. અહમ વધે ત્યારે આપણે ઘટીએ છીએ. અહમની આંગી થાય છે, ત્યારે આપણને ઉજરડા પડે છે. અહમની અંજનશલાકા થાય છે ત્યારે આપણી આંખો ફૂટી જાય છે. અહમ ગાદી નશીન થાય છે, ત્યારે આપણે પદભ્રષ્ટ થઈએ છીએ. અહમની પ્રતિષ્ઠા થાય છે, ત્યારે આપણું-ઉત્થાપન થાય છે. અહમ ENTER થાય છે ત્યારે-આપણી EXIT થઈ જાય છે. અહમ ને એનો ખોરાક મળી જાય છે, ત્યારે આપણે ભુખે મરીએ છીએ. અહમ ગટાગટ કરે છે, ત્યારે આપણે તરસ્યા મરીએ છીએ. અહમ નો GROWTH થાય છે, ત્યારે આપણો-DOWNFALL થાય છે. અહમને ગલગલિયા થાય છે, ત્યારે આપણા મોતિયા મરી જાય છે. અહમ-HEALTHY થાય છે, ત્યારે આપણને CORONA થઈ જાય છે.

હું કહું છું મારી નાખો અહમને, ઉખાડી દો અહમ ને, પછાડી દો અહમ ને, ફગાવી દો અહમને! એ અહમ જ છે જે સંઘના ભાગલા કરી રહ્યો છે, એ અહમ જ છે જે શાસનના સપના એને સાકાર થતા રોકી રહ્યો છે. એ અહમ જ છે જે લવ-જેહાદી એને મોકળું મેદાન આપી રહ્યો છે. એ અહમ જ છે જે બહાર લડવાને બદલે, અંદર લડાવી રહ્યો છે. એ અહમ જ છે, જેનાથી સંસ્થાઓ તૂટી રહી છે. એ અહમ જ છે, જે સંઘનું નુર લુંટી રહ્યો છે. એ અહમ જ છે, જેનાથી રચનાત્મક કાર્યો તૂટી ફૂટી રહ્યા છે.

यदा नाहं तदा मोक्षो यदाऽहं बन्धनं तदा ॥

એક કવિએ બહુ મજાની વાત કરી છે,

20 08 2020

અહમ રે અહમ તું અને મરી,
પછી જે મારામાં બાકી રહે તે હરી !

કેમ અનંતી દીક્ષાઓ નિષ્ફળ ગઈ, કેમ અનંતી-વાર મળેલું શાસન નિષ્ફળ ગયું, કેમ કરેલી અનંતી-તપસ્યાઓ નિષ્ફળ ગઈ, કેમ કરેલી અનંતી-આરાધનાઓ નિષ્ફળ ગઈ, કારણ અહમ સિવાય-બીજું કશું જ નથી !

યદા નાહં તદા મોક્ષો, યદાઽહં બન્ધનં તદા ।

શાસન આપણને અનંતીવાર મળ્યું પણ આપણે શાસન ને મળ્યા નહીં. શાસનનું આપણને મળવું કર્માધીન હતું. આપણે શાસનને મળીએ એ આપણા હાથમાં હતું. સંયોગો હોય છે ને બીજું સાધના હોય છે. સંયોગ પરાધીન હોય છે, સાધના આત્માધીન હોય છે સ્વાધીન હોય છે. તમારા ઘરે તમને કોઈ મળવા આવે એ તમારા હાથની વાત નથી, પણ તમે એને મળો કે નહી એ તમારા હાથની વાત હોય છે. એ ભલે ઘર સુધી આવી, એ ભલે DRAWING ROOMમાં કલાક બેસી રહે, તમે તમારા BEDROOM ની બહાર જ ન આવો, તમે તમારા રૂમમાં જ ભરાઈ રહો, તમે તમારું બારણું બંધ રાખો, તો તમે એને કઈ રીતે મળી શકશો ?

શાસન આપણને અનંત વાર મળવા આવ્યું છે, પણ આપણે આપણા અહમના ઓરડા માંથી બહાર જ નીકળ્યા નહિ. આપણા ઘરે ભગવાન મહાવીર સ્વામી આવ્યા, આપણા ઘરે ભગવાન ગૌતમ-સ્વામી આવ્યા, આપણા ઘરે સુધર્મા સ્વામી આવ્યા આપણા ઘરે કેવળજ્ઞાની ભગવંત આવ્યા. આપણા ઘરે ચૌદ પૂર્વધર આવ્યા, આપણા ઘરે પીસ્તાળીસ આગમ ના જીવંત ભંડાર સમા સંયમી ગુરુ ભગવંત આવ્યા. અને એ બધા આપણી રાહ જોઈ-જોઈને

પાછા સીધાવ્યા, આપણે આપણા અહમના ઓરડાની બહાર જ ના નીકળ્યા! આપણે ડરી રહ્યા હતા કે હું ઓરડાની બહાર કઈ રીતે નીકળું, હું નીકળીશ તો મારું શું થશે, પછી મારી કીંમત શું, પછી મારું બધું જ જતું રહેશે, અરે ભાઈ કશું જ જતું નથી રહેવાનું, તમે આની બહાર નીકળોને તો જ તમને બધુ મળવાનું છે. બહુ સરસ મજાની વાત જ્ઞાનસારમાં મહોપાધ્યાય - યશોવિજયજી મહારાજ કહે છે.

अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।

તમે તમારું બધું જ ઉલેચી નાખો, તમે શુન્ય બની જાવ, પછી તમે પૂર્ણ બનશો. જગડુશા સંઘ લઈને નીકળ્યા છે, સંઘનું પ્રયાણ થઈ રહ્યું છે, થઈ રહ્યું છે, થઈ રહ્યું છે ને રાજા સારંગદેવનું રાજ્ય આવે છે, રાજાને ખબર પડી કે મારા નગર પાસે આ રીતનો સંઘ આવ્યો છે, વિરાટ સંઘ! લાખો એની અંદર યાત્રીઓ, અને રાજાને થયું કે સંઘનું સન્માન કરવું જોઈએ! સંઘને જમાડવો જોઈએ, પણ આપણે કઈ રીતે જમાડવો. લાખો લોકો! અને રાજાએ જગડુશા પાસે પોતાનો દુત મોકલીને કહેડાવ્યું કે, આપનું અમે સ્વાગત કરીએ છીએ, અને સંઘના જે મુખ્ય સો-બસો હોય, તેઓ જમવા આવે, અને જગડુશા એ રાજા જેવા રાજાને કહી દીધું કે રાજન, અમારા સંઘમાં બધા જ મુખ્ય છે! હું મારા પરિવાર ને લઈને આવી જઉં, સંઘમાં મુખ્ય હું. તમે કલ્પના કરો કે એમની સંઘ માટે શું પ્રીતિ હશે, જગડુશાની ખુમારી શું હશે! જિનશાસનની સંવેદના શું હશે, હું તમને કહું છું, આપણે સંઘની, શાસનની સંવેદના થી પલળ્યા ક્યારે? સંઘ માટે આપણે અડધા - અડધા થયા ક્યારે? આપણને નથી લાગતું કે કોહીનુર હીરો આપણને મળ્યો, અને આપણે એની સાથે કાંકરા જેવો વ્યવહાર કર્યો! વસ્તુપાલ ચારિત્ર ના

શબ્દો છે,
જિનેન્દ્રાન્ન પરો દેવ:, સુસાધોર્ન પરો ગુરુ: ।
જિનેન્દ્ર કરતા મોટા કોઈ દેવ નથી,
સુસાધુ કરતા મોટા કોઈ ગુરુ નથી,
ન સઙ્ઘાત્પરં ક્ષેત્રં, પુણ્યમસ્તિ જગત્ત્રયે ।।
આખા વિશ્વમાં સંઘ કરતા મોટું કોઈ ક્ષેત્ર, સંઘ કરતા મોટું કોઈ પાત્ર, એ ત્રણે લોકમાં બીજું કોઈ છે જ નહિ ! વિશ્વની ટોપ ના ટોપ COMPANY હોય જેમાં કરેલું INVESTMENT અનેક ગણું થઈને સો ટકા મળે, એની કરતા મોટી કોઈ કંપની હોય, તો એ સંઘ છે. તમારો સંઘ પ્રત્યે નો આદર એ પણ એક પ્રકારનું રોકાણ છે. સંઘ પ્રત્યેનો અહોભાવ એ પણ એક પ્રકારનું INVESTMENT છે. સંઘ પ્રત્યેની સંવેદના, એ તમારી એવી FD છે, જે ભાવિકાળમાં - તમને માલામાલ કરી દેવાની છે.

વસ્તુપાલ અંદરથી ACCEPT કરી શકતા નથી, સ્વામીત્વાભિમાન ને સંપૂર્ણ પણે વિખેરી નાખ્યું છે, હું સંઘપતિ ના જ બની શકું. અને ગુરુભગવંત કહે છે તમે સાંભળો, તમારી બધી જ મુંઝવણ એટલા માટે છે, કે તમે આ શબ્દને બરાબર સમજ્યા નથી. શબ્દ ઘણી રીતે ખુલતો હોય છે. એક શબ્દના - ઘણા અર્થ થઈ શકતા હોય છે. તમે તત્પુરુષ - સમાસ કરો છો, સંઘનો પતિ, સંઘનો સ્વામી, સંઘનો શેઠ, સંઘનો માલિક ! માટે આ બધી મુંઝવણ છે. અહીંયા તત્પુરુષ સમાસ નથી કરવાનો. અહીંયા બહુવ્રીહિ સમાસ તમે કરી લો, સંઘ છે પતિ જેનો તે ! સંઘપતિ નો એ અર્થ નથી કે તમે સંઘના માલિક, સંઘપતિ નો એ અર્થ છે કે સંઘ તમારો માલિક ! સંઘ છે જેનો પતિ, એ સંઘપતિ ! અને વસ્તુપાલની વ્યથા ના આંસુઓ, આનંદના આંસુઓમાં પલટાઈ

જય છે. ગુરુ ભગવંતના શ્રી મુખે, સકલ સંઘની હાજરી-માં "સંઘપતિ પદ" એમને આપવામાં આવે છે. નથી કર્તૃત્વાભિમાન, નથી સ્વામીત્વાભિમાન. અંત સમય-આવ્યો છે, વસ્તુપાલનો, અને અંત સમયે મેં આ કર્યું, મેં તે કર્યું, આવી કોઈ વાત નથી! આવો સંઘ-મળ્યો, આવું શાસન મળ્યું, પણ મેં એની એવી કશી મેં આરાધના ના કરી. શું FEELINGS હશે!!

સંઘ પાછળ બધું જ કરવાનું, બધો જ ભોગ આપવાનો, પ્રાણોની આહુતિ આપવા સુધીના પ્રસંગો બન્યા, વસ્તુપાલ પાછા પડ્યા નથી. સંઘ ખાતર કરોડો સોનામહોરો, પાણીની જેમ એમણે વહાવી, ને FEELINGS આ છે મેં કશું કર્યું જ નથી. અંત સમયના એમના શબ્દો છે.

પાવિઓ જિણધમ્મો હારિઓ।

મને મળ્યું આ જિનશાસન, મને મળ્યો આ સંઘ, મને મળ્યો આ પરમ પાવન માર્ગ, પણ.. પણ.. પણ મેં એની બરાબર આરાધના ના કરી. સંકલ્પ મનમાં કરીએ, આરાધના હજુ કદાચ ઓછી થશે તો ચાલશે. પણ સંઘ પ્રત્યેનો અહોભાવ, એમાં આપણે સાડા નવ્વાણું ટકા માર્ક લાવવા નથી. તમને સામાયિક નો ટાઈમ ના મળે બની શકે, તમે પૌષધ ના કરો બની શકે બની શકે ગાથા ના થાય, બની શકે અઠ્ઠાઈ તમે ના કરી શકો. શક્ય છે એની માફી મળશે. સંઘના-અહોભાવ ની પરીક્ષામાં આપણે સાડા નવ્વાણું ટકા માર્ક્સ લાવ્યા હશું, તો આપણો મોક્ષ થવાનો નથી. આજે એક સંકલ્પ કરો, સંઘના એક પણ સભ્યની કદી નિંદા ન કરવી. સંઘમાં આવેલી એક પણ વ્યક્તિ, એની સાથે હીન વ્યવહાર ના કરવો. પરમ સ્વજન જેવો જ વ્યવહાર કરવો. આજે એક સંકલ્પ કરો, ભુલથી પણ જે દિવસે સંઘના સભ્યની નિંદા થઈ જાય,

કે કોઈની સાથે ખરાબ વ્યવહાર થઈ જાય, એના-
બીજા દિવસે આયંબિલ ! ફાવે એવું છે ? આપણને
પચાસમી ઓળી ફાવે છે. આપણને અઠ્ઠાઈ કે
માસક્ષમણ ફાવે છે. છતાં શક્ય ના બને, બીજા
દિવસે ઘી ત્યાગ, દૂધ ત્યાગ, શાક ત્યાગ, પણ
કાંઈક કરો જેનાથી આપણો આત્મા સીધો થાય.
રોજ પાંચ મિનિટ એવી કાઢો, જેમાં સંઘની કોઈક
સેવા કરો. અમારા બહુ આગળ પડતા મહાત્મા હોય
ને, હમણાં અહીંયા આવતા પહેલા, એમની તર્ક -
આખો ગ્રંથ, પચીસ હજાર શ્લોક પ્રમાણ ટીકા,
અઢાર હજાર મહાત્માઓમાંથી એક ટકા મહાત્માઓએ
પણ વાંચ્યો ના હોય, નાની ઉંમરમાં મહાત્મા એ
આખો ગ્રંથ કરી લીધો. દાર્શનિક શાસ્ત્રનો ગ્રંથ,
એ TOP CLASS નો ગ્રંથ કહેવાય, જિનશાસનનો!
અને એ આખો ગ્રંથ કરી લીધો, એમને હું શીખવાડું
છું, કે મહાત્માની તમે એવી ભક્તિ કરો, જેનાથી
તમે એના દાસ છો આવી FEELINGS તમને આવે
એમનું વપરાઈ ગયું છે ફક્ત લૂંછણિયું કરવાનું છે
તમારે આ લાભ ઝડપી લેવાનો. એમનો પ્યાલો
લૂંછવાનું કપડું છે જેને માતરિયું કહેવાય, તમારે -
માતરિયું કાઢવાનું. મને ખબર છે જે આ નહિ હોય ને
તો એ જ્ઞાન ફૂટી નીકળવાનું છે. તમે કેટલા
આરાધક છો, પંડિત છો, જ્ઞાની છો, તપસ્વી છો,
આ બધું જ તમારા માટે આરાધન મટીને એજમ
બની શકે છે, જો સંઘ પ્રત્યે તમે દાસાનુદાસ છો
એવી સંવેદના નથી.

દેરાસરની અંદર કાજો લો, દેરાસર
ના દાદરાનો કાજો લો, પરિસરમાં કાજો લો, દેરાસર
ની બહારના રોડમાં કાજો લો, બધાના ચંપલ
ગોઠવો. અમારા ગુરુજી એ આવી પ્રેરણા કરતા હોય.

CLASSMATE

૨૦ ૦૮ ૨૦૨૦

સંઘની અંદર પણ અનુશાસનના સંસ્કાર આવે, મુમુક્ષુ ની અંદર પણ સંઘ સંવેદના આવે, મંગલ ભાવ આવે એના માટે નો આ પ્રયાસ, આવા સૌ પ્રયાસ હોય શકે, વિચારશો તો તમને પણ સુઝશે, રોજની પાંચ મિનિટ! ત્રણ સ્તવન બોલતા હો તો બે સ્તવન બોલીને ટાઈમ એ LIMITED છે, પાંચ મીનીટ આવું કામ કરશો ને તો તમને લાગશે, કે આજે મારી પરિણતિ વધારે વિકસી છે, આજે મારા આત્માને વધારે લાભ થયો છે. સંઘ સંવેદના, શાસન સંવેદના, ઘણી બધી વાતો છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# પ્રવચન - ૭ - સંઘપૂજ્ઞ

DATE 21 08 2020

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, પાંચ સંકલિષ્ટ ભાવના નું નિરૂપણ કરી રહ્યા છે. પૂર્વ પક્ષ અને ઉત્તરપક્ષ દ્વારા, પ્રસ્તુત પદાર્થ ને વધારે સ્પષ્ટ કરે છે, ગાથા નંબર ૧૬૬૭ -

કંદપ્પાઇવાઓ ન ચેહ ચરણમ્મિ સુવ્વઇ કહિં વિ ।

પ્રશ્ન કર્યો કે સંકલિષ્ટ ભાવના, તે તે અસુર ની - પ્રવૃત્તિ, એ સાધુ પણાની બહાર છે તો સાધુએ આવું કર્યું એમ ના કહેવાય, એ સાધુપણા ની અંદર છે, તો આવું ના કરાય એવું ના કહેવાય. તો પછી અહીંયા એવું શા માટે કહ્યું,

ઓ સંજઓ વિ કુઆસુ...

અને હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે કે, - નિશ્ચય દ્રષ્ટિ એ સાધુ પણાની અંદરની વસ્તુ નથી, સાધુ પણા ની બહારની વસ્તુ છે, વ્યવહાર દ્રષ્ટિએ સાધુનો માત્ર વેષ છે તો સાધુ એ આમ કર્યું એમ કહેવાય, એનો અર્થ એ નથી કે સાધુ થી આવું કરાય. અને એનું કારણ આ ગાથામાં રજુ કરે છે.

કંદપ્પાઈવાઓ ન ચેહ ચરણમ્મિ સુવ્વઇ કહિંવિ ।

ભગવાનની વાણીમાં, આગમોમાં, શાસ્ત્રોમાં ક્યાંય કહ્યું નથી, કે સાધુએ આવી પ્રવૃત્તિ કરવી. હું તમને પુછુ છું કે આપણી પ્રવૃત્તિ નો BASE શું? મને મનમાં આવ્યું એટલે કરવું, મને ઠીક પડે એમ કરવું, મને ફાવ્યું એમ કરવું, મારી ઈચ્છા હોય એ કરવું, અને અનુકૂળ હોય એ કરવું, જે રીતે મારી ભાવના થાય એમ કરવું, આ આપણી પ્રવૃત્તિની BASE છે, કે ભગવાને કહ્યું માટે કરવું આ આપણી પ્રવૃત્તિ નો BASE છે! હરીભદ્રસૂરી - મહારાજ ધર્મબિંદુ ગ્રંથની અંદર, સ્પષ્ટ કરે છે, જે મોક્ષાર્થી છે, એની બધી પ્રવૃત્તિનો BASE એક જ હોય.

21 08 2020

વિહિતમિતિ પ્રવૃત્તિ: ।

ભગવાને કહ્યું છે, માટે કરવું. આપણી એક હજાર - ધર્મ પ્રવૃત્તિ નું LIST બનાવીએ, બે ખાના પાડીએ, પ્રવૃત્તિ અને પ્રયોજક બળ ! આપણે પૂજા કરીએ, દર્શન કરીએ, સામાયિક કરીએ, પચ્ચખાણ કરીએ, નવકારશી કરીએ, પ્રતિક્રમણ કરીએ, વ્યાખ્યાન સાંભળીએ દાન આપીએ, એક હજાર ધર્મ પ્રવૃત્તિ નાની મોટી લઈ લઈએ, અને બાજુમાં પ્રયોજક બળ લઈએ, કારણકે મને ગમે છે, કારણકે મને ફાવે છે, કારણકે મારા મિત્રએ કહ્યું, કારણકે એનાથી આમ સંઘમાં સારું લાગે એવું છે, કારણકે આમા પ્રભાવના મળે છે, કારણકે અહીંયા જમવાનું છે, કારણકે આનાથી વાહ-વાહ થાય છે, કારણકે આનાથી મારું નામ થાય છે, કારણકે આનાથી તકતી લાગે છે, કારણકે આની CABLE લાગે છે, કારણકે આનાથી BANNER લાગે છે, કારણકે આનાથી ચારજણ માં પુછાય છે, કારણકે આનાથી STATUS વધે છે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે તમારી બધી જ પ્રવૃત્તિ એનું જે ફળ છે, એનો બહુ મોટો આધાર એના ઉપર છે, કે એનું પ્રયોજક બળ શું છે !

તમારા બધાંજ ઉટપટાંગ કારણો - કાઢી નાખો ને એક જ કારણ લખી દો, કારણકે - ભગવાને કહ્યું છે. મેં સંઘની સેવા કરી, કારણકે ભગવાને કહ્યું છે, મેં નથી શાબાશી માટે કર્યું, નથી નામ માટે કર્યું, નથી પદ માટે કર્યું, નથી કોઈ મનના આગ્રહથી કર્યું, નથી કોઈના અભિપ્રાય માટે કર્યું, તો પછી - ક્યા કષાયનો અવકાશ રહેશે. ધર્મબિંદુ માં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

વિહિતમિતિ પ્રવૃત્તિ: ।

ભગવાને કહ્યું છે માટે જ પ્રવૃત્તિ કરવાની છે, અને આગળ વધોને હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

आज्ञानुस्मृतिः।

મહાત્માની પડિલેહણનો સમય થયો છે ને પડિલેહણ કરવા જતા, પહેલું ખમાસમણ બહુપડિપન્ના પોરિસીનું આપવા જાય છે ને, આપતા પહેલા મહાત્મા BACK-GROUND રૂપે વિચારે કે મારા ભગવાનની આ આજ્ઞા છે, માટે હું આ પડિલેહણ કરું છું. સાચો સાધુ એ છે, સાચો શ્રાવક એ છે, જેનું પ્રત્યેક અનુષ્ઠાન ભગવાનની આજ્ઞાના રંગથી રંગાયેલું હોય, એમાં ઓળઘોળ બનેલું હોય, એ પ્રીતી અનુષ્ઠાન બન્યું હોય, એ ભક્તિ અનુષ્ઠાન બન્યું હોય, એ વચન અનુષ્ઠાન બન્યું હોય, એ અનુષ્ઠાન કદી પણ શુષ્ક ના હોય, મારા વહાલા એ કહ્યું છે, મારા નાથે કહ્યું છે, મારા પ્રભુએ કહ્યું છે, અને એ પ્રેમ સાથે એ કરે. હરીભદ્રસૂરી મહારાજ આગળ વધીને કહે છે

एवं सति प्रायो भगवत् एव चेतसि...

જ્યારે તમે ભગવાને કહ્યું છે ને માટે પ્રવૃત્ત થાવ છો પ્રવૃત્ત થતા પહેલા ભગવાનની આજ્ઞા મનમાં લાવો છો, ત્યારે પ્રાયઃ કરીને, ભગવાનજ ચિત્તમાં એ અનુષ્ઠાન વખતે હોય છે. આપણી પાસે દસ આંકડાનો સાચો નંબર છે લગાડ્યા કરીએ છીએ, આગળ ZERO લગાડવાનો રહી ગયો છે. તમે ZERO લગાડો તો જ નંબર લાગે એમ છે, નંબર ગમે તેટલો સાચો હોય, NETWORK બરાબર છે, SIM CARD બરાબર છે, બધું બરાબર છે, ZERO આગળ લગાડ્યો નથી, માટે સાચો નંબર સાચા તરીકે તમને કામ આવતો નથી. ભગવાન કહે છે, જે તમારી દુનિયાની વાત છે, એ જ અમારી દુનિયાની વાત છે, પહેલા નંબરમાં તમે ZERO બનો.

આપણા બધા જ ભવભ્રમણ, બધા જ ધમપછાડા, ઉન્નત બનવાના હોય છે. અને ખરી જરૂર આપણને નમ્ર બનવાની હોય છે. દ્વાદશાંગી ની રચના પછી થાય છે, ત્રિપદી પણ પછી આવે છે. પહેલા નંબરમાં આવે છે "નમો તિથ્થસ્સ"। ભગવાન કહેવા માંગે છે કે આ શરૂઆત છે. શરૂઆત અહીંથી જ થાય છે. તીર્થ પ્રત્યે એટલે કે સંઘ પ્રત્યે તમે નમ્ર બનો !! તમે ગમે તેટલું કરી લો, સંઘ પ્રત્યેનો નમ્ર ભાવ નથી આવ્યો, તો હજુ શરૂઆત પણ નથી થઈ !!

વસ્તુપાલ ઉપાશ્રય ની બહાર નીકળી રહ્યા છે, પતાસાની પ્રભાવના ચાલુ છે, આગળ - આગળ જે ઉભા હતા એ બધાને ખ્યાલ આવ્યો કે, પાછળથી વસ્તુપાલ આવી રહ્યા છે, આદર અને બહુમાન સાથે બધાએ રસ્તો કરી આપ્યો. બધા ખસી ગયા. સામે પેલા શ્રાવક છે પતાસા ની પ્રભાવના, એક થેલી જેવું હાથમાં છે, બીજા હાથમાં એક પતાસુ બહાર કાઢ્યું છે, આપતા જાય છે, રસ્તો બધા એ કરી આપ્યો છે, શ્રાવકો બધા જોઈ રહ્યા છે ને એ શ્રાવક આમ એક ધ્રાસકામાં આવી જાય છે, કે આ મહામંત્રી વસ્તુપાલ, આ અબજોપતિ માણસ, આ સંઘને રાજ્યની અગ્રણી વ્યક્તિ, એ મારી પાસે આવશે, મારી પાસે હાથ ધરશે, હું એમના હાથમાં પતાસુ આપીશ, અને એ શ્રાવક એકદમ ઓભીલા પડી ગયા. એક પતાસા જેવી તુચ્છ વસ્તુ, હું આ મહામંત્રી ને આપું. વસ્તુપાલને આપું, એ આપનારો હું કોણ ને આ પતાસુ એમના હાથમાં મુકુ, અને અડધી સેકન્ડની એ નિર્ણય લઈ લે છે, દરવાજા પાસે ઉભા હોય છે ને દરવાજા ની પાછળ છુપાઈ જાય છે. શ્રાવક ને એમ છે કે વસ્તુપાલને કશી જ ખબર પડી નથી, વસ્તુપાલ ને બધી જ ખબર છે. વસ્તુપાલ દરવાજાની ચાર પગલા દૂર

પહોંચ્યા છે, ત્રણ પગલા, બે પગલા, એક પગલું, દરવાજાની લગોલગ પહોંચી ગયા, બધાને એમ છે કે નીકળી જશે વસ્તુપાલ, પેલા એ છુપાઈ ગયા, બધા જોઈ રહ્યા છે, બધા એ કાંઈ કહેવાનું છે નહિ, ઘટસ્ફોટ કંઈ કરવાનો નથી, અને વસ્તુપાલ આગળ નીકળી જવાને બદલે, આ બાજુ વળે છે, પેલા શ્રાવકની સામે ઊભા રહે છે, અને હાથ લંબાવીને કહે છે મારી પ્રભાવના !

આખા સંઘની આંખમાં ઝળઝળિયા આવે છે, પેલા શ્રાવકની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવાનો શરૂ થઈ જાય છે, ને વસ્તુપાલે આમ હાથ લંબાવ્યો છે સ્વામીત્વાભિમાન ને કેટલી હદે વીખેરી નાખ્યું હશે, કેટલી હદે DOWN TO EARTH હશે, કેટલી હદે નમ્ર હશે, કેટલી હદે સજ્જન હશે, કેટલી હદે શાસનની પરિણતી એમને પોતાના અંતરમાં - વસાવી હશે, ત્યારે એ આવું કરી શક્યા હશે !! એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો એ સંઘનું બહુમાન હતું. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો એ સાધર્મિક વાત્સલ્ય હતું. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો એ રોમે રોમે વસેલી શાસનની પરિણતી હતી એ વસ્તુપાલ નો ધરેલો હાથ ન હતો એ વાત્સલ્યનો વરસાદ હતો. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો એ ઉપબૃંહણા નો ઉત્સવ હતો. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો એ સાધર્મિક પ્રત્યેનો વિનય હતો, એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો, એ એક સંવેદના હતી કે તમે મારાથી મહાન છો. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો, એ એવી એક પરિણતી હતી કે તમારું જે આ દાન, એ કેટલું મહાન છે જેની મારે પણ નોંધ લીધા વગર ચાલે જ નહિ, એ વસ્તુપાલ નો ધરેલો હાથ ન હતો,

એ એક FEELINGS હતી, કે આ સંઘની પ્રસાદી છે, જે દેવોને પણ દુર્લભ હોય. એ વસ્તુપાલનો ધરેલો હાથ ન હતો, એ એવી એક વિચારસરણી હતી, કે આ કોઈ બે-ચાર આનાની તુચ્છ વસ્તુ નથી, આખી વિશ્વની સંપત્તિથી આનું મુલ્યાંકન થઈ શકે એમ નથી, કારણકે એમાં સંઘભક્તિ ના ભાવ ભળેલા છે. દુનિયાની દ્રષ્ટિએ મેઈએ ને, દુન્યવી ગણિત એ ધારના મગજમાં બેસે નહિ, દુન્યવી દ્રષ્ટિએ એક મોટો માણસ એક-નાના માણસ આગળ, પતાસા માટે હાથ લંબાવે, અને લોકોત્તર દ્રષ્ટિએ પણ મેઈએ ને તો, પતાસા માટે હાથ લંબાવવાનું લોકોત્તર દ્રષ્ટિમાં એ નથી લખ્યું ! તો આ ધારનામું અર્થઘટન શું કરવું ? એની સંગતી શું કરવી ?

હકીકતમાં એ પતાસાની માંગણી હતી જ નહી હકીકતમાં એ સંઘના સભ્યપદની માંગણી હતી. સંઘના એક પણ સભ્ય પ્રત્યે, એમના પ્રત્યેનું ઔચિત્ય, આપણે કરવાનું ચુકી જઈએ, આપણે અજુગતું કરી નાખીએ, આપણે અપમાન કરી નાખીએ, આપણે કોઈને ખંખેરી નાખીએ, આપણે મણે કોઈને ઠેબે લઈએ, ત્યારે સંઘના સભ્ય તરીકે, આપણી બાદબાકી થઈ જાય છે. વસ્તુપાલની માંગણી, પતાસા માટેની નહી, સંઘના સભ્યપદ માટેની હતી. વસ્તુપાલની માંગણી, સંઘવાત્સલ્ય માટેની હતી, વસ્તુપાલ ની માંગણી, પરમપદ માટે હતી, કારણકે એ પણ એની સાથે જ મળવાનું !! વસ્તુપાલે પોતાના જીવનની અંદર સવા લાખ જિનપ્રતિમાં ભરાવી હતી, ચરિત્રમાં LIST વાંચતા વાંચતા થાકી જવાય, કયા કયા તીર્થમાં, કયા કયા ગામમાં, કયા-કયા દેરાસરમાં, કયા કયા ભગવાન એમણે ભરાવ્યા, અહીંતો માત્ર મુખ્ય મુખ્યની ગણના છે, કુલ કેટલી પ્રતિમા ભરાવી, સવા લાખ ! એ પ્રતિમાઓના નિર્માણમાં અને એની પ્રતિષ્ઠાની પણ, એમને કદાચ જે પુણ્ય ઉપાર્જિત નહિ થયું

હોય, કદાચ એના કરતા વધારે પુણ્ય, આ પતાસા માટે હાથ લંબાવતા ઉપાર્જિત થયું હશે. વસ્તુપાલે પોતાના જીવનની અંદર કરોડો સોનામહોરો નું દાન કર્યું છે, કદાચ એ દાન કરતા, કે આબુ-દેલવાડાના અદ્ભુત જિનાલયોનું નિર્માણ કરતી વખતે, કદાચ જે પુણ્ય ઉપાર્જિત નહિ કર્યું હોય એ આ પતાસા માટે હાથ લંબાવતા કર્યું હશે. કારણકે એ બધું હજુ સહેલું હતું, આ અઘરું હતું ! પેલું બધું હજુ અહમ ને પોષવા સાથે, અહમ ભાવે થઈ શકે અહમને છોડયા વગર આ વસ્તુ થઈ શકે એ શક્ય જ ન હતું.

સ્વામીત્વાભિમાન રાખવાના આપણા કારણો કેટલા ને એમના કારણો કેટલા ? આપણું સ્વામીત્વાભિમાન કેટલું ? ને એમનું સ્વામીત્વાભિમાન કેટલું ? બહુ ગંભીરતાથી વિચાર કરો, આપણું થશે શું ? આપણી SYSTEM આ હોય છે, એમ, તમે મને પતાસુ આપશો ! હું તમારી આગળ હાથ ધરું ને, તમે એમાં પતાસુ મુકો. તમે મને આપનારા કોણ, તમે મને પ્રભાવના આપનારા કોણ, તમે પતાસુ લઈને ઉભા રહો, પતાસા સાથે - તમને ખરીદી લઉં ને એટલું મારી પાસે છે, જોઈએ તો પતાસાની આખી કોથળી મોકલાવી દઈશ. આવું બધું કરવાનું નહીં મારી સાથે ! યા આપણે ગાંડાની જેમ પ્રભાવનાની, આપનારા ની ભાવોની આહલાદકી થઈ જાય, આવું કરી શકીએ છીએ. યા આપણે અહમમાં આવી જઈએ તો સંઘના કોઈ સભ્યની અવગણી શકીએ છીએ પણ સંઘ પ્રત્યેનું ઔચિત્ય, અહોભાવ, બહુમાનભાવ લેવું તો પણ સંઘની પ્રસાદી સમજ ને લેવું, બહુમાનપૂર્વક લેવું, એ આપણને ક્યારે આવશે ! આખો સંઘ સજળ નેત્રે જોઈ રહ્યો છે, એક પતાસું

આપવાની ને લેવાની પ્રક્રિયા નથી થઈ રહી હોતી.
આપણે બહુ સ્થૂળ હોઈએ છીએ. બહુ સ્થૂળ ક્રાઈટે
થી જોઈ લઈએ. મુલવી દઈએ, વાત કરી દઈએ, -
જન્મવાંચનમાં આવ્યા હતા, આવું - આવું થઈ ગયું.
ફલાણા- ફલાણા આવ્યા હતા, આમ હતું, આવું સરસ
થઈ ગયું, નિર્વિઘ્ને થઈ ગયું, કોઈ જ વિઘ્ન ના આવ્યું
હું કહું છું સ્થૂળ છીએ આપણે. હું ભૂલી ગયો કે
આજુબાજુ શું હતું, એ ભગવાનનું પારણું ને એના
ઉપર મારી નજર સ્થિર થઈ ગઈ. ભગવાનના રંગે હું
આખે આખો રંગાઈ ગયો, ત્રણ દિવસ થયા એ વાતને
ને હજુ એમ લાગે છે, કે ક્ષત્રિયકુંડના રાજમહેલમાં જ
છું !! નજરની સામે બાળ વર્ધમાન છે ને બસ -
અનિમેષ નયને એમને જોયા કરું, શું છે કશી ખબર
નથી, આમાં શું શબ્દો, શું વાક્યો, શું વિચારો
કશી જ ખબર નથી, બધું જ પલટી ગયું છે. ભગવાન
છે, અને હું છું !

હું કહું છું, બહુ છબછબિયા કર્યા
આપણે, દરિયાની વાતો કરી આપણે, દરિયામાં
ડૂબકી આપણે ક્યારે મારી ? બધી વસ્તુને પૈસાથી
મુલવવી, બધી વસ્તુને ઘટનાથી, પ્રસિદ્ધિથી, શાબાશી
થી, વાહવાહથી, માનથી મુલવવી ! વિશ્વનું સર્વોત્કૃષ્ટ
તત્ત્વ, "જિનશાસન" આપણને મળ્યું, વિશ્વની સર્વોત્કૃષ્ટ
સંસ્થા, આ "સંઘ" આપણને મળ્યો, આ બધાને
પામીને આપણો RESPONSE શું છે ? BEHAVIOUR
શું છે ? પડઘો શું છે ? પ્રતિભાવ અને પ્રતિક્રિયા
શું છે ? એ બતાડે છે કે ખરેખર ભાવથી આપણને
આ બધું મળ્યું છે, કે નથી મળ્યું ! આખો સંઘ
જોઈ રહ્યો છે, પતાસુ આપવાની ને લેવાની તો એક
સ્થૂળ ઘટના છે, હકીકતમાં પરસ્પરની સંઘપૂજા ચાલી
રહી છે. પતાસુ આપવું એ પણ સંઘની પૂજા,

પતાસા માટે હાથ લંબાવીને, હાથ ધરીને, એ વસ્તુપાલ મહામંત્રી જેવા, એક સાધારણ આર્થિક સ્થિતિ ના કહેવાતા શ્રાવક પાસે, આમ હાથ લંબાવી ને લે એ પણ સંઘની પૂજા છે !!

તમને કોઈની સાથે અણબનાવ થયો હોય, વ્યક્તિ નજીકની છે, પરિચિત છે, વર્તુળમાં છે, એના ઘરે અઠ્ઠાઈ છે, એ રાહ જોઈ જોઈને થાકી જાય, હવે હું નહીં આવું. એક ખાલીપો એના અંતરમાં વર્તાતો હોય, આપણને ખબર છે અત્યારે એને ત્રાસ થતો હશે, એને અત્યારે બહુ પસ્તાવો થતો હશે, કે આટલો અણબનાવ થઈ ગયો, પરસ્પરનું મનદુ:ખ થઈ ગયું, બહુ ખોટું થઈ ગયું, હવે એ અહીંયા નહીં આવે ! એવું જ હતું, એ એ જ લાગનો હતો, હજુ એને કકળવા દો, હજુ એને ટળવળવા દો, હજુ એને ત્રાસ થવા દો, એવું જ જોઈએ એને, હું કહું છું, ગયું આપણું સમ્યક્ત્વ !

ગુરુદેવના એક ભાઈ, તારાચંદ ભાઈ એમનું નામ ! ગુરુદેવ વાચનામાં એમની એની વાત કરે, હું તમને કહું કે ધર્મ પ્રસંગની વાત તો જવા દો, કોઈને ખોટું લાગી ગયું હોય, એમનાથી, એમના ઘરે વ્યવહારિક પ્રસંગ, સામાજિક પ્રસંગ, પોતાને ત્યાં પ્રસંગ, આ બધી જ સંભાવના હોય ને કોઈની સાથે અણબનાવ થયો ને કોઈ કહી દે કે હું તમારા પ્રસંગમાં નહીં આવું, આપણે શું કહીએ ? ન આવવું હોય તો ન આવતો, તારા વગર મારો પ્રસંગ અટકવાનો નથી, હું એ તારે ત્યાં નહીં આવું તું એ નહીં આવતો, આપણી બધી વાત પૂરી, મારે કાંઈ સાંભળવું નથી, બસ જાવ અહીંયાથી ! આ વાત હોય આપણી ! એક શ્રાવકની સામાયિક

પણ પરિસ્થિતિ, સામાજીક વ્યવહારમાં પણ એમનું જે ઔચિત્ય હોય, હું તમને કહું લગ્નમાં જવું પાપ કે પુણ્ય ? હું તમને પુછું છું ? એ તમે પુણ્ય કહીને એ પણ ઘણી રીતે કહી શકો ને પાપએ ઘણી રીતે કહી શકો, અંદર જે હોય એ બોલો, જે માનતા હો! પૂર્વ કાળના શ્રાવકો હતા, લગ્નમાં જતા ને પૈસો નબળો હોય ને, એને એવો ચાંદલો લખાવી દે કે એનો આખો લગ્નનો ખર્ચો નીકળી જાય! બીજાના લગ્નની પળોજણમાં ના પડવું આ પણ આપણો ધર્મ છેને, સાધર્મિક ની-આર્થિક- સામાજીક જવાબદારીઓ ને આપણી સમજુ લેવી એ પણ આપણો ધર્મ છે.

ઘણીવાર પેટમાં પાપ હોય છે ને વાત-આપણે ધર્મની કરીએ ના.. ના આપણે લગ્નમાં પડતા-નથી. હું તમને કહું છું કે જે તમારો દીકરો તમારો છે તો સાધર્મિક નો દીકરો તમારો નથી! જિનશાસનનો શ્રાવક કેવો હોય, દોઢ ડાહ્યો થઈને બીજાના લગ્ન ગોઠવવા-માં ભુલે ચુકે પડે નહિ, એ સમજે કે મારા સંતાનનું પણ કરવું પડે એ આ સંસાર માથે પડ્યો છે એનું ફળ છે. આવા પાપો મારે કરાવવા પડે. એ ગામના લગ્ન કરાવવાનું તો વિચારી ના શકે, અને બીજુ બાજુ એ જ શ્રાવક-જ્યારે પોતાના સંઘની એક સભ્ય, જેને દીકરી વળાવવાની છે TENSION માં છે, જિનશાસનનો અંદર એવા શ્રાવકો થઈ ગયા, દીકરી નો બધો જ કરીયાવર, એના ઘરે મોકલી આપે.

ગુરુદેવ વાચનામાં વાત કરી કે એ તારાચંદ ભાઈ, કોઈને મન દુઃખ થયું અને એ કહી દે કે હું તમારા પ્રસંગમાં નહી આવું, ત્યારે એ પ્રેમથી સામે કહેતા કે, ભાઈ ભલે જેવી તમારી ઈચ્છા, પણ હું તમારા પ્રસંગમાં ચોક્કસ આવીશ. એકાદ વાક્યમાં આખી જિંદગીનો ધર્મ બળી શકે છે. એકાદ વાક્યમાં આખી જિંદગીના ધર્મના ગુણાકાર થઈ શકે છે. આપણે આપણા જ ગણિત થી

ચાલવું છે કે ભગવાનના ગણિત થી ચાલવું છે, એનો
આપણે પહેલા વિચાર કરી લેવો જોઈએ. તમે ધર્મ કરો
છો, તપ કરો છો, આરાધના કરો છો, દાન કરો છો,
માટે તમે PLUS માં છો, માટે તમારો મોક્ષ થઈ-
જવાનો, આવું તમે ના સમજતા ! તમે જે પણ કરો છો
તમારા ગણિતથી કરો છો તો તમારું ભવભ્રમણ થવાનું
છે. તમે ભગવાનના ગણિતથી કરો છો, તો તમારો
મોક્ષ થવાનો છે. બહુ અદ્ભુત વાત પંચાસક ગ્રંથની
અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

સમઇપવિત્તી સવ્વા આણાબજ્ઝ ત્તિ ભવફલા ચેવ ।

જે તમે તમારી બુદ્ધિથી, તમારી સમજણ થી કરો છો,
એ બધી જ પ્રવૃત્તિ આજ્ઞા બાહ્ય છે, અને માટે એનું
ફળ સંસાર સીવાય બીજું કશું જ નથી !

તિત્થયરુદ્દેસેણ વિ ણ તત્તઓ સા તદુદ્દેસા ॥

ભલે તમે ભગવાનને ઉદ્દેશીને કર્યું, ભગવાન માટે કર્યું,
ભગવાનનો લાભ લેવા માટે કર્યું, ભગવાનની પૂજા,
મહાપૂજા, આંગી, જિનાલય, પ્રતિમા, ચૈત્યવંદન,
વગેરે ને અનુલક્ષીને કર્યું, પણ તમે તમારી બુદ્ધિથી
કર્યું,

તિત્થયરુદ્દેસેણ વિ ણ તત્તઓ સા તદુદ્દેસા ।

તો ભલે દેખીતી રીતે તમે તીર્થંકરના ઉદ્દેશ્યથી કર્યું,
હકીકતમાં તમે તમારા ઉદ્દેશ્ય થી જ કર્યું છે. આપણી
રીતે આંગી કરવી એ આપણી આંગી છે, આપણી
રીતે પૂજા કરવી એ આપણી પૂજા છે, આપણી રીતે
તપ કરવો એ એક પ્રકારનો જમણવાર છે, આપણી
રીતે દાન આપવું, એ એક પ્રકારની કમાણી છે, ધંધો
છે. આપણી રીતે ભણવું એક પ્રકારની બહિર્મુખતા છે
આપણી રીતે સેવા કરવી એ એક પ્રકારની શેઠાઈ છે
આપણો મોક્ષ માત્ર આપણી રીત થી જ અટક્યો છે.
જ્યારે કોઈ રીત ન હતી ત્યારે મોક્ષની કોઈ સંભાવના

જ ન હતી. એકેન્દ્રિયમાં હતા, બેઇન્દ્રિયમાં હતા, અનાર્ય દેશોની અંદર પંચેન્દ્રિય તિર્યંચમાં હતા, નરકની અંદર સબડતા હતા, દેવ હતા, ત્યારે કોઈ રીત જ નહતી મોક્ષ માર્ગની, મોક્ષ માર્ગની સંભાવના ઉભી થઈ એમાં બે OPTION હતા, આપણી રીત ને ભગવાનની રીત, આપણી રીતમાં માર્ગ હોય શકે છે, એ માર્ગ ક્યાંક પહોંચતો હોય શકે છે, એ માર્ગ ઉપર મોક્ષ-માર્ગનું LABLE હોય શકે છે, પણ એ માર્ગનું ફળ સંસાર સિવાય બીજું કશું જ હોય શકતું નથી.

બહુ અદ્ભુત વાત આનંદઘનજી મહારાજ, અનંતનાથ ભગવાન સ્તવનની અંદર કહે છે,

વચન નિરપેક્ષ વ્યહવાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યહવાર સાચો !!

વ્યહવાર એટલે બાંહ્ય ધર્મ પ્રવૃત્તિ, નિશ્ચય એટલે ભીતરની વચન સાપેક્ષતા ! નિશ્ચય-અને વ્યહવાર બંને મળે છે, ત્યારે મોક્ષ માર્ગ નું સર્જન થાય છે. આપણી પાસે ક્રિયાઓની, તપસ્યાની, આરાધનાની જ્ઞાનની, આખી નંબર છે. આપણી પાસે જિનાજ્ઞા સ્વરૂપ, વચન સાપેક્ષતા સ્વરૂપ, CODE NUMBER હોતો નથી, અને માટે આપણો PHONE લાગતો નથી.

એક પાપી પાપો કર્યા કરે, એનાથી પણ એનો સંસાર એનો અંત આવતો નથી. આપણે આપણી રીતથી ધર્મ કર્યા કરીએ, એનાથી પણ આપણા સંસારનો અંત આવવાનો નથી. વસ્તુપાલે હાથ ધરેલો છે, શ્રાવકના હાથમાં પતાસુ છે, શ્રાવક-બાહરથી વહી રહ્યા છે, પરસ્પરની સંઘપૂજા ચાલુ છે. મારું આ સપનું છે, આખા સંઘની અંદર, પરસ્પરની સંઘપૂજા ચાલુ થઈ જાય. એક વ્યક્તિ સત્કાર્ય કરે છે, એ પણ સંઘપૂજા. એક વ્યક્તિ એના સત્કાર્યને બિરદાવે છે, એ પણ સંઘપૂજા !!

એક વ્યક્તિ ભક્તિ-ભાવનામાં આવી છે, તબલા સારા વગાડી શકે છે તબલા એ વ્યક્તિ વગાડી રહી છે, અને બીજી વ્યક્તિ એને બિરદાવી રહી છે, વાહ - ઉસ્તાદ.. વાહ !! સંઘની અંદર આ ત્રણ શબ્દોનું અવતરણ થઈ જાય ને, તો ભરતક્ષેત્રમાં મહાવિદેહ - ક્ષેત્રનું અવતરણ થઈ જાય ! પાંચમાં આરામાં ચોથા આરાનું અવતરણ થઈ જાય ! કલીયુગની અંદર સતયુગનું અવતરણ થઈ જાય ! ત્રણ શબ્દ બોલતા આપણને ફાવે ? વાહ.. ઉસ્તાદ... વાહ !

આપણને આપણો અહમ નડે છે, સામી વ્યક્તિનો ધર્મ, એનું સત્કાર્ય, એ આપણને આપણા સત્કાર્ય ઉપરનો પ્રહાર લાગે છે, આપણા અહમ પરનો પ્રહાર લાગે છે, અને પરિણામે શું થઈ જાય છે, આપણને જેટલી માંસાહારીઓ સાથે તકલીફ નથી ને એના કરતા વધારે તકલીફ આયંબિલ વાળા સાથે છે. આપણને જેટલી તકલીફ મસ્જિદવાળા સાથે નથી એનાથી વધારે તકલીફ દેરાસરવાળા સાથે છે. આપણને જેટલી હોટલ, લારી, રાત્રિભોજન અભક્ષ્યવાળા સાથે તકલીફ નથી એની કરતા વધારે તકલીફ વરસીતપ વાળા સાથે છે, અને આ બધી ભાંજગડમાં એ વ્યક્તિ સાથે, શાસનની, સંઘની, જિનાજ્ઞાની, ધર્મની, મોક્ષ માર્ગની, કેટલી ઘોરાતીઘોર આશાતનાઓ આપણે કરી બેસીએ છીએ, એ પ્રત્યે આપણું ધ્યાન જતું જ નથી.

આટલું નક્કી કરીએ આજ સુધી આપણે બાખડ્યા છીએ, આજથી બિરદાવવાનું ચાલુ કરવું છે. બાખડવાથી એનો ય ધર્મ તુટશે, આપણોય ધર્મ તુટશે, એનો ઉલ્લાસ તુટશે - આપણો તુટશે એનું માથું ખરાબ થશે, આપણું માથું ખરાબ થશે, એને રાગદ્વેષ થશે, આપણને

રાગદ્વેષ થશે. એને કષાયો ભગાશે, આપણને કષાયો ભગાશે, એનો કર્મબંધ થશે, આપણો કર્મબંધ થશે. એનો ય સંસાર વધશે, આપણો ય સંસાર વધશે. શા માટે બાખડવાનું ? જ્યાં આપણો કોઈ અધિકાર નથી, ત્યાં બાખડવું એ મુર્ખામી છે, અને જ્યાં આપણો અધિકાર છે ત્યાં બાખડવું એ પણ મુર્ખામી છે. બહુ સરસ મઝાની વાત નીતીવાક્યામૃતમ ગ્રંથ ની અંદર કરી.

પુષ્પૈરપિ યુદ્ધે નીતિવિદો નેચ્છંતિ ।

જે નીતી ના જાણકારો છે, એ ફુલોથી પણ યુદ્ધ-કરવાનું ઈચ્છતા નથી, તો શસ્ત્રોથી કરવાની તો વાત જ ક્યાં રહી. યુદ્ધ જ ખરાબ, યુદ્ધમાં બંને પક્ષે ખુવારી... એક કવિએ બહુ મઝાની વાત કરી છે.

આ તામ્રપત્ર બાજુ ઉપર ક્યાં લગાડશો !
વૃતો મે યુદ્ધ, હાથ ગુમાવાયો હોય છે !

★ લડવું એટલે પોતાના જ હાથ કપાવવા.
★ લડવું એટલે પોતાના ધર્મને પોતાના હાથે ફાંસી લગાડવી.
★ લડવું એટલે પોતાનું જ ઘર બાળવું.
★ લડવું એટલે પોતાની તીજોરીમાં આગ લગાડવી.
★ લડવું એટલે પોતાના હાથે પોતાના પગ પર કુહાડો મારવો.

આપણો લડવાનો ઉદ્દેશ્ય આ હોય છે કે તમે અહીંયા ખોટું કર્યું છે ને તમે સુધરી જાવને મારી વાત તમે માની લો. આ હોય કે કોઈ પણ મુદ્દે તમે લડવા જાવ એનો સાર આટલો તમે ખોટા છો, હું સાચો છું, તમે આટલું સુધારો ને તમે મારી વાત માનો. આપણે એટલા બધા, એટલી હદના મુર્ખા છીએ, કે એ આપણી વાત માનતો હોય તો એ ન માને એવી ભાષામાં આપણે વાત કરીએ. આપણે કહીએ છીએ તમે ખોટા છો, પણ ACTUALLY આપણે એને એને સમજાવી હોય ત્યા-રીએ કે હું સાચ જ ખોટો છું, દેખીતી રીતે આપણે


CLASSMATE

21 08 2020

કહીએ છીએ કે તમે મારી વાત માની લો, પણ આપણી કહેવાની STYLE એવી છે એના પરથી એમ કહેવું પડે કે આપણે હકીકતમાં એમ કહી રહ્યા છીએ કે હું તમારો દુશ્મન છું, હું તમારો શત્રુ છું, ભુલે ચુકે મારી વાત તમે માનતા નહી

છગને કુતરો પાળ્યો, કુતરાને દવા પીવડાવાની હતી, બજારમાંથી દવા લઈ આવ્યો ને છગને વિચાર્યું કે કુતરો દવા પીશે કઈ રીતે ? કુતરો વિરોધ કરવાનો, સામે પડવાનો, કુતરો હરગીઝ દવા નહિ પીએ ને કુતરાને દવા પીડાવવી છે ને, કુતરાને કઈ રીતે પીવડાવું ? મને આવડે ને, હું બુદ્ધિનો બાદશાહ ને હું કુતરાને દવા પીવડાવીને જ રહીશ. છગને કુતરાને બોલાવ્યો ને કુતરાના પાછલા બે પગ ઉપર પોતાના પગ રાખી દીધા, એક હાથે એના આગલા બે પગ પકડી લીધા, દવાનો વાટકો એના મોઢા પાસે ધરવા જાય છે ને, કુતરો જે છે એ હવે છગન પાસે એક હાથ બાકી રહ્યા નથી, કુતરો મોઢું બરાબર ધરતો નથી ને મોઢું ફેરવી લે છે ને આમ-આમ કરે છે ને પોતે છટકવાના પ્રયાસ કરે છે, પગથી એ છટકવાનો પ્રયાસ કરે છે ને છગન એટલો મુંઝાય.. એટલો મુંઝાય.. ને છતાં એ બળજબરી કરીને એના મોઢા પાસે લઈ જાય છે, ને મોઢું કુતરાનું ખુલે, એના માટે છગન કંઈ જ કરી શકે એમ નથી, ને છગન બધી જ પોતાની શક્તિ લગાડી દે છે ને વાટકો એવી રીતે એના મોઢામાં લઈ જવાનો પ્રયાસ કરે છે ને બરાબર એના હોઠ માં એ દવાના વાસણની ધાર ઘુસાડી દેવી ને છગન મરણિયો બનીને આ રીતે દવા પીવડાવવાનો પ્રયાસ કરે છે ને કુતરાએ એટલી મોઢું એવું માર્યું, કે વાટકો સીધો નીચે પડ્યો ને

હવા હતી એ બધી ઢોળાઈ ગઈને છગન લમણે હાથ દઈ ને બેઠો. બહુ મજાની ઘટના હવે બને છે. છગન આંખ બંધ કરીને, લમણે હાથ દઈને બેઠો છે, ને એને ચપચપ ચપચપ અવાજ સંભળાય છે ને, છગન જુએ છે તો નીચે પડેલી હવાને કુતરો ચાટી રહ્યો હોય છે. કુતરાને હવાથી કોઈ જ વિરોધ ન હતો, કુતરાને બસ નથી જ પીવી આવી કોઈ ભુમિકા જ નથી, કુતરો હવા પી લેવા તૈયાર હતો, કુતરાને છગનની પધ્ધતિ-સામે વાંધો હતો. છગનમાં એ અક્કલ નથી ને આપણામાં એ હોતી નથી, સીધી.. ઉંધેથી આપણી વાત ચાલુ થાય, પેલો માનતો હોય તો એ ના માને, આવી આપણી SYSTEM !! આજ રીતે તમે તમારા દીકરા સાથે વાત કરો, ઘણી વાર આમ આપણને - એટલી બધી ખબર પડી ગઈ છે, એવા આપણે ગીતાર્થ થઈ ગયા, એવા આચાર્ય ભગવંત થઈ ગયા, આવા બધા આપણા શબ્દો હોય ને, બાળજીવ માટે તો શાસ્ત્રો કહે છે, એને DOUBLE હુંફ આપો, એને DOUBLE પ્રેમ આપો, એને DOUBLE વાત્સલ્યની જરૂર છે, અને આપણને ચડી બેસવા માટે ને, તૂટી પડવા માટે, બાળ જીવ જ મળતા હોય છે.

કોની ભુલ હતી ? કોનો દોષ હતો ? કોણે ખોટું કર્યું ? માટે તમે ઝઘડ્યા, આ બધી જ વાત ખોટી છે. આપણામાં અક્કલનો છાંટો પણ નહતો, માટે આપણે ઝઘડ્યા, માટે આપણે ઉંચે અવાજે વાત કરી, માટે આપણે સામે પડ્યા, આ વાસ્તવિકતા છે. આટલું આવડે તો કોઈ સાસુ-વહુના, બાપ-દીકરાના, ભાઈ-ભાઈના, કોઈ સંઘના સભ્યોના, ક્યાંય ઝઘડા રહે જ નહિ ! સામી વ્યક્તિનું દીલ જીતી પણ શકાય છે, સામી વ્યક્તિનું દીલ તોડી પણ શકાય છે, આપણે તોડવામાં પાવરધા હોએ, ને માટે આપણા

યુદ્ધો જરૂરતા નથી વાહ.. ઉસ્તાદ વાહ !! હોય શકે
કોઈનામાં કોઈ ખામી હોય, હોય શકે એનામાં કોઈ
દોષ હોય, તમે એને સુધારો ના નથી, સુધારવાની
રીત સમજો, એને પ્રેમથી નવડાવી દો, તમારી ઉંમર
મોટી છે, તમે SENIOR છો, તમે આર્થિક પ્રકારે
એ SENIOR છો, તમે જ્ઞાનની દ્રષ્ટિ એ SENIOR
છો, તો તમે વડિલ છો માની લઈએ. વડિલની ફરજ
વાત્સલ્ય આપવાની, અને નાના ની ફરજ વિનય કરવાની.
વડિલ વાત્સલ્ય મુકે ત્યારે ઝઘડા થાય છે.
નાના વિનય મુકે ત્યારે ઝઘડા થાય છે.
તમે તમને સમજદાર સમજતા હો છો ને કહો છો કે
સામી વ્યક્તિ નથી સમજતી, ત્યારે તમે જુઠી થવ !
પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ચારસો સાધુ-
ઓના ગચ્છાધિપતિ હતા, જે કાળે ચાર સાધુના -
દર્શન દુર્લભ હોય, એ સમયે દીક્ષાઓ પ્રવર્તાવીને
ચારસો સાધુઓના સમુદાયનું જેમણે સર્જન કર્યું.
ઘરના ક્ષેત્રે કે સંઘના ક્ષેત્રે, બહુ સમજવા જેવી
સ્વર્ણીમ હિતશિક્ષા, પ્રેમસૂરીશ્વરજી મહારાજે,
પોતાના સમુદાયના વડિલો માટે આપી. પૂજ્યપાદ -
ચંદ્રશેખર વિજયજી મહારાજ, વિક્રમ સંવત ૨૦૨૦ ના
પિંડવાડા ના ચોમાસાની અંદર, પૂજ્યશ્રીની સેવા
કરવા સાથે પૂજ્યશ્રીના ઉદ્ગારો જે અવસરે -
અવસરે નીકળ્યા હોય, એને અવલોકિત કરતા ગયા ને
પુસ્તક બહાર પાડ્યું "અલખવાણી" ! ગુરૂદેવે પ્રેમ-
અમૃત નામે એ પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પાડી
છે ને, પુસ્તક ની અંદર લખેલું છે. પ્રેમસૂરીશ્વરજી
મહારાજના સીધા શબ્દો વાત્સલ્ય એ વશીકરણ છે.
આશ્રિતો ને ખુબ જ વાત્સલ્ય આપો, અને જ્યારે
એ વાત્સલ્ય થી વશ થઈ જશે ને, ત્યારે પોતે જ એ
તમારી ઈચ્છા પુરી કરવા પ્રયત્નશીલ બની જશે !!

હવે આપણે મોક્ષ ને સમજીએ, વીતરાગતા ને સમજીએ, વૈરાગ્ય ને સમજીએ, એટલી મોટા ભાગના જીવોની પહોંચ જ હોતી નથી. સૌથી પહેલા તો પ્રેમની ભાષા સમજાય છે. આંખો મોંથી બોલાતું વાત્સલ્ય સમજાય છે. સિંહ અને વાઘ જેવા પશુઓ પણ એવી ઘટનાઓ બને છે, વાત્સલ્યની ભાષાને સમજી જાય, અને માણસ ને આધીન બની જાય, જેમ ગલુડિયું પૂંછડી પટપટાવી ને જે કહે એ કરવા તૈયાર થઈ જાય ! માણસ હૃદયનો ભૂખ્યો છે, પ્રેમનો ભૂખ્યો છે, વાત્સલ્યનો ભૂખ્યો છે, આપણને ફક્ત AK-47 ની ભાષા આવડે છે, તો કામ ક્યાંથી થવાનું ! પહેલા નંબરમાં ભૂલ કે દોષની પ્રત્યે આંખ આડા કાન કરો, બીજા નંબરમાં એનો જે PLUS POINT છે, એનો જરા દિલથી અનુમોદના કરો, ત્રીજા નંબરમાં એને જે સહાયની જરૂર હોય છે, નાના માણસને જરૂર હોય છે, મોટા માણસને જરૂર હોય છે, ક્યાંક કડી બનીએ, ક્યાંક એને મદદરૂપ થઈએ, પછી એનો EGO છે, એના EGO ને FULFILL કરો, એ પણ ભૂખ છે એક જાતની, એ ભૂખ્યો હશે તો તમારું કામ નથી થવાનું. એની નિંદા કરવી નહિ, એની ભરપેટ અનુમોદના કરવી, પ્રત્યક્ષમાં અનુમોદના કરવી, પરોક્ષમાં અનુમોદના કરવી. બીજા ચાર જણને કહેવું, કે એ ભાઈના આ સુકૃતો બહુ સારા છે. આજે સો ગાથા ગોખીને કોઈ ને સંભળાવી દેવી, હજુ કદાચ સહેલું છે, પણ એક પણ વ્યક્તિની અંતરથી અનુમોદના કરવી, એ ઘણા કર્મોનું ગાબડું થયા વગર શક્ય જ નથી.

પંચસૂત્ર ની અંદર જ્યાં સુકૃત અનુમોદનાનું CHAPTER આવ્યું ત્યાં, બહુ મજાની વાત કરી, કે મારી આ અનુમોદના સાચી થાઓ... સાચી થાઓ, કોના બળથી સારી થાઓ, અને ત્યાં લખ્યું, કે અરિહંત ભગવંતો ના સામર્થ્યથી. મારી આ અનુમોદના સાચી થાઓ.

હું તો છું બહુ ક્ષુદ્ર, તુચ્છ, કાષાયિક પરિણામો વાળો, ભવની ગલીનો ભૂંડો ભિખારી, સગા બાપ માટે પણ બે શબ્દ સારા બોલવાની મારી ત્રેવડ નથી. છતાં એ વિશ્વના બધા જ સુકૃતોની હું અનુમોદના કરવા ઈચ્છું છું. કોના બળથી અરિહંત પરમાત્મા વગેરે પંચ પરમેષ્ઠિ ના બળથી!

વાહ... ઉસ્તાદ.. વાહ !!

દર્શનાચાર ના ત્રણ આચાર, જો આપણા જીવનમાં આવી જાય, તો સંઘનો પણ માહોલ બદલાઈ જાય, અને આપણો પણ માહોલ બદલાઈ જાય.

★ ઉપબૃંહણા
★ સ્થિરીકરણ અને
★ વાત્સલ્ય !

ઉપબૃંહણા એટલે શાબાશી, ઉપબૃંહણા એટલે અનુમોદના, ઉપબૃંહણા એટલે એના સત્કાર્યો ને બિરદાવવા. સ્થિરીકરણ એટલે દ્રવ્ય કે ભાવથી જે અસ્થિર થઈ ગયા, LOCK DOWN માં ઉપાધીમાં આવી ગયા, તકલીફ માં આવી ગયા, દ્રવ્યથી સ્થિરીકરણ, આમ તો આવતા હતા વ્યાખ્યાનમાં, પૂજા કરતા હતા, ચૌદસે પૌષધ કરતા હતા, અને આવતા બંધ થઈ ગયા, આપણે એના ઘરે પહોંચીએ, ભાઈ શું થયું છે આ તો અનંતપુણ્ય થી મળ્યું છે, ક્યાં અટકો છો, અને કહી દો, તમારા ઘરના કામો ની ગોઠવણ હું કરી દઈશ. આ ચૌદસે આવી જજો પૌષધમાં કેમ આવું કરો છો! ભાવ સ્થિરતા! અને ત્રીજા નંબરમાં - વાત્સલ્ય!

उववूह थिरीकरणे वच्छल्ल पभावणे अट्ठ।

બધી જ આરાધનાનો પાયો સમ્યક્ દર્શન છે. અને સમ્યક્ દર્શન ની પરિણતી નું લક્ષણ, એ આ ઉપબૃંહણા વગેરે દર્શનના આચાર છે.

classmate

વસ્તુપાલના હાથમાં એ શ્રાવક અનેરા ચંદની સાથે પતાસુ મુકે છે. વસ્તુપાલ એ પતાસુ લઈને માથે લગાડે છે, શ્રાવકની આંખમાં પણ કૃતજ્ઞતા છે. વસ્તુપાલની આંખમાં પણ કૃતજ્ઞતા છે, અને એ કૃતજ્ઞતા સભર થાળે, વસ્તુપાલ ત્યાંથી વિદાય લઈ રહ્યા છે, અને આખો સંઘ સજળ નેત્રે, એ દૃશ્યને-જોઈ રહ્યો છે. પહેલા નંબરમાં કર્તૃત્વાભિમાન ને વિખેરો, બીજા નંબરમાં સ્વામીત્વાભિમાન ને વિખેરો, ત્રીજા નંબરમાં અસ્તિત્વાભિમાનને વિખેરો. હું કંઈક છું, આ રાય મગજમાં ભરેલી છે, અને આ રાય કાચી સેકન્ડમાં તડાફડી કરાવે છે.

આપણા અસ્તિત્વાભિમાનનો આધાર એટલો જ છે કે, હજુ સુધી આપણું અસ્તિત્વ શું છે એ જ આપણને ખબર નથી. વસ્તુપાલ ને મરણોત્તર અસ્તિત્વ, એક પ્રમાણ એવું મળે, કે જેનાથી એમના અસ્તિત્વને મરણોત્તર પ્રમાણ મળે. જીવતા તો જયજયકાર હતો જ, જીવતા તો અજબગજબ ની ધારના હતી, વસ્તુપાલનો કાળધર્મ થાય છે, સમાચાર બધે-ફેલાય છે, અને એ સમયે ગચ્છ, જેનું નામ બૃહદ-ગચ્છ, એ ગચ્છના ગચ્છાધિપતિ, પૂજ્ય વર્ધમાનસૂરીજી અને એ વર્ધમાનસૂરીજી ને જ્યાં સમાચાર મળ્યા, ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા, એવો આઘાત અનુભવ્યો જાણે કે શાસનનો આખો સ્તંભ તૂટી પડ્યો. મારે તમને-અસ્તિત્વ ની વાત કરવી છે. અસહ્ય આઘાત સાથે, ખાવા-પીવાનું એમણે છોડ્યું છે, અકાળે આ રીતે અનશન ના કરી લેવાય, ભગવાનની આજ્ઞા વિરુદ્ધ છે, જ્યારે મરણ નજીક આવે ત્યારે જ અનશન કરી શકાય, વાપરવું જરૂરી છે ને વાપરવાનું બીલકુલ મન નથી ને વચલો રસ્તો કાઢ્યો, અખંડ આયંબિલ !! વસ્તુપાલનું શું અસ્તિત્વ હશે, જેમના મૃત્યુના નિમિત્તે ગચ્છાધિપતિ,

આજીવન ની ભાવના સાથે અખંડ આયંબિલ ચાલુ કરે, એક દિવસ.. બે દિવસ.. દસ દિવસ.. વીસ દિવસ... ત્રીસ દિવસ.. બે મહીના.. ચાર મહીના.. છ મહિના.. વરસ.. બે વરસ.. ત્રણ વરસ.. ચાર વરસ.. અખંડ આયંબિલ !

હું તમને પુછુ તમારા સંસારમાં જે નિકટત્તમ સ્વજન હોય, એ પણ તમારા ગયા પછી એ આયંબિલ કરવાના ખરા ? હું તમને પુછુ છું ? જેની પાછળ તમે મન નીચોવી છો, જેની પાછળ અડધા... અડધા થાવ, જે તમારા ઘરના સભ્યોમાં સૌથી નજીક છે, તમારા ગયા પછી એમને ખાવાનું ભાવે નહિ, તમારા ગયા પછી, એમને પરાણે ખાવું પડે, અને એમાં પણ આયંબિલ સિવાય નો તપ હોય નહિ, અખંડ આયંબિલ એમના ચાલે જ મન ને, વિગઈઓમાં એમનું મન જ ના હોય, આવું કોઈ EXPECTATION તમે રાખી શકો એમ છો ? આખી જિંદગી જે સ્વજનો ને આપણે આપણા માનીને ચાલીએ છીએ, એમાં આપણું કોઈ હોતું નથી, આખી જિંદગી જે સંઘને આપણે પારકો માનીને ચાલીએ છીએ, એ સંઘ હકીકતમાં આપણો સ્વજન હોય છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

સર્વે સત્ત્વા મિથઃ સર્વાન્ સમ્બન્ધાન્ લબ્ધપૂર્વિણઃ ।

દુનિયામાં બધા જ જીવો, બધી જાતના સંબંધોને અનંત-વાર પામી ચુકયા છે. તમે મજેથી સંસારમાં રહી શકો છો, ઘરમાં પગ મુકી શકો છો, કારણકે તમે અંધારામાં છો. સંસારની પહેલીરાત થાય તો ઘરમાં તમે પગ ના મુકી શકો, તમે દીક્ષા લીધા વગર રહી ના શકો. તમારા ને મારા બધા જ સંબંધી થયા છે, અનંતવાર તમે મારા મમ્મી થયા છો, પપ્પા થયા છો, પત્ની થયા છો, પુત્ર થયા છો, ભાઈ થયા છો, મિત્ર થયા છો, દુશ્મન

સુધ્ધા થયા છો, સંસારના બધા જીવો સાથે બધા જીવોના બધા જ પ્રકારના સંબંધ, અનેકવાર યા અનંતવાર થઈ ચુક્યા છે. ભગવતી સુત્રની અંદર મહાવીર સ્વામીના શબ્દો છે,

असइं अदुवा अणंतखुत्तो

જો તમે અલ્પ સમયમાં વ્યવહાર રાશિમાં આવ્યા છો, તો અનેકવાર થઈ ચુક્યા છે, અને જો તમે દીર્ઘ સમયથી વ્યવહાર રાશિમાં આવ્યા છો, તો અનંતવાર થઈ ચુક્યા છે.

सर्वे सत्त्वा मिथः सर्वान् सम्बन्धान् कृतपूर्विणः।
साधर्मिकादिसम्बन्ध - कन्धारस्तु मिताः क्वचित्।

નથી થયા એ સંબંધ આ સાધર્મિક આદિ સાથે. સાચો-સંઘ સાથે નો સંબંધ નથી થયો, સાચો સાધર્મિક સાથેનો સંબંધ નથી થયો. સાચો દેવ અને ગુરુ સાથે સંબંધ નથી થયો. સંસારના બધા જ સંબંધો અનંતવાર થઈ ચુક્યા છે. દુર્લભ હોય, મહામુલો હોય, પ્રાપ્ય હોય, અભિલષણીય હોય ઈચ્છનીય હોય, તો એ આ સંઘ સાથેનો સંબંધ છે. આયંબિલની વાત જવા દો, તમારા ગયા પછી, તમારા નામે કોઈ હોટલ, બારી વગેરે મોજશોખો પણ છોડવાના ખરા ?

ધ્રુસકે ને ધ્રુસકે મૃત્યુ ઉપર રડનારા, પંદર દિવસ મહિના પછી, મજેથી ICE-CREME ખાતા હોય, આ તમારા સંસારનું ચિત્ર છે. એક કવિએ બહુ મજાની વાત કરી છે

તારા શબ ઉપર પોક મુકીને ચુપ થયું,
જોઈ લે આ દુનિયાનું સગપણ જોઈ લે !!

કોઈ કવિ એ બહુ મજાની વાત કરી છે,

વાંસ પધરાવ્યા ચિતા પર છેવટે,
લોહીના સંબંધો ફૂટ ફૂટી ગયા !!

કોઈ કવિએ બહુ મજાની વાત કરી છે.

આ બધા બેફામ જે આજ રડે મુજ મોત પર,
એ બધા એ જિંદગી આખી રડાવ્યો છે મને !!

એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

આખી જિંદગી પગ તળે કચડ્યો મને,
અંત વેળા એમની કાંધે જ ચડવાનું થયું !!

જે દીકરો તમને ચારસો તમાચા મારવાનો છે, એ હજુ વ્હાલો લાગે છે, જે સંઘ તમને મોક્ષે પહોંચાડવાનો છે, એ હજુ તમને અળખામણો લાગે છે.

વર્ધમાનસૂરી અખંડ આયંબિલ ચાલી રહ્યા છે, સંઘ વિનવણી કરે છે, પારણું કરો.. પારણું કરો, પારણું કરો. આચાર્ય ભગવંત માને છે કે નહિ, વસ્તુપાલની મરણોત્તર ઘટના, જેનાથી એમના જીવનની અજબ-ગજબની HEIGHT પ્રતીત થાય, કઈ એવી એ ઘટના છે, અસ્તિત્વાભિમાનને કઈ રીતે વીખેરવું, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !!

---

# પ્રવચન-૮

૨૨ ૦૮ ૨૦૨૦

તમને શું મળ્યું છે એ ઓછી મહત્વની વસ્તુ છે, વધારે મહત્વની વસ્તુ એ છે કે તમે શું પચાવી શક્યા છો. કોઈ કવિએ બહુ મઝાની વાત કરી છે,

પચાવી શકો તો અમૃતથી કમ નથી એ પણ
અમર થઈ ગયા શંકર જો હલાહલથી

દુધપાક સારો કે મગનું પાણી સારું ? હોજરી સારી હોય તો દુધપાક સારો, નહિ તો મગનું પાણી સારું. તમને શક્તિ શેનાથી આવશે, જે પચશે એનાથી શક્તિ આવશે. ખુબ જ શક્તિ દાયક એવો પદાર્થ તમે વાપર્યો હશે, પણ પચ્યો નહિ હોય તો તમને શક્તિ નહિ મળે. કહેવાય અમૃત, કહેવાય આરાધના, કહેવાય તપસ્યા, કહેવાય જ્ઞાન, આત્માને શક્તિ ક્યારે મળશે ? ક્યારે એ પચશે ! પીસ્તાલીસ આગમમાં, ત્રીજું આગમ સુત્ર, સ્થાનાંગ સુત્ર, અને એની અંદર અદ્ભુત વાત કરી છે,

अणत्तवओ अहियाए ० हवंति -

જેણે હજુ આત્માને પામ્યો નથી, જે આત્માર્થી નથી, એવી વ્યક્તિ ને ત્રણ વસ્તુનો અહંકાર થાય છે. પહેલા નંબર માં કહ્યું પર્યાય, એવા આત્માએ દીક્ષા લઈ લીધી, એ આત્મા સંયમ માર્ગે આગળ આગળ વધી રહ્યો છે, એનો પર્યાય વધી રહ્યો છે, પાંચ વરસ, દસ વરસ, પચ્ચીસ વરસ, પચાસ વરસ, સાઈઠ વરસ, સ્થાનાંગ સુત્ર કહે છે જેણે આત્માને નથી પામ્યો, એનો પર્યાય એના આત્માના અહિત માટે થાય છે. પુછ્યું બીજા નંબરમાં કઈ વસ્તુ છે, અને જવાબ આપ્યો પરિવાર ! સંયમનો - પર્યાય વધવાની સાથે, પ્રવચન વગેરે પ્રવૃતિ કરવાની સાથે, લોકોનો એમની પાસે આવવાની શરૂઆત થવાની સાથે, ધીમે ધીમે એમની પાસે દીક્ષા થાય છે, એક શિષ્ય, બે શિષ્ય, ચાર શિષ્ય, પાંચ શિષ્ય, આઠ શિષ્ય, દસ શિષ્ય, એક પરિવાર થયો, પણ જે એ જીવ આત્માર્થી નથી, તો પરિવાર થી એનું અહિત થાય છે. પ્રશ્ન કર્યો ત્રીજું

વસ્તુ કઈ છે ને ત્યાં જવાબ આપ્યો, શ્રુત આગમ ! જેને શ્રુત મળ્યું ખરું, બે આગમ, ચાર આગમ, પાંચ આગમ, દસ આગમ, વીસ આગમ, ત્રીસ આગમ, ચાલીસ આગમ, પૂર્વકાળની અંદર એક પૂર્વ, બે પૂર્વ, પાંચ પૂર્વ, શ્રુત સંપત્તિ મળી, પણ આત્માની સ્પર્શના નથી થઈ, આત્મસ્વરૂપ ની ઝંખના નથી થઈ, એ જીવ આત્માર્થી નથી, સંવેગ નથી, નિર્વેદ નથી, સંવેગનતા નથી, એમને મળેલું શ્રુત, એમના આત્મામાટે અહિતકારક થશે.

બીજું બધું જ સુલભ છે, ભવચક્રમાં અનંતવાર મળ્યું છે, અભવિ નો જીવ અનંતવાર સાડા નવ પૂર્વ ભણે જશે, પણ એના આત્માને કોઈ જ ફાયદો ન થાય, કારણકે એની પાસે આત્માર્થીતા નથી.

સભાનો પ્રશ્ન :- આત્માર્થી એટલે શું સાહેબ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આત્માનો અર્થ છે આપણું શુદ્ધ સ્વરૂપ, એ શુદ્ધ સ્વરૂપનું અર્થીપણું, એનો ખપ હોય, એની ગરજ હોય, એની તરસ હોય, એની તલપ હોય, એની માટેનો તરફડાટ હોય, અને એની માટે બીજું બધું સાંસારિક ફગાવી દેવાની તૈયારી હોય, આનું નામ આત્માર્થી !

જરાક નિમિત્ત આવ્યું ને આત્મહિતને કોરે મારીને આપણે દુન્યવી વસ્તુની પાછળ દોડવા લાગીએ ત્યારે, સમજી લેવાનું કે આપણામાં આત્માર્થીતા નથી ! કોણ શું બોલશે ? મારું કેવું લાગશે ? બહાર લોકો કેવું કહેશે ? આ બધું જ ફોગટ લાગે ને મારા આત્માનું શું થશે, આ એક જ પ્રશ્ન મુખ્ય લાગે, ત્યારે સમજી લેવાનું કે આપણે આત્માર્થી બની ગયા છીએ. સન્મતિતર્ક પ્રકરણની અંદર સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ કહે છે,

જહ જહ બહુસ્સુઓ અઇ સમ્મઓ ય સીસગણસંપરિવુડો ય ।
બહુ બહુશ્રુત થઈ ગયા, વિદ્વાન અને જ્ઞાની થઈ ગયા, શિષ્યગણ થી પરિવૃત થઈ ગયા, પાંચ-પચ્ચીસ શિષ્યનો પરિવાર થઈ ગયો,
અવિણિચ્છિઓ ય સમએ તહ તહ સિદ્ધંતપડિણીઓ ॥
પણ જેને જિનશાસનનું હાર્દ મળ્યું નથી, આત્માર્થીતા મળી નથી, શાસ્ત્રોનો જે સાર કહેવાય, અર્ક કહેવાય, તાત્પર્ય કહેવાય, એ જેને મળ્યું નથી, તો બીજું બધું જ મળ્યું હોવા છતા, એ પોતે પોતાના આત્માનું એ કલ્યાણ નહી કરે, અને શાસ્ત્રને, શાસનને, સંઘને પણ નુકશાન કરશે.

વસ્તુપાલના એક મુનિમ હતા, એમણે જોયું કે મુનિમ બરાબર નથી. વસ્તુપાલે એમને બરતરફ કર્યા, કોઈ મહાત્માના સહવાસમાં આગળ-વધ્યા, અને મુનિમ ને દીક્ષાની ભાવના થઈ. વસ્તુપાલે એમના ગુરુને કહ્યું કે આ મને યોગ્ય લાગતા નથી, ગમે તે કારણે ગુરુ એ દીક્ષા આપી. ભણવા-ગણવામાં એ મહાત્મા આગળ વધ્યા, પર્યાય વધ્યો, આગળ ચાલીને એમને આચાર્ય પદવીની વાત આવી, વસ્તુપાલે ફરી ગુરુને કહ્યું કે આ મને બરાબર લાગતા નથી, જે પણ કારણ ગુરુએ આચાર્ય પદવી પણ આપી. વસ્તુપાલ-શ્રાવક છે, નમ્ર છે, વિનીત છે, સમર્પિત છે, જે લાગ્યું એ કહી દીધું, પછી જે ગુરુને ઠીક લાગે!
તમે ધર્મ કેટલો પામ્યા એ એનું સીધું માપદંડ, એ છે કે તમારું ધાર્યું ન થયું, તમારી વાત માનવામાં ન આવી, ત્યારે તમારી પ્રતિક્રિયા શું છે!! તમે છંછેડાવ છો, તમે ફુંફાડા મારો છો, તમે ડંખ મારો છો, તો સમજી લો કે તમે શ્રાવક નથી, માણસ નથી, ધર્મી નથી તમે સાપ છો. હું સાચું કહેતો હતો, આમ હતું, તેમ હતું, શાસ્ત્રોમાં લખ્યું છે, મેં વ્યાખ્યાનમાં સાંભળ્યું હતું, બાજુમાં મુકો. તમારો અહમ ઉછળી રહ્યો છે કે નહિ

તમારા અહમ ઉપર ચોટ પહોંચે છે કે નહિ, એ ઘા ના કારણે તમારી આ ચીસાચીસ છે કે નહિ, એ વાત તમે તમારા આત્માને પુછો ! હાથ જોડીને વસ્તુપાલે કહ્યું કે સાહેબ આ દીક્ષા માટે યોગ્ય નથી, હાથ-જોડીને કહ્યું આચાર્યપદ માટે આ જીવ યોગ્ય નથી, પદવી અપાઈ ગઈ. જેવી ગુરુ મહારાજની ઈચ્છા, જે એમને યોગ્ય લાગ્યું, આગળ વધીને, એ આચાર્ય ભગવંત, અમુક સ્વચ્છંદ પ્રરૂપણા દ્વારા, અમુક નાના- નાના શિથિલાચાર દ્વારા, શાસનની એક ફાંટો વધારવામાં નિમિત્ત બન્યા !

બહુ સરસ મજાની વાત જ્ઞાનીઓ કરે છે કે,

प्रकृतिसुन्दरमपि वस्तु पात्रासुन्दरतयाऽसुन्दरत्वं प्रतिपद्यते।

વસ્તુ આમ સારી છે, પણ એનું પાત્ર છે ને એ સારું નથી, અને એના કારણે એ વસ્તુ છે એ ખરાબ બની જાય છે. પાણી સારું જ હતું, વરસાદમાં વરસ્યું, ગટરમાં ગયું, પાત્ર ખરાબ હતું, પાણી ખરાબ થઈ ગયું. શ્રુત સારું છે, શિષ્ય પરિવાર પણ સારો છે, સંયમ પર્યાય પણ સારો છે, પણ પાત્ર સારું નથી, તો બધું અસુર રૂપે બન્યું. આપણે છેને બધી જ દોટ, પ્રાપ્તિ માટે હોય છે, હકીકતમાં - આપણી દોટ પાત્રતા માટે હોવી જોઈએ. પાત્રતા વગરની પ્રાપ્તિ નકામી છે. તમને વિશિષ્ટ સંપત્તિ મળે, તમને વિશિષ્ટ સન્માન મળે, તમને વિશિષ્ટ શ્રુત મળે, તમને વિશિષ્ટ પદ મળે, તમને દીક્ષા મળે, હું કહું છું આ શું મળ્યું એ એટલી મહત્વની વાત નથી. તમારી એના માટેની પાત્રતા હતી કે નહીં, એ મહત્વની વાત છે. આત્મ નીરીક્ષણ કરીએ, આર્થિક વિકાસની અભરખો આપણા મનમાં છે, મનગમતી આરાધના આપણને

મળી જાય, એની ખબરખો આપણી પાસે છે. પાત્રતા મળી જાય, એની ખબરખો આપણને કેટલી ? ક્યારે એવું થયું કે મને ગુણ પરિણતિ ક્યારે મળી.

વસ્તુપાલ ની ગુણ પરિણતિ, એનો મુખ્ય પાયો હતો એમનો સ્વાધ્યાય ! તમારે શાસનના કામ કરવા હોય, સંઘની સેવા કરવી હોય, તો દિવસમાં કમ-સે કમ બે કલાક, તમારી પાસે ઠોસ સ્વાધ્યાય હોવો જોઈએ. જેનો અંદર ભગવાનની વાણી, ગીતાર્થ ગુરુ-ભગવંતો એમના પ્રવચનના શ્રવણ રૂપે, એ પુસ્તક વાંચન રૂપે, તમારા જીવનમાં પ્રવેશે. શ્રુત સ્વાધ્યાય, જેનાથી સંવેગ અને નિર્વેદ ના ભાવો પ્રગટે અને ટકેલા રહે, જેનાથી આત્માર્થીતા પ્રગટે, જેનાથી કષાયોનું જોર ઓછું થાય, જેનાથી વિષય-તૃષ્ણા ઓછી થાય, જેનાથી સ્પૃહા ઓછી થાય, અને રોજ બે કલાક-વાંચી લેવાથી પણ, સાંભળી લેવાથી પણ, ગીતાર્થ નથી બની જવાતું, એની સાથે સાથે એક ગુરુ તમારા માથે હોવા જોઈએ, જેનું માર્ગદર્શન તમે લેતા રહો. ગુરુ-માથે નહિ હોય, તો તમે ગોથું ખાવાના ! ગુરુ-માથે નહિ હોય તો તમે ઉંધુ-ચત્તુ કરવાના, ગુરુ માથે નહિ હોય તો તમે આડે પાટે ચડવાના, ગુરુ માથે નહિ હોય તો તમે શાસ્ત્ર વિરુદ્ધ કરવાના, જે એમ માને કે મારે ગુરુની જરૂર નથી, એને સૌથી વધારે જરૂર હોય છે. જે એમ માને મારે ગુરુની જરૂર નથી, એ શાસનના કોઈ કામ કરવાને લાયક નથી. જે એમ માને કે મારે ગુરુની જરૂર નથી, મને બધી ખબર પડે છે, એને હકીકતમાં ભગવાનની પણ જરૂર લાગતી નથી. જે એમ માને કે મારે ગુરુની જરૂર નથી, એને હકીકતમાં મોક્ષની જરૂર નથી. પંચસુત્ર માં ભગવાનના શબ્દો છે,

જો મં પડિમન્નઇ સ ગુરું !

જે મને માને છે એ ગુરૂ ને માને છે, જે ગુરૂને માને છે એ મને માને છે, જે ગુરૂને નથી માનતા એ મને પણ નથી માનતા ! આપણી ઈચ્છા એવી હોય છે કે આપણે શાસનના કાર્યો કરવા છે, સ્વાધ્યાય - નથી કરવો. ACTIVITY માં INTEREST છે - આપણને ભણવામાં નથી, એટલે આપણે THEORY વગર PRACTICAL કરવા જઈ રહ્યા છીએ, અને THEORY વગર PRACTICALS કેવા થાય ?

★ સ્વાધ્યાય એ કાર્યોની ઉર્જા છે.
★ સ્વાધ્યાય એ કાર્યોનું જીવન છે.
★ સ્વાધ્યાય એ કાર્યોનો DIRECTOR છે.
★ સ્વાધ્યાય એ કાર્યોનો PRODUCER છે.
★ સ્વાધ્યાય એ કાર્યોની સંજીવની છે.
★ સ્વાધ્યાય એ કાર્યોનો HELPER છે.
★ સ્વાધ્યાય એ કાર્યને શુદ્ધ સ્વરૂપ આપે છે.
★ સ્વાધ્યાય એ કાર્યનું અનંતગણું ફળ આપે છે.

શાસ્ત્રકાર ભગવંતો બહુ સ્પષ્ટ કહે છે.

णाए अण्णायाओ अणंतगुणिया पवड्ढए सद्धा

જે તમે જાણી લીધું એ જે નથી જાણ્યું એના કરતા અનંતગણી શ્રદ્ધા પ્રગટાવવામાં નિમિત્ત બને છે.

तीए किरियातिसओ तत्तो विसिट्ठ खओवसमो

તમે જે સામાન્ય શ્રદ્ધાથી કામ કરો છો, એ - સ્વાધ્યાય કર્યા પછી અનંતગણી શ્રદ્ધાથી કામ કરશો. એ અનંતગણી શ્રદ્ધાથી શું થશે. એનાથી તમને વિશિષ્ટ પણ અર્યોપશમ થશે, ક્રિયા અતિસાહે ક્રિયા બનશે, એની એ ક્રિયા તમને અનંતગણું ફળ આપી શકશે, માટે તમે ધ્યાનની પાછળ પણ ખુબ સાધના કરો. સમજ્યા વગરની ક્રિયા એ આંધળાની દોટ છે. સમજ્યા વગરની ક્રિયા એ એક પૈડા વાળા રથને - એરવી ભગાવવાની ચેષ્ટા છે. સમજ્યા વગરની ક્રિયા

એ મોક્ષ ક્રિયા નથી હોતી, બોધ ક્રિયા હોય છે. આવશ્યક નિર્યુક્તિ ગ્રંથની અંદર, ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

ણ હુ ઍગચક્કેણ રહો પયાઇ ।

ફક્ત એક જ ચક્ર થી રથ દોડી શકતો નથી. ઉપનિષદો ની અંદર કહ્યું,

ઉભાભ્યામેવ પક્ષાભ્યાં યથા ખે પક્ષિણાં ગતિઃ।

આકાશમાં પક્ષી ઉડે છે તો બંને પાંખથી ઉડી શકે છે, એક પાંખથી ઉડી શકાતું નથી. વૈદિક ગ્રંથોની અંદર કહ્યું,

કન્યાં વિના વિવાહસ્સ્યાત્ કેવલેન વરેણ હિ ॥

જો જ્ઞાન વિના, ક્રિયા માત્રથી મોક્ષ થઈ જશે. તો કન્યા-વિના ફક્ત વરરાજાથી જ લગ્ન થઈ જશે, જે શક્ય જ નથી. શાસનની સેવા કરવી છે, સંઘની સેવા કરવી છે, તો પાંચ ગુણો હોવા આવશ્યક છે. પહેલા નંબરનો ગુણ છે જ્ઞાન. વર્ષોની સાધના પછી, વરસોના સ્વાધ્યાય પછી, જે જ્ઞાન પરિણતી પ્રગટે, જે જ્ઞાનનો બોધ મળે, એ અવશ્ય હોવો જોઈએ. બીજા નંબરનો ગુણ છે વૈરાગ્ય. સાંસારિક તૃષ્ણાઓ, દુન્યવી કામનાઓ, મારું નામ થઈ જાય, મારું BANNER લાગી જાય, મારી વાહ-વાહ થઈ જાય, મને પાંચ જણ પુછે, પાંચ જણ મને સલામ ભરે એવું મારે જોઈએ છે, આવી કોઈ પણ જાતની તૃષ્ણા ન હોય. ત્રીજા નંબરની અંદર, અધ્યાત્મ હોવું જોઈએ. આત્મા ઊંડો ઉતર્યો હોવો જોઈએ. આપણે ઢંગધડા વગરના હોઈએ, આપણે લૌકિક કક્ષાના જ હોઈએ, એક રસ્તા પર જતો માણસ એના જેવા વિચારો છે, સાંસારિક ગણતરી છે, એ જ આપણા હોય, તો આપણે સંઘની સેવા કરવા લાયક ના રહીએ. અધ્યાત્મ, આત્માને અંદરથી સ્પર્શ્યું હોવું જોઈએ, એક ભીતરી ધારા સતત વહ્યા જ કરતી હોય. ભીતરી યાત્રા ચાલ્યા જ કરતી હોય. આ ગુણ જો તમને મળ્યો છે, તો તમે સંઘ અને શાસનની સાચી સેવા કરી શકશો. ચોથા નંબરનો ગુણ છે, સમર્પણ

એક ગુરૂ માથે રાખીએ, અથવા તો જે સંઘમાં ગુરૂ પધાર્યા, અથવા તો સમીપવર્તી જે સંવિગ્ન ગીતાર્થ મહાત્મા હતા, એમને ગુરૂ તરીકે માનીને, એમનું માર્ગદર્શન લેતા-રહીએ, કોઈ પણ મતના વિખવાદમાં, મતભેદમાં, - એટલું નક્કી રાખ્યું હોય. સંઘના બધા જ સેવકો એ-અગ્રણીઓએ, કે એ જે કહે એ અમારે માની લેવું. સંઘમાં ગમે તેટલા જ્ઞાનીઓ ભેગા થયા, વૈરાગીઓ ભેગા થયા, મતભેદની અંદર કોઈ એક JUDGE - નથી, કોઈ એક નિર્ણાયક નથી, ગુરૂ માથે નથી, તો એ સંઘ તુટવાનો. ચોથા નંબરનો ગુણ સમર્પણ, પાંચમાં નંબરનો ગુણ છે શાસનરાગ. શાસનનો - અવિહડ રાગ, અંદર રગેરગમાં વહેતો હોય, જીવનમાં યથાશક્તિ શાસન એટલે કે ભગવાનની આજ્ઞાનું પાલન હોય, શાસનના નામે બધું જ જતું કરવાની તૈયારી હોય. શાસનની વેદનાથી અંતર પીડિત હોય. શાસનની તકલીફ પોતાની તકલીફ લાગે. મારા-ભગવાનનું શાસન કેમ વિસ્તરે, મારા ભગવાનના શાસનનો માર્ગ કઈ રીતે નિષ્કંટક બને, મારા ભગ-વાનના શાસનનો માર્ગ કઈ રીતે અનેક ગણો - ખેડાય, કઈ રીતે એના અનુયાયીઓ વધે, મારા ભગવાનના શાસનની ધજા દુનિયાભરમાં કઈ રીતે ફરકે. મારા ભગવાનનું શાસન ATLEAST મારા વિસ્તારના, દરેકે દરેક જૈનના હૃદયમાં કઈ રીતે, પ્રતિષ્ઠિત થાય. મારા ભગવાનનું શાસન, એ મારા વિસ્તારના દરેક અજૈન સુધી કઈ રીતે - પહોંચાડી શકું. મારા ભગવાનનું શાસન, એનો પ્રભાવ ક્યાંય ઝાંખો ના પડે, ઓછો ના પડે, આવૃત ના થઈ જાય, દેદીપ્યમાન, ઝળાહળા, એવું મારૂં ભગવાનનું શાસન બને, આવી ભાવના જેના અંતરમાં છે, એ સાચી સંઘની સેવા કરી શકે છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, સેવક હોય એ માલિક ની જેમ કામ કરે તો શું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- હું શું કહું છું, આ બધી વાત શેના માટે છે. પ્રશ્ન આપણો એવો હોય કે, સાહેબજી હું સેવા કરું છું પણ મને માલીકીનો ભાવ આવી જાય છે, તો હું શું કરું ? તો એ પ્રશ્ન પણ સાચો કહેવાય. આ બધા દુન્યવી ગણિતો છે, - સાંસારીક ગણિતો છે, કે મે સાહેબજી એ બધી બરાબર વાત કરી, એ પાંચ ગુણો કહ્યા, એ પેલા બેઠા છે એમાના માં એ ગુણ નથી, આ બધા માટે આ વાતો નથી. મારે સંઘની સેવા કરવી છે, તો મારે આ પાંચ ગુણોને - મેળવવા છે. મારે આ પાંચ ગુણો ને વધુ ને વધુ શુધ્ધ કક્ષા એ લઈ જવા છે. અને એ ખરેખર મારામાં એ ગુણો નથી તો હું સાચી સેવા નહી કરી શકું, એ FEELINGS આવે એના માટેની આ બધી વાતો છે. અને હું કહું કે ચાલો એટલે થી પતતું નથી. હવે સાહેબ હું તો SEAT ઉપર છું નહિ, મારી પાસે - એવી કોઈ સત્તા નથી, મારે તો એમનો જ વિચાર કરવાનો ને એમનામાં એ ગુણો નથી, એટલે સંઘનો ઉધ્ધાર થવાનો નથી, ચાલો આ શાસનનો વેદનાથી તમે વિચાર્યું, માની લીધું. તમને અશુભ ભાવ નથી, દુન્યવી દ્રષ્ટિ નથી, સાંસારિક ગણિત નથી, તમને કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ પણ નથી, તમારો સંઘ સાથેની જે લાગણી છે, અને સંઘનું જે બગડી રહ્યું છે, એ પદસ્થ છે ને પદસ્થમાં આવા ગુણો નથી, જે માટે શાસન કે સંઘનો વિકાસ થઈ શકતો નથી. આની ખરેખર શાસનપ્રેમના કારણે જ તમારી વેદના છે, તો એ કોઈને દોષ આપવાનો અર્થ નથી. બહુ વાતો કરીએ છીએ, ચર્ચા કરીએ છીએ, કોઈને MARK આપીએ છીએ, હું તમને એટલું જ કહું, આવતી કાલના સંઘમાટે

તમે આજે શું કર્યું છે ?, મને બસ આટલો જવાબ - આપો. આ જીવનની બધે કંઈક ને કંઈક ખામી મળી જશે, કદાચ આપણો પહોંચ પણ નથી, એ ખામી ને આજે આપણે દુર કરી શકીએ એમ નથી. જે કુમળા બાળકો, જે નાના બાળકો, જે ને જે સમજાવી શકીએ એ સમજુ શકે છે, સ્વીકારી શકે છે, શીખી શકે છે, એમના માટે આજે આપણે શું કર્યું ?

જેની જે શક્તિ હોય, એટલું પણ એણે એ કર્યું નથી, તો બીજુ બધી જ વાત કરવી ખોટી છે. વાતો બહુ થઈ ગઈ, આપણે વર્ષોથી વાતો કરીએ છીએ, આપણા પપ્પા હતા ને એ વખતના શાસનના અગ્રણીઓની વાત કરતા હતા, એમના પપ્પા એ વખતની વાત કરતા હતા, એમના પપ્પા એ વખતની વાત કરતા હતા, આપણે આ વખતની વાતો કરીએ છીએ, આપણા છોકરાઓ એમના વખતની વાતો કરશે, એનાથી કોઈ શાસનનું હિત થતું નથી. અંદરના હવે ડખા વધવાના, અગ્રણીઓનો ઉલ્લાસ તૂટવાનો, હવે સંઘનું કંઈક સારું કરવામાં તેઓ નિમિત્ત - બનવાના પણ હશે તો, આપણા કારણે નહી બને.

શાસનના મુદ્દે પણ કેટલી અંદર સંસાર સળગતો હોય, તો એના માટે આપણે આત્મનીરીક્ષણ કરવાની જરૂર છે. વ્યક્તિ દ્વેષ છે, તો વ્યક્તિ દ્વેષ કાઢો. વ્યક્તિ દ્વેષ નથી, શાસનહિત નીજ ભાવના છે, તો આપણે જે દ્રોહને માર્ગે વિચારવા જઈએ છીએ, એ માર્ગે આપણું કે બીજાનું કે સંઘનું હિત નથી થવાનું. મારે આ પાંચ ગુણો ને મેળવવા છે, મારામાં પરિણત જ્ઞાન જોઈએ, મારામાં વૈરાગ્ય હોવો જોઈએ, અધ્યાત્મ હોવું જોઈએ અને જરા પણ કષાય અંગો ના જ થાય, અને કોઈ સ્પૃહા ના હોય ને કોઈ તૃષ્ણા ના હોય,

મને અહમ ના નડે, હું સામી વ્યક્તિ નું દિલ જીતી શકું, એના પગે પડી શકું, એવી સજ્જતા મારામાં જોઈએ. મારામાં સમર્પણ જોઈએ. હવે ગુરૂ ક્યાં આવે છે, હું કહું છું, મારા ગુરૂ છે, મેં ફોટો રાખ્યો છે, હું વંદન કરું છું, એ આવે તો ઉપાશ્રયમાં દસ વાર હું જઉં છું, પુરતું નથી, કેટલું હું ધાર્યું કરું છું, ને કેટલું ગુરૂનું કરું છું, એ સવાલ મારે પોતાને પુછવાની જરૂર છે. કેટલા નિર્ણયો જાતે લઈ લઉં છું, જાતે જાતે STATEMENT આપી દઉં છું, જાતે જાતે પગલા ભરી લઉં છું, એમાં મારો-સંસાર વધ્યો કે ઘટ્યો, એની મારી ક્રેડિટ નથી હોતી, તો મારા માથે ગુરૂ છે આવું કઈ રીતે કહી શકાય! મારામાં જોઈએ એવો શાસન રાગ હોય ને તો શાસનના દીર્ઘ દ્રષ્ટિ ભરેલા કાર્યોની અંદર, હું કેટલો પરોવાઈ ગયો હોઉં, એ પણ જો મારામાં નથી, તો મારામાં-શાસન રાગ છે એ કઈ રીતે કહી શકાય !!

હું તમને કહું છું, કોઈને દોષ-દેવાની જરૂર નથી, અહીંયા જેટલા આત્માઓ બેઠા છો, ભલે આંગળીના વેઢે ગણાય, એટલા હશો, તમારામાં-આટલા ગુણો આવી જાય ને, તો તમે શાસનના-જબરજસ્ત ઉદયમાં નિમિત્ત બનશો, એ નક્કી છે! અમારે તો ઘણું કરવું છે પણ પેલું આમ છે, ઢીલું આમ છે, જેમના હૃદયમાં શુદ્ધ ભાવના છે, અને આ ગુણો છે, તેઓ આજે પણ શાસનના ઘણા બધા હિતના કાર્યોમાં પ્રબળ નિમિત્ત બની જ રહ્યા છે. શક્તિ ઓછી-વત્તી હોય શકે, શુદ્ધિ ઓછીવત્તી હોય, અંદર કલુષિતતા હોય, અંદર માલિન્ય હોય, ચિત્તમાં સંક્લેશ હોય, તો સમજી લેવું, કે આ શાસનભાવના નથી, આ સંસાર ભાવના છે. આરાધના વધતી જાય, અને સંઘ સાથે નું આપણું અંતર પણ વધતું જાય, તો સમજી લેવું કે આપણે ફંટાઈ ગયા છીએ.

વર્ધમાનસૂરી દેવ છે, કાળધર્મ પામી ને દેવ થયા છે, સીમંધરસ્વામી ભગવાન પાસે પહોંચ્યા છે, વસ્તુપાલની ગતિ પુછી છે, અત્યંત આનંદ અંદર થી થયો છે, અપૂર્વ સંતોષ થયો છે. અહીંયા રાજા એકાવતારી દેવ બનવાના, રાજા થવાના, દીક્ષા લઈને મોક્ષે-જવાના. હું તમને કહું છું, ખ્યાલ થઈ જશે આ ગુણ પરિણતિ જો મળી છે તો સંસાર આવી જ છે, અનાદિકાળ થી આવો જ રહેવાનો સાંસારિક-ક્ષેત્ર એ જોઈએ, પત્ની, પુત્ર, પૈસા, ધંધો, જવાબ-દારી, આ બધું એ રહેવાનું. સંમૂર્છિમ મનુષ્યને કોઈ મા-બાપ હોતા નથી, પત્ની-પુત્ર હોતા નથી, ને એની પાસે મોક્ષ માર્ગ પણ હોતો નથી. તમે કહો મારે આ બધું છે, માટે આરાધના ના કરી શકું તોય આપણી ભુલ છે, અને શાસન ક્ષેત્રમાં પણ આ બધું લાવી દઈએ, અહીંયા આમ છે, તેમ છે, પેલું છે, તો એમ નહિ ચાલે. હિરસૂરીજી મહારાજને પણ ભાગવું પડે, ભોંયરામાં છુપાવું પડે, હિરસૂરીજી મહારાજ, એમને કપડા મુકીને ભાગવું પડે, આટલી હદની એમની સાથે ગેરવર્તુણુક થઈ છે, પણ એમના સમભાવ ને કોઈ આંચ આવી નથી! અંદર ના માણસો સુબા ને ઉશ્કેરે ને સુબો એમની સામે પડે, સુબો એટલે નાનો-મોટો રાજા અને બહુ જ કપરા સમયમાં, જંગલમાંથી ગમે તે રીતે ભાગીને વિહાર કરવો પડે, આવી સ્થિતિ ની હીરસૂરીજી મહારાજ જે જગતગુરૂ કહેવાય, પરમ ચારિત્રી કહેવાય, પાંચ-હજાર સાધુ-સાધ્વીજી ભગવંતો ના એક માત્ર નાયક કહેવાય, એવા ગચ્છાધિપતિ કહેવાય એમણે એવા દિવસ જોવા પડયા છે. સમભાવ થી પચાવી ગયા, હવે મને અકબર માનતો થયો છે, અકબર પુછતો થયો છે,

અકબર હું કહું એમ કરવા તૈયાર છે, બરાબર સભ કરાવું એને, સમજે છે શું એના મનમાં, મારા પ્રત્યે, એ બહામનો માણસ કહેવાય અકબરનો સામે, આમ જરાક અકબર ને ઈશારો કરું, એનો શિરચ્છેદ થઈ જાય, એની ખાલ ઉતારી દે, એને ફાંસીએ ચડાવી દે, એને પદભ્રષ્ટ કરી નાખે, ને એને જેલમાં ભૂખ્યો તરસ્યો મારી નાખે, એને કમોતે મારે, શિકારી કુતરા-ઓ છોડી દે એના ઉપર, ફાડી ખાય એને ત્યાં સુધીનો એને સભ કરાવી શકું એમ છું, એક વિચાર સુદ્ધા હીરસૂરીજી મહારાજના મનમાં આવ્યો નથી

અકબરને પ્રતિબોધ કરી દેવો સહેલો છે, અમારી નું પાલન કરાવી દેવું સહેલું છે, જબરજસ્ત કક્ષાના જીવદયાના ફરમાનો અકબર પાસેથી મેળવી લેવા-કદાચ સહેલા છે, પણ પોતાના પ્રત્યે જેણે છેલ્લામાં-છેલ્લી કક્ષાનો અપરાધ કર્યો, એના પ્રત્યે પણ ક્ષમા-ભાવ, એની પ્રત્યે પણ ઉપશમ ભાવ, એમનું પણ ભલું થાવ ને એમની માટે કોઈ વિપરીત વિચાર સુદ્ધા નહી, સુબાને ખબર પડી અકબર નું આમંત્રણ, સમ્રાટ-નું આમંત્રણ, આ જૈનાચાર્ય ને આવ્યું છે, અને સુબો બિચારો અંદરથી જ ગભરાય ... જ ગભરાય .. અને હીરસૂરીજી મહારાજે એમને આશ્વાસન આપ્યું, તમારે ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી, અમે મહાવીરના સાધુ છીએ. વ્યવહાર દ્રષ્ટિએ જ્યારે આપણે આપણા અપરાધીને તમાચો મારીએ છીએ ને ત્યારે નિશ્ચય દ્રષ્ટિએ મહાવીરની આશાતના કરીએ છીએ. મહાવીર ને નહિ માનનારા, મહાવીરના નામે બીજાને મનાવવા જાય, એ કેટલી બધી અજુગતી ઘટના છે. બહુ ઊંડા ઉતરશો, બહુ મનોમંથન કરો ક્યાં આરાધનાના નામે વિરાધના આવે છે, ક્યાં ધર્મના નામે સંસાર આવે છે, ક્યાં અંદરથી કષાય પરિણતિ જાગૃત થાય છે, ક્યાં આપણો આત્મા ડૂબી જાય છે.

ક્યાં આત્મા ખાડામાં પડે છે. પરિણતિ વિના બધું જ ફોગટ છે. આપણે કેટલાને સુધારી દીધા, કેટલાને બતાડી દીધું, બહારના / શાસનના કેટલા કાર્યો કરી લીધા, એ અલગ વસ્તુ છે. એ બધુ કરતા કરતા આપણે ચૂકી ન જતા ગયા, કષાયોમાં આવી ન જતા ગયા, આપણે આપણા આત્માનું ગુમાવ્યું તો ન હતું ને આ અગત્યની વસ્તુ છે.

મેં કહ્યું એટલે થવું જ જોઈએ. તમે આવ્યા તમે મને વંદન કર્યા, તમે મને જપ પુછયો, તમે મને કામ પુછયું, ટ્રસ્ટીઓએ કામ પુછયું, અને હું કષાયમાં આવી ગઉં, તમે મને વિનંતી કરીને લાવ્યા, તમે મને સાંભળો છો, હું કોઈ બહુ મોટો થઈ ગયો છું ને મેં કહ્યું કે હવે એ તમે ન માન્યું તો ગયા કામથી. પછી હું તમારા ઉપર તૂટી પડવાનો, પછી હું ગમે તેવું વર્તન કરવાનો, ભલે મેં જે કહ્યું હતું એ શાસ્ત્રીય વાત પણ હોય, શાસનની વાત હોય, સંઘની વાત હોય, પણ હું મારા આત્માનું ગુમાવી રહ્યો છું, એ ભાવથી ઉત્સુત્ર પ્રરૂપણા છે. હું જે બોલી રહ્યો છું મારી પાસે શબ્દશઃ શાસ્ત્રીય પાઠ છે. એ શાસ્ત્રમાં કહ્યું છે એ જ હું બોલું છું, એજ કહું છું ને એ તમારે કરવું જ પડશે, ચાલશે જ નહિ, અને તમે કહો છો કે સાહેબ વાત સાચી પણ શક્ય નથી ને એ હું મગજ ગુમાવું છું, કરવું પડશે આ, નહીં ચાલે, ત્યાં એ શાસ્ત્ર પાઠ હોવા છતા, સસુત્ર પ્રરૂપણા નથી, પણ ઉત્સુત્ર પ્રરૂપણા છે.

પ્રજ્ઞાપના આગમની અંદર એક અદ્દભુત વાત કરી,

आराहणी सच्चा विराहणी मोसा

તમે સાચું બોલો, તો એ ભાષાથી તમે આરાધક થાવ છો. તમે ખોટું બોલો તો એ ભાષાથી તમે વિરાધક

થાય છે. સત્ય ભાષા આરાધની છે, મૃષાભાષા વિરાધની છે. પ્રજ્ઞાપના આગમ કહે છે કે આ સ્થુળ વાત છે, સુક્ષ્મ સ્તરે જોઈએ.

ઉવઉત્તો ચત્તારિ ભાસાજાયાઇં ભાસમાણો આરાહઓ।

ઉપયોગપૂર્વક, શાસ્ત્ર સાપેક્ષતાપૂર્વક, પરિણતિ ની શુધ્ધિપૂર્વક, સત્ય ભાષા, અસત્યભાષા, સત્યાઅસત્ય ભાષા ને સત્યામૃષા ભાષા, આ ચારે ભાષાને જે બોલે તે આરાધક થાય છે. શિકારીએ પુછ્યું હરણ કયાં ગયું ને ખોટો-જવાબ આપવામાં આવે, પરિણતી ની શુધ્ધિપૂર્વક, શાસ્ત્રની સાપેક્ષતાપૂર્વક, એ ખોટું બોલવાથી પણ આરાધના થાય. એ મૃષાભાષા પણ ભાવથી છે. પાક્ષિક સુત્રની-અંદર અદ્ભુત પદાર્થ કહ્યો,

સે કોહા વા લોહા વા ભયા વા હાસા વા।

ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી, ખોટું બોલીએ એ તો ખોટું છે. ગુસ્સાથી સાચું પણ બોલીએ, એ પણ વિરાધના છે, એ ભાવથી ખોટું છે. લોભથી-સાચું બોલીએ, ભયથી સાચું બોલીએ, હાસ્યથી-સાચું બોલીએ, કોઈની ગુપ્ત વાત બોલીએ, કોઈનું પાપ આપણને ખબર પડી ગઈ છે ને બોલીએ, ચાર જણમાં એની ચર્ચા કરીએ, એ સાચું હોવા છતાં ખોટું છે. એ મૃષાવાદ છે, એ વિરાધના છે, એ પોતાના આત્માનું નુકશાન છે.

સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓ જીવનમાં, સેંકડો કે હજારોની સંખ્યામાં આલોચના આપે, આલોચના કરનાર આત્માના જીવનના બધા જ પાપો ને જાણે, અને એ બધા જ પાપો ને જાણ્યા પછી, એવી રીતે રહે કે જાણે કશું થયું જ નથી. ગંભીરમાં ગંભીર પાપો, સદાચારથી ભ્રષ્ટ થયા પછી થયેલા પાપો, નાની મોટી વ્યકિત ના પાપો, બધું જ જાણ્યા પછી, મોટું પેટ રાખવું. એ વાત કયાંય ભંડારી દેવી, ભુલી જવી, વ્યકિત પ્રત્યે

પૂર્ણ સદ્ભાવ રાખવો, પૂર્ણ વાત્સલ્ય રાખવું, એ કયા LEVEL ની વાત હશે, અને આપણને ક્યાંક કંઈક જડી ગયું, અને આખી જિંદગી એ આપણો, કોઈના પાપની, ભુલની, દોષની, વાત કર્યા કરીએ, તો આપણું કયું LEVEL ?, આપણામાં દોષ નથી, આપણે કોઈ ભુલ કરતા નથી, આપણામાં કોઈ જ પાપી નથી ?,

અમૃતવેલની સજ્ઝાયની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, ફક્ત બે પંક્તિની અંદર, મોક્ષની ચાવી આપી દે છે.

થોડલો પણ ગુણ પર તણો સાંભળી હર્ષ મન આણ રે..

બીજાની થોડી પણ ગુણ અને સાંભળીને તું નાચી ઉઠે, તારા રોમાંચ ખડા થઈ જાય, આંખમાં આનંદના આંસુ આવી જાય,

દોષ લવ પણ નિજ દેખતા, નિર્ગુણી આતમા જાણ રે..

ને પોતાની થોડી પણ દોષ આપણને ખટકે, ખુંચે આંખમાં કણાની જેમ, આંખમાં આંસુ આવી જાય કે મારો આટલો મોટો દોષ ! બીજાના નાના ગુણ પણ મોટા દેખાય, પોતાનો નાનો દોષ પણ મોટો દેખાય, તો સમજી - લેવાનું કે મોક્ષની ચાવી મને મળી ગઈ છે, અને આનાથી ઉંધી આપણી સ્થિતિ હોય, સામી વ્યક્તિ કેટલી પાપી છે, દુષ્ટ છે, દોષ ભરેલી છે, એ બધી વાત ગૌણ છે, તમને શું દેખાય છે, એ વાત સાચી છે. આ તો છે જ એવો, ભુલી જાવ એ શબ્દો, તમે છો એવા, માટે તમને એવું દેખાય છે.

" આપ ભલા તો જગ ભલા "

" જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ "

અડધો ગ્લાસ ભરેલો છે કે ખાલી છે, જે જેવું હોય તે જોઈ શકાય છે.

इद्दं किमपि लोके(स्मिन् न निर्दोषं न निर्गुणं ।

CLASSMATE

22 08 2020

દુનિયાની કોઈ પણ વસ્તુ એવી નથી કે સંપૂર્ણ નિર્દોષ હોય કે સંપૂર્ણ નિર્ગુણ હોય. દુનિયામાં એક પણ વસ્તુ એવી નથી, જેમાં એકે દોષ ના હોય, દુનિયામાં એક પણ વસ્તુ એવી નથી, જેનામાં એક પણ ગુણ ના હોય. અભવ્યની અંદર પણ શાસ્ત્રમાં સમ્યક્ત્વ કહ્યું. કારણકે અભવ્ય પણ ક્યારેક દીક્ષા લે છે, પ્રવચનકાર બને છે, પૂર્વધર બને છે, અને પોતાની દેશનાથી બીજાને સમ્યક્ત્વ પમાડે છે, એ અપેક્ષાએ એનામાં સમ્યક્ત્વ કહ્યું, જેને દીપક - સમ્યક્ત્વ કહેવાય, એક ઉપકારનો ગુણ, એક સમ્યક્ત્વ દાનનો ગુણ, એક પોતાના શિષ્યને કેવળજ્ઞાન પમાડવાનો ગુણ, અભવ્યની અંદર પણ હોય શકે.

જિનશાસનમાં હલકામાં હલકો શબ્દ કહેવાય અભવ્ય, ને જિનશાસન એ અભવ્યમાં પણ ગુણ બતાડી શકે છે, તો આપણે કોના દોષ જોઈએ છીએ. જ્ઞાનસારની અંદર મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજ કહે છે,

सच्चिदानन्द पूर्णेन पूर्णं जगद् वेक्ष्यते ।

તમારામાં ગુણો એ ખરેખર આવી ગયા છે, તો તમને બીજા ગુણવાન જ લાગવાના છે, તમને કોઈ દોષિત - લાગવાનું જ નથી ! જીવ એટલે અનંત ગુણોની ખાણ, જીવ એટલે જ્ઞાનાદિ ગુણોનો ભંડાર, જીવ એટલે જેના આત્માના પ્રત્યેક પ્રદેશે કેવળજ્ઞાન, કેવળ દર્શન ઝળહળી રહ્યું છે, પછી એ મોક્ષમાં છે, કેવળજ્ઞાની તરીકે છે, પૂર્વધર તરીકે છે, સાધુ તરીકે છે, શ્રાવક તરીકે છે, મિથ્યાત્વી તરીકે છે, કે અભવ્ય તરીકે છે એ વાત જુદી છે.

एकमेव यथा रत्न - मावृतं वाऽप्यनावृतम् ।

રત્નને કપડાથી ઢાંકી દો તો પણ એ રત્ન જ છે, ને કપડાને ખોલી નાખો, રત્ન દેખાવા લાગે, એનો ચળકાટ ઝળહળા વતી પ્રસરવા લાગે, તોએ એ રત્ન જ છે.

રત્નનું રત્નપણું કપડાથી દૂર થતું જ નથી. બરાબર એ જ રીતે, જીવનું ગુણીપણું, ગુણવાનપણું, કેવળજ્ઞાનીપણું, શુદ્ધપણું એ કર્મોના આવરણથી દૂર થતું નથી. સોનાની લગડી છે, તમારી તીજોરીમાં હોય, બેંકના LOCKER માં હોય, કોઈ - SHOWROOM ની અંદર હોય, કોઈ ઉકરડામાં હોય, કોઈ ગટરમાં હોય, TOILET ની અંદર પડી ગઈ હોય, સોનાની લગડી એ સોનાની લગડી જ છે. જીવ - એની મોક્ષ યાત્રામાં ક્યાંય પણ પહોંચ્યો હોય, એ મોક્ષની નજીક પહોંચ્યો હોય, અડધે પહોંચ્યો હોય, શરૂઆત કરી હોય કે એણે શરૂઆત પણ ના કરી હોય, પ્રત્યેક જીવ તો સિદ્ધાત્મા જ છે.

એક પણ જીવ પ્રત્યેનો દ્વેષ, એ સિદ્ધ ભગવંતોનો દ્વેષ છે. એક પણ જીવની આશાતના એ સિદ્ધ ભગવંતોની આશાતના છે. કારણ કે - હકીકતમાં જીવ અને શિવમાં, દ્રવ્યમાન અપરાધી, દોષિત જીવ, અને સિદ્ધ ભગવંતો આ બેમાં કોઈ જ તફાવત નથી. એક અબુજ માણસ કહેશે કે જે ઉકરડામાં છે, ગટરમાં છે એ ગંદુ કહેવાય. એક ઝવેરી કહેશે કે ભાઈ એ ઉકરડામાં હોય કે ગટરમાં હોય, એ સોનાની લગડી છે, એ અમુલ્ય છે, એની VALUE એક પૈસો પણ ઓછી થતી નથી. એ ગટરમાં છે એ સંયોગની વાત છે, એ સોનું છે એ સ્વરૂપની વાત છે. અબુજ માણસ સંયોગને પ્રાધાન્ય આપે છે, પ્રબુદ્ધ વ્યક્તિ સ્વરૂપને પ્રાધાન્ય આપે છે. ગટરમાં છે એટલા માત્રથી, સોનાની અવગણના કરનાર સંયોગ માત્રથી સ્વરૂપની અવગણના કરે છે. દોષિત કે પાપી માત્ર હોવાથી જીવની અવગણના કરનાર, એ હકીકતમાં સિદ્ધ ભગવંતોની અવગણના કરે છે. એક પણ જીવ દેખાય તો અંતરમાં

સિદ્ધ ભગવંતોની યાદ આવે, સ્મૃતિ આવે, એના શુદ્ધ સ્વરૂપની આપણું અંતર ઝૂકી પડે, અંતરમાં પ્રમોદ ભાવ પ્રગટે, અંતરમાં આદર ભાવ પ્રગટે, એ કોઈ શ્રીમંત હોય શકે, એ કોઈ ગરીબ હોય શકે, એ કોઈ પશુ-હોય શકે, એ કોઈ ઝાડનું પાંદડું હોય શકે, એ ઘાસ હોય શકે, એ કોઈ છોડ હોય શકે, એ કીડી હોય શકે, એ બધાની અંદર સિદ્ધ ભગવંતનું દર્શન થાય, તો આપણે "તત્ત્વ" સમજ્યા છીએ !!

ભગવદ્ ગીતાની અંદર કહ્યું,

વિદ્યાવિનયસમ્પન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।

વિદ્યા, વિનય સંપન્ન બ્રાહ્મણ હોય, ગાય હોય, હાથી હોય,

શુનિ ચૈવ શ્વપાકે ચ

કુતરો હોય કે ચંડાળ હોય,

પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥

જે પંડિત છે, જે પ્રબુદ્ધ છે, એ સમદ્રષ્ટા હોય છે. એને આ બધામાં, સમાનતા દેખાય છે.

સંઘની સેવા કરવી છે, શાસનનો રાગ કેળવવો છે, શાસનને અંતરમાં વસાવવું છે, શાસનના કાર્યો કરવા છે, તો આવી પરિણતિ ને મેળવ્યા વિના, કોઈ જ છુટકો નથી.

હવે પુછે છે સીમંધર સ્વામીને કે અનુપમા દેવી ક્યાં ગયા ? વસ્તુપાલનો કાળધર્મ એમનો પણ ગતિ પુછી, અનુપમા દેવીનો પણ કાળધર્મ થયો છે, એ કઈ ગતિમાં ગયા ? ગુણ પરિણતિનું ફળ મારે તમને બતાડવું છે. અહીંયા આપણું કેટલું ચાલ્યું, કેટલા જણ પુછતા થયા, કેટલું નામ થયું, પદ મળ્યું, ના મળ્યું, એ બધી જ ગૌણ વાત છે, આપણા આત્માનું શું થયું, એ મુખ્ય વાત છે, આપણે ગૌણ વાતોની પળોજણોમાં મુખ્ય વાત જ વિસરી જતા હોઈએ છીએ. સીમંધરસ્વામી ભગવાન જવાબ આપે છે, અનુપમા દેવી આ જ

મહાવિદેહ ની અંદર, પૂર્વ વિદેહમાં, આજ પુષ્કરાવતી વિજય, અહીંયા એક શ્રેષ્ઠીના દીકરી થયા. પૂર્વ જન્મ ના સંસ્કાર લઈને આવ્યા, બે વર્ષની ઉંમર, ચાર-વર્ષની, પાંચ વર્ષની છ, સાત, ધર્મ ભાવના વધી રહી છે... વધી રહી છે... વધી રહી છે... એવું ઘર મળ્યું, એવો પરિવાર મળ્યો, એવા નિમિત્તો મળ્યા, એવા આલંબનો મળ્યા, આઠ વર્ષની ઉંમરે, મારી પાસે એમણે દીક્ષા લીધી, સાધનાની ધુણી ધખાવી, અલ્પ જ સમયમાં ક્ષપકશ્રેણી માંડી, કેવળજ્ઞાન-પામ્યા, અને અત્યારે આ સમવસરણ ની અંદર-કેવલી પર્ષદામાં એ અનુપમા દેવી બિરાજમાન છે. બાળ સાધ્વીજી છે, પણ એ કેવળજ્ઞાની ભગવંત છે.

હું કહું છું, છોડો બધા કષાયો, છોડો સંસારની પળોજણો, છોડો સંસારના મમત્વો, છોડો અહીંયા આવ્યા પછી પણ દોષ દ્રષ્ટિઓ, શુદ્ધ શાસનરાગ, શુદ્ધ સંઘ સેવા, અજબ ગજબનું ફળ છે. અનુપમા દેવી, કેવી એમના જીવનની ઘટનાઓ, કેવી એમની સંઘ સંવેદના, એવું શું હતું, કે આમ ચપટીમાં એમનું કલ્યાણ થઈ ગયું. હજુ આઠસો વર્ષ પહેલા અહીંયા હતા, મંત્રીના પત્ની હતા, - સંસાર લઈને બેઠેલા, અને મહાવિદેહ મળી ગયું, આઠ વર્ષે દીક્ષા મળી ગઈ, કેવલજ્ઞાન મળી ગયું. અને અત્યારે એમનો આઠસો વર્ષનો કેવલી પર્યાય થઈ ગયો, કેમ આપણી સાથે આવું ના થઈ શકે? અને કઈ રીતે આપણી સાથે પણ એવું થઈ શકે. આજે સમય થયો છે, આજે અટકું છું. આગળ વાંચીશું...

## પ્રવચન ૯



પાંચમાં આરામાં, હુંડા અવસર્પીણી માં, થોડીક સદીઓ પહેલા થઈ ગયેલા અનુપમા દેવી, અત્યારે કેવલજ્ઞાની છે. આપણી ક્યાં દાજલી ગણવામાં ભુલ થાય છે, જે આપણું ગણિત ક્યાં જોડું છે, આપણે ક્યાં થાપ ખાઈએ છીએ, એ જાણે સમજુઓ તો, ભુલનું પુનરાવર્તન થતું રહેવાનું. આબુ દેલવાડાના દહેરાસરોનું કામ તો શરૂ કર્યું પણ હજુ કંઈ ગતિ નથી, હજુ કંઈ ઠેકાણું નથી, આમ તો જિંદગી પુરી થઈ જશે. તપાસ કરી ખબર પડી કે આ બધા - કારીગરો ને પર્વત ઉપર આટલી બધી ઠંડી હોય, અગિ-યાર- બાર વાગે હજુ માંડ કંઈક ઠંડી ઓછી થાય, થોડું ઘણું કામ કરે, ત્યાં વળી પાંચ વાગે પાછી ઠંડી શરૂ થઈ જાય, એમના હાથ ઠુંઠવાય જાય તો કેવી રીતે કરી શકે. સગડીની વ્યવસ્થા કારીગર દીઠ કરવામાં આવી. અને અનુપમા દેવીએ હજુ આગળની વાત કરી કે, માત્ર સગડી થી ગરમી નહીં આવે. જેટલી કરચ નીકળે એના ભારો-ભાર તમને ચાંદી મળશે, અને આ વાક્યથી જે ગરમી આવી ગઈ. હજુ વહેલું દહેરાસર બનવું જોઈએ.

અનુપમા દેવી પાસે જે હૃદય હતું, જે ભક્તિના ભાવો હતા, હું તમને પુછું કે આપણી દહેરાસર ની - વ્યાખ્યા શું ? સંઘ એટલે આપણી વ્યાખ્યા શું ? ઉપાશ્રય એટલે આપણી વ્યાખ્યા શું ? ગુરૂ એટલે આપણી વ્યાખ્યા શું ? સાધર્મિક એટલે આપણી - વ્યાખ્યા શું ? આપણે એવી બધી વ્યાખ્યાઓ અંદર રાખીને બેઠા છીએ ને પછી એનાથી કેવું વર્તન કરીએ છીએ. તમે ગયા દહેરાસર અહીંયાથી તમે જોયું કે થોડા ફુલ વેરાયેલા છે, કેસરની વાટકી જોક પડી છે, ઢોળાઈ - ગઈ છે. તમે SIDE માંથી જઈને આમ આગળ વધી જાવ, તમારી ભક્તિ કરીને ઘર ભેગા થઈ જાવ, એ ભક્તિ નથી. એક વ્યાખ્યા એવી છે કે દહેરાસરમાં તો આવું બધું હોય, બીજી વ્યાખ્યા એવી છે કે દહેરાસરમાં તો આવું ના જ ચાલે.



classmate

સાધર્મિક એટલે જે ઠીક-ઠાક હોય, જે ફરતા હોય ને જે મંગાતા હોય, પાંચસો-હજાર ભેગા કરે.. કરે.. કરે..કરે ને એવું ગાડું ગબડાવે, આવું જ હોય આ એક વ્યાખ્યા. ને મારા ભગવાનના પરિવારનો એક સભ્ય, એ તો WELL SET જ હોવો જોઈએ, એનો આવું હોય એ તો ના જ ચાલે આ બીજી વ્યાખ્યા. ગુરુ... ઠીક! આવે ચોમાસામાં, શેષકાળમાં જવાનું, ફાવે તો વંદન કરી લેવા, વ્યાખ્યાન સાંભળી લેવું, જે એમના રસ્તે-આપણે આપણા રસ્તે આ એક વ્યાખ્યા. અને ગુરુ સાક્ષાત પરબ્રહ્મ આ એક વ્યાખ્યા. આપણે કઈ વ્યાખ્યા પકડી છે ?

આબુ-દેલવાડાના દહેરાસરો કેમ આટલા બધા ભવ્ય, ઓહોહો.... ઓહોહો આટલી બધી કોતરણી, અદ્ભુત! ભગવાનનો ખરો ભક્ત હશે એને એમ થશે કે ભાઈ, ભગવાનનું દહેરાસર તો આવું જ જોઈએ ને! અદ્ભુત કોતરણી થયા પછી અનુપમાદેવી કહે છે કે, હવે જેટલી કરચ નીકળે ને એના ભારોભાર સોનું! તમને સંતોષ થઈ ગયો એનો અર્થ તમે હજુ ભગવાનને સમજ્યા જ નથી. ઋષભ પંચાશિકાની અંદર મહાકવિ ધનપાલ કહે છે કે, જે જાણે સર્વાર્થ સિદ્ધ વિમાન માંથી ચ્યવી ને ભગવાન આપ અહીં ભરતક્ષેત્રમાં, નાભિકુલકર, એમના મહેલમાં આવ્યા, એ જાણે સર્વાર્થ સિદ્ધ વિમાનનું ગુમાન ઉતરી ગયું. આખા વિશ્વની અંદર કંઈ શ્રેષ્ઠ હોય તો એ દેવલોક, દેવલોકની અંદર શ્રેષ્ઠ હોય તો અનુત્તર પાંચ વિમાન, પાંચ અનુત્તર વિમાનમાં કોઈ શ્રેષ્ઠ હોય તો, સર્વાર્થ-સિદ્ધ વિમાન. અને ભગવાન આપે વિદાય લીધી, અને વિમાન ભોંઠું પડી ગયું. એ વિમાન ને નાભિ રાજાના મહેલની ઈર્ષ્યા જાગી ગઈ, અદેખાઈ આવી ગઈ. એને મળી તમારાથી પડયો કે.

બસ... મારી બધી જ શોભા ગઈ ! આપણને કદી એમ થયું કે, હજુ દહેરાસર SIMPLE છે. હજુ સોનાના-વરખનું કામ કરાવું જોઈએ, હજુ નિત્ય મહાપૂજાઓ થવી જોઈએ. હજુ નિત્ય આંગીઓ થવી જોઈએ, નિત્ય ભક્તિની રમઝટો થવી જોઈએ, રોજના હજારોની લાઈન અહીંયા ઉભી હોવી જોઈએ, આવો આપણને કદી ભાવ જાગ્યો ખરો. અંદરથી આપણે કેટલા ક્ષુદ્ર છીએ, તુચ્છ છીએ એનો કદી વિચાર કર્યો છે. આપણે ક્યાં, કેટલામાં ? નાનો-માણસ વધુ આપી તો ન શકે, વધુ વિચારી પણ ના શકે. જે કોઈ એ આપ્યું હોય તો એની આંખ ફાટી જાય, મોઢું ફાટી જાય, જે આટલું બધું આપ્યું.

સભાનો પ્રશ્ન :- સાહેબજી, એમાં એનું કોઈ કર્મ કામ કરતું હશે ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ક્ષુદ્રતા, તુચ્છતા, એ ભારેકર્મી પણાનું લક્ષણ છે. વજ્રસ્વામી-વીસ લાખ ફુલ લઈને આવ્યા હતા, ને બૌદ્ધ નગરીની અંદર જિનશાસનની પ્રભાવના કરી. આ વીસ લાખનો-આંકડો. પેથડશા. ઝાંઝણશા, વસ્તુપાલ, જે તીર્થની અંદર જતા ને તીર્થ મહિમા કરતા, ત્યાં લાખો ફુલોથી ભગવાનની ભક્તિ કરતા. ઝાંઝણશા એ ચુરાવલા તીર્થની અંદર, જે ધુપપૂજા કરીને એ ધુપપૂજામાં, છ મણ જેટલું તો કપુર વપરાયું હતું. જેને વધારે લાગે છે, એને ભગવાન ઓછા લાગે છે. આપણે બોલીએ છીએ ત્રણ લોકના નાથ, દેવાધિદેવ, નમુત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં, સ્પર્શના કર્યા છે ? એક તમારા ઘરે પ્રસંગ છે. અઠ્ઠાઈનું પારણું છે. બસો-ત્રણસો જણ આવવાના છે. ઘર ભલે ગમે તેટલું INTERIOR DECORATION વાળું હોય, એને તમે હજુ સજાવો.. હજુ સજાવો... હજુ સજાવો... ને સજાવટના દસ-પંદર હજાર રૂપિયા

આપી દો, એક અઠ્ઠાઈના તપસ્વી, એક માસક્ષમણના તપસ્વી, એક તમારા ઘરે લગ્ન, એક તમારા ઘરે-જન્મેલા દીકરાની પહેલા વર્ષની પૂર્ણાહુતિ, પહેલો-જન્મદિવસ, નાનો મોટો પણ હોય તો એનો ભાવ હોય છે કે વધુમાં વધુ કરવું. દુનિયાની મોટામાં મોટી-ટયોકેત, એ ભગવાન પ્રત્યે આપણા ભાવ ક્યાં છે ? ગમે તેવા કાળા મેશ થઈ ગયેલા ધુપિયા, દીવી, આવું ચાલે ? ગમે તેવા કાળા પડી ગયેલા ઉપકરણો ચાલે ? જ્યાં-ત્યાં ગમે તેવો કુડો-કચરો પડ્યો હોય એવું ચાલે.

સંઘના વિખવાદો, સંઘની કરુણતાઓ, એના મુળમાં એક કારણ આ પણ છે, કે ભગવાનની જે ભક્તિ થવી જોઈએ, એ થતી નથી. એક અબજોપતિ માણસ છે, અબજો ના અબજો... અબજો ના અબજો.. અબજો ના અબજો રૂપિયા એની પાસે છે, એની સેવામાં એક નોકર છે, અને એ નોકર, એ લોકોને વાત કરે છે કે મારા શેઠનું જમવાનું ને બીજુ અમુક સામગ્રી, એ મારે લાવવાની છે, તમને અનુકૂળતા હોય એટલું તમે આપો, એટલે કોઈએ પચ્ચીસ-રૂપિયા આપ્યા, પચાસ આપ્યા, સો આપ્યા, હજાર આપ્યા, પછી જે આપ્યું એ લઈ ને પેલો ગયો, -એમાંથી જે આપ્યું, એમાંથી શેઠના કપડા લાવ્યો, જુતા લાવ્યો, જમવાની સામગ્રી લાવ્યો, ટુવાલ લાવ્યો, ચાદર લાવ્યો, લોકોએ આપ્યું હતું પણ કેટલું થાય ? કોઈ એ પુછ્યું કે કેમ તારા શેઠનું આવું બધું, આટલા મોટા શેઠ છે, એટલે એણે જવાબ આપ્યો કે ભાઈ FUND આટલું જ થયું હતું. ઓલા માણસને બહુ આશ્ચર્ય થયું કે ભાઈ, કે FUND નો સવાલ ક્યાં છે FUND નો ખોટ ક્યાં છે, આટલો બધો તો તારા શેઠનો ભંડાર ભરેલો છે. પણ એ કહે લોકોએ આટલું આપ્યું હતું. તારા શેઠ પ્રત્યે લોકોનો અહોભાવ હોય,

અને GIFT કંઈ આપી સામેથી, આ મિઠાઈ નું BOX છે, તારા શેઠની જમાઈને મારા તરફથી, તો કોઈ વાંધો નથી, WELCOME છે, આ તમારું ના જોઈએ આવું પણ ના હોય. તારા શેઠ માટે હાથ લંબાવવાની પણ જરૂર નથી. કોઈ પ્રેમ થી આપે તો ના પાડવાની પણ જરૂર નથી. પણ એ જે આવ્યું, જેટલું આવ્યું, એમાથી તારે કરી દેવું ને શેઠનું શેઠને કંઈ કામ જ ના લાગે, આ કોઈ રીત છે. નોકર કહે હવે જે આવ્યું એમાંથી કર્યું, હું કોઈનો એકે રૂપિયો દબાવતો નથી, ખિસ્સામાં નાખતો નથી, આઘોપાછો કરતો નથી, ભાઈ તું આઘોપાછો કરે એની વાત નથી.

તારા શેઠ નું જે LEVEL છે, એની જે CAPACITY છે, એની જે LUXUARY હોવી જોઈએ, એમની જે સામગ્રી હોવી જોઈએ, આખા શહેરની અંદર કોઈની ના હોય, એવી એક- એક વસ્તુ એમની હોવી જોઈએ, એ તો તું કંઈ કરતો નથી. ઓલો કહે છે કે FUND, અરે ભાઈ એની સામે તું ક્યાં જોવે છે, કઈ ખોટ છે શેઠને ? પણ એ તો શેઠ માટે કઈ રીતે, અરે, શેઠ નું છે તો શેઠને નહિ ચાલે ? એ નોકરના મનમાં હજુ વાત બેસતી નથી, કે આ કેવી વાત છે !

ભગવાન એ દેવાધિદેવ છે, ભગવાન એ ત્રણ લોકના નાથ છે, ભગવાનના ભંડાર અખૂટ છે, કોઈને GIFT આપવી હોય તો પ્રેમથી આપે, ના નથી ! પણ ભગવાનના દરબારમાં તો એજ વપરાશે, જે WORLD માં BEST QUALITY નું હશે. ધુપનું હજાર રૂપિયાનું PACKET આવતું હોય ને, તો નવસો રૂપિયાનું ના લવાય. ચંદન, કેસર, પુષ્પો, દેવતાઓ દેવકુરુ ને ઉત્તરકુરુ ના ફુલો લાવે, ક્યાંને ક્યાંથી ! મેરૂપર્વત ઉપર કોઈ - GARDENS નહી હોય ? મેરૂપર્વતમાં નદીઓ, ઝરણા કશું હતું નહીં, મેરૂપર્વત કરતા, ~~પચાસ~~ પચાસ હજાર - યોજન દુર નદીઓ હોય, એ નદીઓના પાણી આવે,

દૂર-દૂરના, નંદનવન જવું હોય ને, સોમનસ વન જવું હોય, ભદ્રસાલ વન જવું હોય, પચાસ હજારથી માંડીને-નેવું હજાર યોજનની JOURNEY કરવી પડે અને છતાં દેવતાઓ BEST QUALITY નું લાવે! ષોડશક પ્રકરણની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, શ્રાવક ભગવાન-ની ભક્તિ કરીને, બધું BEST QUALITY નું લાવે, પણ શ્રાવક ની પહોંચ તો દેવતા જેટલી ના હોય ને, તો શ્રાવક શું કરે?

ત્રૈલોક્યસુન્દરં યન્મનસા....

જે ત્રણેલોકમાં સર્વોત્કૃષ્ટ હોય, એને મનથી લઈ આવે. શ્રાવક ભલે આંબાવાડીમાં બેઠો હોય, મનથી નંદનવન-ના, અદ્ભુત પુષ્પો, એક ફુલ અહીંયા લાવવામાં આવે ને આખા અમદાવાદમાં સુગંધ... સુગંધ... સુગંધ.... સુગંધ થઈ જાય!! શું કહું છું, દેવાધિદેવની વ્યાખ્યા જ મનમાં જુદી છે, માટે આપણી ભક્તિ જુદી છે. દહેરાસર લુખ્ખું ના હોય, દહેરાસર સુક્કું ના હોય. ભગવાનની ભક્તિ લુખ્ખી-સુક્કી ના હોય, એ ધુપિયું એવું હોય, WORLD માં ક્યાંય ના હોય, દીવો એવો હોય WORLD માં ક્યાંય ના હોય, એ અંગલુછણા નું કપડું એવું હોય, એનાથી આગળ કોઈ QUALITY જ ના હોય. એ પાટલા એવા હોય, એ વાટકી એવી હોય, એ કળશ એવા હોય, એ થાળીઓ એવી હોય, એ ચંદન એવું હોય, આખો રંગમંડપ, ગભારો, બધું જ UNIQUE હોય.

સાધર્મિક દ્રવ્ય, ગુરુની ભક્તિ માટે, સેવા માટેનું ફંડ એટલે વૈયાવચ્ચનું દ્રવ્ય, જ્ઞાનની ભક્તિ માટેનું દ્રવ્ય એટલે જ્ઞાનદ્રવ્ય, દેવાધિદેવ ની ભક્તિ માટે નું દ્રવ્ય એટલે દેવદ્રવ્ય! જે શ્રાવકો એ ભગવાન ની ભક્તિ માટે આપ્યું, જે હકીકતમાં શ્રાવકોની જ ભક્તિ છે ત્યાં એવા પ્રશ્ન કાઢવા, કે ભાઈ એ તો આપણો ભગવાનની ભક્તિ

કરવાની, એમાં આ કેમ વપરાય, આ એક મુદ્દે મોટા ભાગ ના દહેરાસરોમાં, ચંદનની બદલે લાકડા ઘસાય છે, ધૂપની બદલે ભુસા બળે છે, છી - ભગવાન મળો, ભક્તિ- પ્રશ્નાર્થ ચિહ્ન, અંગલુછણા- દયા આવે, હું કહું છું શા માટે ? દ્રવ્ય સપ્તતીકા ગ્રંથ કહે છે,

સતિ હિ દેવદ્રવ્યે પ્રત્યહં પૂજાવૃદ્ધિસમ્ભવઃ ।

શાસ્ત્રકાર ભગવંતો એ કહ્યું, દેવદ્રવ્ય હોય તો ભગવાનની મહાપૂજા થઈ શકે, દેવદ્રવ્ય હોય તો વિશિષ્ટ પૂજાનો લાભ મળી શકે, દેવદ્રવ્ય હોય, તો ભગવાનની યથોચિત ભક્તિ થઈ શકે, ભગવાનના સંબંધી કોઈ પણ ભક્તિનું કાર્ય હોય, ભગવાન માટેનું હોય, એમાં દેવદ્રવ્યનો ઉપયોગ - શાસ્ત્રીય છે. કયું દ્રવ્ય વાપર્યું એ કદાચ એટલો મહત્વનો પ્રશ્ન ના હોય, સ્વદ્રવ્યથી થાય તો પણ કંઈ ખોટું નથી, પણ એક કદાગ્રહ ની અંદર, જ્યારે ભગવાનનો નોકર - માંગણ બને, આપો રે ભઈ આપો ... અને જે આવ્યું, જેટલું આવ્યું, જેવું આવ્યું, એમાંથી જે પતું હોય એ કરી લેવું, ભગવાનનું દ્રવ્ય ભગવાનને કામમાં લાગે નહિ !! આ રીતની SYSTEM જો દહેરાસરની નિર્માણની પ્રક્રિયામાં લગાડવામાં આવત ને, તો આપણા દહેરાસરો પણ કંગાળ હોય. દહેરાસરો આપણે દેવદ્રવ્ય માંથી જ બનાવીએ છીએ તો એમાં કોઈ ખોટ જામી રહેતી નથી ને ભલભલા ની આંખો ફાટી જાય કે જૈનોનું દહેરાસર તો કહેવું પડે !! ને બીજે તમે જુઓ કેવા લોખંડની જાળી જેવા દરવાજા હોય ને જો એ મંદિર ના રંગમંડપમાં બાકડો હોય, અને આમ મન ઠરે એવું વાતાવરણ ના હોય, તો એમાં આગ્રહ નથી, તો એ જીર્ણોદ્ધાર, દહેરાસર, નિર્માણ, એની ભક્તિ શ્રેષ્ઠ કક્ષાની થઈ શકે છે, આનો આગ્રહ, હકિકતમાં કદાગ્રહ એ જો છૂટી જશે, તો ભગવાનની આ ભક્તિ, જે રોજેરોજ ની ભક્તિ, એનો પણ આખો માહોલ બદલાઈ જશે. શક્તિ સંપન્ન, ભાવના સંપન્ન, શ્રદ્ધા સંપન્ન શ્રાવકો પોતાના

જ દ્રવ્યથી કરે એમાં કાંઈ ખોટું નથી. અહીંયા ફાટેલા અંગલુછણા હોય, અહીંયા ઉતરતા ઉપકરણો હોય, અહીંયા LOWER QUALITY ની પુજા સામગ્રીઓ હોય, આ ભગવાનની મશ્કરી છે. દેવાધિદેવ, એમની ભક્તિ, એમના LEVEL ની થાય, આવી ભક્તિ કરતા કરતા આપણા ભાવો વધે, આપણે જ ઉછામણી બોલીને - ભગવાનની ભક્તિ માટે દ્રવ્ય આપ્યું. આપણે જ - ચડાવાઓ લીધા, ભગવાનની ભક્તિ માટે આપ્યું - આપણે જ ભંડાર પુર્યા, અને એનાથી માત્ર બેંકમાં રૂપિયા ભેગા થાય, કોઈ કતલખાનાઓ, POULTARY FARMS, MULTI- NATIONAL COMPANIES, ઉદ્યોગપતિઓ એમને કામ લાગે, પણ ભગવાનને કામ ના લાગે, એ ક્યાં સુધી ઉચિત ?

પૂર્વના કાળમાં આટલા મણ ઘી આ-રીતની ઉછામણી ની SYSTEM હતી. અને આ SYSTEM જે છે, એમાં શું કરવામાં આવતું, એટલે તમે પંદર મણ ઘી બોલ્યા, એટલે તમે પંદર મણ ઘી રીતસર એ દહેરાસરમાં જઈને આપી આવો. એમાંથી ભગવાનના દીવા થશે. એ ચડાવાનું દ્રવ્ય ભગવાનની કામમાં જ ન લાગે આવું હોય, તો આપણી આખી આ પરંપરા, હજુ છે ને આપણે બોલવામાં ચાલુ રાખ્યું છે, કેટલા મણ ઘી, ને પછી આપણે અઢી રૂપિયા, પાંચ રૂપિયા એવો ભાવ કરી દીધો, ને એ ઘી ને CONVERT કરીને પૈસા આપી દે અને પૈસા જાય બેંકમાં, તમારી સંઘ બહુ જ આદર્શ કહેવાય કે પૈસા જમા નથી કરતા ફાળવી દો છો, અનુમોદ-નીય છે, પણ મારે તમને હજુ બે પગલા આગળ લઈ જવા છે. ફાળવવા પણ જોઈએ, અને ભગવાનની યથોચિત ભક્તિ પણ કરવી જોઈએ. તો એ ઘી બોલાતું, એ ઘી અર્પણ કરાતું, એ ઘી ના દીવા થતા,

એ બી શાસ્ત્રીય છે, એ બી પરંપરાગત છે, તો પછી
બીજી બાબતોમાં કદાગ્રહ રાખવો અને, ભગવાનને ઓછું
આવે, ઓછું થાય, ઉતરતું થાય, આવું શા માટે ?
ઘર માટે અઢળક ખર્ચા કરતા, WORLD
TOUR કરતા, એવા શ્રેષ્ઠિઓ, પોતે ગામે ને રીતે અહીંયા
બનાવી દે, દેવદ્રવ્યના રૂપિયા ના ખર્ચે, એ પણ દોષ છે.
અને જેમની એવી શક્તિ નથી, યથાશક્તિ ભંડારમાં પુર્યા,
યથાશક્તિ ચડાવા લીધા, યથાશક્તિ ઘરેથી લઈને પણ
આવે છે. પણ એટલું પુરતું ના હોય ત્યારે સંઘમાં -
ભગવાનની ભક્તિ તો BEST જ થવી જોઈએ, એમાં તો
કોઈ LOWER QUALITY ના જ ચાલે, ને એને
અનુરૂપ કોઈ વ્યવસ્થા ના કરી હોય, તો એ પણ એક
પ્રકારનો દોષ જ છે. શા માટે શાંતિ નથી સંઘમાં ?
શા માટે બબાલુની થયા કરે ? શા માટે પરસ્પર નો
આપણો એટલો મેળ નહીં, આનું એક કારણ આ પણ
કે આપણે ભગવાનની જે ભક્તિ શક્ય છે, જે ભક્તિ
ઉચિત છે, એ ભક્તિ પણ કરતા નથી, અને એના
મુળમાં, આપણો કોઈક કદાગ્રહ છે. હવે કોઈ નવી
ITEM આવશે, ભગવાનની સોનાની આંગી બનાવવી છે,
બધા સોનું લખાવો, એટલે ૫ ગ્રામ, ૧૦ ગ્રામ, ૧૫ ગ્રામ,
૨૫ ગ્રામ, સોનું લખાવો, બહુ જ સારી વસ્તુ છે, દરેક
વખતે તમારે નવું ઉભુ કરવાનું ! જે છે એનું શું
કરવાનું છે, એના ઉપર સરકારની ડોળો છે, બધું -
હડપ કરી લેવા માંગે છે, હિસાબ માંડયો છે, ૭૫ હજાર
કરોડ નું સોનું ભારતીય દેરાસરો / મંદિરો વગેરેમાં -
પડેલું છે, લઈ લો, સરકાર ને તો પૈસાની જરૂર હોય જ.

ધનમિચ્છન્તિ રાજાનઃ।

ભેગા થયેલા પૈસા એ કલેશ - કંકાસનું, ઝઘડાનું, યુદ્ધોનું,
અને લુંટનું કારણ છે. સોમેશ્વર મહાદેવના મંદિરની અંદર
ખુબ જ સંપત્તિ હતી, માટે મુસ્લિમો આવ્યા ને માટે

ભારતમાં મોગલ રાજ્ય આવ્યું. પૈસા જેટલા વપરાય
તમને છે ને ઉપજમાં રસ છે, ઉપજ કેટલી થઈ!
સામે એ ઉપયોગ ના હોય તો ઉપજ એ બોજમ છે.
ઉપજ એ વ્યર્થ છે. ઉપજનો કોઈ અર્થ નથી.
તમારા કયા ખાતાનું કેટલું FUND
માનબર છે, એ ના જોતા, તમારો એ ખાતાનો -
ઉપયોગ કેટલો થયો, આ મહિને આ ખાતાનું કેટલું
વપરાયું, નથી વપરાયું તો શરમનું લોકો તમે દોષમાં
પડયા. જ્ઞાન ભંડાર કોણ સંભાળે છે, મહિનાનો જ્ઞાન-
ભંડાર નિભાવનો ખર્ચ, તમારો ખર્ચ કેટલા ખાતામાં
છે એ ના પુછો. એ કેટલું એ ના જુઓ, એ જોઈને
રાજુ ના થાઓ, તમે એ જુઓ મહિનામાં કેટલું
વપરાયું, નથી વપરાયું તો કઈ રીતે MAINTAIN -
થવાનું છે. આ મહિનામાં પાઠશાળામાં ખર્ચો તમારો
કેટલો થયો, મને જવાબ આપો. સાહેબ ખર્ચ તો
નથી, આવક બહુ સારી છે. હું કહું છું કે તમે
રોજ કર્મ બાંધો છો. જ્યાં ખર્ચો નથી ત્યાં એ
આવક એ સિલક એ ભંડોળ એ આપણા માટે
શરમની વાત છે. એ એક પ્રમાણપત્ર છે કે એ
ખાતા તાત્વિક ક્રેડિટ એ સીદાય રહ્યા છે. આ મહિના
નો દેવદ્રવ્યનો કેટલો ખર્ચો કર્યો તમે. આ મહિના
નો જ્ઞાનદ્રવ્ય નો ખર્ચો કેટલો છે, આ મહિનાનો
પાઠશાળા નો ખર્ચો કેટલો છે, નથી કાંઈ! આપણે
શાસન ને સમર્પિત છીએ. આપણે શ્રદ્ધાળુ છીએ.
શ્રાવક છીએ, ભલે આપણી SIJAN ચાલે છે,
આપણો એક પણ રૂપિયો આપણા ઘરે આવી જવા
દેવાના નથી, ઉપરથી ગાંઠ ના રૂપિયા એમાં ઉમેરવા-
ના છીએ. અનુમોદના છે. એમાંથી કાંઈક ખીસ્સામાં
લઈ જઈએ એને જેમ ગેરવહીવટ કહેવાય એવી
રીતે એનો યથોચિત ઉપયોગ ના કરીએ.

એને પણ ગેરવહીવટ કહેવાય. જ્યારે ભ્રષ્ટાચાર થાય છે ત્યારે પણ એ ખાતું સીદાય છે, જ્યારે એ ખાતામાં- જમા થયા કરે છે પણ સામે જે REQUIREMENT છે, જરૂરિયાત છે, એ ખાતું જેના માટે હતું એ સિદાય રહ્યું છે, એનો ઉપયોગ નથી થતો, એ પણ ગેર- વહીવટ છે.

તુટેલા કાચ વાળી બારી તમારા ઘરમાં કેટલા દિવસ ટકે ? અને ઉપાશ્રયમાં કેટલા દિવસ ટકે ? તમારું શર્ટ ફાટેલું છે, આજે ફાટી ગયું, એ કેટલા દિવસ ફાટેલું તમે પહેરશો ? અને ભગવાન ફાટેલા અંગલુછણા કેટલા દિવસ ચલાવશો. ઘર માટે NO COMPROMISE, પરિવાર માટે NO COMPROMISE, OFFICE માટે NO COMPROMISE, આવક માટે NO COMPROMISE CUSTOMER કેટલા આવે, હજાર આવતા હતા, પાંચસો થઈ ગયા, NO COMPROMISE MARKETING કરો, ADVERTISING કરો, જે કરવું હોય તે કરો, નવી SCHEME કાઢો, નવું આ કરો તે કરો, હજાર ના પંદરસો થવા જોઈએ, હજારના આઠસો ના થવા જોઈએ, NO COMPROMISE. "અહીંયા બધુ ચાલે" હું ફરી પુછુ છું, આપણી વ્યાખ્યા શું છે ? દહેરાસર એટલે શું ? ભગવાન એટલે શું ? ગુરૂ એટલે શું ? સંઘ એટલે શું ? સાધર્મિક એટલે શું ? આપણી વ્યાખ્યા શું છે ?

અનુપમા દેવી, પહેલા નંબરમાં કરે છે, જેટલી કરચ નીકળે એના પ્રમાણ ચાંદી. જિનભુવન સર્જન થયા પછી, હજુ સંતોષ નથી અંદર, ના, હજુ મારા ભગવાનને આ અનુરૂપ નથી, મારા ભગવાન તો દેવાધિ- દેવ છે, હજુ આ ઓછું છે. મહાપૂજનનું આયોજન થયું, દર્શન કરવા ગયા, અને જેને જે વધારે લાગે છે, એને ભગવાન ઓછા લાગે છે. જેટલું કરીએ એટલું

classmate

ઓછું લાગે, ત્યારે આપણને ભગવાન વધારે લાગ્યા છે.
અનુપમા દેવી કહે છે, હજુ કોતરણી થવી જોઈએ જેટલી
કરચ નીકળે, એટલું સોનું. અદ્ભુત કલાકૃતિઓ તૈયાર
થઈ બનાડવામાં આવીને અનુપમા દેવીને થાય, ના -
હજુ ઓછું છે ! આ ભગવાનનું છે, દેવાધિદેવનું છે.
ઓછું તો કેવી રીતે ચાલે ! હજુ કામ કરો, હવે જેટલી
કરચ પડે એના ભારોભાર મોતી !

આજે દુનિયા આખી મોઢામાં આંગળા-
નાખી જાય એ સર્જન, એ કારીગરીથી નથી થયું, એ
અનુપમા દેવીના ભાવોથી થયું છે. કામ ચાલી રહ્યું છે...
ચાલી રહ્યું છે... ચાલી રહ્યું છે, પુરુ થવા આવ્યું છે.
અનુપમા દેવી પોતે ત્યાં જ રહ્યા છે, સાથે વસ્તુપાલના
સાળા પણ ત્યાં છે, બીજા પણ કારભારીઓ વગેરે છે,
સોમપુરાઓ, હજારોની સંખ્યામાં જબરદસ્ત કામ ચાલી
રહ્યું છે. બસ હવે દહેરાસર પુરુ થવાના આરે આવ્યું છે,
અનુપમા દેવી પ્રાંગણમાં પગ મુકે છે, કારીગરો બધા
ઉભા થઈ જાય છે, આવી જાય છે, આંખમાં અહોભાવ
છલકાઈ રહ્યો છે ને અનુપમા દેવી કહે છે, કે અહીંયા
છે ને મારી એક પ્રતિમા બનાવવી છે. કારભારીઓને
એક બાજુ આશ્ચર્ય થાય છે બીજુ બાજુ આનંદ થાય
છે. આ શોભણોને એના જે પ્રભુભક્તિ ના ભાવોને
આપણને, ઘણું મન હતું કે શોભણો તમારી એક
સ્મૃતિ અહીંયા રાખીએ, પ્રતિમા બેસાડીએ, લોકો પણ
યાદ કરે આમણે બનાવડાવ્યું, પણ આપની આગળ
વાત કઈ રીતે કરવી, રોવા મંડશો, નારાજ થઈ જશો,
કદાચ ગુસ્સે થઈ જશો, તમે મારી ક્યાં માંડો છો.
ને શોભણોયે એ સામેથી કહી દીધું, આપણને લાભ
મળશે, એમની સ્મૃતિ આપણે અહીંયા કોતરી શકશું.
ને આવી વ્યક્તિ દુનિયામાં ના હોય, અને કારીગરી
ને આનંદ આનંદ થઈ ગયો, ને શોભણો કહે છે,

કે એમાં છે ને, મારી પ્રતિમામાં મારા હાથમાં એક - થાળી બનાવવાની, હા અમે બનાવશું, અંદર પૂજાની સામગ્રી અંદર સોનાના અલંકારો, અંદર ફૂલો બધું જ ભરી દઈશું. અનુપમા દેવી કહે છે ના !! એ થાળીમાં છે ને એક ચોખાનો દાણો બનાવજો. પ્રતિમા બનાવવાની, પ્રતિમામાં હાથ છે, હાથમાં થાળી છે, અને થાળીમાં ચોખાનો દાણો છે. કારીગરો થીજી જાય છે, શેઠાણીને પુછ્યું કઈ રીતે, કે ભાઈ આટલું જ શા માટે ? પુછ્યા વગર રહી શકતા નથી, ગભરાતા... ગભરાતા પુછે છે. આપ કહો છો એવું અમે બનાવી તો દઈશું, પણ એક ચોખાનો દાણો ? અને અનુપમા દેવી ની આંખમાં આંસુ ધસી આવે છે, અને કહે છે કે, આ પ્રતિમા કંઈ અમારી પ્રશસ્તિ માટે નથી મુકવી, દુનિયા અહિંયા આવી ને, દર્શન કરીને, અમને ઓબલે- ઓબલે યશ ન આપે, અમારા વખાણ ના કરે, એના માટે મારે દુનિયાને એટલો જ સંદેશ આપવો છે, કે પ્રભુની કૃપાથી જેટલું મળ્યું, એમાંથી માત્ર એક ચોખાના દાણા જેટલું જ અહીંયા વાપર્યું છે.

આપણે થોડું કરીને ઘણો ઢોલ વગાડીએ, કર્યું કાંઈ ના હોય, કર્યું બહુ મામુલી હોય, અહેસાનો જોર- શોર ની હોય, વિશ્વ વિખ્યાત, વિશ્વમાં બેજોડ, એવું જિનાલય બનાવ્યા પછી, અનુપમા દેવીની FEELINGS આ છે, મેં કાંઈ કર્યું જ નથી ! આ દેલવાડા ના જિનાલય, એનું નિર્માણ, સર્જન, કારીગરી, એના ચિહ્નો એમાંથી રસ્તો કરવો આ બધું તો અનુપમા દેવી એ કર્યું જ હતું. યાત્રાની અંદર જોખમ હતું. જોખમ ક્યાંક દાટીને સાચવી રાખવું પડે એમ હતું, એને દાટવા ગયા વસ્તુ- પાલને જ્યાં દાટવા ગયા, ત્યાંથી નવો ખજાનો નીકળ્યો. અનુપમા દેવીની સલાહ લેવા ગયા, રોજ જેને પુછીને કરતા, એવા વસ્તુપાલ ને તેજપાલ મહામંત્રીઓ અનુપમા દેવીને પુછતા. અનુપમા દેવી એમની પાસે કોઈ જ પદ

ન હતું, કોઈ સત્તાધીશ ન હતા, એમની પાસે રૂપ પણ એવું ન હતું. અનુપમા દેવીનો વર્ણ શ્યામ હતો ને માટે જ તેજપાલ ને એ ગમ્યા હતા. પુર્વકાળમાં આ રીતે MEETINGS કરીને FIXING ના કરતું મા-બાપે નક્કી કરી દીધું. લગ્ન કે લગ્ન પછી, પહેલી વાર - એક બીજાની ચહેરો જોવા મળે, અને જ્યાં એમનો શ્યામ વર્ણ જોયો તેજપાલનું મન પડી ગયું હતું. અનુપમા દેવી સાથે અન્યાયો થવાના શરૂ થઈ ગયા હતા પણ એમની પાસે જિનવાણી ની પરિણતી હતી, જે પણ છે મારા કર્મોવશાત છે. પતિ એ અન્યાયો કર્યા, પતિએ અપમાનો કર્યા, પતિ સામું જોતા નથી, પતિ તિરસ્કાર કરે છે ને છતાં એ અનુપમા દેવી, પોતાનું પતિવ્રતાપણું, પતિની સેવા, પતિની વફાદારી, ઘરનું કામકાજ, પરિવારની સેવા, આમાં કોઈ ખામી રાખતા નથી.

ધીમે-ધીમે તેજપાલ ને એમના ગુણોની પરિચય થાય છે, ધીમે-ધીમે આખા પરિવારને એમના ગુણોની પરિચય થાય છે, અને ટુંક જ સમયની અંદર અનુપમા દેવી એ ઘરની રાણી બની જાય છે. જનમો દાટવા જતા બીજે જનમો મળ્યો છે, હું તમને કહું છું એક વાર તમે સંઘને સમર્પિત થઈ જાવ, એકવાર શાસન ને સમર્પિત થઈ જાવ. એક વાર આ બધા સંસારના સંબંધો, સ્વાર્થી સંબંધો, એની આસક્તિઓ મોહમાયાઓ, આને વિખેરીને ભગવાનના થઈ જાવ, પછી તમને પગલે પગલે નિધાન છે. હજુ આપણે સંઘને સમજ્યા નથી, હજુ જિનશાસનને સમજ્યા નથી, હજુ એ બધું આપણને પારકું લાગે છે, હજુ હાથ PACK છે, મન PACK છે, હૃદય PACK છે. આપણે પૂજા પણ કરીએ પણ, ભગવાન અને આપણી વચ્ચે ની પડદો હટાવી શકતા નથી. આપણે સંઘપૂજન પણ કરીએ, પણ હૃદયમાં સંઘનું જોઈએ એવું

સ્થાન નથી. ખરી ભક્તિ હજુ સુધી આપણે કરી છે કે નહિ, એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે.

અનુપમા દેવી ને પુછવામાં આવ્યું, આ ખજાનાનું શું કરવાનું, અને એણે કહ્યું આને એવી રીતે લગાડો, આખી દુનિયા એને જોઈ શકે પણ એનો ઉપયોગ ન કરી શકે, એને ચોરી ના શકે, એને લઈ જઈ ના શકે, અને દેલવાડાના દહેરા બંધાયા, આખી દુનિયા જોય શકે, નાબુદ થઈ શકે, કોઈ કશું ચોરી ના શકે. શા માટે અનુપમા દેવી કેવળજ્ઞાની ? એનો જવાબ દેલવાડાનું દેરું આપે છે !

આપણી લુખ્ખી, સુક્કી, નુરહ ભક્તિ, એનાથી ભગવાનનું કશું જ બગડતું નથી, આપણું સો ટકા બગડે છે. આપણે સમય કેટલો આપ્યો, રાજની રાણી જેવું સૌભાગ્ય અનુપમા દેવીને મળ્યું હતું. પતિ હોય, પુત્ર હોય, પરિવાર હોય, સાહેબી હોય, સંઘ હોય, કેટલા માનપાન હોય, બધું છોડીને, ઠંડી, ગરમી ની પરવાહ કર્યા વગર, આબુ પર્વત ઉપર જઈને રહેવું, કરચો ઉડતી હોય, ટાંકણા ચાલતા હોય, સહેલી વાત છે ? એવી વ્યક્તિ બહુ બહુ તો થોડો વખત પ્રતિષ્ઠામાં આવી જાય ને પાછી, પોતાની રફતારમાં - પરોવાઈ જાય. અનુપમા દેવીએ એવું નહતું કર્યું. ઘણી વાર આપણને સંઘના કામમાં એવું લાગે છે કે, આ કામ કરતા મારું STATUS ઉંચું છે. સંઘ જ્યારે નીચો લાગે છે, ત્યારે આપણું STATUS ઉંચું લાગે છે. હું કહું છું દાસ બનો, ભગવાનના દાસના દાસ બનો, ભગવાનના પુજારી ના નોકર બનો, ભગવાનના ભક્તના દાસ બનો, આપણે એવું માનીએ છીએ જેટલું - ભગવાનનું કરીએ ને, એટલું ઉંચું મળે. આપણે FIX ભગવાન રાખ્યા છે, જેમના અંગલુછણા હું જ કરું, કોઈને નહી... નહી તમને નહી દઉં, હું જ કરીશ,

ભક્તિનો ભાવ સારો છે પણ હજુ આપણી સમજણમાં
ઘણી ખામી છે. તમે ભગવાનનો અભિષેક કરો,
એનું જેટલું ફળ છે, એની કરતા એક અપેક્ષાએ
પબાસણ ની સફાઈ તમે કરો એમાં વધારે ફળ છે
એની કરતા ગભારામાં પોતું કરો વધારે ફળ છે.
એની કરતા રંગમંડપમાં પોતુ કરો વધારે ફળ છે,
એના કરતા બહાર શૃંગાર ચોકી ત્યાં પોતુ કરો, વધારે
ફળ છે, દહેરાસરના દાદરા, એનો ખુણો-ખુણો
તમે ચોખ્ખો કરો, અપેક્ષા એ વધારે ફળ છે.
દહેરાસરનું પરિસર લઈ લો ત્યાં વધારે ફળ છે.
હજુ ROAD પાસેની છેલ્લી દાદરી, વધારે ફળ છે.
મ્યુનસીપાલટી નું ઝાડુ તમે તમારી પાસે રાખ્યું હોય
ને રોજ સવારે ઉઠી ને દહેરાસરની બાજી BOUNDA-
RY નો, દહેરાસર SIDE નો રોડ સાફ કરવાનો
તમનો નિયમ હોય, એક અપેક્ષા એ વધારે ફળ છે,
કારણકે જેમ-જેમ તમે આટલું દુરનું કરી શકો, એમ
એમ તમે ભગવાનની વધુ નજીક હો છો, જેમ જેમ
દુરનું કરી શકો, એમ-એમ ભક્તિના ભાવ વધારે
હોય છે, વધારે ભાવ સિવાય આટલી દુરની
ભક્તિ કરવી એ શક્ય જ નથી. નીચે ઉતરવાની
જરૂર છે.

" વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો,
ગજ ચડે કેવલ ન હોય "

બહાર ગમે તેટલી ગંદકી હોય મને કાંઈ લાગેવળગે
નહિ, અને ભગવાનનું અંગ-લુંછણું હું જ કરું
બીજા કોઈએ હાથ લગાડવો નહિ, આપણ એક
મતનો ગજ છે. જેની નોંધ લેવાય, જે બધા
જુએ, જેના વખાણ થાય, એમાં આપણને ઉમળકો
હોય, હોંશ હોય, અને જેમાં એવું ના હોય,
એમાં આપણને કોઈ રસ ના હોય. એક કામમાં

classmate

પડાપડી હોય, એક કામ ચીલાનું હોય, એનો અર્થ આપણને આપણામાં રસ છે, આપણને સેવામાં રસ નથી. બહુ સરસ મઝાની પંક્તિ ભગવાનના સ્તવનમાં છે.

" હું તુમ પગની મોજડી, હું તુમ દાસનો દાસ "

ભગવાન હું એટલે શું, હું ફલાણો શ્રાવક, મારી આ DEGREE, મારું આ પદ, હું તમારો ભક્ત, હું તમારો પરમભક્ત, હજુ ભક્તિમાં ખામી છે.

" હું તુમ પગની મોજડી, હું તુમ દાસ નો દાસ "

ભગવાન તમારો તો હું દાસ, તમારા દાસનો પણ દાસ, આ FEELINGS જો આવશે તો દહેરાસર કે સંઘમાં કોઈની સાથે કદી ઝઘડો નહી થાય, કોઈનું અપમાન કરવું અશક્ય બની જશે. કોઈની સાથે ઉંચા અવાજમાં વાત નહી થઈ શકે, આ વ્યક્તિ કોણ ? આ તો ભગવાનનો દાસ, તો પછી હું તો એનો પણ દાસ !! બહુ સરસ મઝાની વાત ભગવાનની ભક્તિના સંદર્ભમાં કહી છે,

" દેવ નિજ ભવનમાં દાસ રાખો "

ભગવાન કોઈ પદ નથી જોઈતું, ભગવાન કોઈ POST, SEAT, ખુરશી, માનપાન, હારતોરા, શાબાશી, વખાણ, ભગવાન કશું જ નથી જોઈતું. ભગવાન આપના ભવનની અંદર, આપના શાસન મહેલની અંદર, આપના સંઘની અંદર, મને દાસ તરીકે રાખી લો, બસ એથી વધુ કશું જ નથી જોઈતું. ભગવાન જે આ પૂજારી કરે છે, ભગવાન જે આ સફાઈ વાળો માણસ કરે છે, એનાથી પણ નીચેના બધા જ કામો હું કરીશ. ભગવાન આપના શાસનમાં આપના સંઘમાં, મને બસ એક દાસ તરીકેની જગ્યા આપી દો, એનાથી વધારે બીજું કશું જ જોઈતું નથી. શા માટે અનુપમા દેવી કેવળજ્ઞાન, શા માટે આપણા હજુ

કોઈ ઠેકાણા નથી. આત્મ નિરીક્ષણ કરવાનો પ્રયાસ કરવો છે. અનુપમા દેવી પોતે રસોડાની અંદર ઉભા છે, મહાત્માઓના લાભ મળતા જાય છે, ને વહોરાવતા જાય છે. ચરિત્રમાં લખ્યું છે કે વસ્તુપાલના ઘરે, એમની જુદી જુદી દાનશાળાઓ, આ બધું થઈને, રોજના હજારો મહાત્માઓનો લાભ મળતો. મહાત્માનું પાત્રુ મુકાયું છે, શીરાનું વાસણ છે, મહાત્મા ના.. ના.. ના.. ના.. કરી રહ્યા છે ને, વાસણ આમ સીધું-ઉંધું ઠલવાયું છે. એક અપૂર્વ સંતોષ સાથે આમ વાસણને હલાવે છે, અનુપમા દેવી, પાત્રુ તો ભરાઈ ગયું છે, છલકાઈ ગયું છે, એટલું જ નહી, એ શીરામાં જે લતપત પતું ઘી હતું, એ ઘી પાત્રાની ધાર ઉપર આવી ગયું છે, હવે તો કોઈ કાંઈ વિચારે એની પહેલા મોંઘી દાટ સાડીનો પાલવ, ને એ પાલવથી અનુપમા દેવીએ પાત્રાને સાફ કરવા માંડે છે, મહાત્મા કહે છે રહેવા દો, પહેલા નોકર હોય છે એમનાથી બોલાય જાય છે, શેઠાણીજી રહેવા દો સાડી બગડી જશે.

એમને અનુપમા દેવી કહે છે, ધાંચીના ઘરે જન્મ લઈને, આખી જિંદગી, ઓઢી અને ગોબરીયું રહી હતી, એવા અનંતા ભવો થઈ ગયા, આ મહાત્માનું પાત્રુ છે, એને સાફ કરવાનો લાભ મને ક્યાંથી મળે ! ગુરુ માટેની આપણી વ્યાખ્યા શું છે ?, ચાર મહિના આપણે જેમના જેમના પ્રવચનો સાંભળ્યા, હું તમને કહું એ મહાત્મા અત્યારે ક્યાં છે ?, કેમ છે ?, શાતામાં તો છે ને ?, એ બિમાર થઈ ગયા, એ HOSPITALIZE થઈ ગયા, એ SERIOUS થઈ ગયા આપણને ખબર સુધ્ધા નથી, ગુરુની આપણા મનમાં વ્યાખ્યા શું છે ?, જેમણે ચોમાસું કર્યું, જેમણે જિનવાણી આપણને પ્રતિદિન સંભળાવી, અને એ મહાત્મા, વિહાર કરીને ક્યાંક જઈ રહ્યા હતા, HIGH-

WAY ઉપર એમને કોઈ ભારે વાહને ઉછાળ્યા, પડ્યા ! કોઈક ADMIT કર્યા, દહેરાસરની બહારથી આપણે નીકળ્યા છીએ, ચાર જણ ઉભા છે, વાત ચાલી કે આવું આવું ફલાણા મહારાજ સાહેબ ને થઈ ગયું છે ને આપણે પણ કહીએ બહુ ખોટું થયું, હવે બધું એમની થતું જાય છે, આ લોકો પી-પી ને ચલાવતા હોય છે, ને આ વિહારો, હવે બહુ આવું થઈ ગયું, હાય હાય મહારાજ સાહેબ ને બહુ ખોટું થયું, આપણે ઘરે જઈએ છીએ, નવકારશી કરીએ છીએ, દુકાને જઈએ છીએ, સાંજે આપણને યાદ પણ હોતું નથી. ઘરે આવ્યા જમવા બેઠા, ફોનની RING વાગી, જમતા જમતા ફોન RECEIVE કર્યો ને કોઈએ સામેથી કહ્યું, તમારા અમિત નો - BIKE ACCIDENT અહીંયા થયો છે, આ HOSPITAL માં બીજે માળે, કોળિયો ફગાવી ને પહેરેલ કપડે આપણે દોડીએ છીએ, દીકરો આપણો લાગે છે, શાસન આપણું લાગતું નથી. દીકરાની વ્યાખ્યા બહુ મનમાં FIT છે, દીકરો એટલે મારો, દીકરો એટલે સારો, દીકરો - એટલે મારી મત, દીકરો એટલે મારું બધું જ, અસ્થિ-મજ્જા થયું છે અનાદિ કાળનું ઝેર !

શાસન માટે શું ? સંઘ માટે શું ? વ્યાખ્યા શું સંઘની ? વ્યાખ્યાઓ સુધારો, બધું જ સુધરી જશે. પૈસાની ખોટી વ્યાખ્યા ઝેર બની છે, પત્નીની ખોટી વ્યાખ્યા છે, દીકરાની ખોટી વ્યાખ્યા છે, શરીરની ખોટી વ્યાખ્યા છે, ધંધાની ખોટી વ્યાખ્યા છે, દુકાનની ખોટી વ્યાખ્યા છે, સગા સંબંધીઓની ખોટી વ્યાખ્યા છે, સાંસારિક- લગ્નાદિ પ્રસંગોની ખોટી વ્યાખ્યા છે. બીજુ બાજુ અહીંયા ભગવાનની ખોટી વ્યાખ્યા છે, ગુરુની ખોટી વ્યાખ્યા છે, સાધર્મિક ની ખોટી વ્યાખ્યા છે, સંઘની ખોટી વ્યાખ્યા છે, અહીંયા કોઈ દીક્ષા વગેરે - પ્રસંગ હોય, એની ખોટી વ્યાખ્યા છે. અને ખોટી વ્યાખ્યાઓ

આ આધારે, મોંઘું જીવન આપણે જીવીએ છીએ ને મળેલી બધી જ ધર્મ સામગ્રીને હારીને દુર્ગતિનો વાટે આપણે રવાના થઈ જઈએ છીએ. બહુ ગંભીરતાથી વિચારો, ઉતરતી વ્યાખ્યા એ પણ આશાતના છે. ઉતરતી વ્યાખ્યાથી ઉતરતી વાણી આવશે, ઉતરતું વર્તન આવશે, ઉતરતું વલણ આવશે, તારક તત્ત્વોની આરાધનાને બદલે આપણે આશાતના કરી બેસશું. આપણું ભવ-ભ્રમણ વધારી દેશું, સંઘને સમજવાનો પ્રયાસ કરીએ. શાસનને સમજવાનો પ્રયાસ કરીએ. તારક તત્ત્વોને સમજવાનો પ્રયાસ કરીએ.

—x—x—x—x—x—

classmate

વર્ધમાનસૂરી દેવ થયા છે, અને સીમંધર સ્વામી ભગવાનને કેલ્લો પ્રશ્ન પુછે છે, કે તેજપાલ કઈ ગતિમાં જશે ? ભગવાન જવાબ આપે છે, તેજપાલ કાળ કરીને પહેલા દેવલોકમાં જશે, ઈન્દ્ર જેવી એમની ઋદ્ધિ હશે, એના પછી પણ સદ્ગતિની પરંપરા આવે, ચોથા ભવમાં તેજપાલનો પણ મોક્ષ થશે. આપણે ડરી જઈએ, વિસ્મીત થઈ જઈએ, અને એક પ્રશ્ન અંદરથી ઊઠે, કે આમા આપણે ક્યાં ?

અસ્તિત્વ વગરનું અસ્તિત્વાભિમાન, એ કેટલું બધું આપણું હાસ્યાસ્પદ, દયાસ્પદ, નિંદાસ્પદ છે. આ મહાપુરૂષો આવી આપણી મનને સમજાવીએ, તો પછી અસ્તિત્વાભિમાન, કર્તૃત્વાભિમાન, સ્વામીત્વાભિમાન એવી રીતે મૃત્યુ પામે, કે ફરી એનો જન્મ જ ના થાય. બૌદ્ધ દર્શન મોક્ષનું સ્વરૂપ એવું માને છે કે, ક્ષણિક, ક્ષણ સંપન્ન છે. પ્રત્યેક સમયે, પ્રત્યેક વસ્તુ, વ્યક્તિ, આત્મા, ઉત્પન્ન થાય છે... નાશ પામે છે... ઉત્પન્ન થાય છે... નાશ પામે છે... ઉત્પન્ન થાય છે... નાશ પામે છે. બૌદ્ધ દર્શનના મતે મોક્ષ એટલે શું ? કે આત્મા નાશ પામ્યો, પાછો ઉત્પન્ન જ ના થયો, આનું નામ "મોક્ષ"! ક્ષણ સંતતિ, ક્ષણ પરંપરા, ક્ષણ સંતાન, જે અનાદિ કાળથી ચાલ્યું આવતું હતું, એનો અંત આવી ગયો, આનું નામ મોક્ષ !

અહમ જ્યારે બૌદ્ધ દર્શનનો મોક્ષ પામે છે, ક્ષણ- ક્ષણે ઉઠતું આપણું અભિમાન, નાશ પામે છે ને પછી ઉત્પન્ન જ નથી થતું, ત્યારે અહમનો બૌદ્ધ દર્શન અભિમત મોક્ષ થાય છે, ત્યારે આપણા આત્માનો જૈન દર્શન અભિમત મોક્ષ થાય છે. અહમનો સદા-માટે નાશ, જ્યાં અહમનો પાટ પરંપરા, વંશ પરંપરા, ચાલતી જ નથી. એવો નાશ, એ આપણા શુદ્ધ આત્મ સ્વરૂપનો ઉત્પાદ બને છે, અને આપણા આત્માની

મોક્ષ થાય છે. આત્મા અને મોક્ષની વચ્ચે બીજું કંઈક હોય તો એ અહમ સીવાય બીજું કશું જ નથી. સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ, દ્વાત્રિંશિકા ગ્રંથમાં કહે છે.

દુઃખમહઙ્કારપ્રભવમ્ ।

દુખ શું છે ? અહંકારમાંથી ઉતપન્ન થયેલું છે. બધા જ દુઃખનું મુળ હોય, તો એ અહંકાર સિવાય બીજું કશું જ નથી. અહમ આવે છે, એમાંથી ઉત્સુત્ર આવે છે, ઉત્સુત્ર પ્રરૂપણા, ઉત્સુત્ર પ્રવૃતિ, ઉત્સુત્ર વિચાર, એનાથી આગળ ભુવ ભમ્યા કરે છે. સંઘ સાથે આત્માને ભાગ્ણી થી જોડી રાખનાર તત્વ "નમો" છે, "નમ્રતા" છે, "વિનય" છે. સંઘથી આપણને જુદા પાડનાર તત્વ "અહમ" છે.

નવા પંથો એટલા જ માટે મોક્ષમાર્ગ નથી, કારણકે એ સંઘ વિરૂદ્ધ છે. નવા GROUPS, નવા પરિવારો, નવા મંડળો, એ પણ સંઘ-વિરૂદ્ધ હોય, તો એ મોક્ષ માર્ગ નથી. GROUPS એકાંતે હેય પણ નથી, એકાંતે ઉપાદેય પણ નથી, DEPENDS કે યુવાને સંઘ સાથે જોડે છે, સંઘ ભાવનાને પુષ્ટ કરે છે, સંઘને જ પોષણ આપે છે, સંઘ સાથે યુવાને જોડવામાં સેતુ બને છે, તો GROUPS ઉપાદેય છે. જે GROUPS સંઘ ભાવનાને તોડે છે, સંઘથી જુદા પણાની ભાવનાને ઉપસાવે છે. યુવાને સંઘ સાથે જોડવામાં પુલ નથી બનતા પણ યુવા અને સંઘ વચ્ચે દિવાલ બને છે, એ બધા GROUPS હેય છે. સંઘ અંતર્ગત હોવું, સંઘની નીચે હોવું, સંઘને સમર્પિત હોવું, સંઘ પ્રત્યે-અહોભાવ જગાડનારા હોવું, એવા પરિબળો જે તે GROUPS ને, જૈન GROUPS બનાવે છે. સંઘના વિરોધી હોવું, સંઘની સામે હોવું, સંઘની સામે

પડનારા હોવું, સંઘની નિંદા કરનારા હોવું, યુવાનોને
સંઘ પ્રત્યે દુર્ભાવ પ્રગટાવનારા હોવું, આ બધા પરિ-
બળો, જે તે GROUPS ને જૈનત્વ વિરોધી બનાવે છે,
સંઘ વિરુદ્ધ બનાવે છે, અને સંસાર માર્ગને પોષનારા
બનાવે છે. GROUPS જીવને મોક્ષ સુધી લઈ જનારા
બની શકે, જો એ GROUPS નું બંધારણ, એનું
સ્વરૂપ, એની ભાવના શુદ્ધ હોય. GROUP જુદુ,
નામ જુદુ એટલે અમે જુદા, અમે સંઘથી જુદા, અમે
બીજા GROUPS થી જુદા, જ્યાં આવી ભાવના પ્રગટ
થાય છે, ત્યાં વાત બધી પુરી થઈ જાય છે. પછી એ
GROUP દેખીતી રીતે સારા સારા ને મોટા-મોટા કામો
કરતું હોવા છતાં, એ GROUP જૈન રહેતું નથી, એ
ગ્રુપની પ્રવૃત્તિ મોક્ષ માર્ગ રહેતી નથી. અને એ
GROUP ની પ્રવૃત્તિ સમકિતિ આત્માઓ માટે પ્રશંસનીય
રહેતી નથી.

મને ક્યારેક એવો વિચાર આવે કે,
કેમ એવું GROUP ના હોય, જે GROUP વગરનું
GROUP હોય. જેનું કોઈ નામ ના હોય. જેની કોઈ
POST ના હોય, જેનું કોઈ ACCOUNT ના હોય,
જે સીધું સંઘ સાથે જોડાયેલું હોય. સંઘની સેવા એ
એનું FOUNDATION હોય, એ જ એનો જીવનમંત્ર
હોય, તો મને થાય કે ભગવાને આ જ GROUP ની
તો સ્થાપના કરી છે, જેને સંઘ કહેવાય. નામ આવે
છે પછી વહેલી કે મોડી જુદા પણાની ભાવના આવે છે.
પૈસા આવે છે, પછી વહેલા મોડા ઝઘડા આવે છે,
પૈસા બહુ ખરાબ વસ્તુ છે. POST આવે છે, હું
PRESIDENT છું, વગેરે વગેરે. અને મગજમાં એક
રાઈ ભરાય છે, GROUP ની અંદર ઝઘડા શરૂ
થાય છે. બહાર વાળા સાથે ઝઘડા શરૂ થાય છે.
POST માટેની મારામારી શરૂ થાય છે. સંઘના, સંસ્થાના

ખર્ચાઓ ઓછા કરી દેવા હોય, તો જરૂર પૂરતી રકમ રાખીને, બધા ખાતા NIL કરી દેવા જોઈએ.
આગમ નો એક પદાર્થ છે. સબલ સ્થાન, અસમાધિ સ્થાન.

इक्कवीसाइ सबलेहिं

વગેરે વગેરે... એવા સ્થાન કે જેનાથી અસમાધિ થાય. એ કયા સ્થાન છે, એ સ્થાનો બતાવતા... બતાવતા, સમવાયાંગ આગમ, આવશ્યક નિર્યુક્તિ - આગમ, શ્રમણ સુત્ર, એની અંદર એક સ્થાન બતાવ્યું,

अतिरित्त सेज्जासणाया

તમારી પાસે જરૂર કરતા વધારે વસ્તુ છે, જરૂર કરતા વધારે ઉપાધિ છે, જરૂર કરતા વધારે કપડા છે, જરૂર કરતા વધારે ઘર-વખરી છે, જરૂર કરતા વધારે પૈસા છે, તો તમને અસમાધિ થવાની. આગમની અંદર કહ્યું કે, મહાત્મા ના ગ્રુપમાં જેટલા ઠાણા હોય એટલા ઠાણાને થઈ રહે, એવું જ મકાન ગોતવાનું, અને એથી નિર્દોષ વસ્તી મળે એમાં જ રહેવાનું. મહાત્માની સંખ્યા દસ હતી, અને તમે પચાસ - મહાત્મા ની જગ્યામાં ઉતર્યા, એટલે અસમાધિ થવાની. ભગવાને પરિગ્રહ પરિમાણ વ્રત બતાવ્યું, અને એ - વ્રત, કેટલું સરસ, કેટલી બધી દોડધામ પુરી થઈ જાય, કેટલી મારામારી, મગજમારી, TENSION, બધું જ પુરૂ થઈ જાય,

એવું GROUP હોય જેનું કોઈપણ ACCOUNT ના હોય, જેનું નામ ના હોય, સંઘના જે પ્રસંગ હોય, ખડે પગે ઊભા રહે એના સભ્યો ને સંઘની નમ્ર ભાવે, શુદ્ધ ભાવે સેવા કરે. સંઘનો પ્રસંગ ના હોય, પણ બીજી પ્રવૃતિઓ, એ પણ એ GROUP કરે, પણ એ GROUP નો એક પણ સભ્ય

કદી પણ પૈસાને હાથ ના લગાડે. GROUP ના પૈસા, ઘરાંદા ના પૈસા, સંસ્થા ના પૈસા, કોઈ એઈએ જ નહિ BANK ACCOUNT ના એઈએ. કોઈ પ્રવૃત્તિ કરવી છે, સંઘની અંદર કોઈ EXAM લીધી, એના ઈનામો આપવાના છે, એના દાતાઓ ઉભા થયા છે, એ દાતાઓ જ પોતે ઈનામ આપવાના સમયે આવી જાય, અને વિજેતાને કવર આપી દે. GROUP ના કોઈ સભ્ય હાથ જ ના-લગાડે.

ધારોકે કોઈ વસ્તુઓ લાવવાની છે. ઈનામ રૂપે, તો એ STORE વાળાને દાતા જ રકમ આપી દે. ગ્રુપ-વાળા હાથ ના લગાડે. જ્યાં નામ અસ્પૃશ્ય બની ગયું, જ્યાં પૈસા અસ્પૃશ્ય બની ગયા, જ્યાં POST અસ્પૃશ્ય-બની ગઈ, ત્યાં ઝઘડા થવાનો, ત્યાં સંઘથી જુદા પડવાનો, ત્યાં સંઘની સામે થવાનો, ત્યાં અંદર અંદર લડવાનો, સવાલ જ ક્યાં આવે !! મને ખબર છે કે આ નામ, POST, પૈસા, અહમ, આના આધારે ઘણા કામો થતા હોય છે, આના આધારે જ GROUPS બનતા હોય છે, સભ્યો બનતા હોય છે, પણ સમાંતર સત્ય એ છે કે આ બધા ના કારણે જ GROUPS તૂટતા હોય છે. આ બધા ના કારણે જ સંઘર્ષો થતા હોય છે. આ બધા ના જ કારણે ક્યાંક-ક્યાંક પરસ્પર ની કડવાશો અંતરમાં ભેગી થતી હોય છે.

તમારે સેવા કરવી છે, તો તમારે હકીકતમાં કોઈ નામની જરૂર જ નથી. નામ તદ્દન ખોટું પણ નથી, તીવ્ર શુદ્ધ ભાવના, તીવ્ર સંઘ સમર્પણ ભાવ મજબુત એ TYPE નું બંધારણ ને, GROUP, પરિવાર, મંડળના પ્રત્યેક સભ્યમાં, સતત સંઘભાવના ભરવામાં આવે, એના મનમાં ઠસાવવામાં આવે, કે આ એક માત્ર ને માત્ર, સંઘની સાધના ઓડાણ માટેનું નામ છે. આ સંઘનો એક ભાગ છે, આ સંઘનું સંતાન છે.

આ સંઘનું ધાવણ પી-પી ને મોટું થયેલું બાળક છે. આ સંઘની સામે નથી, સંઘની સાથે નથી, આ સંઘની નીચે છે. અને એ ગ્રુપ નક્કી કરે કે જે દિવસે આપણે સંઘ સામે આવી ગયા, એ દિવસે આ GROUP નું વિસર્જન કરી દેવું, તો એ જુદા નામ, POST વગેરે વાળું GROUP પણ, એ જૈન GROUP કરી શકે. અને એ ગ્રુપ ઉચિત થાય !!

સંઘ ભાવના ને પોષો, સંઘને વંદો, સંઘ ને પ્રત્યે સમર્પિત બનો. હૃદયમાં સંઘ છે તો બધું જ છે, સંઘ નથી તો કશું નથી. પંચાસક ગ્રંથ એની અંદર હરીભદ્રસૂરી મહારાજે એક પદ મુક્યું છે.

તિત્થયરાણંતરો સંઘો

સંઘ શું છે ?

तीर्थङ्कर - अनन्तर - सङ्घः।

એવો સંઘ ! નવાંગી ટીકાકાર અભયદેવસૂરીજી મહારાજ, એમણે આ પદની ત્રણ વ્યાખ્યા કરી છે. અનંતરનો સીધો MEANING થાય, "NO DISTANCE", અન - અંતર, અંતર એટલે DISTANCE, અન એટલે NO, સંસ્કૃત બહુ જ શક્તિશાળી - ભાષા છે, બહુ જ ઊંડી ભાષા છે. પ્રાકૃત સતગુબ કહેવાય, એક પદના સો અર્થ નીકળે. અભયદેવસૂરી મહારાજે આ પદના ત્રણ અર્થ કાઢ્યા છે ને ત્રણે અર્થ સાચા છે. પહેલો અર્થ, પહેલી વ્યાખ્યા એ છે, કે તીર્થંકર પછી જેનો નંબર આવે, એ સંઘ છે. NEXT TO તીર્થંકર ! સંઘ છે ! બીજો અર્થ કાઢ્યો છે અભયદેવસૂરી મહારાજે, અનંતર - "NO DISTANCE" MEANS NO DIFFERENCE, તીર્થંકર અને સંઘ બંને - EQUAL છે. ત્રીજો અર્થ કાઢ્યો છે અભયદેવ-સૂરીજી મહારાજે. સંઘ એ FIRST છે, તીર્થંકર

એ SECOND છે. તીર્થંકર અનંતર સંઘ છે.

तित्थयराणंतरो संघो

તત્પુરુષ સમાસ કરીએ તો તીર્થંકર ની પછી સંઘ છે, એવો એનો અર્થ થાય. તત્પુરુષ સમાસ માં જ જ્યારે અનંતર નો અર્થ EQUAL કરીએ છીએ, ત્યારે તીર્થંકરની EQUAL સંઘ છે એવો અર્થ થાય. અને બહુવ્રીહી સમાસ કરીએ તો તીર્થંકર છે અનંતર જેની, તીર્થંકર છે NEXT જેની, એવો સંઘ, ત્યારે આપણને આ અર્થ મળે છે, કે - સંઘ એ "FIRST" છે, તીર્થંકર એ "SECOND" છે. અને માટે જ "નમો તીથસ્સ" કહીને તીર્થંકર સ્વયં સંઘને નમસ્કાર કરે છે.

સભાનો પ્રશ્ન :- પણ તીર્થંકર જ તો સંઘની સ્થાપના કરે છે ને. આમ તો તીર્થંકર NEXT જ આવે ને !

પૂજ્ય શ્રીનો ઉત્તર :- અભયદેવ સૂરીશ્વરજી ને આ જ પ્રશ્ન કરવામાં આવ્યો, કે હવે અમને બહુ વધુ પડતું લાગે છે, પચ્ચીસમો તીર્થંકર ત્યાં સુધી તો બરાબર છે પણ, સંઘને તીર્થંકર ના તીર્થંકર બનાવી દો, આ હવે સમજાતું નથી. બહુ સરસ મજાનો જવાબ ત્યાં આપ્યો છે,

तप्पुव्विया अरिहया

તીર્થંકર સંઘને સ્થાપે છે, એ જેટલું સત્ય છે, એટલું જ સત્ય એ છે, કે સંઘ એ તીર્થંકર ને સ્થાપે છે. એકપણ તીર્થંકર એવા હોતા નથી, જે પૂર્વભવની અંદર સંઘના - પ્રભાવે, સંઘના સાનિધ્યમાં, સંઘની આરાધનાથી પોતે આગળ વધ્યા ના હોય, સંઘ વગર એક પણ તીર્થંકર, તીર્થંકર નામ કર્મ બાંધતા નથી. ચતુર્વિધ સંઘ, ગુરુકુળવાસ, ગુરુ મહારાજ, આ બધાની આરાધના દ્વારા જ, તીર્થંકર, એ તીર્થંકર નામ કર્મ બાંધી શકતા હોય છે.

तप्पुव्विया अरिहया ।

અરીહંત પણું એ સંઘપૂર્વક હોય છે, સંઘના ઘણા ઘણા ઉપકારો પછી એક આત્મા તીર્થંકર થઈ શકતો હોય છે. પ્રત્યેક બુધ્ધ, સ્વયં બુધ્ધ, તીર્થંકર ભગવંતો અંતિમ-ભવમાં જેમના કોઈ જ ગુરુ હોતા નથી, એમના પણ-પૂર્વભવની અંદર, અવશ્ય ગુરુ હોય છે. સંઘ એના ઉપકારી હોય છે. અને એના બળે જ તેઓ ત્યાં સુધી પહોંચી શક્યા હોય છે.

હું તમને પુછુ કે સંઘ, આપણા માટે શું લાગે છે ને, આપણને ભગવાન શું લાગે છે ? દહેરાસરની અંદર અષ્ટપ્રકારી પૂજા કરવા, પારણા સુધી ભગવાન લાવવા આપણે જતા હતા, પારણા સુધી આવી ગયા, નમ્યા ખરા, મુકવા જઈએ એની પહેલા ભગ-વાન હાથમાંથી છટકી ગયા, ભગવાન પડી ગયા, એક આ ઘટના ! અને કંઈક ખટરાગ થયો, અને સંઘ પ્રત્યેનો બહુમાન ભાવ, આપણા અંતરમાંથી પડી ગયો, આ ઘટના ! હું તમને પુછુ છુ કે આ બે ઘટના માંથી, વધુ દુઃખદ ઘટના કઈ છે ? હવે હું-અહીંયા આવીશ નહિ, હવે હું અહીંયા કામ કરીશ નહિ, હવે જે કરવું હોય એ કરો, હવે હું સંઘમાં ન આવું, આ ઘટના ! અને ભગવાન ઉપર-અભિષેક કરવા જતા, કળશ છટકે ને જોરથી ભગવાન ના માથે પછડાય, આ ઘટના ! આ બે ઘટનામાં-વધારે ભયાનક ઘટના કઈ છે ? બહુ મનોમંથન કરીએ તો આપણને લાગશે, કે હજુ આપણે કંઈ સમજ્યા જ નથી. ભગવાન કહે છે કે તું સંઘને માન અને આપણે કહીએ છીએ કે ના હું નહીં માનું તો આપણે સંઘને તો નથી જ માનતા, આપણે ભગવાનને પણ નથી માનતા. નંદીસુત્ર જેવું આગમ, પાંચ જ્ઞાનની એની અંદર પ્રરૂપણા છે, અને એ બધી જ પ્રરૂપણાના પ્રારંભે, મંગલ સ્વરૂપ આગમ કહેવાય, જે આચાર્ય પદ

અપર્ણ વગેરે પ્રસંગની અંદર, વિધિપૂર્વક સંભળાવવામાં-આવે, મંગલ માટે, એવું આગમ ! જેમાં જ્ઞાનની પ્રરૂપણા, જ્ઞાન પોતે મંગલ કહેવાય, એવું આગમ. અને એ આગમની અંદર શું મંગલ કરેલું છે, તો સંઘની સંખ્યાબંધ સ્તુતિઓ કરેલી છે: સંઘ એ શૈલાચલ છે, સંઘ એ રત્નાકર છે, સંઘની એક પછી એક ઉપમાઓ આપીને જે સંઘની સ્તુતિ કરી છે. મંગલનું કંઈ મંગલ હોય તો એ સંઘ છે. સંઘની સેવા મંગલ છે. સંઘનો સત્કાર મંગલ છે, સંઘ પ્રત્યેનો અહોભાવ એ પરમ મંગલ છે, સંઘ પ્રત્યેનો દુર્ભાવ એ ભયંકર અપમંગળ છે. સંઘ-પ્રત્યેનો દ્વેષભાવ, એ ભયાનક અપમંગળ છે, ને આવો દુર્ભાવ પણ અંતરમાં જાગે, એનાથી આત્મિક, શારીરિક, માનસિક, સામાજીક, અને આર્થિક નુકશાની થાય છે. અદ્ભુત વાત શ્રાદ્ધવિધિ ગ્રંથમાં કરી.

તેષાં સઙ્ગમો હિ મહતે પુણ્યાય

તમારો પરમ પુણ્યનો ઉદય થયો, ત્યારે તમને સંઘનું-સાન્નિધ્ય મળ્યું છે. અભાગ્યા આત્મા હોય એને સંઘનું સાન્નિધ્ય મળતું નથી. અભાગ્યા આત્મા હોય, જેને-સંઘનું સાન્નિધ્ય મળ્યું હોય તે એક યા બીજા કારણે-ટકતું નથી. પ્રકૃષ્ટ પુણ્યનો ઉદય થયો હોય ત્યારે-સંઘનું સાન્નિધ્ય મળે. અને સંઘના સાન્નિધ્ય માત્રથી, પ્રકૃષ્ટ પુણ્યનું ઉપાર્જન પણ થાય. સંઘ મળવા છતાં, જેમને વિદેશ રહેવા જતા રહેવું છે, સંઘ મળવા છતા, જેને ગામના છેવાડે ક્યાંય એકાંતમાં રહેવા જતા રહેવું છે, એ બધા અભાગ્યા હોય છે. સંઘ મળવા છતાં, સંઘ નજીક હોવા છતા, જેને સંઘથી અળગા રહેવું છે, જેને સંઘથી લેવા દેવા નથી, સંઘ પ્રત્યે સદ્ભાવ નથી, તેઓ પણ અભાગ્યા હોય છે.

તેષાં સઙ્ગમો હિ મહતે પુણ્યાય

મહાપુણ્યનું કારણ, અને મહાપુણ્યનું પરિણામ, એ સંઘનું

સાન્નિધ્ય છે,

કિં પુનસ્તદનુરૂપા પ્રતિપત્તિ:

તો પછી સંઘની અનુરૂપ પ્રતિપત્તિ કરીએ, એની શું વાત કરીએ ! સાન્નિધ્ય પણ મોટી વસ્તુ છે, તો - સંઘનો સત્કાર, સંઘની યથાશક્તિ સેવા, એ જ કરી શકીએ તો એના પુણ્યની તો શું વાત કરવાની !!

સભાનો પ્રશ્ન :- ભગવંત ! સંઘનું સાન્નિધ્ય છોડવું ના હોય, પણ વ્યવહારિક કારણોસર છોડવું પડતું હોય તો શું કરવું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જેને સંઘ પ્રત્યે પરાકાષ્ઠાનો અહોભાવ હશે ને, એ કારણો સામે લડી લેશે, પણ સંઘને છોડશે નહિ ! સમકિતિ આત્મા અંતઃકરણની પરિણતિ થી સમજે કે સંઘ -

- ✫ ત્યાગ નો અર્થ છે પરીવાર ત્યાગ !
- ✫ સંઘ ત્યાગનો અર્થ છે સંપત્તિ ત્યાગ !
- ✫ સંઘ ત્યાગનો અર્થ છે શ્વાસનો ત્યાગ !
- ✫ સંઘ ત્યાગનો અર્થ છે શરીર ત્યાગ !
- ✫ સંઘ એ સંપત્તિ છે !
- ✫ સંઘ એ શરીર છે !
- ✫ સંઘ એ સ્વાસ્થ્ય છે !
- ✫ સંઘ એ સર્વસ્વ છે !
- ✫ સંઘ એ શ્વાસ છે !
- ✫ સંઘ એ સદ્ગતિ છે !
- ✫ સંઘ એ મોક્ષ છે !

હું તમને કહું કે, સંઘને છોડીને વિદેશ જનારા, ગામના છેવાડે જનારા, સંઘના - વિસ્તાર માં રહેવા છતા, પોતાના માં મસ્ત રહેનારા, એને આ માહોલ મળવાનો ખરો ? આ ઉભરાતા

દહેરાસરો, આ ઉભરાતી પાઠશાળાઓ, આ ગુરૂવાણીના પુરો, અનુષ્ઠાનોની ભરમારો, શિબિરની હારમાળાઓ, આ આયંબિલ ખાતાનો માહોલ, આ પરસ્પરની હુંફ, આ લાગણી, આ છાશવારે થતા મહોત્સવો, આ બધામાંથી ત્યાં શું મળવાનું છે તો ત્યાં જતા, દુર જતા, આ ખ્યાલ નથી હોતો કે હવે આ બધું હવે નહિ મળે !! આ બધું નહિ મળે એ સ્વીકાર્ય હોય, એનો અર્થ શું એ નથી કે, આપણને આ બધું જોઈતું જ નથી !! અને આ બધું જોઈતું જ નથી તો અનંતકાળે પણ આ-બધું ફરી મળશે ખરું છે જે સંઘની અંદર આપણે જનમ્યા, જે સંઘની અંદર ઉછર્યા, જે સંઘના મુળનાયક દાદાની આપણે વર્ષો સુધી પુજા કરી, એ મુળનાયક દાદાના અધિષ્ઠાયક દેવતા, આપણા ઉપર પ્રસન્ન રહેતા હોય, આપણને ખબર સુદ્ધા ન પડે, કેટલા આપણા અંતરાયો દુર કરતા હોય. કેટલી આપણને સહાય કરતા હોય, કેટલા કેટલા આપણા કામો એ ભગવાનની કૃપાથી થઈ જતા હોય, જ્યાં રહ્યા છીએ આપણે, જ્યાં આરાધના-ઓ આટલી બધી કરી, ત્યાંના ક્ષેત્ર દેવતાઓ, એમ આપણને અનુકુળ થતા હોય, ભવન દેવતા એમ અનુકુળ થતા હોય, આ બધું છોડીને નવી જગ્યાએ - જવ, ઉપર પંજાબી હોય, નીચે SOUTH INDIAN હોય, COSMO CULTURE હોય, આજુબાજુ વળી ક્યાંક મુસ્લિમ હોય, વળી કોઈ સીંધી હોય, વળી કોઈ પટેલ હોય, તમારો છોકરો હોય, એના ચાર મિત્રો હોય, તમારી દીકરીના ચાર મિત્રો હોય, એક સીંધી હોય, એક પંજાબી હોય, એક કદાચ મુસ્લિમ હોય, એક પટેલ હોય, અને પછી મોઢું વકાસીને તમે જોયા કરો, નાનકડો તમારો ટપુડો, બાજુના ઘરમાં ઓમલેટ ખાઈને આવ્યો હોય, અને તમને કહે કે પપ્પા આપણે પણ આ બનાવવું છે, એ દિવસે તમને પગ નીચેથી ધરતી

સરકતી લાગશે. જે દિવસે દીકરી પટેલમાં જશે, જે-દિવસે દીકરો સોધી ને લઈ આવશે, ત્યારે શાઈના ભાવ રાત્રે રેતી થઈ ગયા હશે, તે દિવસે તમને સંઘનો - VALUE સમજાશે. જ્યારે તમને FEEL થશે કે ધર્મ હવે ઘટી રહ્યો છે, હવે ધર્મના વળતા પાણી છે, હવે...હવે આ છોકરા ગાંઠતા નથી, પહેલા આડોશ-પાડોશ હતો, બધા જ જતા કટાસણું લઈને, અને પેલો શરમે ધરમે પણ જતો, હવે પર્યુષણ પણ પર્યુષણ રહ્યા નથી. હું તમને પુછુ છું, ત્યારે તમને સમજાશે કે તમે કેવું પગલું ભર્યું હતું.

દીકરો મા નું માને નહિ, મા ની સેવા કરે નહી, મા ની સામે જુએ નહિ, મા ની સામે બોલે, આ બધા કરતા દીકરાનું ભયંકર ગેરવર્તન એ છે, કે દીકરો મા ને છોડી ને જતો રહે. અહીંયા - કંઈક નવા-જુની થાય, અહીંયા કોઈક ઉલ્ટુ આપણું બોલવાનું થયું. આ પણ સંઘની મોટી આશાતના છે. એના કરતા પણ મોટી આશાતના, એક આપણા એ છે, કે આપણે સંઘને છોડી ને દુર દુર જતા રહીએ. સંઘના કેટલા પ્રશ્નો આ તમારા સ્થળાંતરોથી ઉભા થાય છે, એની તમને ભાન છે ? પોળો ખોલી - આપણે અહીંયા આવ્યા, આજની પોળોની પરિસ્થિતિ જોઈ લો. આવતી કાલે આ બધા વિસ્તારો પોળો બની જશે. સંઘે આટલો સરસ પરિસર ઉભો કર્યો, જિનાલય ઉભુ કર્યુ, ઉપાશ્રય ઉભો કર્યો, જુઓ સંઘોના ઈતિહાસ, કેટલા સંઘે સંકટોનો સામનો કરીને, આ બધું ઉભુ કર્યું છે. જે જ્યાએ આપણે અત્યારે બેઠા છીએ ને, એ જ્યાએ ઝુપડાઓ હતા ને, ઝુપડાઓ કઈ રીતે ખસાવ્યા છે ને, એ તે વખતના સંઘના સેવકો નું મન જાણે છે. કઈ રીતે FUND થાય છે ? શરૂઆતમાં સમૃદ્ધિ નથી હોતી. કઈ

રીતે દહેરાસર બન્યું હોય છે, કઈ રીતે કાર્યકર્તાઓએ કાર્ય કર્યા હોય છે. કઈ રીતે મહાત્માઓએ લોહી પાણી એક કર્યા હોય છે. કઈ રીતે એક પછી એક વસ્તુ ધીમે-ધીમે... ધીમે-ધીમે ઉભી થઈ હોય છે. કઈ રીતે આયંબિલ ખાતુ બન્યું. કઈ રીતે સાધ્વીજીનો ઉપાશ્રય બન્યો. કઈ રીતે ધીમે ધીમે સંઘ સધ્ધર થયો, બધુ ઉભુ કર્યું, કરોડો-અબજોની મિલકત સંઘની ઉભી થઈ હોય, એના પછી આપણે બિસ્તરા-પોટલા બાંધીને આગળ જતા રહીએ, ત્યાં પણ દહેરાસર કરવાનું છે, થઈ ગયું છે, શું માંડયું છે આ બધું !! આપણને શરમ આવવી જોઈએ આવો વિચાર કરતા વૃદ્ધો, કે સંઘના કેટલા પ્રશ્નો, મારા આત્મિક પ્રશ્નો ઉભા થવાના, મારા ધાર્મિક પ્રશ્નો ઉભા થવાના, પારિવારીક પ્રશ્નો ઉભા થવાના, સામાજીક પ્રશ્નો ઉભા થવાના, અને આગળ વધીને સંઘના પ્રશ્નો ઉભા થવાના. એક-બાજુ આટલું ઉભુ કરવાનું, બીજે જવાનું ત્યાં નવું ઉભુ કરવાનું, શરૂ કરવાનું, એવા કયા કારણો આવી ગયા ! જ્યાં સુધી તમારે ભુખ્યા રહેવુ પડે એવું ના હોય, ત્યાં સુધી સંઘને છોડવાનો વિચાર પણ કરતા નહિ, તમારો દિકરો અમેરિકા, ઓસ્ટ્રેલિયા ભણવા ગયો છે ને તો તમારે કોઈને મોઢું બતાવવા જેવું નથી રહ્યું. આવી સ્થિતિ થઈ છે, હવે એને ત્યાં જ ગમવાનું છે, ત્યાં જ SET થવાનો છે, ત્રણ વરસ.. પાંચ વરસ, પૂજા વગર રહેશે, દર્શન વગર રહેશે, જો તમે ગૌરવ લાવો કહો કે AUSTRALIA ગયો છે, આ ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી વાત છે. ત્યાં એના ચારિત્રનું શું ?, ત્યાં એના સંસ્કારોનું શું ?, ત્યાં એના ધર્મનું શું ?, ત્યાં એ કેટલો નીચે ઉતરશે, તમે કલ્પના કરી ખરી ?, ત્યાં એણે પર્યુષણના પ્રતિક્રમણ કર્યા, બીજું શું-શું કર્યું એ તમને ક્યાં ખબર છે. બચાવો, બચાવો... હું ત્યાં મઉ

ને તો હું પણ ના બચું એવું ત્યાંનું વાતાવરણ છે.
દીકરાને કતલખાને મોકલવો કે વિદેશ મોકલવો, હકીકત-
માં બે માંથી કોઈ ફરક નથી. દીકરાને કતલખાને
કતલખાને મોકલીને કપાવી દેવા કરતા એને વિદેશ-
મોકલવો, જ્યાં ધર્મ નથી ત્યાં મોકલવો, જ્યાં ધર્મનું
વાતાવરણ નથી ત્યાં મોકલવો, બસ ભણવા મોકલ્યો છે,
તમને RESULT ખબર નથી ?
જિનશાસનની પરંપરા જે સૈકડો- હજારો
પેઢીઓથી તમારા સુધી પહોંચી હતી, એ જિનશાસનની
પરંપરા ને ખતમ કરી દેવાનું આ કૃત્ય છે. પોતે વિદેશ
જવું, પોતે ત્યાં રહેવું, અથવા પોતાના દીકરાને -
ભણવા, JOB વગેરે નિમિત્તે વિદેશ મોકલવો. જિન-
શાસનને સમજેલા મા-બાપ હોય એ દીકરાને કહી દે
બેટા, અહીંયા પગાર ઓછો હશે ચાલશે બેટા, તું
ઓછી કમાય તો ચાલશે, બેટા મજુરી કરીને તારું પેટ-
ભરવાની જવાબદારી મારી, પણ જ્યાં ધર્મનું ખુન થઈ
જાય, જ્યાં સંસ્કારનું ખુન થઈ જાય, જ્યાં સંઘનું
ખુન થઈ જાય, આવી પ્રવૃત્તિ તો બેટા આપણાથી
થઈ જ ના શકે.
તમારા નવા મકાનની તમને લાઈ
હોય, નવા વાતાવરણની લાઈ હોય, નવી સગવડોની
લાઈ હોય, હું તમને કહું છું કે તમને સંઘથી છુટા
પાડે, જે તમારી ધર્મ ભાવના સો ટકા ઘટાડવાના છે,
જે સંઘ પ્રત્યેની એક આશાતના રૂપ બની રહેવાના છે,
એ નવા મકાનો ને નવી સગવડો એ તમારામાટે -
ભયંકર અગવડો બનીને રહેવાની છે તમારો આત્મા
એનાથી દુ:ખી દુ:ખી થઈ જવાનો છે, સંઘ દ્રોહ એ
આપણને વિચાર સુદ્ધા નથી, એનો અર્થ એ છે કે
ભાવથી આપણે સંઘના સભ્ય જ નથી. એક
TOWER મળી જાય, એક મોટો FLAT મળી જાય,

બે-ચાર સગવડ વધારે મળી જાય, તો એનાથી આપણે વાસુપૂજ્ય દાદાને છોડી શકીએ. એના કારણે આપણે-પચ્ચીસમાં તીર્થંકર સમાન સંઘને છોડી શકીએ, વિવિધ આરાધનાઓને છોડી શકીએ. આનો અર્થ એ છે કે એ અનંતકાળે મનુષ્ય ભવ મળ્યો, તો અનાર્ય દેશમાં મળવાનો જ્યાં સંઘ નથી, જ્યાં માંસાહાર છે, જ્યાં ખુના-મરકી છે, જ્યાં ચારિત્ર શબ્દ એ શબ્દકોશમાં જ નથી, જ્યાં સદાચારનું નામો નિશાન નથી, અનંત કાળે ઉપર-આવશું તો એવા પાપો કરીને, પાછા આપણે નરક-આદિ દુર્ગતિના મહેમાન બની જશું.

શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહે છે,

સમાનધર્મિણો હિ પ્રાયેણ દુષ્પ્રાપાઃ ।

જે સમાન ધર્મી છે, એમનો સંગ પ્રાયઃ દુર્લભ હોય છે. શા માટે આ વખતે તપસ્યાઓ ઓછી થઈ. એક પરસ્પર ની હુંફ હતી, પરસ્પર નો એક ભાવ હતો, માહોલ હતો, એ માહોલ એવો બન્યો નહિ, એવો માહોલ ના મળ્યો, અને એની જુદા-જુદા ક્ષેત્રે કેટલી બધી અસર થઈ. આપણે આપણા બળથી આરાધના કરીએ છીએ? કે સંઘના બળથી આરાધના કરીએ છીએ? દરીયાની અંદર માછલા હોય, ઘણા બધા માછલા હોય, ક્યારેક ઝઘડો થાય, ક્યારેક અથડાઈ જવાય, કોઈ-કોઈ ને-દબાવે પણ ખરું, બની શકે! એના પરિણામે કોઈ માછલું વિચારે કે આ દરિયામાં બધું આવું જ છે, અથડામણ છે, કુટામણ છે, રીબામણ છે, આલો આવું કરે છે ને પેલો આવું કરે છે, મારે આ દરિયો જોઈએ નહિ. મારે આ દરિયાની બહાર નીકળી જવું છે. જે થવું હોય એ થાય. આવો વિચાર આવે, અને આવા વિચાર નો એ અમલ કરે, તો શું થાય? માછલાનો દરીયા ત્યાગ, અને આપણો સંઘ ત્યાગ, આ બંને વસ્તુનુ પરિણામ એક જ છે. વિનાશ!! સંઘ છે તો આત્માનો

અભ્યુદય છે. સંઘ છે તો આત્માની ઉન્નતિ છે. સંઘ છે તો આત્માનું જીવન છે. સંઘ છે તો આત્માની સુરક્ષા છે, અને જો સંઘ નથી, તો સત્યાનાશ છે.

समानधर्माणो हि प्रायेण दुष्प्रापाः ।

અનંતાનંત પુણ્ય નો ઉદય થયો, અનંત ભવભ્રમણમાં - અકામ નિર્જરાથી ટીપે ટીપે પુણ્ય ભેગું કર્યું, એ પુણ્યનો દરિયો થયો, પુણ્યનો મહાસાગર થયો, ત્યારે આપણને આ સંઘનું સાન્નિધ્ય મળ્યું છે. જે એને સાધી લે છે, સફળ કરી લે છે. એ વસ્તુપાલ, તેજપાલ, અનુપમા દેવી ની જેમ, નીકટ મોક્ષ ગામી બને છે. જે એને સમજી શકતા નથી, એની આરાધના કરી શકતા નથી, અહમ ને છોડી શકતા નથી, સંઘના નામે બધું જ જતું કરી શકતા નથી, છેલ્લા શ્વાસ સુધી જેઓ સંઘને વળગી રહી શકતા નથી, તેઓ સંઘની આશાતના કરીને, સંઘની અવગણના કરીને, ચીકણા કર્મ બાંધીને, દીર્ઘ સંસારની યાત્રા એ નીકળી જાય છે.

શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહે છે,

किं पुनस्तदनुरूपा प्रतिपत्तिः? ।

સંઘનું સાન્નિધ્ય પણ જો આટલું બધું પુણ્ય દાયક હોય, તો સંઘના સત્કારની તો શું વાત કરવી !! સંઘનો સત્કાર, કઈ-કઈ રીતે થાય. પહેલા નંબરની વાત શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહે છે,

स्वपुत्रादिजन्मोत्सवे विवाहेऽन्यस्मिन्नपि प्रकरणे साधर्मिकाणां निमन्त्रणम् ।

પોતાના દીકરા વગેરે નો જન્મોત્સવ હોય, લગ્ન પ્રસંગ હોય, બીજો પણ કોઈ પ્રસંગ હોય, એની અંદર,

विशिष्टभोजनताम्बूलवस्त्राऽऽभरणादिदानम् ।

અને એમને વસ્ત્ર, પાત્ર વગેરે કોઈ વસ્તુ, તાંબુલ, આભુષણ, વગેરે એમને આપવું. બહુ અદ્ભુત વાત શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહી રહ્યો છે. હું તમને પુછુ આપણા ઘરે પ્રસંગ હતો, પાંચસો-હજાર VIP ઓ

આવી ગયા, સગાવહાલા બધા આવી ગયા, પણ સાધર્મિક આપણને યાદ આવ્યા નથી, તો આપણે જૈન ખરા ? તમે જેને RELATIVE રૂપે બોલાવો છો, એ NATURALLY છે જ સાધર્મિક, તો એનાથી તમને સાધર્મિક - ભક્તિ નો લાભ નથી મળતો. જેની સાથે લોહીની સગાઈ નથી, જેની સાથે ધંધાની સગાઈ નથી, જેની સાથે એવી મિત્રતા નો સંબંધ નથી, સંઘના સભ્ય તરીકે તમે એને આમંત્રિત કરો, ત્યારે તમને સાધર્મિક ભક્તિ નો લાભ મળે છે. જૈન એને કહેવાય, કે જે સમજે કે પાંચસો - હજાર VIP ઓ અને સગાવહાલા આવી ગયા, એનાથી મારો પ્રસંગ દીપ્યો નથી, એનાથી સફળ નથી થયો, પણ પાંચ પણ સાધર્મિક આવી ગયા ને, એના કારણે આ બધું જ સફળ થઈ ગયું. જેને હજુ શાસન સ્પર્શ્યું નથી, જે હજુ સંઘને સમજ્યા નથી, એને પહેલો જ પ્રશ્ન એમ થાય કે, એમને શા માટે બોલાવવાના ? એમનું શા માટે કરવાનું ? અને એમનું કરીને - આપણને શું ફાયદો છે ?

જૈન એને કહેવાય કે જે વગર પ્રસંગે પણ, સંઘનું, સાધર્મિક નું કર્યા વગર ના રહે, ને એના ઘરે પ્રસંગ હોય, તો તો એ શા માટે આ CHANCE ગુમાવે !

## સંઘ એ મંગલ છે.

સંઘ તમારા આંગણે આવ્યો, કદાચ તમે સકલ શ્રીસંઘને આમંત્રિત કરી શકો એવી તમારી શક્તિ ના હોય, પાંચ પણ સાધર્મિક જેવી તમારી શક્તિ, એમને સંઘના પ્રતીક તરીકે, પ્રતિનિધી તરીકે, આમંત્રિત કર્યા હોય, તમારા PROGRAM માં એ સાધર્મિકો આવે, એમની સંઘ આવે, એનાથી મંગળ થાય, તમારા દીકરાનો જન્મોત્સવ હોય, એમાં મંગળ થયું, એટલે હવે એ દીકરો દીર્ઘઆયુષી અને નિરોગી બનશે. તમારા ઘરે

લગ્ન હતા, અને એમાં તમે સાધર્મિકો ને બોલાવ્યા. એટલે હવે ગૃહક્લેશ, ગૃહભંગ, એની શક્યતા નહીં રહે. તમારા ઘરે જે પણ પ્રસંગ હતો, એની અંદર સાધર્મિકો ને બોલાવ્યા, એટલે મંગળ થયું. ઘરની અંદર સુખ શાંતિ પ્રવર્તશે. ઘરનો અભ્યુદય થશે. ઘરનો બધી રીતે વિકાસ થશે.

તેષાં ચ સઙ્ગમો હિ મહતે પુણ્યાય।

સાધર્મિક ને હીન દ્રષ્ટિ એ જોવું, ભુલથી આવી ગયા ને કાઢી મુકવા, ગેરવર્તન કરવું, ગમે તેવા શબ્દો બોલવા, આવી વૃત્તિ જો આપણામાં છે, તો એવા એકાદ વાક્યમાં, એ અડધીથી એક મિનિટની ઘટનામાં, આપણું બધું જ પુણ્ય બળીને ખાખ થઈ જવાનું.

પેથડશા જેવા, માંડવગઢના રાજમાર્ગ ઉપર હાથી ની અંબાડી ઉપર બેસીને રાજ દરબારમાં જવા નીકળ્યા હોય, રસ્તા ઉપર કોઈ નવો સાધર્મિક દેખાય, બહાર ગામથી આવેલો, કદાચ કપડાથી ચીંથરે હાલ હોય, કદાચ પગ એના ધુળ વાળા હોય, આર્થિક દ્રષ્ટિ એ નબળો સાધર્મિક, પણ પેથડશા જિનશાસન ને પામેલા, એ સમજ્યા છે કે સાધર્મિક કદી નબળો હોય જ નહિ. વિશ્વની સર્વોત્કૃષ્ટ શક્તિ હોય તો એ સંઘ છે, એ સંઘનો જે સભ્ય હોય, એ નબળો, ઉતરતો, હીન, તુચ્છ કઈ રીતે હોય શકે. પેથડશા ઈશારો કરતા કે હાથીને નીચે બેસાડો, પેલા મહાવતને થાય કે હજુ તો દરબાર દુર છે પણ શેઠ નો આદેશ છે અને અંકુશ દ્વારા હાથીને ઈશારો કર્યો હોય, તો હાથી હજુ અડધો-પડધો બેસવા જાય, હજુ તો પુરો બેઠો નથી પણ - પેથડશાથી રહેવાય નહિ, ને એ અધીરા બની જાય ને, અડધો હાથી બેઠેલો હોય ત્યાંથી કુદકો મારે

પેલાને ભેટી પડે સાધર્મિક ને, આંખમાંથી આનંદના અશ્રુ વહેવા લાગે, કારણકે પેથડશા સમજતા હતા, કે આ કોઈ રસ્તે જતા માણસને નથી ભેટતો, આ હું મહાવીર ને ભેટું છું. કારણકે આ વ્યક્તિ, એક અપેક્ષા એ મહાવીરનું અંગ જ છે. સેવકની સાથે સાધર્મિકને પોતાના ઘરે જમવા મોકલી દે, પેથડશાના માતુશ્રી, - ઢોલીયા ઢાળે, પાટલો નાખે, સામે બેસી જાય, સાધર્મિક-નો જે ભોજન કરે.. જે ભોજન કરે, અને સાથે વાતો કરતા જાય, પેલાને પણ આત્મીયતા થાય, જમાડીને એને વાત પુછે શું કામ કરે છે, ઘરમાં કેટલા જણ છે, શું પરિસ્થિતિ છે, બધું જ જાણી લે, અને પછી એવી પહેરામણી આપે, કે પેલાની કોઈ તકલીફ જ ના રહે.

હું તમને કહું કે આજે સેંકડો વરસ પછી, અમે પ્રવચનમાં જે શ્રાવક નું નામ લઈએ, ઉદા-હરણ આપીએ, એ શ્રાવક ની અસ્મિતા શું હોય ? ખંભાત ના ભીમ શ્રાવક, બ્રહ્મચર્ય વ્રત પોતે ઉચ્ચર્યું, અને એની ખુશાલીમાં, બારનબારના બ્રહ્મ વ્રતધારી - શ્રાવકો, એમને પોતાની પહેરામણી, આપવાનું એ શ્રાવકને મન થાય છે. એ પહેરામણીમાં એક મડી એમણે તૈયાર કરાવી, મડી એટલે પોટલી, જેની અંદર પુજના વસ્ત્રો હોય, જેની અંદર કામળી હોય, આપણી એક પરંપરા હતી, ટુવાલ થી સીધા પુજના વસ્ત્રો ના પહેરાય, અમારી ભાષામાં કામળી, તમારી ભાષામાં શાલ આપણે ત્યાં પચાસ વર્ષ પહેલા, સિત્તેર, એંસી વર્ષ પહેલા, જિનાલયો ની અંદર, તીર્થ વગેરે સ્થાન હોય, નાહવાની જગ્યા હોય, અત્યારે જેમ પંચિયા રાખવામાં આવે, પાલીતાણા વગેરે માં, એમ કામળી પણ રાખવામાં આવતી. કામળી એ ઉનનું વસ્ત્ર છે, અને એ પવિત્ર વસ્ત્ર છે, અને એ આપણે વસ્ત્ર રાખ્યું એટલે બીજુ અશુદ્ધિ ઓ પુજના વસ્ત્રો ને સ્પર્શે નહિ !!

કિંમતી અને પુણ્યના વસ્ત્રો, એ ભીમ શ્રાવકે ભારત-
ભરના બ્રહ્મચર્ય વ્રતધારી શ્રાવકોને, એ પોટલી એ
સમય ની ભાષામાં મડી, પહેરામણી તરીકે મોકલીને
વિચાર્યું કે વર્તમાનમાં પેથડશા, એ શાસનના બહુ
શ્રેષ્ઠ શ્રાવક છે. સંઘના અગ્રણી છે, ક્રિયા-
આરાધક છે, તો એમને પણ હું આ ભેટ મોકલું.
બહુ સરસ મનની ધારના, એક શ્રાવક નું શ્રાવક
પ્રત્યેનું, બહુમાન કેવું, અહોભાવ કેવો, આદર
કેવો, ખંભાત ના શ્રાવકે, માંડવગઢ, પોતાનો-
માણસ મોકલ્યો, પેથડશા ને આ મડી આપવાની
છે. પેલો નીકળ્યો છે, માંડવગઢ નગરથી હજુ દૂર
છે, નજીક જઈ રહ્યો છે, જઈ રહ્યો છે, જઈ રહ્યો છે,
જઈ રહ્યો છે, બરાબર માંડવગઢની સીમા એ
આવી ગયો છે, એને થાક છે, પરિશ્રમ છે.
સાંજ પડી ગઈ છે ને એને થયું કે અહીંયા બહાર
ધર્મશાળા છે, ત્યાં આરામ કરીને સવારે હું જઈશ.
અથવા તો ધર્મશાળામાં થોડો પણ સમય વિસામો લઈ
ને હું જઈશ, થોડી વાર પછી જઈશ. માણસ ત્યાં
આવી ગયો છે, આ બાજુ પેથડશા ને સમાચાર
મળ્યા કે આવી રીતે એક વ્યક્તિ ભીમ શ્રાવકની
પહેરામણી, લઈને મને આપવા આવી રહી છે.
પેથડશા એ પોતાના માણસ ને ત્યાં મોકલ્યો એમને
કહેવડાવ્યું કે તમે આવતા નહી, ઓલા ને થયું કે
આટલું લઈને આવ્યો છું મડી, મડીનો વિરોધ હશે,
વેરઝેર હશે, કોઈ ઝઘડો હશે, શું એમ ને એમ
લઈને પાછા જવું પડશે. માણસે કહ્યું તમે સાંભળો
અમારા શેઠે કહ્યું છે, કે આવી ભેટ એ એમને
એમ આવી જાય ને, તો એમને આશાતના લાગે,
કાલે સવારે વાજતે-ગાજતે, અમારા મંત્રીશ્વર
અમારા શેઠ, એ આ "મડી" નું સામૈયું કરવા

આવશે, અને ત્યાં સુધી તમે અહીંયા જ રહેજો. માંડવગઢ નો આખો રાજમાર્ગ ભરાઈ ગયો છે, હાથીઓ, ઘોડાઓ રથો, નગરજનો, સકલ શ્રી સંઘ, કુલ દસ હજાર માણસ, એ "મડી" નું સામૈયું કરે છે. સંઘ પ્રત્યેનો અહોભાવ કોને કહેવાય, સંઘના એક સભ્ય પ્રત્યેનો આદર કોને કહેવાય, પ્રભાવના પણ કઈ રીતે લેવાય. સ્વામીવાત્સલ્ય હોય તો કઈ રીતે જમાય, દહેરાસરની બહાર આપણે નીકળ્યા છીએ ને, સામેથી એક વ્યક્તિ, દહેરાસર માં જઈ રહી છે, કેવી આપણી FEELINGS હોય! એ આપણને પેથડશા શિખવાડે છે. વાજતે ગાજતે મડીને પેથડશા, માંડવગઢમાં લાવે છે, મડીને લાખ-લાખ પ્રણામ કરે છે, સકલ શ્રી સંઘ મડીને વંદન કરે છે. કોઈ પોટલી ને કોઈ કપડાને વંદન ન હતા, એ એક જિનશાસન ના સભ્યની ભાવના ને વંદન હતા, એક સાધર્મિક ને વંદન હતા, એક એમણે કરેલા સત્કાર્યને વંદન હતા. હૃદય તુચ્છ હશે, ક્ષુદ્ર હશે, ઠીક છે મડી તો એકલી ક્યાં જોવા જવાના છે, કોણે બ્રહ્મચર્ય લીધું છે, નથી લીધું, બરાબર પાળ્યું, ના પાળ્યું, ઘરમાં બંધ બારણે કોણ જોવે છે, આ બધું આવું જ છે ને, આવું સુજે છે, ને આ લોકો સમજતા જ નથી.

(2) અયોધ્યા ની અંદર પણ એક ધોબણ હતી, અયોધ્યની અંદર પણ એક મંથરા હતી, ગામ હોય ત્યાં ઉકરડો હોય, પણ ઉકરડા ના સભ્ય બનવા જેવું બીલકુલ નથી. કેટલાક નારદ હોય છે, કેટલાક મંથરા હોય છે. અમારા મુલચંદજી મહારાજ, અમારા લગભગ ગુરૂ મહારાજ ના ગુરૂ મહારાજે દસમી પેઢીએ હશે, અમદાવાદ ની પોળના ઉપાશ્રયમાં બિરાજ-માન છે, બપોર નો સમય છે, એક શ્રાવક આવ્યા છે, નામ શું હતું ખબર નથી, ઉપનામ મેં વાંચ્યું ત્યાં લખ્યું હતું, "નારદ" શ્રાવક આવ્યા હતા. મુલચંદજી -

મહારાજની શેર જોઈને શ્રાવક બેઠા છે, એમને મળ્યા એની પહેલા અરિહંતભૂમિ ગયા હતા, પાછા આવી ગયા, તરપણી એની ઉપર ટોકસી, તમારી ભાષામાં નાની વાટકી, એ વાટકીમાં પાણી લીધું, પગ બહાર ધોયા, પાટ ઉપર આવીને બેઠા, શ્રાવકે આ જોયું, વંદન કર્યા, આવીને બેઠા ને કહ્યું કે ભાવનગરથી આવું છું ને, આપના ગુરુભાઈ વૃદ્ધિચંદ્રજી મહારાજ, એમણે આપને વંદના કહી છે. સાહેબે કહ્યું એમને પણ મારી વંદના. સાહેબ એક પ્રશ્ન છે, મુલચંદજી મહારાજે કહ્યું પુછો, સાહેબ હું ત્યાં પણ ગયો હતો બેઠો હતો, એ પણ અરિહંતભૂમિ જઈને આવ્યા હતા, એમણે છે ને પગ ધોવા માટે ત્રણ તરપણી પાણી ઢોળી નાખ્યું, અને આપે એક જ ડાચલી પાણી વાપર્યું આનું કારણ શું ? પોતાના ગુરુભાઈ છે, એમની પેલો નિંદા ઉપજાવી રહ્યો છે. અસદ્ભાવ પેદા કરી રહ્યો છે, બંને ગુરુભાઈને લડાવવાનું કામ કરી રહ્યો છે એ શિથિલ છે, હું ચુસ્ત છું. આવું બોલાવવા માટે મોઢામાં આંગળા નાખવી રહ્યો છે, અને મુલચંદજી મહારાજે કડક સાથે કહ્યું કે, ભાઈ, એમાં એવું છે એ પૂર્વ ભવમાં બ્રાહ્મણ હતા, હું મુસલમાન હતો અને તું ચંડાળ હતો.

કંઈપણ બોલતા, કરતા પહેલા, ચર્ચા-નિંદાની શરૂઆત કરતા પહેલા મનને એટલો પ્રશ્ન તમે પુછી લેજો, કે હું સંઘમાં વિખવાદ કરાવવા, સંઘના કોઈ પણ સભ્ય પ્રત્યે, કોઈના અંતરમાં કડવાશ પેદા કરવાનું તો કામ નથી કરી રહ્યો ને ! પરમ પુણ્યથી આ સંઘ મળ્યો છે, ખુબ એની આરાધના, ખુબ અહોભાવ, ખુબ બહુમાનભાવ, શુદ્ધ ભાવે જેટલી સેવા થાય એટલી કરી લેજો, તો આત્માનું કલ્યાણ થશે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×